॥ હરિઃૐ ॥

# સંતવાણીનું સ્વાગત

પૂજ્ય શ્રીમોટાનાં

પુસ્તકોના પ્રવેશકો અને અવલોકનલેખો

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ આશ્રમ-સૂરત

॥ હરિ:ૐ ॥

# સંતવાણીનું સ્વાગત

## (પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના પ્રવેશકો અને અવલોકનલેખો)


: સંપાદક :

**રમેશ મ. ભટ્ટ**



**હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત**

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૭ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૧૪ | ૨૦૦૦ |

❑ પૃષ્ઠ : ૨૪ + ૩૨૪ = ૩૪૮

❑ કિંમત : **રૂ.** ૨૦/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

# સમર્પણાંજલિ

## (બીજી આવૃત્તિ)

હરિઃૐ આશ્રમ, સુરતના નિર્માણ કાર્યથી લઈને આજપર્યંત નિભાવમાં, સેવાકીય પ્રવૃત્તિમાં લવાછા ગામનાં સ્વજનોનો ફાળો અનન્ય છે. આનંદની હકીકત એ છે કે ગામના યુવાનો પણ આ કાર્યમાં વડીલોના સંસ્કારોને દીપાવી રહ્યા છે. આશ્રમના તમામ કાર્યમાં તેમ જ શ્રમદાન યજ્ઞમાં હંમેશાં ખડેપગે સતત સેવા આપનારો આખો યુવા વર્ગ છે. પૂ. ઝીણાકાકાના હાથે કર્તવ્યનિષ્ઠાની તાલીમ પામેલા આ યુવાનો આશ્રમનાં સેવાકાર્યમાં સમય અને માન અપમાન નેવે મૂકીને કામ કરતા રહ્યા છે એવા

લવાછા ગામના સેવાભાવી યુવક

**શ્રી મયૂરભાઈ પરેશભાઈ પટેલ**

તથા આદરણીય માતાપિતા

**સદ્ગત શ્રી પરેશભાઈ હરિભાઈ પટેલ**

તથા તેમનાં ધર્મપત્ની

**શ્રીમતી હેમલતાબહેન પરેશભાઈ પટેલને**

**‘સંતવાણીનું સ્વાગત’** પુસ્તકની આ બીજી આવૃત્તિનું પ્રકાશન આનંદપૂર્વક અર્પણ કરીએ છીએ.

તા. ૮-૪-૨૦૧૪ — **ટ્રસ્ટીમંડળ,**
રામનવમી, સં. ૨૦૭૦ — હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# પ્રકાશકનું નિવેદન

પૂજ્ય શ્રીમોટાના સંપર્કમાં આવવાનું બન્યું તે જ ગાળામાં મારાં પત્ની ભગવતીનું અવસાન થયું. પૂજ્ય શ્રીમોટાનો પ્રથમ સ્મૃતિગ્રંથ 'પૂજ્ય શ્રીમોટા માનાંજલિ-ભાવાંજલિ' સપ્ટેમ્બર, ૧૯૬૮માં સદ્‌ગત ભગવતીની પુણ્યસ્મૃતિમાં 'શ્રી ભગવતી પ્રકાશન' દ્વારા પ્રગટ કર્યો. આમ, પૂજ્ય શ્રીમોટાના જીવન અને સાહિત્યના પ્રકાશન સાથે સ્વ. ભગવતીની સ્મૃતિ જોડાઈ. પૂજ્ય શ્રીમોટાની કૃપાને યોગ્ય મારો પરિવાર બન્યો છે, એ ધન્યતાના સ્મરણથી મારું દિલ ખૂબ જ કૃતજ્ઞી બનેલું રહે છે.

'શ્રી ભગવતી પ્રકાશને' પ્રતિવર્ષે પૂજ્ય શ્રીમોટાનું એક પુસ્તક છાપીને હરિઃૐ આશ્રમને સમર્પિત કરવાનું ૧૯૬૮થી આજલગી ચાલુ રાખ્યું છે. એમાં હું પૂજ્ય શ્રીમોટાનો અનુગ્રહ અનુભવું છું. સાહિત્ય મુદ્રણાલયનો મુદ્રણ વ્યવસાયમાં જે ઝડપથી વિકાસ થયો છે એનું શ્રેય પૂજ્ય શ્રીમોટાને ચરણે હું સમર્પું છું.

આ પુસ્તક 'સંતવાણીનું સ્વાગત' બે વર્ષ પહેલાં પ્રકાશિત કરવાનું હતું. ૧૯૭૫માં આ પુસ્તકની પ્રેસ નકલ પ્રેસમાં આવી ગઈ હતી. ત્યાં એકાએક પૂજ્ય શ્રીમોટાએ આ પ્રેસ નકલ પાછી મગાવી લીધી. મને એમ જણાયું કે પૂજ્ય શ્રીમોટા હવે પોતાની તમામ પ્રવૃત્તિને સંકેલે છે. તેઓશ્રી પોતાની બાહ્યલીલાનું સંકલન કરતા હતા. એ કળા હું એ કાળે પિછાની શકેલો નહિ. તેઓશ્રીના દેહત્યાગ પછી એક નાનકડી પુસ્તિકા 'પદની રજ-ધૂલિકાનો પ્રતાપ' પ્રગટ કરી શકાઈ છે. તેઓશ્રીના દેહત્યાગ પછી આજે સવા વરસે તેઓશ્રીના સમગ્ર સાહિત્યને મળેલી અંજલિઓનું એક સંકલન પ્રગટ કરીને હરિઃૐ આશ્રમને ચરણે સમર્પણ કરતાં હું આનંદ અને ધન્યતા અનુભવું છું.

મારા મિત્ર શ્રી રમેશભાઈ ભટ્ટે આ પુસ્તકનું સંપાદન કર્યું છે. પૂજ્ય શ્રીમોટાએ પોતાનાં પુસ્તકોમાં 'લેખકના બે બોલ'ના મથાળે જે પ્રસ્તાવનાઓ લખી છે એનું પણ એક સરસ સંકલન-સંપાદન રમેશભાઈએ કરી રાખ્યું છે. 'સંતવાણીનું સ્વાગત' તથા પૂજ્ય શ્રીમોટાએ લખેલી પ્રસ્તાવનાઓવાળું પુસ્તક પૂજ્ય શ્રીમોટાના સાહિત્ય પ્રત્યે જનસમાજનું ધ્યાન દોરવા તેમ જ અભ્યાસીઓ માટે માર્ગદર્શક મેળવવા જરૂર ઉપયોગી નીવડશે એવી મને શ્રદ્ધા છે.

પૂ. નંદુભાઈની પ્રેરણા અને હૂંફ મને સતત મળ્યા કરે છે.- એ કૃતજ્ઞતાનો હું સ્વીકાર કરી વિરમું છું.

અમદાવાદ-૨૨ **વિષ્ણુપ્રસાદ સો. પંડ્યા**
તા. ૧લી ઑક્ટો., ૧૯૭૭

। હરિઃૐ ।।

# નિવેદન (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનાં આજ પર્યંત પ્રગટ થયેલાં પુસ્તકોમાં તદ્‌વિદોએ લખેલા પ્રવેશકોનું આ સંપાદન ભાઈશ્રી વિષ્ણુભાઈ પંડ્યા પ્રકાશિત કરે છે, એ બદલ આભારના શબ્દો પણ ઓછા પડે છે. કેમ કે પૂજ્ય શ્રીમોટા પરત્વેનો તેમ જ હરિઃૐ આશ્રમની પ્રવૃત્તિ પરત્વેનો ભાવ એટલો ઊંડો અને સક્રિય સહ્યો છે એની અમારા દિલમાં ઘણી કદર છે.

પૂજ્ય શ્રીમોટા વિશેના સાહિત્યનું દળદાર પુસ્તક પ્રતિ વર્ષે છાપી આપીને તથા આશ્રમને મોટી રકમનું દાન આપીને એમણે પૂજ્ય શ્રીમોટા પ્રત્યે પોતાનો ભાવ વ્યક્ત કર્યા કર્યો છે. પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગ પછી પણ એમણે એવો જ ભાવ દાખવ્યો છે. અમારે મન એ ઘટનાનું મૂલ્ય ઘણું છે.

એટલું જ નહિ પણ એમના બંને પુત્રો શ્રી શ્રેયસભાઈ પંડ્યા તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યા પણ હરિઃૐ આશ્રમના કોઈ પણ પ્રકારના કાર્ય માટે ભક્તિભાવભરી તત્પરતા દર્શાવે છે. આ માટે અમે એમને ધન્યવાદ આપીએ છીએ અને અંતરથી આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ. સાહિત્ય મુદ્રણાલયના અન્ય કાર્યકર્તાઓ પણ આશ્રમના કાર્ય માટે ઘણાં જ ખંત અને ચીવટ દાખવે છે, એ બદલ અમે એ સૌ મિત્રોના આભારી છીએ.

ભાઈ શ્રી રમેશભાઈ ભટ્ટે આ પુસ્તકનું સંપાદન કરી આપ્યું છે. એમના ઉમળકાભર્યા આ કાર્યની અમે કદર કરીએ છીએ અને એમનો આભાર માનીએ છીએ.

આ પુસ્તકના વેચાણની સંપૂર્ણ આવક લોકકલ્યાણનાં કાર્ય પાછળ જ વપરાશે એ કહેવાની હવે ભાગ્યે જ જરૂર હોય.

આ પુસ્તક સૌ કોઈ ખરીદીને વાંચે એવી વિનંતી.

નડિયાદ, **નંદુભાઈ**

૧લી ઑક્ટો., ૧૯૭૭ વ્યવસ્થાપક ટ્રસ્ટી

હરિઃૐ આશ્રમ, નડિયાદ

। હરિઃૐ ॥

# હરિબળ એ જ પરિબળ

## (સંપાદકીય)

પૂજ્ય શ્રીમોટાના પિતાશ્રી આશારામ ભગત ભજનાનંદી હતા. આથી, પૂજ્ય શ્રીમોટાના ચિત્ત પર ભજનાદિ સાહિત્યના સંસ્કાર તો બાળપણથી પડેલા. તેઓશ્રીના બંને નાના ભાઈઓએ શ્રી મૂળજીભાઈ ભગતે તથા શ્રી સોમાભાઈ ભાવસારે તો બાલસાહિત્યના ક્ષેત્રે ગણનાપાત્ર કીર્તિ પ્રાપ્ત કરી છે. શ્રીમોટાને અભ્યાસકાળથી સાહિત્ય અને ભાષા પ્રત્યે ખાસ રુચિ હતી. હમણાં એમ જાણવા મળ્યું કે પૂજ્ય શ્રીમોટાએ નવલકથા પણ લખેલી ખરી ! એની હસ્તપ્રત ક્યાંક ગુમ થઈ ગઈ. આથી, તેઓશ્રીએ માન્યું કે આ પ્રકારના લેખનનું પોતે નિમિત્ત બને એમ નથી. એમણે કીર્તિ ખાતર કાલ્પનિક સાહિત્ય સર્જવાની વૃત્તિ અનુભવી નથી. વળી, માત્ર પ્રેરણાના કો'ક ધક્કા માત્રથી જ લખ્યું હોય એમ પણ માની શકાય એમ નથી.

પરંતુ જ્યારથી તેઓ સાધનામાર્ગે વળ્યા ત્યારે મનહૃદયમાં જે મથામણો આરંભાઈ એની નોંધ પદ્યરૂપે તેઓશ્રીએ રાખવા માંડેલી. ઈ.સ. ૧૯૨૨થી સાધનામાર્ગે વળવાનું બન્યું એમ કહી શકાય. ચોવીસ વર્ષની યુવાન વયે શ્રીમોટાએ પોતાના 'મનને' ઉદ્‌બોધતી રચના કરી અને બીજે જ વર્ષે 'તુજ ચરણે'ની સ્તુતિ-પ્રાર્થના રચાઈ. આ બીજી સળંગ રચનાનું પ્રેરકબળ લાક્ષણિક છે. એક ખ્રિસ્તી પાદરીએ હિંદુધર્મની વિવિધતાને વિચિત્રતામાં ખપાવીને ટીકા કરી હતી. એના જવાબમાં શ્રીમોટાએ એક જ રાતમાં 'તુજ ચરણે' રચીને પાદરીને વંચાવી હતી, પણ એ કૃતિના કર્તા પોતે જ છે એ વાત છુપાવી રાખી હતી. ૧૯૨૪માં તો સાધનાનો અપૂર્વ મંથનકાળ પ્રગટ્યો અને સંખ્યાબંધ નિવેદનો, પ્રાર્થનાઓ, સંકલ્પો નોંધરૂપે લખાવા માંડ્યાં. આ બધી પ્રાર્થનાઓ

લખી રાખવાનું પ્રયોજન એને પ્રસિદ્ધ કરવાનું હતું જ નહિ. માત્ર પોતાના ક્રમિક વિકાસનો ખ્યાલ રાખવાના આશયથી આવી નોંધો થતી હશે. આજે પ્રકાશિત રૂપે જે પદ્યરચનાઓ મળે છે, એ કરતાં તો ઘણી બધી રચનાઓ પોલીસ-જપ્તીને લીધે અને જેલમાં ગુમ થઈ. તેમ જ કેટલીક મહત્ત્વની રચનાઓ તો કવિ સાગરના આદેશને માન આપીને તળાવમાં પધરાવી દીધી.

પૂજ્ય શ્રીમોટાએ સાધનાકાળ દરમિયાન જે લેખનકાર્ય કરેલું, એ પ્રકાશિત કરવાના હેતુથી નહિ પણ પોતાની સાધનાના વિકાસના હેતુથી હતું. સાધનાકાળ દરમિયાન લખાયેલાં લખાણો પૈકી કેટલાક લખાણ માટે અવનવું નિમિત્ત પણ પ્રેરક બનતું. ૧૯૩૨માં વીસાપુર જેલમાં 'શ્રીમદ્‌ભગવદ્‌ગીતા' પરનું વિવરણ જેલવાસીઓની માગણીને માન આપવામાંથી લખાયું. 'હરિજન-સંતો' પણ એવા જ નિમિત્તને ઓળખીને વિકાસને અનુરૂપે સાકાર કરવામાં રહેલું છે એમ સમજાય છે.

પૂજ્ય શ્રીમોટાનું સાધનામય જીવન જેટલું ગૂઢ છે એટલા જ પ્રમાણમાં એને તેઓશ્રીએ ગુપ્ત રાખેલું. આથી, એમના સાથીદારો પણ પૂજ્ય શ્રીમોટાની વિકસતી જીવનકક્ષાની પિછાન પામી શકતા ન હતા, પણ જ્યારે જિજ્ઞાસાથી કશું પણ પૂછવામાં આવતું તો તેનો જવાબ તેઓશ્રી પોતાના અનુભવના આધારથી આપતા.

૧૯૩૭થી ખૂબ ઓછા પ્રમાણમાં, પણ ૧૯૩૯થી આજપર્યંત તેઓશ્રીએ પુષ્કળ પ્રમાણમાં શ્રેયાર્થીઓને પત્રો લખ્યા છે. એમનું આ પત્રલેખન એમના સાહિત્યમાં એક અપૂર્વ અને અજોડ કક્ષાનું છે. એ પત્રો પણ ભવિષ્યે ગ્રંથસ્થ થશે એવી કશી જ પૂર્વયોજના પત્રલેખક કે પત્ર પ્રાપ્ત કરનારે કરેલી ન હતી. પત્રલેખનનું પ્રયોજન સ્પષ્ટ હતું. શ્રેયાર્થીના જીવનનો વિકાસ કરવામાં માર્ગદર્શક બની રહેવું.

આ પ્રકારના પત્રો દ્વારા પૂજ્ય શ્રીમોટાના જીવનના પ્રસંગો પણ પ્રગટ થવા લાગ્યા. સાધક મિત્રોએ પહેલી જ વાર પૂજ્ય શ્રીમોટાના

જીવનની ઘેરી ગરીબી અને યાતનાઓ જાણી. આ બધા પત્રો સંપાદિત થઈને પ્રગટ થયા. પછી તો પૂજ્ય શ્રીમોટાના જીવનના પ્રસંગોને પુનઃસંપાદિત કરીને એમની આત્મકથા પ્રકાશિત કરવાનું શક્ય બન્યું. (આર. આર. શેઠની કંપની પ્રકાશિત 'પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય' પુસ્તકનો પ્રથમ ખંડ જિજ્ઞાસુએ જોઈ લેવો.)

અહીં સુધી તો પૂજ્ય શ્રીમોટાએ પ્રકાશિત કરવાના પ્રયોજનથી કાંઈ લખેલું નહિ, પરંતુ ૧૯૬૧થી પૂજ્ય શ્રીમોટાએ સમાજોત્થાન માટે દાન જાહેર કરવા માંડ્યાં. એ માટે નાણાંની જરૂર ઊભી થઈ એટલે પુસ્તક પ્રકાશન અને વેચાણ દ્વારા રકમ મળે એવા આશયથી લખવાનું 'નિમિત્ત' ઉપજાવાયું. આ માટે કોઈ સ્વજન પુસ્તક છપામણીનો ખર્ચ આપવા તત્પર બને અને બીજા કેટલાક એ પુસ્તકો વેચી આપવાની જવાબદારી ઉઠાવે તો જ તેઓશ્રી લખતા.

પરિણામે ભિન્ન ભિન્ન વિષય પરની શાસ્ત્રીય છણાવટ કરતા તેમ જ પોતાના સાધનામય જીવનના ઈતિહાસનો નિર્દેશ કરતાં પદ્ય લખાણો સર્જાયાં અને પ્રકાશિત થયાં.

આમ, પૂજ્ય શ્રીમોટાની લેખનપ્રવૃત્તિનું પ્રેરકબળ ભિન્ન ભિન્ન 'નિમિત્ત'માં રહ્યું છે.

પૂજ્ય શ્રીમોટાએ લેખક કે કવિ તરીકે કીર્તિ કે પ્રતિષ્ઠાના ખ્યાલથી કદી પણ લખ્યું નથી, તેથી એમણે પોતાનાં પ્રકાશિત પુસ્તકો સાથે કદી પણ પોતાનું નામ પ્રકાશિત થવા દીધું ન હતું. ૧૯૬૫ સુધી તો તેઓશ્રીના પત્રસાહિત્યના ગદ્ય-પદ્યના તેમ જ માત્ર પદ્યસાહિત્યના ત્રીસ જેટલાં પુસ્તકો પ્રકાશિત થઈ ગયેલાં.

લેખક તરીકે તેઓશ્રી હંમેશાં અજ્ઞાત રહ્યા હતા. એમના પત્રોને તથા પદ્ય લખાણોને એમના અંતેવાસી શ્રી નંદલાલ ભોગીલાલ શાહ તથા શ્રી હેમંતકુમાર ગુણાભાઈ નીલકંઠે સંપાદિત કર્યાં. પુસ્તકોના પ્રકાશન સાથે એ બંને સંપાદકોનાં નામો જાહેર કરીને પૂજ્ય શ્રીમોટા કર્તા તરીકે અજ્ઞાત જ રહ્યા.

પૂજ્ય શ્રીમોટાનાં મોટા ભાગનાં પુસ્તકોનાં નામ 'જીવન' શબ્દથી આરંભાય છે. એમાં પ્રાપ્ત જીવનનો સહેતુક સ્વીકાર તથા પ્રાપ્ય-ધ્યેય-દિવ્યજીવન સૂચવાયાં છે. આમ 'જીવન' શબ્દમાં ભૂમિકા અને ધ્યેયપ્રાપ્તિ બેય સૂચવાયાં છે.

૧૯૬૭ પછી પૂજ્ય શ્રીમોટા વિરચિત પુસ્તકોમાં તેઓશ્રીનું નામ પ્રગટ કરવાનું આરંભાયું. તેઓશ્રીનાં શરીરના સિત્તેરમા વરસની ઉજવણીના એક ભાગ તરીકે 'પૂજ્ય શ્રીમોટા : માનાંજલિ-ભાવાંજલિ' પ્રકાશિત કરવાની યોજનામાં-તેઓશ્રીના અગાઉનાં ઘણાં બધાં પુસ્તકોનો પરિચય પ્રકાશિત કરવામાં આવ્યો. એ ગ્રંથનું સંપાદન કરતાં કરતાં તથા એ પછી રચાતાં કેટલાંક પદ્યલખાણોનું સંપાદન-સંકલન કરવાની પ્રવૃત્તિ કરતાં, આ લખનારે પૂજ્ય શ્રીમોટાની રચનાકલાની વિશિષ્ટતા માણી. આથી, ૧૯૬૮થી પ્રકાશિત થતાં તેઓશ્રીનાં પુસ્તકો 'પૂજ્ય શ્રીમોટા વિરચિત' એવા શબ્દો સાથે પ્રકાશિત થવાં માંડ્યાં.

પૂજ્ય શ્રીમોટાના ગ્રંથોને કોઈનાય પ્રવેશક કે પ્રસ્તાવનાની જરૂર હોય જ નહિ. આ મતલબનું વિધાન તો પ્રસ્તાવના લેખકોએ પણ કર્યું છે. આમ છતાં પૂજ્ય શ્રીમોટાએ ભિન્ન ભિન્ન વ્યક્તિઓ પાસેથી પોતાના પુસ્તકની પ્રસ્તાવનાઓ લખાવીને પ્રકાશિત કરી છે. આમ કરવાના એક ગૂઢ આદેશને અનુસરીને પૂજ્ય શ્રીમોટાએ પ્રસ્તાવનાઓ લખાવી, પણ પ્રસ્તુત પુસ્તકનું પ્રકાશન પૂજ્ય શ્રીમોટાના આવા કાર્યને લીધે જ શક્ય બન્યું છે-એ ગૂઢ આદેશનું ઘણું જ આહ્‌લાદક અને ઉપકારક પરિણામ છે.

પૂજ્ય શ્રીમોટાના પત્રસાહિત્યના સંપાદકો તરીકે શ્રી નંદલાલ શાહ તથા શ્રી હેમંતભાઈ નીલકંઠ હતા. એમણે પૂજ્ય શ્રીમોટાના પત્રોના પરિચ્છેદોને વિષયાનુરૂપ શીર્ષક આપ્યાં અને છેલ્લે એક વિસ્તૃત વિષયસૂચિ પણ આપી. ઉપરાંત, એમાંના મોટા ભાગના પત્રો એ બંને સાધકમિત્રોને સંબોધીને લખાયેલા હતા, તે દૃષ્ટિએ પણ તેઓ પત્રોના સંપાદક જ હતા.

પરંતુ બીજાં ઘણાં બધાં પુસ્તકોના સંપાદકો તરીકે જે નામો પ્રકાશિત થયેલાં છે, તે ભિન્ન ભિન્ન નિમિત્તયોગે મુકાયેલાં છે.

એ સર્વ નિમિત્તોમાં સૌથી મહત્ત્વનું નિમિત્ત પુસ્તકના પ્રકાશનની આર્થિક જવાબદારી લેનારનું છે. જે કોઈ વ્યક્તિ પૂજ્ય શ્રીમોટાનું પુસ્તક છપાવી આપવાની આર્થિક જવાબદારી સ્વીકારે તેને પૂજ્ય શ્રીમોટા પોતાના તે પુસ્તકના સંપાદક તરીકે પ્રતિષ્ઠિત કરે. કોઈ વ્યક્તિએ તેઓશ્રીના લખાણોને કોઈ ને કોઈ રીતે પ્રકાશનરૂપ આપવામાં સહાય કરી હોય તો તેને સંપાદક કે પ્રકાશક તરીકે પ્રસ્થાપીને તેઓશ્રીએ તે વ્યક્તિની કદર કરી છે.

પૂજ્ય શ્રીમોટાનાં તમામ પુસ્તકોનું પ્રકાશનખર્ચ જ્યારે કોઈ પણ વ્યક્તિ કે વ્યક્તિસમૂહ આપવા તૈયાર થાય ત્યારે તેઓશ્રી તે છપાવતા. વળી, પુસ્તક પ્રકાશન માટે અપાતી રકમનું કશું જ વળતર દાતાને મળતું નહિ. પૂજ્ય શ્રીમોટા એવા દાતાની ભાવનાની કદર અવશ્ય કરે છે. વળી, તેઓશ્રીનાં આ પુસ્તકોનું વેચાણ પણ તેઓશ્રીનાં સ્વજનો જ કરે છે. આથી, પુસ્તકની વેચાણ કીમત ઘણી જ વાજબી હોય છે. એ પુસ્તકોના વેચાણની સંપૂર્ણ આવક પુસ્તકના કર્તાની જ છે. તેમ છતાં પૂજ્ય શ્રીમોટાનાં તમામ પુસ્તકોની આવકની પૂરેપૂરી રકમ (બે લાખ રૂપિયા ઉપરાંત) તેઓશ્રીએ સમાજોત્થાન કાજેની આજ સુધીની પોતાની યોજનાઓમાં સમર્પી દીધી છે. ૧૯૭૧ થી ૧૯૭૫ દરમિયાન પૂજ્ય શ્રીમોટાએ પોતાના શરીરની પીડાકારી વેદનાઓ દરમિયાન, અવિરત પ્રવાસ દરમિયાન ત્રીસ જેટલાં દળદાર પુસ્તકો લખ્યાં છે અને પ્રકાશિત કર્યાં છે. આ પુસ્તક પ્રગટ થાય છે ત્યારે (૧૯૭૭) એ પૈકીનું એક પણ પુસ્તક હાલ પ્રાપ્ય નથી. પુસ્તક લેખન-પ્રકાશન અને વિતરણની બાબતમાં આ ઘટના વિરલ ગણાય.

પૂજ્ય શ્રીમોટાની લેખનરીતિ ઉપરાંત આવી વિશિષ્ટ પ્રકાશનરીતિ પણ પુસ્તક પ્રકાશન અને વિતરણની પ્રવૃત્તિમાં વિરલ ગણાય. વળી,

પોતાનાં પુસ્તકોના વેચાણની સંપૂર્ણ આવક સમાજનાં ચરણે સમર્પિત કરવી એ ઘટનાનું મૂલ્યાંકન કરવા તો ઈતિહાસ લખવો પડે. કેમ કે તેઓશ્રી પ્રેરિત લોકકલ્યાણ પ્રવૃત્તિ તો એક મોટા ધોધ સમાન છે.

પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહના લેખન-પ્રકાશનની આ વિગત એક ભૂમિકારૂપે આપવી આવશ્યક લાગવાથી આ પુસ્તક સાથે જોડી છે. હવે પછીનાં પાનાંમાં પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહની ઉપાસનાનાં ફળ રૂપે પ્રગટેલા અનુભવો પ્રત્યે વાચક પ્રયાણ કરે-અને એ દ્વારા પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહને સ્પર્શવાની, ઉપાસવાની અને પોતાના જીવનવિકાસના હેતુથી એનું મૂલ્યાંકન કરવાની પ્રવૃત્તિ માટે પ્રેરાય તો આ પ્રકાશનની ઉપયોગિતા સિદ્ધ થઈ ગણાશે.

પૂજ્ય શ્રીમોટા દ્વારા પ્રગટ રૂપે થયેલી વિરાટ પ્રવૃત્તિઓ પૈકીની આ પ્રકાશન પ્રવૃત્તિ પણ ભવ્ય છે. પૂજ્ય શ્રીમોટાના સર્વપ્રકારના કાર્યનો સ્પર્શ એમના અક્ષરદેહ દ્વારા પામી શકાય છે. અને પૂજ્ય શ્રીમોટા એમના આ અક્ષરદેહથી હંમેશ માટે આપણી સમીપ રહે છે.

પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો વિશેનું આ પરિચયાત્મક તથા પ્રવેશ-પ્રેરક પુસ્તક તૈયાર કરવાનો, સૌ પ્રથમ વિચાર તો પૂજ્ય શ્રી નંદુભાઈને આવ્યો. એ વિચાર મૂર્ત કરવા માટે મને સહાયક થવાની તક મળી. આથી, હું ધન્યતા અનુભવું છું. અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરું છું. આ પુસ્તકનું નામ પસંદ કરવામાં મુ. શ્રી અનંતરાય રાવળે સહાય અને માર્ગદર્શન આપ્યાં છે, એ બદલ એમનો આભાર માનું છું. સ્નેહી મિત્ર પ્રા. શ્રી ઈંદુકુમાર દેસાઈએ આ સંપાદનમાં કીમતી સૂચનો કરીને તથા પ્રૂફ સુધારવામાં મદદ કરી છે, એ બદલ એમનો આભારી છું. શ્રી કેતનભાઈ કાંતિલાલ ફડિયાએ આ પુસ્તકની સુવાચ્ય અક્ષરે પ્રેસનકલ કરી આપી એ બદલ એમનો ખૂબ આભારી છું.

૧લી ઑક્ટોબર, ૧૯૭૭ **રમેશ મ. ભટ્ટ**
સંવત ૨૦૩૩, ભાદરવા વદ ૪

। હરિઃૐ ।।

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા પોતાનાં લખાણોની પ્રસ્તાવના માટે સમાજની કેટલીક નામાંકિત વ્યક્તિઓને પુસ્તક પ્રકાશન પહેલાંની પ્રૂફ કોપી મોકલી આપતા. જે તે વ્યક્તિઓએ લખેલ પ્રસ્તાવનાનો જે તે પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહની તમામ પ્રસ્તાવનાઓને અલગથી પુસ્તકરૂપે પ્રથમ પ્રકાશન કરવાનું કાર્ય શ્રી વિષ્ણુપ્રસાદ પંડ્યા સાહેબે (સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ) કર્યું છે.

આ પુસ્તકનું પ્રકાશન ૧૯૭૫માં તૈયાર થયું હતું, પરંતુ મુદ્રણના તબક્કે પૂજ્યશ્રીએ આદેશ આપીને આ પુસ્તકનું પ્રકાશન અટકાવ્યું હતું. પૂજ્યશ્રીના દેહત્યાગ બાદ શ્રી વિષ્ણુપ્રસાદે ૧૯૭૭માં આ પુસ્તકની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન કર્યું, ત્યાર બાદ આ પુસ્તક અપ્રાપ્ય હતું. જેનું પુનઃ પ્રકાશન કરવાનો નિર્ણય આશ્રમે કર્યો છે, તેનો સૌને આનંદ છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ. આશા છે કે સ્વજનો આ આવૃત્તિને આવકારશે.

તા. ૮-૪-૨૦૧૪ **ટ્રસ્ટીમંડળ**

રામનવમી, સં. ૨૦૭૦ હરિઃૐ આશ્રમ, સુરત

હરિ:ૐ ॥

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | ‘કર્મગાથા’ | (૧) | પૂ. શ્રી ઠક્કર બાપા | ૧ |
| | | (૨) | પૂ. શ્રી રવિશંકર મહારાજ | ૨ |
| | | (૩) | શ્રી નંદલાલ ભોગીલાલ શાહ | ૯ |
| | | (૪) | શ્રી અનંતરાય રાવળ | ૧૦ |
| ૨. | ‘પુનિત પ્રેમગાથા’ | (૧) | શ્રી રૈહાના તૈયબજી | ૧૧ |
| | | (૨) | શ્રી ગુરુદયાલ મલ્લિક | ૧૨ |
| | | (૩) | શ્રી અનંતરાય રાવળ | ૧૫ |
| ૩. | ‘જીવન પગરણ’ | (૧) | શ્રી પરીક્ષિતલાલ મજમુદાર | ૧૬ |
| | | (૨) | ડૉ. મધુસૂદન પારેખ | ૧૭ |
| ૪. | ‘જીવન પાથેય’ | (૧) | શ્રી વિમલાતાઈ ઠકાર | ૧૮ |
| | | (૨) | શ્રી શાંતિલાલ ઠાકર | ૧૯ |
| ૫. | ‘Struggle of life’ | (૧) | Narayana | ૨૩ |
| ૬. | ‘At thy lotus feet’ | (૧) | Ramdas | ૨૫ |
| ૭. | ‘હૃદય પોકાર’ | (૧) | શ્રી ડોલરરાય માંકડ | ૨૫ |
| | | (૨) | ડૉ. સુભાષ મ. દવે | ૨૬ |
| ૮. | ‘પ્રણામ પ્રલાપ’ | (૧) | શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ | ૩૧ |
| | | (૨) | શ્રી અનંતરાય રાવળ | ૩૫ |
| ૯. | ‘જીવન પ્રવેશ’ | (૧) | પ્રો. રા. બ. આઠવળે | ૩૫ |
| ૧૦. | ‘જીવન સોપાન’ | (૧) | પૂ. મુનિ નાનચંદ્રજી | ૪૨ |
| ૧૧. | ‘મનને’ | (૧) | શ્રી ઉમાશંકર જોશી | ૪૭ |
| | | (૨) | શ્રી મનુ સૂબેદાર | ૫૧ |
| ૧૨. | ‘તુજ ચરણે’ | (૧) | શ્રી કિશનસિંહ ચાવડા | ૫૧ |
| | | (૨) | શ્રી ગોકુળભાઈ દોલતરામ ભટ્ટ | ૫૩ |
| ૧૩. | ‘જીવન પગલે’ | (૧) | શ્રી અનંતરાય રાવળ | ૫૫ |
| | | (૨) | શ્રી મનુભાઈ સૂબેદાર | ૫૬ |

| ક્રમ વિષય | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧૪. 'શ્રીગંગાચરણે' | (૧) | શ્રી અનંતરાય રાવળ | ૫૭ |
| ૧૫. 'જીવન સંગ્રામ' | (૧) | શ્રી અનંતરાય રાવળ | ૬૩ |
| ૧૬. 'નર્મદાપદે' | (૧) | શ્રી કલ્યાણજી વિ. મહેતા | ૬૪ |
| | (૨) | શ્રી નગીનદાસ પારેખ | ૬૫ |
| ૧૭. 'અભ્યાસીને' | (૧) | શ્રી ઈશ્વરભાઈ પટેલ | ૬૮ |
| | (૨) | શ્રી વિરંચિપ્રસાદ મ. ત્રિવેદી 'સારસ્વત્' | ૭૧ |
| ૧૮. 'જીવન સોપાન' | (૧) | શ્રી હેમંતકુમાર નીલકંઠ | ૭૩ |
| | | શ્રી નંદલાલ શાહ | ૭૩ |
| | (૨) | ડૉ.શ્રી અરુણોદય જાની | ૭૭ |
| ૧૯. 'જીવન પ્રવેશ' | (૧) | શ્રી હેમંતકુમાર નીલકંઠ | ૮૦ |
| | | શ્રી નંદલાલ શાહ | ૮૦ |
| ૨૦. 'કેશવચરણકમળે' | (૧) | શ્રી નંદલાલ ભોગીલાલ શાહ | ૮૧ |
| | (૨) | શ્રી અનંતરાય રાવળ | ૮૬ |
| ૨૧. 'જીવન સંદેશ' | (૧) | મુનિશ્રી સંતબાલ | ૮૬ |
| | (૨) | શ્રી પ્રતાપ ઉપાધ્યાય | ૯૦ |
| | (૩) | શ્રી ગુલાબરાય મંકોડી | ૯૨ |
| ૨૨. 'જીવન પગથી' | (૧) | શ્રી પી. એન. ભગવતી | ૧૦૩ |
| | (૨) | આચાર્ય શ્રી મુકુંદરાય ઠાકોર | ૧૦૯ |
| ૨૩. 'જીવનગીતા' | (૧) | શ્રી લલિતચંદ્ર દલાલ | ૧૧૩ |
| ૨૪. 'જીવન પરાગ' | (૧) | પ્રા.અનુપરામ ગોવિંદરામ ભટ્ટ | ૧૧૯ |
| | (૨) | સોપાન | ૧૨૩ |
| ૨૫. 'જીવન આહ્‌લાદ' | (૧) | શ્રી વિરંચિપ્રસાદ મ. ત્રિવેદી 'સારસ્વત્' | ૧૨૯ |
| ૨૬. 'હરિજન સંતો' | (૧) | શ્રી રમેશ મ. ભટ્ટ | ૧૩૩ |
| ૨૭. 'આર્ત પોકાર' | (૧) | ફાધર વાલેસ | ૧૩૫ |
| | (૨) | મુકુંદ કલાર્થી | ૧૩૬ |

| ક્રમ વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૮. 'જિજ્ઞાસા' | (૧) શ્રી જયંતકૃષ્ણ હ. દવે | ૧૪૦ |
| ૨૯. 'શ્રદ્ધા' | (૧) શ્રીમતી મીનાક્ષીબહેન લ. દલાલ | ૧૫૪ |
| ૩૦. 'નિમિત્ત' | (૧) પ્રા. અનુપરાય ગો. ભટ્ટ | ૧૫૬ |
| ૩૧. 'ભાવ' | (૧) શ્રી કેશવલાલ જી. ત્રિવેદી વેદાંતશાસ્ત્રી | ૧૬૦ |
| ૩૨. 'શ્રીસદ્ગુરુ' | (૧) શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય | ૧૬૧ |
| ૩૩. 'રાગદ્વેષ' | (૧) પ્રા.શ્રી ઇંદુકુમાર દેસાઈ | ૧૬૬ |
| ૩૪. 'પ્રેમ' | (૧) શ્રી રમેશ મ. ભટ્ટ | ૧૬૮ |
| ૩૫. 'સ્વાર્થ' | (૧) શ્રી રમેશ મ. ભટ્ટ | ૧૭૪ |
| ૩૬. 'કર્મઉપાસના' | (૧) શ્રી હરિ હસમુખભાઈ મહેતા | ૧૭૬ |
| ૩૭. 'કૃપા' | (૧) શ્રી રમેશ મ. ભટ્ટ | ૧૭૯ |
| ૩૮. પૂજ્યશ્રીનો કવિતા પ્રસાદ | (૧) શ્રી પ્રા. હેમંત દેસાઈ | ૧૮૭ |
| ૩૯. જીવનવિકાસની મીમાંસા | (૧) શ્રી 'પ્રાસન્નેય' | ૧૯૬ |
| ૪૦. 'જીવન પ્રભાત' | (૧) શ્રી રમાકાંત પ્રહ્લાદજી જોષી | ૨૦૩ |
| ૪૧. 'જીવન કથની' | (૧) શ્રી ઇંદ્રવદન શૅરદલાલ | ૨૦૫ |
| ૪૨. 'જીવન રંગત' | (૧) શ્રી કાંતિભાઈ કાંટાવાળા | ૨૦૮ |
| ૪૩. 'જીવન સ્પંદન' | (૧) શ્રી અરુણાબહેન આર. ભટ્ટ | ૨૧૫ |
| ૪૪. 'જીવન ઘડતર' | (૧) શ્રી હરિ ઉર્ફે દિલીપભાઈ હસમુખભાઈ મહેતા | ૨૧૬ |
| ૪૫. 'જીવન તપ' | (૧) કાંતાબહેન ચીમનલાલ શાહ | ૨૨૪ |
| ૪૬. 'જીવન લહરિ' | (૧) ડૉ.કાંતાબહેન રામભાઈ પટેલ | ૨૨૬ |
| ૪૭. 'જીવન કેડી' | (૧) શ્રી રતિલાલ ગિરધરલાલ રંગૂનવાળા | ૨૨૭ |
| | (૨) શ્રી ચૂનીલાલ મોતીરામ તમાકુવાળા | ૨૨૭ |
| | (૩) શ્રી ધનસુખલાલ ગાંડાભાઈ ઘડિયાળી | ૨૨૭ |
| | (૪) શ્રી અરવિંદભાઈ ચૂનીલાલ ચશ્માંવાળા | ૨૨૭ |

| ક્રમ વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૪૮. 'જીવન પગદંડી' | (૧) શ્રી કાંતિભાઈ કાંટાવાળા | ૨૩૭ |
| | (૨) શ્રી રમાકાંત પ્ર. જોષી | ૨૪૨ |
| ૪૯. 'જીવન સ્મરણ સાધના' | (૧) શ્રી જ્યોતિબહેન રોહિતભાઈ ગાંધી | ૨૪૫ |
| ૫૦. 'જીવન રસાયણ' | (૧) શ્રી જીવણલાલ ચતુરદાસ ચૌહાણ | ૨૪૬ |
| ૫૧. 'જીવન પ્રવાહ' | (૧) શ્રી રામજીભાઈ જીવરાજભાઈ પટેલ | ૨૪૯ |
| ૫૨. 'જીવન ચણતર' | (૧) શ્રી શિવાભાઈ માધાભાઈ પટેલ | ૨૫૪ |
| ૫૩. 'ભાવ પુષ્પ' | (૧) શ્રી રતિલાલ મહેતા | ૨૫૮ |
| ૫૪. 'ભાવ હર્ષા' | (૧) શ્રી લક્ષ્મણભાઈ આર. ગાંધી ઉર્ફે બચુભાઈ | ૨૬૧ |
| ૫૫. 'ભાવ કણિકા' | (૧) શ્રી ચંદુભાઈ મણિલાલ પટેલ | ૨૬૫ |
| ૫૬. 'ભાવ જ્યોતિ' | (૧) શ્રી ડૉ. નિરંજનભાઈ આર. રંગૂનવાળા | ૨૬૯ |
| ૫૭. 'ભાવ રેણુ' | (૧) શ્રી કાંતિલાલ જગજીવનદાસ પટેલ | ૨૭૨ |
| | (૨) શ્રી રમેશ મ. ભટ્ટ | ૨૭૪ |
| | (૩) શ્રી શ્રેયસભાઈ વિ. પંડ્યા | ૨૭૮ |
| | શ્રી યજ્ઞેશભાઈ વિ. પંડ્યા | ૨૭૮ |
| | શ્રી હિમાંદ્રી વિ. પંડ્યા | ૨૭૮ |
| ૫૮. 'જીવન સ્મરણ' | (૧) શ્રી કાંતિભાઈ કાંટાવાળા | ૨૮૦ |
| ૫૯. 'જીવન મથામણ' | (૧) શ્રી જ્યોત્સ્નાબહેન જાની | ૨૮૪ |
| ૬૦. 'જીવન મંડાણ' | (૧) શ્રી હેમંતકુમાર નીલકંઠ | ૨૮૭ |
| | (૨) શ્રી નંદુભાઈ શાહ | ૨૮૭ |
| ૬૧. 'ગુણ વિમર્શ' | (૧) શ્રી ધીરેશભાઈ હસમુખરાય જોગી | ૧૯૧ |
| ૬૨. 'જીવન સૌરભ' | (૧) શ્રી કલ્પનાબહેન કે. જીવરાજાણી | ૨૯૩ |
| ૬૩. 'મોહ' | (૧) શ્રી ઈલાબહેન સિદ્ધાર્થભાઈ શાહ | ૨૯૫ |
| પરિશિષ્ટ-૧ | પ્રકાશન વિગત | ૨૯૮ |


•

હરિ:ૐ ॥

# લેખક સૂચિ

**અનંતરાય રાવળ :** ગુજરાતી ભાષા-સાહિત્યના અભ્યાસી અને વિદ્વાન વિવેચક.

**અનુપરામ ગો. ભટ્ટ :** (પ્રો. એ. જી. ભટ્ટ)-સંસ્કૃત ભાષાના વિદ્વાન અધ્યાપક, 'મોટાચરણે'ના રચયિતા.

**અમૃતલાલ વિ. ઠક્કર :** (ઠક્કર બાપા) પૂ. ગાંધીજી પ્રેરિત હરિજન સેવક સંઘના નિર્માતા-પ્રમુખ-આજીવન સદ્‌ગત હરિજન સેવક.

**અરુણોદય જાની :** (ડૉ.) મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સંસ્કૃત ભાષાના અધ્યાપક. 'સ્વાધ્યાય' ત્રૈમાસિકના સંપાદક.

**ઈંદુકુમાર દેસાઈ :** અમદાવાદની એલ. ડી. આર્ટ્સ કૉલેજના માનસશાસ્ત્રના અધ્યાપક, 'જીવન સ્ફુલિંગ' (પૂજ્ય મોટા-સ્મૃતિ ગ્રંથ)ના સંપાદક, તથા પૂજ્ય મોટાના સાહિત્યના અભ્યાસી તથા કેટલાંક પુસ્તકોના સંપાદક..

**ઈશ્વરભાઈ પટેલ :** ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તથા ગુજરાતી સાહિત્યના એક અગ્રણી લેખક.

**ઉમાશંકર જોશી :** ગુજરાતના સુપ્રસિદ્ધ વિદ્વાન-વિવેચક કવિ, ભારતની રાજ્યસભાના ભૂતપૂર્વ સભ્ય, ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ, 'સંસ્કૃતિ' માસિકના તંત્રી.

**કલ્યાણજી મહેતા :** મરોલી મુકામે આવેલા કસ્તૂરબા આશ્રમના સ્થાપક, ગાંધીવાદી કાર્યકર્તા, સમાજ શિક્ષણસમિતિના પ્રમુખ અને લેખક. 'કલ્યાણજીકાકા'ના નામે જાણીતા.

**કેશવલાલ જી. ત્રિવેદી :** વડોદરામાં સાઈકલ સ્પેરપાર્ટ્સના વેપારી, મ. સ. યુનિ., વડોદરાના વેદાંતશાસ્ત્રી, આધ્યાત્મિક સાહિત્યના અભ્યાસી તથા લેખક.

**કિશનસિંહ ચાવડા :** સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને સાધક, હાલ પૂ. વિમલાતાઈ ઠકારના આશ્રમમાં રહે છે.

**ગુરુદયાલ મલ્લિક :** (પૂ. ચાચાજી) શાંતિનિકેતનમાં અંગ્રેજીના પ્રોફેસર, કવિવર રવીન્દ્રનાથના સાહિત્યના ઊંડા અભ્યાસી, ગાંધી આશ્રમ નિવાસી, સદ્‌ગત પંજાબી મરમી સંત.

**ગુલાબરાય મંકોડી :** ગુજરાત રાજ્યના પબ્લિક સર્વિસ કમિશનના માજી સભ્ય.

**ગોકુલભાઈ ભટ્ટ :** ગાંધીવાદી કાર્યકર્તા અને ગાંધીવિચારણીના લેખક.

**જયંતકૃષ્ણ હ. દવે :** ભારતીય વિદ્યાભવન (મુંબઈ)ના સંશોધન વિભાગમાં સંસ્કૃત ભાષા સાહિત્યના વિદ્વાન.

**ડોલરરાય માંકડ :** સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પહેલા કુલપતિ, અલિયાબાડા ગંગાજળા વિદ્યાપીઠના સ્થાપક, સંચાલક, સંસ્કૃત ભાષાસાહિત્યના તથા કાવ્યકલાશાસ્ત્રના સદ્‌ગત વિદ્વાન અધ્યાપક.

**નગીનદાસ પારેખ :** અમદાવાદની હ. કા. આર્ટ્સ કૉલેજના નિવૃત્ત ઉપાચાર્ય તથા ગુજરાતીના અધ્યાપક, કાવ્યશાસ્ત્ર, રસશાસ્ત્રના ઊંડા અભ્યાસી, અંગ્રેજી, બંગાળીના સમર્થ અનુવાદક, ગુજરાતી ભાષાસાહિત્યના લેખક, વિવેચક.

**નાનચંદ્ર (મુનિ) :** પ્રગતિશીલ સદ્‌ગત જૈન મુનિ.

**નંદલાલ ભોગીલાલ શાહ :** (શ્રી નંદુભાઈ) પૂજ્ય શ્રીમોટાના અંતેવાસી, હાલ હરિઃૐ આશ્રમના મૅનેજિંગ ટ્રસ્ટી, પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના સંપાદકો પૈકીના એક સંપાદક.

**પરીક્ષિતલાલ મજમુદાર :** હરિજન સેવક સંઘના મંત્રી તથા પૂજ્ય શ્રીમોટાના સહકાર્યકર્તા તથા મિત્ર, ગુજરાતના સુપ્રસિદ્ધ સ્વ. હરિજન સેવક.

**નારાયણ સ્વામી :** હિમાલયવાસી સદ્‌ગત વિખ્યાત સંત.

**પી. એન. ભગવતી :** ગુજરાત હાઈકોર્ટના વિદ્વાન ન્યાયમૂર્તિ, આધ્યાત્મિક સાહિત્યના ઊંડા અભ્યાસી.

**પ્રતાપભાઈ ઉપાધ્યાય :** અમદાવાદના શ્રેયસના શિક્ષક, કવિ-ગીતકાર.

**'પ્રાસન્નેય' શ્રી હર્ષદ ત્રિવેદી :** ગુજરાતીના અધ્યાપક, ગુજરાતી સાહિત્યના કવિ-વિવેચક.

**ફાધર વાલેસ :** અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજના ગણિતશાસ્ત્રના વિદ્વાન અધ્યાપક, ગુજરાતી ભાષામાં પ્રેરક સાહિત્યના લોકપ્રિય વિદ્વાન લેખક.

**મધુસૂદન પારેખ (ડૉ.) :** અમદાવાદની હ. કા. આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક, 'બુદ્ધિપ્રકાશ'ના સંપાદક, સુપ્રસિદ્ધ હાસ્યલેખક અને વિવેચક.

**મનુ સૂબેદાર :** અર્થશાસ્ત્રના નિષ્ણાત, સસ્તું-સાહિત્ય વર્ધક કાર્યાલયના સદ્‌ગત અધ્યક્ષ.

**મુકુંદરાય ઠાકોર :** અમદાવાદની સર એલ. એ. શાહ લૉ કૉલેજના વિદ્વાન સ્વ. આચાર્ય.

**મીનાક્ષીબહેન દલાલ (ડૉ.) :** સંસ્કૃત ભાષાનાં વિદૂષી, એમ. એ. પીએચ.ડી. અધ્યાત્મ પ્રત્યેની અભિરુચિવાળાં.

**મુકુલ કલાર્થી :** જીવનવિકાસક ચરિત્ર, પ્રસંગો, કથાઓના સુપ્રસિદ્ધ લેખક, આધ્યાત્મિક પંથના પ્રવાસી.

**રમણલાલ વસંતલાલ દેસાઈ :** ગુજરાતના સુપ્રસિદ્ધ નવલકથાકાર.

**રમેશ મ. ભટ્ટ :** અમદાવાદની હ. કા. આર્ટ્સ કૉલેજના ગુજરાતીના અધ્યાપક, હાસ્ય લેખક, પૂજ્ય શ્રીમોટાનાં કેટલાંક પુસ્તકોના સંપાદક.

**રવિશંકર વ્યાસ (મહારાજ) :** ગુજરાતના ગાંધીવાદી લોકસેવક, 'રવિશકર મહારાજ'ના નામથી સુપ્રસિદ્ધ મૂક કાર્યકર.

**રા. બા. આઠવળે :** અમદાવાદની એલ. ડી. આર્ટ્સ કૉલેજના સંસ્કૃતના નિવૃત્ત અધ્યાપક, સંસ્કૃત સાહિત્યના તથા કાવ્યશાસ્ત્રના સુપ્રસિદ્ધ સમીક્ષક, વિવેચક.

**રામદાસ :** દક્ષિણ ભારતના એક સંત.

**રૈહાના તૈયબજી :** ગાંધીજીના સાથીદાર અબ્બાસ તૈયબજીનાં સુપુત્રી, ગાંધી સત્યાગ્રહવેળાનાં સ્ત્રી કાર્યકર તથા એક ગૂઢવાદી મરમી.

**લલિતચંદ્ર દલાલ :** ગુજરાત રાજ્યના નિવૃત્ત મુખ્યસચિવ.

**વિમલાતાઈ ઠકાર :** વિનોબા ભાવેનાં ભૂદાન આંદોલનમાંનાં એક સક્રિય કાર્યકર, મરાઠી ભાષાના લેખક, હાલ આધ્યાત્મિક સાધિકા તથા માર્ગદર્શક.

**વિરંચિપ્રસાદ ત્રિવેદી :** 'સારસ્વત', વડોદરા શારદામંદિર હાઈસ્કૂલમાં ગુજરાતી ભાષાના શિક્ષક, આધ્યાત્મિક સાહિત્યના અભ્યાસી.

**શાંતિલાલ ઠાકર :** આધ્યાત્મિક સાહિત્યના અભ્યાસી તથા લેખક.

**સુભાષ દવે (ડૉ.) :** વડોદરા યુનિવર્સિટીના ગુજરાતી ભાષાસાહિત્યના અધ્યાપક, વિવેચક.

**સંતબાલ મુનિ :** પ્રગતિશીલ સદ્‌ગત જૈન સાધુ, ગૂંદી મુકામે તેમનો આશ્રમ છે.

**હરિ હસમુખલાલ મહેતા :** દક્ષિણ ભારતમાં કુંભકોણમ્‌ના એક યુવાન (ઉ. ૨૮) વેપારી, ત્યાંના હરિઃૐ આશ્રમના સંચાલક, પૂજ્ય શ્રીમોટાએ સાત વર્ષ લગી એમને પોતાની પાસે જ રાખીને ઉછેરેલા તે ભાઈ, હરિ ઉર્ફે દિલીપ, શ્રીઅરવિંદ સાહિત્યના અભ્યાસી.

**હેમંત દેસાઈ :** ગુજરાતીના અધ્યાપક, ગુજરાતી સાહિત્યના એક અગ્રણી યુવાન કવિ અને કાવ્ય સમીક્ષક.

**હેમંતકુમાર નીલકંઠ :** પૂજ્ય શ્રીમોટાના સહકાર્યકર, મિત્ર અને શિષ્ય. પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના સંપાદક, 'મનને', 'તુજચરણે', 'જીવન સંગ્રામ'ના અંગ્રેજી અનુવાદક, 'મહાદેવભાઈ દેસાઈની ડાયરી'ના અંગ્રેજી અનુવાદક, સાધક.

# સંતવાણીનું સ્વાગત

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

# ૧. ‘કર્મગાથા’

## (૧) પૂ. શ્રી ઠક્કરબાપા

હરિજનસેવક ભાઈ શ્રી ચૂનીલાલ ભગતને આજે ૨૫ ઉપરાંત વર્ષોથી સારી રીતે ઓળખું છું અને એમની સેવાનો લાભ પણ મેં અનેક વાર લીધો છે. તેઓ અનેક વાર શરીરે બીમાર પડતા હતા, છતાં પણ પોતાની હરિજનસેવા ચાલુ રાખવાનું ચૂકતા નહિ અને પરીક્ષિતભાઈની જોડાજોડ ઊભા રહેતા, તે મને ખૂબ યાદ છે. હું ૧૯૩૨ની સાલમાં હરિજન સેવક સંઘની સ્થાપના થઈ, ત્યારથી દિલ્હી રહેવા આવ્યો, તેથી ભાઈ ચૂનીલાલ ભગતની જોડેનો અંગત પરિચય ઓછો થયો. તે સાથે મને એમ પણ યાદ આવે છે, કે ત્યાર પછી ૧૯૩૨ પછીના સમયમાં એમની આધ્યાત્મિક પ્રગતિ દહાડે દહાડે વિશેષ થતી ગઈ અને તે તે દિશાનાં લખાણો લખતાં થયાં.

દક્ષિણમાં, ખાસ કરીને તામિલ દેશમાં, જ્યારે હું પ્રવાસે જતો, ત્યારે તેમનો ભેટો થઈ જતો અને તેમની પાસેથી આધ્યાત્મિક વાર્તા સાંભળતો.

શરૂઆતથી જ તેમની આધ્યાત્મિક પ્રવૃત્તિની વાર્તા સાંભળેલી તે મને બહુ યાદ છે. સ્મશાનમાં અનેક રાત્રિઓ તેઓ વિતાવતા અને પ્રભુસ્મરણ કરતા. પરિણીત જિંદગી તો તેઓએ કદી શરૂ કરી જ ન હતી. તેથી, સ્ત્રી તથા બાળકોની ઉપાધિ તેમને અંતરાયરૂપ થઈ શકી ન હતી. છતાં તેમના સ્વર્ગસ્થ મોટા ભાઈનાં બાળકોની તેમ જ પોતાના નાના ભાઈઓની પિતાતુલ્ય સંભાળ લેવામાં તેમણે પાછી પાની કરી ન હતી. તેમની માતા ‘મારો ચૂનિયો’ એ વહાલસોયા નામથી

તેમને બોલાવતાં અને હું તેમને ઘેર નડિયાદમાં મેડી ઉપર ઊતરતો, તેનું સ્મરણ મને બહુ તાજું રહ્યું છે.

તા. ૮-૯-૧૯૪૬ **-અમૃતલાલ વિ. ઠક્કર (ઠક્કરબાપા)**

(બિહાર પ્રાંતના ડેરી-ઓન-સોનના વેઈટિંગ રૂમમાં)

## (૨) પૂ. શ્રી રવિશંકર મહારાજ

આ પુસ્તકના લેખક પૂજ્ય શ્રીમોટાને હું ૨૦ -૨૨ વર્ષોથી ઓળખું છું. એમના મોટા ભાઈ સાથે તો મેં કામ કર્યું છે અને ત્યારથી એમના આખા કુટુંબને સારી રીતે ઓળખું છું. એમના કુટુંબમાં પણ કાવ્યશક્તિ રહેલી છે અને એ ઘણાં વર્ષો થયાં કાવ્યો લખે છે.

પણ કવિતા કવિતામાં ઘણો ફેર હોઈ શકે છે. કવિતા કરવાની કે કવિ થવાની ઈચ્છાથી એમણે કદી કશું લખ્યું નથી. પહેલાં પોતાની સાધનાના અંગ તરીકે તે કાવ્યો રચતા અને આમ પોતાના જ આત્માના વિકાસ માટે લખવાથી એમાં આપોઆપ હૃદયના સાચા ઉદ્‌ગાર પ્રગટ થતા. **'મનને'** અને **'હૃદય પોકાર'** આવી રીતે લખાયેલાં હતાં. ભગવાનની સ્તુતિ કરી હૃદયને શુદ્ધ કરવા ખાતર તથા એના પ્રત્યેની પ્રેમભક્તિને વહેવા દેવા ખાતર **'તુજ ચરણે'** લખાયું હતું.

આ પુસ્તકમાં **'કર્મગાથા'**માં જે કાવ્યો છે, તે સાધનાના અંગ તરીકે નથી લખાયાં, તે તો જાતે આગળ વધ્યા પછી દર્દીને જેમ વૈદ દવા આપે તેમ મિત્રવર્ગને એમની એમની તે તે વખતની સ્થિતિ જોઈને તેમની પ્રત્યેના પ્રેમથી સૂઝેલાં છે. કોઈ કાવ્યો એવા કોઈને ગૂંચવતા પ્રશ્નોના જવાબોરૂપે સૂઝેલાં છે. કેટલાંક એમની પોતાની મસ્તીમાંથી સ્ફુરેલાં છે. આમ, આ

કાવ્યો સ્વયંભૂ છે અને સ્વાભાવિક થયાં છે. લખવા ખાતર કે ઊર્મિ કે લાગણીના ઊભરા તરીકે નહિ, પણ અનુભવના સારરૂપે કંઈ નિમિત્ત ઊપજતાં નીકળેલાં છે. કાવ્ય તો તે કે જે શુદ્ધ હૃદયના ઊંડાણમાંથી નીકળે અને બીજાના અંતરમાં રહેલી સુષુપ્ત વૃત્તિઓને ઝણઝણાવી જાગૃત કરે. આ પુસ્તકનાં એકેએક કાવ્યો પૂરાં સાંભળી ગયો છું અને મને તે એવાં લાગ્યાં છે. ભક્તહૃદયના ઉદ્‌ગાર અને ભક્તિમાંથી નીપજતા જ્ઞાનનો પ્રકાશ પણ તેવી નજરે જોનારને આમાં દેખાશે.

આ કાવ્યો કર્મ ઉપર છે. મન, વાણી અને શરીરથી થયેલાં બધાં કર્મોથી એક જીવનયજ્ઞ થાય છે. એટલે તે યજ્ઞ શુદ્ધ રીતે કેમ થાય તેની સમજણ આ પુસ્તકમાં આપવામાં આવી છે. કોઈ પણ કર્મ, નાનું કે મોટું, સમગ્ર જીવનને સ્પર્શતું હોય છે. તેથી, આમાં પ્રવૃત્તિ નિવૃત્તિ કે આધ્યાત્મિક અને સાંસારિક એવા બે જુદા વિભાગની દૃષ્ટિએ કર્મ તરફ જોવામાં આવ્યું નથી, પણ માનવી જીવનનો હેતુ શો છે, તે કેવાં અને કેવી રીતે કરેલાં કર્મોથી સધાય, કર્મ કેટકેટલી રીતે જગતને અને જીવાત્માને લાભ કરનારાં છે, તે આમાં બતાવ્યું છે. કર્મ કર્યા વગર કે થયા વગર રહેવાનાં નથી, યોગ્ય રીતે થયેલાં કર્મોથી સંસાર સચવાય છે, સાધના થાય છે અને છેવટે જીવનતત્ત્વને પણ એથી પમાય છે. તો એ માટે શું કરવું જોઈએ, મિત્ર-મિત્રે  પતિ-પત્નીએ, એક કુટુંબમાં રહેનારે અન્ય સ્વજનો પ્રત્યે તથા સમાજ પ્રત્યે કેમ વર્તવું વગેરે જીવનને ઊંચે લાવે એવી સામગ્રી આમાં આપવામાં આવેલી છે.

દરેક કર્મ કરતી વખતે તેની પાછળ હેતુ શો છે, તે હેતુનો સતત ખ્યાલ રહે છે કે નહિ, તે જ મુખ્ય છે. કઈ જાતનું, કયા

ક્ષેત્રનું એ કામ છે એ મહત્ત્વનું નથી, એ વારે વારે બતાવવામાં આવ્યુ છે.

પ્રભુનો ભાવ જે રીતે જાગે તે રીતને ગ્રહો,
ભૂમિકા યોગ્ય તે કાજે રચાવા સર્વ કૈં કરો.

જગતમાં અકસ્માતથી બનેલા દેખાતા પ્રસંગોમાં પણ જેની ધારણા જીવતી રહ્યા કરતી હશે અને તેથી બુદ્ધિ સૂક્ષ્મ થઈ હશે, તેને તો ખાતરી થશે કે પ્રસંગો અમસ્તા નથી.

પ્રસંગો ના અમસ્તા છે, કોઈ હેતુથી તે મળે,
જેનામાં ધારણા રહે, તે ફળાવે હેતુને ખરે.

ભક્તિ વગર અને આચરણ વગર બુદ્ધિ શુદ્ધ થતી નથી અને શુદ્ધ બુદ્ધિ વગરનું જ્ઞાન એ સાચું જ્ઞાન નથી, તેની પણ ચેતવણી આપવામાં આવી છે.

યોગ્ય રીતે કામ કરનારને કામ કલ્પવૃક્ષ સમું છે. કામ જાતે જ ગુરુ બનીને, પ્રભુ બનીને, બધું જ્ઞાન આપે છે એમ કહેતાં કામની જે સ્તુતિગાથા 'કામનું માહાત્મ્ય' એ કાવ્યમાં આપી છે, તે ધ્યાન ખેંચે એવી છે.

'કર્મનો લાક્ષણિક સંબંધ' એ કાવ્યમાં કર્મયોગમાં કેટલી ચારેબાજુની સાવચેતી રાખવાની છે, તેનું દિશાસૂચન કર્યું છે. સ્વજન સાથે જેટલો સંબંધ વધારે ઉત્કટ, તેટલો આસક્તિથી અયોગ્ય કર્મને યોગ્ય ગણી લેવાનો ભય વધારે, તેવે વખતે ચેતતા રહેવું જોઈએ, તેમ છતાં એણે વેગળું વેગળું રહીને, જગતથી કોરા કે જડ જેવા રહીને ફરવાનું નથી, કોઈની સાથે સંબંધ ઘટાડવાનો નથી, ઊલટું અનાસક્તિ રાખવા છતાં અથવા સાચી અનાસક્તિ રાખીને પ્રેમની માત્રા વધારવાની છે અને એ

તો વધે જ એવું એનું સહજ લક્ષણ હોય છે. કોઈ બીજાનું અયોગ્ય કે અણગમતું વર્તન કે વલણ જોવાતાં મનમાં ગાંઠ વાળી નથી બેસવાનું કે એ તો આવો જ છે અને આવો જ રહેશે, પણ માનવીમાત્ર વિકાસશીલ છે, એમ મનમાં દૃઢ ખ્યાલ રાખીને તેનો પણ વિકાસ થશે જ, એમ સમજી તેની તરફ ખાસ વિશેષ પ્રેમ રાખવાનો છે અને દિલને અંદરથી ડહોળાવા દેવાનું નથી. તે સાથે તેના એવા અયોગ્ય વર્તન કે વલણને કોઈ રીતે ટેકો આપવાનો નથી. બધા પ્રસંગો, સારા કે નરસા, તટસ્થતા કેળવવા મળેલા છે, એવું ભાન સતત રાખવાનું છે.

'ધર્મ-કર્મ-રહસ્ય' માં જ્ઞાનીનાં લક્ષણો કર્મ કરતાં કરતાં જ તે થાય ત્યારે કેવાં હોય, તે બતાવવામાં આવ્યું છે. એવો જ્ઞાની જોકે ગુણોનો આશ્રય લઈને કર્મ કરે છે, પણ તે ગુણને ઓળખીને કરે છે. એટલે એને કોઈ પ્રદેશ અજ્ઞાત રહેતો નથી. બીજાનાં કર્મ પણ કેવા સ્વભાવના મૂળમાંથી ઊપજીને થયાં છે, તેની જાણ પણ આરસીમાં પડેલા પ્રતિબિંબ માફક એના હૃદયમાં આપોઆપ અને તરત થઈ જાય છે. ભલે તે કશું જાણતો નથી એવો દેખાય, પણ એને બધી ખબર, જો નિમિત્ત હોય તો-હોય જ. આમ, તે અજ્ઞાની જેવો પણ કદી દેખાય. આવાં લક્ષણો તેમાં વર્ણવ્યાં છે.

'સાધકનું સ્વજન સાથેનું વર્તન' એ મથાળા ઉપરથી તેમાં શું છે તેનો ખ્યાલ આવશે.

સેવાક્ષેત્રમાં કામ કરનારા સંસ્કારી જીવાત્માઓએ પણ ધ્યાન રાખવાનું છે, કે કાર્યનું ક્ષેત્ર સાત્ત્વિક હોય, તોપણ અમુક સંજોગોમાં તો તે પણ બંધનકારક છે.

ભલેને કાર્ય સાત્ત્વિક શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હોય છો,
ચેતનાશક્તિનું ભાન જાગેલું જો ન હોય તો -
જ્ઞાનયુક્ત હૃદે ભાવ કર્મ સૌ કરતી પળે
જેને રહે ન, એવા તે અવિદ્યામાં રમ્યાં કરે.

કર્મ કરનારને પણ પ્રભુને પામવા માટે ભક્તિ ઉત્તમ સાધન છે :-

પ્રભુને પામવા કાજે અપાર ભક્તિથી ભર્યું-
પ્રેમ - ઉત્કટતાવાળું હૈયું સૌથી મહત્ત્વનું.

કર્મના તત્ત્વમાં પુસ્તકમાં જેટલું ઊંડું ઊતરાયું છે તેટલું અને તેવું લખી શકવું એ કલ્પનાથી ન બને. બુદ્ધિ ગમે તેટલી તેજસ્વી હોય, તેથી પણ ન લખી શકાય. હૃદય, ચિત્ત, પ્રાણ, અહં વગેરે અંતરનાં સાધનો શુદ્ધ થયા વિના બુદ્ધિ શુદ્ધ નથી થઈ શકતી, તેથી જ ગીતાજીમાં એવી બુદ્ધિને મોહકલિલવાળી કહી છે અને તેની પાર જશે ત્યારે જે કંઈ જાણવાનું હશે તે તું જાણશે એમ શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે.

એ જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થાય ? શ્રીમોટાને જોઈએ તો કોઈ એમ ન કહે કે એમણે સતત એકધારાં કર્મમાં જીવન ગાળ્યું છે. એ આમ તો ભલાભલા જ દેખાય છે, પણ એમના સદાય શાંત અને આનંદી ચહેરાની પાછળ સતત કર્મ જ નહિ પણ કર્મના હેતુનું ભાન, તેનું ઊંડું તટસ્થતાપૂર્વક ચિંતન, તેમાંથી મળતા અનુભવોની તારવણી વગેરે આંતરિક ક્રિયાઓ ચાલી રહેલી છે. એમણે ફિલસૂફીનાં કે એવાં પુસ્તકો વાંચ્યાં નથી પણ કામ કરતાં કરતાં પ્રભુપરાયણ રહેવાનું ભક્તિભાવભર્યું ધ્યાન રાખેલું હોવાથી જ્ઞાન તેમનામાં ઊગી નીકળેલું છે. એ

કર્મ એવી રીતે કરતા આવ્યા છે, કે કોઈને જણાવા ન દે કે કામ ખૂબ કરે છે, પણ ભમરડો જેમ ખૂબ જોરથી ફરે ત્યારે સ્થિર દેખાય છે, તેવું એમને વિશે છે.

यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते ।
एकं सांख्यं य योगं च यः पश्यति सपश्यति ॥

એવું એમને વિશે થયું છે. કર્મયોગ અને સાંખ્ય એટલે જ્ઞાન બંને એમને મળ્યાં છે. અને આવું જ્ઞાન ભક્તિને લીધે પવિત્ર થયું હોય છે, તેથી જ એવા જ્ઞાન માટે કહેવાયું છે કે :-

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।

એવાં જ્ઞાન અને યોગમાં ફેર રહેતો નથી, કેમ કે યોગસંસિદ્ધ થયેલો, આરૂઢ થયેલો માનવી જાતે જ સાધના કરતાં કરતાં વખત જતાં તેની ઘડી પાકતાં આત્માનો અનુભવ કરી શકે છે.

तत्स्वयं योगसंसिद्धो कालेनात्मनि विन्दति ॥

તેથી, તે આવું લખી શક્યા છે.

આ કાવ્યોની ભાષા તદ્દન સાદી છે. જીવનને માર્ગદર્શક થાય એવું આ પુસ્તક જુગતરામભાઈના જેવી ગામડિયા ભાષામાં લખાયું છે. એટલે તે ઝટ સમજાય અને ઘણાંને સમજાય એવું બન્યું છે. "કામ કર્યું તેણે કામણ કર્યું" "તારામાં વેતા શી છે?" "એકના એક કામમાં કે કક્ષામાં પડી રહેવું એટલે 'ઘરેડ'માં પડી રહેવું" "એથી શુક્કરવાર વળે નહિ " મનમાં મડાગાંઠ બાંધી રાખવી નહિ" એ તો સૌ કોઈ સમજી શકે. જેમને ઉદ્દેશીને આ કાવ્યો લખાયાં છે, તેમાં છેક અભણ ગણાય એવી બહેનો પણ છે અને ઊંચી કેળવણી પામેલા સુશિક્ષિતો

પણ છે. તેથી, આ કાવ્યો આવાં ઝટ સમજાય એવાં થયાં છે, એ મને એક બીજું ખાસ ગમતું લક્ષણ લાગ્યું છે.

● ● ●

(પૂજ્ય રવિશંકર મહારાજે 'કર્મગાથા' લખાણ સાંભળતી વખતે પૂજ્ય શ્રીમોટા પ્રત્યે પોતાનામાં કેવા ભાવ વ્યક્ત થયા હતા, તે દર્શાવતો લેખકને લખેલો નીચેનો કાગળ પ્રસ્તાવના સાથે આપવો યોગ્ય ધાર્યો છેઃ -સંપાદક)

પ્રિય ભાઈ...........

તમારું લખાણ વાંચીને મને બહુ જ આનંદ થયો હતો. ભાઈ, હેમંતકુમારે અહીં આવીને મને સંભળાવ્યું ન હોત, તો કદાચ હું તે તમારા ઉન્નત વિચારો સાંભળવા ન પામત. એ વાંચતી વખતે જેલમાં અમે મિત્રો ગીતાનો વર્ગ ચલાવતા હતા, ત્યારે જે મઝા આવતી, તેના કરતાં પણ વિશેષ મઝા પડી. ખરેખર હેમંતભાઈએ પણ ખૂબ ભક્તિપૂર્વક એ બધાં કાવ્યો થાક્યા વિના મને સંભળાવ્યાં. જોકે હું તો તમને ઘણા વખતથી એટલે લગભગ ૨૫ વર્ષથી ઓળખું છું. તમારા મોટા ભાઈ સાથે પણ મારે સારો સંબંધ હતો. છતાં પણ આ કાવ્યો વાંચતાં મને તમારા ઉપર ખૂબ ભાવ પેદા થયો, કારણ એ કાવ્યોમાં તમોએ વિચારો ભાવપૂર્ણ દર્શાવ્યા છે. તે તદ્દન સ્વાભાવિક છે. એથી મને ગમ્યાં છે. તમે તો મને લખો છો કે તાલેવરને સહુ સંભારે, પણ મારા જેવા ગરીબનો કોણ હાથ પકડે ? આથી, હું તમને ગરીબ માનું એમ તમને લાગે છે ? તમે તાલેવર નથી શું ? તમારી પાસે જે સંપત્તિ છે તે ઘણા જણને તૃપ્ત કરનારી છે. એ સંબંધી વધુ નહિ લખું.

લિ. રવિશંકર વ્યાસના વંદેમાતરમ્

### (૩) શ્રી નંદલાલ ભોગીલાલ શાહ

આ લખાણ માત્ર કલ્પનાની ઉત્તેજિત લહરીથી લખાયેલું નથી, તે તો વાચક સહેજે સમજી શકશે. કેટલીક વાર કલ્પના પણ હકીકતના પ્રદેશમાં ઊતરી શકે છે, પરંતુ જે કલ્પના જીવનના અનુભવના પ્રદેશમાં સાકારરૂપે નથી બની, તેવી કલ્પના જીવનના તેવા અનુભવના પ્રદેશમાં એના જુદાં જુદાં ક્ષેત્રના તાદૃશપણાનો યોગ્ય ચિતાર આપવાને સમર્થ નહિ નીવડી શકે. સર્વસાધારણ નાના સરખા પ્રસંગમાં પણ કેવી રીતે વર્તવું તથા જીવનના મહત્ત્વના પ્રસંગે પણ કેમ ચેતતા રહેવું તે બધાંનું વિવરણ આમાં વાચકને નજર સમક્ષ તરી આવે એવી રીતે લખાયેલું છે. કર્મનું નાનામોટાપણું કર્તાને મન મુખ્ય નથી, પરંતુ તે તે આચરતી વેળા તેને યોગ્ય જીવતો-નીતરતો ભાવ રહેવો, એ જ સાધનાનું ખરું મહત્ત્વનું અંગ છે, એમ તે અનેક વાર આપણને પોકારી પોકારીને કહે છે. કર્મની ભૂમિકા વિના જીવનનો ભાવ કદી પણ તેના યોગ્યપણામાં મૂર્તિમંત ઘડાઈ શકાવાનો નથી, તે વાત પણ તેમણે સ્પષ્ટતાથી કહી છે. કર્મને આટલી અને આવી સૂક્ષ્મ રીતે અને તે પણ જ્ઞાન, ભક્તિ, યોગ, ધ્યાનપૂર્વક આચરવાનું આટલું વિવરણપૂર્વક કરેલું લખાણ આપણા સાહિત્યમાં આટલી સરળતાપૂર્વકનું હશે કે કેમ, તે વિવેચકોએ વિચારવા જેવું તો છે જ. લખાણમાં આંખે ઊડીને વળગે એવી પ્રતિભા કોઈકને ન લાગે તો તે પણ સમજી શકાય તેવું છે, પરંતુ જેનો જીવનની સાધનાનો વિષય છે, એવા સાધકને આ લખાણ જરૂર ઉપયોગી થઈ પડવાનું છે, એ વિશે તો સંપૂર્ણ ખાતરી છે.

સામાન્ય વર્ગને આધ્યાત્મિક જીવનની નક્કર હકીકતો પણ ભાષાની નરી સરળતામાં આપે, તેવી કૃતિ પણ આ યુગની એક અપૂર્વતા જ કહેવાય, આમાંનું લખાણ એવાં કેટલાંયને સંબોધીને છે, જેઓ ભાગ્યે જ શાળામાં ગયાં હોય અને કોક તો બેળેબેળે લખી વાંચી શકે તેવાં છે, પરંતુ તે દરેકને આ લખાણ સમજી શકાય તેવું નીવડ્યું છે, તે તેની વિશિષ્ટતા કહેવાય તેવું છે.

પ્રતિષ્ઠા પામેલાનું જગત સર્વ કંઈ યોગ્ય માને છે. મહત્તાને સર્વ કોઈ પૂજે છે. કિંતુ સત્યને સમજવાની, ભજવાની કે જાણવાની તૈયારીવાળા બહુ જ ઓછા હોય છે. આ પુસ્તકના લેખક (પૂજ્ય શ્રીમોટા) એવી પ્રતિષ્ઠા કે મહત્તા પામ્યા નથી, પરંતુ કેટલાકના હૃદયમાં તેઓ ઊતર્યા છે, એ વાત આજે નિઃસંકોચપણે ખુલ્લા દિલે કબૂલ કરતાં મને હર્ષ થાય છે.

**(૪) શ્રી અનંતરાય મ. રાવળ**

કવિતામાં બોલવું એમને ફાવ્યું છે માટે એમણે કવિતા લખી છે, બાકી, એમનો ઉદ્દેશ તો જ્ઞાનદષ્ટિયુક્ત અને ભક્તિપુષ્ટ કર્મયોગ પોતાનાં સ્નેહીઓ અને સ્વજનોનાં અંતરમાં ઉતારવાનો છે. જીવનને મિથ્યા માની તેનાથી ભાગી ન છૂટતાં, જીવનમાં સ્નેહીસંબંધીઓ અને કાર્યો મળે છે તેમાં ઈશ્વરી સંકેત જ હોય છે એમ માની, ઈશ્વરાર્પણ બુદ્ધિથી અને અંતરમાં નિત્ય જાગ્રત રહીને કુશળતાપૂર્વક તેમ જ પ્રેમથી પોતાનાં પ્રાપ્ત કર્મ કરવાનો સ્ફૂર્તિદાયી સંદેશો આ પુસ્તકમાંનાં જુદે જુદે સમયે જુદાં જુદાં સ્વજનોને સમજાવવા લખેલાં કાવ્યોમાં કર્તાએ સંભળાવ્યો છે. ભાષા ખૂબ સરળ અને સીધી છે એટલે સૌ કોઈ એનો લાભ ઉઠાવી શકે તેમ છે.

## ૨. 'પુનિત પ્રેમગાથા'

### (૧) શ્રી રૈહાના તૈયબજી

'પુનિત પ્રેમગાથા' લખનારને હું 'ભક્તરાજ' કહું છું. એટલે 'ભક્તરાજ'ને ભક્તરાજ તરીકે લગભગ ૧૭-૧૮ વર્ષથી જાણું છું, જોકે આવા માણસને કોણ જાણી શકે-ભગવાન સિવાય ? પણ મારે માટે તો એ મારા એક પૂજ્ય ગુરુજન જરૂર છે અને એમના અનુગ્રહથી મને બહુ બહુ મળ્યું છે. એમની વાતો કરતાંય એમનાં આચરણથી મને ખાતરી થઈ છે કે જો કોઈ પણ પ્રેમ જાણતો હોય તો તે ભક્તરાજ જ છે. એમને 'આશક' (પ્રેમી) તરીકે મેં જોયા છે અને 'માશૂક' (પ્રીતમ) તરીકે પણ મેં જોયા છે.

પ્રેમ એટલે ભગવાનનો વહાલભર્યો પુકાર અને જીવનનો પ્રતિઘોષ, લેણદેણ, સવાલ જવાબ. આ પ્રેમલીલા ભક્તરાજના જીવનમાં મેં પળેપળે સ્પષ્ટ થતી જોઈ છે. આવા ભક્તરાજની હું પૂજા કેમ ન કરું ? અને કેમ નથી કરતી ? એનું કારણ એ જ કે હું માનું છું કે મનુષ્યમાં કંઈ જ નથી. કુરાને શરીફમાંનું એક વાક્ય છે. અલ્હમ્દુલિલ્લાહ એટલે બધી સ્તુતિ, બધી પ્રશંસા ભગવાનની જ છે. એટલે આ પ્રેમ જેવો દિવ્ય ભાવ પણ મનુષ્યને ભગવાન તરફથી જ મળે છે. સાચો આશક તો એક ભગવાન જ છે. એના પ્રેમની ભાવના જ્યારે મનુષ્યના હૃદયમાં પ્રગટે છે ત્યારે એ માનવીને દેવો કરતાંયે વધારે ઉચ્ચ પદવી મળે છે. તે વેળાએ એ જીવ ભક્તાત્મા તરીકે નવો અવતાર પામે છે. અને પછી તો ભગવાન અને ભક્ત, સનમ અને

આશક, કૃષ્ણ અને રાધા, એ એક જ સિક્કાની બે બાજુઓ થઈ જાય છે.

હું તો પ્રેમનું કંઈ જ જાણતી નથી, પણ હું જાણું છું કે ભક્તરાજ જાણે છે. આ પુસ્તક દ્વારા આપણે બધાં જાણી તો શું પણ કંઈક સમજી શકીએ એવી પ્રભુ પાસે મારી વિનમ્ર પ્રાર્થના છે.

**(૨) શ્રી ગુરુદયાલ મલ્લિક**

આપણે સામાન્ય માનવીઓ પ્રેમનો જેવો અનુભવ કરીએ છીએ તેના કરતાં અનંતગણા પ્રભાવમાં અને સ્વરૂપોમાં સંતો અને અવધૂતો પ્રેમનો અનુભવ કરતા આવ્યા છે. તેઓએ પ્રેમના પ્રદેશનો અસ્પષ્ટ પણ તેજસ્વી નકશો આપણને દોરી આપ્યો છે, આકાશમાં જેમ પક્ષીની ગતિ કોઈ એક ચોક્કસ માર્ગે થતી નથી કે તેની પાછળ એવો કોઈ ચીલો પડતો નથી તેમ પ્રેમના પંથનું છે, તોપણ તે પંથે આપણે પ્રવાસ કરી શકીએ તેથી તેમણે તેવા પંથમાં પણ કક્ષાઓરૂપી અને તે તે કક્ષાનાં લક્ષણોરૂપી માર્ગસૂચક સ્તંભો વચમાં વચમાં મૂક્યા છે.

આપણા જીવનનું કે પ્રેમનું વહાણ યોગ્ય દિશાએ જાય છે કે નહિ તે સમજવામાં મદદગાર થાય તેવું એક નિર્ભ્રાંત હોકાયંત્ર તેમણે બતાવ્યું છે અને તે તીવ્ર તમન્નાવાળા ઉત્સાહ અને શ્રદ્ધા સાથે બીજાઓ તરફ સતત એકધારો પ્રેમ રાખવો તે. અને આવો પ્રેમ રાખવામાં ન તો કંઈ આશા પોતાને માટેની રાખવી કે ન તો કશા પણ બદલાની પ્રેમપાત્ર તરફથી અપેક્ષા રાખવી.

અહીં પણ પોતાની જ જાતને ચાહવાની જીવસ્વભાવની પ્રેરણા વચમાં આવે છે. સ્વ-પ્રેમ અને સર્વ-પ્રેમની વચ્ચે એક

આખો વિશાળ ખંડ ચેતના ભૂમિકાનો આડો પથરાયેલો છે. મુસાફર એ ખંડની અનેક કક્ષાઓ પસાર કરે ત્યાર પછી જ એનો પ્રવાસ પૂરો થાય છે. સ્થૂળ આકર્ષણ, મોહ, નિરાશા કે વિષાદ અને આશા-ઉત્સાહ (માનવીની નિરાશા કે વિષાદ એટલે ભગવાનની તેને માટેની આશા, ઉત્સાહ એ અર્થમાં) પૂજ્યભાવ કે ભક્તિભાવ અને સર્વ સમર્પણ કે આત્મનિવેદન. આ બધી મજલમાં ખાસ મહત્ત્વનું તો એ છે કે પ્રવાસીએ એમાંથી કોઈ પ્રદેશમાં પડી ન રહેવું. ત્યાં આગળ અટકી ન જવું, પણ આગળ ને આગળ ચાલ્યા જ જવું. વચમાં અટકી પડવું એટલે ઘણીવાર આત્મઘાતને નોતરવો. આમ, જ્યારે તે પોતાના પ્રેમપાત્રને, ભજનીયને, ભક્તિભાવના પાત્રને પોતાનું સર્વ કંઈ સમર્પણ કરે છે ત્યારે તે ચૈતન્યશક્તિની કૃપાને આંગણે આવી ઊભો રહે છે.

કોઈ બીજામાં સમાઈ જવું અને સંપૂર્ણ રીતે તેનામાં લય થઈ જવું, 'અહં'નું સમૂળગું રૂપાંતર થવું, એટલે પ્રેમના સર્વોચ્ચ ભાવથી અનુભવમાં એકાકાર થવું.

ઝગારા મારતા સમુદ્રમાં જ્યારે ઝાકળબિંદુ સરકી પડે છે ત્યારે તેને જે અનંતતાની આનંદસમાધિનો અનુભવ થાય છે, એવો અનુભવ પ્રભુકૃપાથી આ પ્રસ્તાવના લેખકને એક પળ જેટલી વાર થયો હતો. ત્યારે એને પ્રેમનાં જે સંવેદન, જ્ઞાન અને અનુભવ થયાં હતાં તેનો તેણે નીચેના પદ્યમાં સાર ઉતાર્યો છે.

(અનુષ્ટુપ)

'પ્રેમ જેવું કંઈ છે ના, એ તો છે માત્ર મશ્કરી',
ભ્રમમાં તે પડેલો છે જે કો આવું કહે હસી.
પ્રેમ છે ગાંભીર્ય પ્રેમ છે દિવ્ય અંકુશ,

એ હકીકત છે સત્ય નથી એ કંઈ ગમ્મત.
માનવીમાં પડ્યું છૂપું પશુ જાગતું-ઊંઘતું,
તેને તે અંકુશે રાખે તત્ત્વ તે દેવયોનિનું.
સંકળાવે બધી રીતે પ્રેમ તે દિવ્ય જોતર,
અલૌકિકપણે ગૂઢ માનવીને દિલે દિલ.
ગ્રહો, તારા ફરે તેથી મર્યાદા આંકી તેમહીં,
ઋષિ, દેવાદિ તેનાથી ગાતા સૌ એકસૂરથી.
કરે તે અગ્નિનું પુષ્પ કટુનું મિષ્ટ તે કરે,
ચમત્કારો કરે એવા પ્રેમશક્તિ અનેક તે.
છેદે જે જીવગ્રંથિઓ એવું એ ખડ્ગ દિવ્ય છે,
ચૈત્યસંગીતે ગાજે એવું વાદન દિવ્ય એ.
સૃષ્ટિના આદિમાં, તેના અંતે ને મધ્યમાંય જે,
વિશ્વ જેના પરે ઊભું આધારસ્તંભ પ્રેમ તે.

પૃથ્વીથી અગાધ આકાશ સુધી, પરમાણુથી વિશ્વ સુધી, ઝીણામાં ઝીણા જંતુથી તે સર્વોચ્ચ પુરાણપુરુષ સુધીમાં એવું કશું જ નથી કે જે પ્રેમના વિશાળ બાહુમાં સમાઈ ન જતું હોય-જે તેની બહાર હોય કે રહી શકે. જીવાત્માની જ્યોતથી તે શરૂ થાય છે અને તેના પૂર્ણત્વની સુગંધીમાં પણ તે પ્રસરેલો હોઈ ત્યાં તે પણ પરિસમાપ્ત થાય છે.

આ પુસ્તકના નિર્માતા પૂજ્ય શ્રીમોટા આવા સર્વોચ્ચ અદ્‌ભુત પ્રેમના અનુભવી હોવાથી તેના પૂજક તથા યશોગાન ગાનારા છે. તેમનાં, દિવ્ય અને માનુષી પ્રેમનાં જે દર્શનો તથા દૃષ્ટિબિંદુઓ આમાં પ્રતિબિંબિત થયેલાં છે, તે તેમની સંપૂર્ણ નિષ્ઠા અને સરળતાના પ્રતીક છે. પ્રભુની કૃપા એ ધન્યાત્મા

ઉપર વરસાદની ઝડી માફક વરસેલી છે. તેમના જીવાત્માના પ્રેમની કળી સહસ્રદળ કમળમાં વિકસીને તેની શિવત્વની પૂર્ણતામાં પરિણામ પામી છે. અને તેથી જ તેની સુગંધ દિગદિગંત ફેલાવવા માટેના તેમના અંતરાત્મામાંથી ઊઠતા પુકારનો પડઘો આ પુસ્તક છે. ગાઈવગાડીને, દાંડીપીટીને એ તો એક જ અનાહત નાદ બજાવે છે : 'પ્રેમ, પ્રેમ, પ્રેમ.' આપણાં મન, હૃદય અને આત્મામાં તે નાદ તેના અણુયે અણુમાં પ્રસરી તે ભાવ પ્રગટ થાઓ એ જ પ્રાર્થના.

**(૩) શ્રી અનંતરાય રાવળ**

'પુનિત પ્રેમગાથા' લેખકનાં પ્રેમવિષયક પદ્યોનો સંગ્રહ છે, એમને મન પ્રેમ એટલે ભગવાનનો ભાવ. નારદ પોતાના ભક્તિસૂત્રમાં તેને सा तु अस्मिन् परमप्रेमरूपा કહે છે, અને શાંડિલ્ય પોતાના ભક્તિસૂત્રમાં તેને सा पुरानुरिक्तः ईश्वरे એમ કહી વર્ણવે છે. પુસ્તકમાંનો પ્રેમ એટલે પરમ પ્રેમરૂપા ભક્તિ, ઈશ્વરમાં એવી પરાનુરક્તિ, એવા પ્રેમનું સ્વરૂપ, પ્રેમ અને મોહ વચ્ચેના ભેદ, પ્રેમનો મહિમા, પ્રેમસિદ્ધિનો સાધનક્રમ, એ બધું આ પુસ્તકમાંનાં પદ્યોમાં સરળતાથી અને સચોટતાથી સમજાવાયું છે. લેખક પોતે આવા પ્રેમપારાવારના કેવા તિમિંગલ છે એનું પણ આપણને એમાં દર્શન થઈ જાય છે. પદ્યો જુદાં જુદાં સ્વજનોને લક્ષમાં લઈ લખાયેલાં છે એટલે એમાં એક પ્રકારની અંગતતા આવી છે. એ જ કારણે જેમને પોતાનાં માન્યાં છે તેમનાં પ્રમાદ અને જડતા માટે કર્તાના દર્દભર્યા ઉપાલંભોદ્ગાર પુસ્તકમાં ઘણાં છે. અભિમુખ વાચકોમાં આ સંતવાણી જીવનનો હેતુ સમજી તે ફળાવવા જાગ્રત ચેતના

રાખી આવા પ્રેમના ઉપાસક બનવાની પ્રેરણા જગાડી જાય તેવી છે.

## ૩. 'જીવન પગરણ'

### (૧) શ્રી પરીક્ષિતલાલ મજમુદાર

**'જીવન પગરણ'** નામનું નવું પુસ્તક આ પ્રસ્તાવના સાથે બહાર પડે છે. આ પુસ્તકના લેખકથી લખાયેલાં ઘણાં પુસ્તકો બહાર પડ્યાં છે. છતાં, તેમણે સદા અજ્ઞાત રહેવાનું પસંદ કર્યું છે. ખરી રીતે લેખકે આ દિશામાં-પ્રકાશનની દિશામાં-સીધો પ્રયત્ન કર્યો નથી, પરંતુ મિત્રો અને પ્રશંસકોને લેખકના લખેલા કાગળો, કાવ્યો વગેરે બહુ ઉપયોગી અને બોધક જણાવાથી તેમને એકઠાં કરી સંપાદન કરેલાં છે અને આજ સુધી બહાર પડેલાં તમામ પુસ્તકો આ રીતે સંપાદિત થઈને બહાર પડ્યાં છે. આ પુસ્તક પણ એ રીતે લેખકે મિત્રો, પ્રશંસકો ઈત્યાદિને લખેલા પત્રો વગેરેનું સંપાદન છે.

આ પત્રોના અજ્ઞાત રહેવા ઈચ્છતા લેખક જોડે મારે ઘણો નજીકનો સંબંધ છે. વર્ષો સુધી તેમણે મારા સાથી તરીકે કામ કર્યું છે અને નમ્રતા, કર્તવ્યપરાયણતા ઈત્યાદિમાં મારા કરતાં ઘણી વધારે શક્તિ હોવા છતાં, તેમણે અજ્ઞાત રહીને સાચો સાથ આપીને મને આગળ કરવામાં સાર્થકતા માનેલી અને હજી પણ તેમનો તેવી જાતનો પ્રયત્ન ચાલુ છે. આ જ રીતે પોતાની જોડે સંપર્કમાં આવેલાં અનેકોને ઉન્નતગામી કરવાના તેમણે સફળ પ્રયત્નો કરેલા છે, તે મારી જાણમાં છે.

આ પત્રોના લેખકના શાંત, સરળ જીવનથી તેમ જ બીજાઓમાં ઉન્નત ભાવો જાગ્રત કરવાના અને તેમને જીવનની સાચી દૃષ્ટિ આપવાના હેતુથી લખાયેલા આ જાતના પત્રો પહેલાં

કેટલાક બહાર પડી ચૂક્યા છે, અને હવે આ બીજા બહાર પડે છે. આશા છે, કે સતત જાગ્રત રહેવાના પ્રયત્ન કરનારને આ કાગળો દિશાસૂચન કરનારા થઈ પડશે.

આવાં પુસ્તકોને પ્રસ્તાવનાની જરૂર નથી હોતી એમ હું માનું છું, પરંતુ સંપાદકોએ લેખક પ્રત્યેની મારા ઋણની લાગણી પ્રગટ કરવાની આ તક આપી, તેને માટે તેમનો આભાર માનીને સંતોષ અનુભવું છું.

**(૨) ડૉ. મધુસૂદન પારેખ**

શ્રીમોટાએ પોતાને સાહિત્યકાર તરીકે ક્યારેય મનાવ્યા હોય એવું લાગતું નથી, પરંતુ તેમનું સાહિત્ય પત્રરૂપે વિપુલ પ્રમાણમાં છે. શ્રીમોટા કવિજીવ પણ છે. એમની કવિતામાં ઊર્મિનું સરળ પ્રાગટ્ય છે.

શ્રીમોટાએ જીવનવિકાસની કેડીએ જવા ઇચ્છનારા, સાધનામાં કંઈક મુશ્કેલી અનુભવનારા, જિજ્ઞાસુઓને પત્રો દ્વારા કંઈક ને કંઈક માર્ગદર્શન કરાવ્યું છે. ઈશ્વરશ્રદ્ધા, આધ્યાત્મિકતા, સાચા સુખની શોધ, ધ્યાન-ઉપાસના, સેવા, પ્રેમ વગેરે વિષયો પર તેમણે વારંવાર પોતાનાં મંતવ્યો પ્રગટ કર્યાં છે. જીવન પગરણ માંડતા સાધકોને આ પત્રો એક કીમતી માર્ગદર્શનરૂપ બની રહે છે. શ્રીમોટાનું ચિત્ત પ્રેમભાવનાથી વિશાળ બનેલું છે. કોઈ સંપ્રદાયની સંકીર્ણતા તેમના વિચારોમાં નથી. એમના પત્રોમાં ઊર્મિનો સ્પર્શ પ્રગટે છે. એમના જીવનના અનુભવની વાણી એમાં પ્રગટ થઈ છે, એટલે સચ્ચાઈનો રણકો પણ તેમાંથી ઊઠે છે. ગીતામાં શ્રીકૃષ્ણે કરેલો નિષ્કામ કર્મનો બોધ પણ તેમના પત્રોમાં પ્રગટ થાય છે. એ જ કદાચ તેમના જીવનનો

મુખ્ય રસ છે અને એમની જીવનસાધનાનું પ્રતિબિંબ પત્રોમાં પણ ઝિલાયું છે. એમના પત્રોની ભાષા રોચક છે. દૃષ્ટાંતોનો પણ તે ઉચિત ઉપયોગ કરીને સામાન્ય જિજ્ઞાસુજનોને સાધનાની, કર્મની અને પ્રેમની વાતો સમજાવે છે. પત્રો દ્વારા શ્રીમોટા એક પીઢ લોકશિક્ષક તરીકે પણ પ્રતીત થાય છે. અલબત્ત, આવા પ્રકારના પત્રોમાં એકના એક વિચાર વારંવાર રજૂ થતા હોય તેવું પણ લાગવાનું, પરંતુ શ્રીમોટાનું એ જ તો પ્રયોજન છે. પુનરુક્તિ એ સાહિત્યમાં દોષ છે, પણ શિક્ષણમાં તો ગુણ છે. શ્રીમોટા આ પત્રો દ્વારા સાધકવર્ગને શિક્ષણ આપી રહ્યા છે.

એમના પત્રોમાં વાણીની છટાઓ આણવાનો, શૈલીથી વાચકને પ્રભાવિત કરવાનો એવો કોઈ સભાન પ્રયત્ન થયો લાગતો નથી. છતાં તેમનું ગદ્ય કેટલીક વાર મનોરમ આકાર ધારણ કરે છે, એમની શૈલીમાં સરળતા છે, ઋજુતા છે-એમના આંતર વ્યક્તિત્વની છબી એમાં ઊપસી છે.

## ૪. 'જીવન પાથેય'

**(૧) શ્રી વિમલાતાઈ ઠકાર**

સંતપુરુષો પોતાનાં સ્વજનોની પરીક્ષા અનોખી રીતે કરે છે. ગુજરાતના વિખ્યાત સંત શ્રીમોટાનો કેટલાંક વર્ષથી મારા ઉપર અકારણ સ્નેહ રહ્યા જ કર્યો છે. અહેતુક અનુરાગ રાખવો એ એના શીલ-ચારિત્ર્યની પવિત્રતા છે. એકાએક તેઓશ્રીને કોણ જાણે શાથી મનમાં શી સ્ફુરણા થઈ, અને મને એમનું પુસ્તક **'જીવન પાથેય'** મોકલ્યું. સાથે એક પત્ર પણ લખીને એ પુસ્તકની પ્રસ્તાવના લખવા પ્રેમપૂર્વક આદેશ આપ્યો. પ્રેમસભર

આ આદેશનું ઉલ્લંઘન કરવાની મારી શક્તિ નથી. આથી જ ખૂબ મથામણને અંતે આ લખી રહી છું.

**'જીવન પાથેય'** પુસ્તકમાં શ્રીમોટાએ લખેલા ગદ્ય તથા પદ્ય પત્રોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. લગભગ વીસથી પચીસ વર્ષ પહેલાં આ પત્રો સાધકોને લખાયેલા છે. આ પચીસ વર્ષોમાં હંમેશાં પ્રગતિશીલ શ્રીમોટાનું આંતર્‌બાહ્ય પરિવર્તન પણ થયું હશે. અનુભૂતિની વિશદતા અને એની અભિવ્યક્તિની સહજ સુંદરતા પણ વિકસિત થઈ હશે. આમ છતાં આ પત્રોમાં શ્રીમોટાની સહૃદય રસિકતા પૂર્ણપણે છલકાય છે. માતા, બાળકની આંગળી પકડીને ચાલતા શિખવાડે છે. એ જ રીતે શ્રીમોટા સ્નેહપૂર્વક સાધકને માર્ગદર્શન કરે છે, એમ આ પત્રો જોતાં જણાય છે. શ્રીમોટાનો સ્નેહભર્યો સંપર્ક પામનાર આ સાધકો ભારે ભાગ્યશાળી ગણાય. ગુજરાતના આત્માર્થીઓને આ સત્સંગ દીર્ઘકાળ પર્યંત મળ્યા કરે એવી ઈશ્વરને પ્રાર્થના.

**(૨) શ્રી શાંતિલાલ ઠાકર**

આ પુસ્તક 'જીવન પાથેય' ખરેખર પ્રભુમય જીવનની સફર કરનાર યાત્રીને માટે અનેક ઝીણા મુદ્દાઓ સ્પર્શતું, દિવ્ય સાધનાના માનસશાસ્ત્રનું સમન્વિત રીતે પૃથક્કરણ કરતું, અનેક જુદાં જુદાં જીવનોપયોગી સાધનોના મુદ્દાઓ પર પ્રકાશ ફેંકતું, અમૂલ્ય સામગ્રી આપણને ભાથાપેટે બંધાવતું પુસ્તક છે.

પુસ્તક પર વેધક દૃષ્ટિપાત કરતાં આપણને હાથ લાગે છે-ભક્તકવિલેખકનું જીવનસાધનાનું હાર્દ, યોગપ્રણાલીનું રહસ્ય, સાચા હૃદયની આરજૂ, દિવ્યજીવનની પ્રાપ્તિ માટેની તમન્ના, સાચો શરણભાવ, સર્વસમર્પણ, હૃદયની શુદ્ધિ, શ્રદ્ધા,

નિષ્ઠા, ગુરુની અગત્ય, બધી અધ્યાત્મ વસ્તુઓ અને આંતરિક ઘટનાઓને જ્ઞાનપૂર્વક સમજી તેમનો લાભ ઉઠાવી જીવનની દરેક પળ તથા પ્રસંગને ધન્ય બનાવી લેવાની જીવનયોગની કલા, અનેક વ્યક્તિઓ સાથે સંબંધ બાંધવા છતાં અંદરથી રહેવી જોઈતી અનાસક્તિ, સાચો પ્રભુમય સંબંધ સ્થપાતાં આપોઆપ આપણને મળતું જ્યોતિ-માર્ગદર્શન, એ પ્રકારના માર્ગદર્શનની કૂંચી, તેની શરતો, તેનાં ભયસ્થાનો, તેવી જીવનમાં સંવાદિતા સ્થપાતાં અનેક જન્મોનાં ઋણાનુબંધનું થતું દિવ્ય-ભાગવત હેતુ પ્રમાણેનું ઋણમોચન, નિસ્પૃહા હોવા છતાં પ્રેમમય ઉચ્ચ દૈવી ભૂમિકા પર બાંધવાની પ્રેમની તાલાવેલી, ભાવને ક્રિયામાં ઉતારવાનો આગ્રહ, ઠાલા-વ્યર્થ શબ્દોમાં જ પુરાઈ રહેતો ભાવ દિવ્ય જીવન સાધનામાં બહુ ઉપયોગી નથી, પણ તે જ્યારે ભાવનારૂપ દૈવી ક્રિયાઓમાં ઊતરે છે, અને સમાનધર્મી ભક્ત હૃદયોમાં પરસ્પર વિનિમય-આપ-લે કરી, સૂક્ષ્મ વ્યવહાર શૃંખલાઓ રચી, ઉચ્ચતર ઉડ્ડયન કરે-કરાવે છે ત્યારે જ તેની ચરિતાર્થતા થાય છે, એવો યથાર્થ ગંભીર સિદ્ધાંત-આ અને આવી અનેક સાધનાની અમૂલ્ય સામગ્રી આપણને આ ‘જીવન પાથેય’ બંધાવે છે. એમાં વ્યાવહારિક જીવનને ઉપયોગી થઈ પડે તેવી પણ અમૂલ્ય સામગ્રી સ્વાનુભવના કોષમાંથી આપણને પીરસવામાં આવી છે. ‘વૈરાગ્ય’નો સાચો અર્થ, ‘પ્રસન્નતા’ની વ્યાખ્યા અને સમજણ, દાંપત્યયોગનું વેધક મર્મદર્શન, સ્ત્રીઓના સ્વભાવની સાચી સમજણ અને જીવનયોગમાં તેની અગત્ય અને મૂલ્યવત્તા, શ્રદ્ધાને અંધ અને જડ તથા યાંત્રિક ન રાખતાં જ્ઞાનના આલોકથી આલોક્તિ કરવાની જરૂરિયાત, જીવની

મથામણ-મંથનોમાંથી પ્રાપ્ત થતી આધ્યાત્મિક ઉત્તરોત્તર વિકાસની પગથીઓ-ભૂમિકાઓ-આ છે અનેકવિધ સાધનાના માર્ગમાં વ્યવહારો ઉપયોગી નીવડે તેવી જીવનના ભાથાની અમૂલ્ય સામગ્રી-સાચે જ, આ સામગ્રી એક એવા મધુકોષમાંથી પિરસાઈ છે કે જેમાં જીવંત જીવનસાધનાના સમન્વયી અનેક પ્રકારના મધુપિંડો હોય, જેમાં જીવનદર્શન એકાંગી અને અપૂર્ણ ન હોય, જેમાં સર્વ સાધનાનાં તત્ત્વોનો સુમેળ જામ્યો હોય, જે માત્ર પરમાત્મ પ્રાપ્તિના એકમાત્ર લોકોત્તર પરિમલથી મધુમક્ષિકાને અનેક પુષ્પો પાસે લઈ જઈ ત્યાંથી પિંડવર્ધન થયું હોય, જેમાં મધુમક્ષિકાએ સ્વાનુભવનાં નવનીતમાંથી પોતાનું પ્રાણપદ જીવંત તત્ત્વ અદ્‌ભુત કીમિયો કરી સમાયું હોય અને આખો મધુકોષ રમ્ય, મિષ્ટ, પોષક અને સૌરભ ભર્યો બનાવ્યો હોય. અમને ખાતરી છે કે ગુજરાતની વિચારક સૃષ્ટિને આ મધુકોષમાંથી ખૂબ ખૂબ પોષણ અને મધુરતાના લાભની પ્રાપ્તિ થશે.

ભક્ત કવિ કાવ્યોની રચના કવિતાલેખન તરીકે કરતા જ નથી. એટલે તેમનાં કાવ્યો કેવળ કવિતા તરીકે ન મૂલવી શકાય. નૈસર્ગિક રીતે જ તેમના કેટલાક ઉચ્ચ ભાવો, કાવ્યસ્વરૂપમાં વહેવા લાગે છે. પરિણામે તેમની કવિતામાં સ્વાભાવિકતા અને પ્રવાહિતા છે. પણ જ્યાં અધ્યાત્મશાસ્ત્રના માનસતત્ત્વોમાં તે ઊતરી જાય છે, અથવા કર્મની ગહન ફિલસૂફીની ચર્ચામાં તેમની કવિતા સરી પડે છે ત્યાં કાવ્યનો પ્રસાદ, ચમત્કારિતા, તેની કલ્પના, તેનું રસવૈવિધ્ય, તેનો રસાત્મા કૈંક ઓછા પ્રમાણમાં પ્રકાશે તે સ્વાભાવિક છે, પણ જ્યાં તેમની કવિતા ભાવપ્રદેશમાં વિહરે છે, જ્યાં પ્રેમની પાંખો ફફડાવી તે સનમના

સાચા તત્ત્વ તરફ અનંત આકાશમાં ઉડ્ડયન કરે છે, જ્યાં કવિનો રસાત્મા ભક્તિપુલકિત થઈ, સ્તોત્ર અથવા ભક્તિનાં ગીત ગાવા માંડે છે, ત્યાં કવિતા દેવીનો શુભ વરદ વરેણ્ય ભર્ગવાળો કુંકુમ વેરતો હસ્ત, તેની પ્રસાદી, અચૂક ભક્ત કવિના ઉદ્ગાર પર વેરતો આપણને નજરે પડે છે. એટલે આપણે આ લેખકની કૃતિઓને કેવળ સાહિત્યકૃતિઓ તરીકે ન જોતાં જીવનભાથાની વાનગીઓ તરીકે, સાધનામાં ઉપયોગી થઈ પડે તેવી જ્યોતિકણો વેરતી ભગવતી સરસ્વતીની લીલાલહરી તરીકે જોવી જોઈએ. અને એ રીતે જ આપણા જીવનમાં તે બળ, પુષ્ટિ, તુષ્ટિ, અર્પણ કરી શકે તેમ સમજવું જોઈએ.

વળી, ભક્ત કવિએ શાસ્ત્રોના અભ્યાસને અને પાંડિત્યને તેમના જીવનમાં સ્થાન આપ્યું જ નથી. જે જ્ઞાન તેમને લાધ્યું છે તે મનની મથામણમાંથી, પોતાની જીવન સાધનામાંથી, જીવનની દરેક પળનો પ્રભુપ્રાપ્તિ માટે વિનિયોગ કરવાની ધગશ અને તમન્નામાંથી, દિલની સચ્ચાઈ ભર્યા સરલ ભક્તિમય તલસાટમાંથી, એટલે વ્યક્ત-અવ્યક્ત જેવા શબ્દો કે તત્ત્વોની તેમની વ્યાખ્યા શાસ્ત્રીય વ્યાખ્યાથી જુદી પડતી ભાસે ત્યારે આપણે તે શબ્દના બાહ્ય અર્થોને મહત્ત્વ આપવાનું નથી. પણ તેની પીઠમાં રહેલા ભાવ ઉપર, તત્ત્વ ઉપર, અનુભૂત પદાર્થ ઉપર લક્ષ કેંદ્રિત કરી તે તે વસ્તુ સમજવાની છે. કારણ સાવ સીધું અને સાદું છે. ભક્ત કવિ આપણને શાસ્ત્ર આપવા નથી બેઠા. જીવનશાસ્ત્રથી મહાન છે. જ્યારે જ્યારે ન્યાયના અને તર્કના પંડિતો જીવનની મહાદેવીને વ્યાખ્યાઓના ગૂંચળામાં પકડવા-બાંધવા તત્પર થયા છે ત્યારે આધ્યાત્મિક ઇતિહાસની

તેવી દરેક ક્ષણે જીવનની દેવી જ તેમની પકડમાંથી છટકી અટ્ટહાસ્ય કરતી તેમને લજ્જાન્વિત બનાવી મૂકતી. હું તો અવ્યાખ્યેય છું, માત્ર પ્રેમગમ્ય છું એમ જાણે કહેતી હોય તેમ સરકી જઈ, પરમ બ્રહ્મની પેઠે અનંતમાં ઝબકારો મારી ઊડી ગઈ છે, માટે ભક્ત કવિના ભાવોને શાસ્ત્રોનાં ચૂંથણાંમાં ન ચૂંથતાં, જીવનયોગના પ્રાણમય ધબકારથી ઝીલવા પ્રયત્ન કરનાર સાધકને તેમાંથી ખૂબ ખૂબ જીવનભાથું મળી રહેશે તેવી અમારી શ્રદ્ધા છે.

નડિયાદ, તા. ૮-૫-૧૯૪૮

## (5) 'STRUGGLE OF LIFE'

**-NARAYANA**

Quite a number of the remarkable sayings of the author of this book bearing such titles as 'To The Mind,' 'The Cry Of The Heart,' 'At Thy Lotus Feet,' 'At The Feet Of Mother Ganges,' 'The Hymn of Love', The Gospel Of Action, ' First Step To Life Divine,' 'The Foot-Path Of Life Divine,' 'Message Of Divine Life' etc.,—in all about 15 books* have appeared in Gujarati and some in English.

It is, therefore, impossible for us to look any longer upon Poojya MOTA as a stranger, needing our introduction and favourable notice. He seems rather to be one of our own prophets, whose message we have assuredly a right to expect. We, therefore, welcome a

new book from his hands as we would have a new gift from our dear friend who is charged in a sense with the care of our welfare.

This treatise is written not as a result of a study of books on philosophy or of expositions on our holy gospel, the Bhagwad-Gita, but is the offspring of the intuitions of a totally spiritualized heart and it leads the reader to a spiritual contemplation of the great facts of the Divine Spirit's working.

The matter deals with a subject that is so vast, with ramifications so far-reaching that only a few modern writers have had the courage to undertake the treatment of the whole subject; and yet, proofs are not lacking to show that a movement of exceptional spiritual depth is at present going on. If, however, there was any lack of such proof, the deficiency is relieved by the appearanced of this Book out of the heart of this movement. Wherever men are concentrating themselves on the holy and happy meditation on God and His work, it is safe to say that the foundations of a real spiritual life are well and truly laid and the edifice is rising

The mere fact that a book of this character offers itself to the public as one of the

products of this sublime movement attracts us to it. And the nature or quality of the matter of this treatise—its solidity of thought and its depth of spiritual apprehension-brightens our hopes for the future.

May this book bring to all, into whose hands it finds its way, an abiding and happy sense of rest on and in God, the Lord of all life to Whom in our heart of hearts we may Pray.

## (6) 'AT THY LOTUS FEET'

**-RAMDAS**

It is a joy to write this foreward to the song 'To the Lord of my Heart, I Bow.' The poem speaks for itself, as it is the outpouring of a heart filled with pure love for the Lord and the prayer is bound to strike a sympathetic chord in the heart of the reader. The brochure should be read by all whose minds are Godward-bent.

## ૭. 'હૃદય પોકાર'

**(૧) શ્રી ડોલરરાય માંકડ**

સંસ્કૃતમાં 'મહિમ્નઃ' વગેરેનું એક અનોખું સ્તોત્ર સાહિત્ય છે અને ભક્તહૃદયોએ તેમ જ સહૃદયોએ એ સાહિત્યને હંમેશાં સત્કાર્યું છે. એ જ વર્ગમાં આવતું આ કાવ્ય **'હૃદય પોકાર'** પણ આવકારને પાત્ર છે.

એમાં ભાષાની છટા, છંદનું લાલિત્ય કે અલંકારોની સુભગતા ભલે ન હોય, એની આવાં કાવ્યોમાં અનિવાર્ય જરૂર ગણાય પણ નહિ, પણ એમાં સરળ ભક્ત હૃદયના સાચી ઊર્મિભર્યા ઉદ્‌ગારો છે, એ તો સ્પષ્ટ જ છે. કર્તાનું હૃદય ભક્તનું છે અને એ ભક્તહૃદય ભજનીયને ભક્તિપ્રધાન જ્ઞાનની નજરે જુએ ત્યારે જે સરળતા, જે સમર્પણ, જે તનમનાટ, જે દૈન્ય અને છતાં જે અમાપ શ્રદ્ધા અને આત્મવિશ્વાસ નીપજવો જોઈએ તેનું પ્રતીક આ ભક્તિકાવ્યના જુદા જુદા મુક્તક જેવા શ્લોકોમાં મળે છે. આ મુદ્દો શ્રી નીલકંઠે પોતાની પ્રસ્તાવનામાં સદૃષ્ટાંત સુંદર રીતે ચર્ચ્યો છે, અને એમાં જ આ કાવ્યની ધન્યતા છે. ભક્તિભાવભર્યા સરળહૃદયી લોકમાનસને આ કાવ્ય રુચશે એમ ખુશીથી કહી શકાય.

તા. ૩-૧૧-૧૯૪૪

**(૨) ડૉ. સુભાષ મ. દવે**

પૂજ્ય મોટા રચિત 'હૃદય પોકાર' સાધકહૃદયની પ્રાર્થનાવાણી છે. શિખરિણીના ભાવોચિત બંધમાં અહીં સાધક-હૈયાનો સાધના-પુરુષાર્થ મૂર્તિત થયો છે. સંસારનો સંઘર્ષ કે પછી ભૌતિક સુખસંપત્તિનાં અધૂરપ અને અસ્થિરત્વના અનુભવે માનવી પરમાત્માભિમુખ થવા પ્રયત્ન કરે છે ! સામાન્યતઃ સાધકનો પૂર્વરંગ કંઈક આવો હોય છે. એથી સાધના, પૂર્વરંગને પલટી, પરમાત્માભિમુખ થવાની પ્રક્રિયા, એને માટે બને છે. આ પ્રક્રિયામાં સાધકને મથામણો ભોગવવી પડે છે. પૂ. મોટાએ 'હૃદય પોકાર'માં માંહ્યલાની આ મથામણોનો પોકાર કર્યો છે.

સાધક હૃદયનો આ પોકાર અનુભવ ઉદ્‌ગાર હોવાથી પ્રત્યેક સાધકના હૈયાને ઠારે એવું શાંતિબળ એમાં પડેલું છે.

સંસારના રઝળપાટથી સાધક વિવશ બને છે. પરિમિત સુખસગવડની જ પ્રાપ્તિનો એને રંજ છે. સાધકની આવી ઓળખ થાય છે આ પંક્તિઓમાં :-

પ્રભો! જન્મ્યો'તો હું ગરીબ જન તેથી રઝળવું,
અને કર્મે મારે જગ રખડવાનું, બહુ થયું,

સ્વજનો, સ્નેહીજનો અને અન્ય સાથેના વ્યવહારોમાં જોકે સાધકને શીખવાનું તો મળ્યું જ છે, એમ છતાંય, આવા વ્યવહારોએ એને દુન્યવી બંધનોનો જ વિશેષ અનુભવ કરાવ્યો છે. વ્યવહારોમાંથી સર્જાતી પરિસ્થિતિઓ સાધકને સંતાપે એવી બની રહે છે. એથી એવા સાધકની પ્રભુ સમક્ષ કથની પ્રગટે છે કે :-

મને જ્યાં જોઉં ત્યાં પ્રભુ! બહુ બધે બંધન દીસે,
અને સંજોગોથી વળી હું જકડાયેલ જીવને,
તને જોડીને બે કર, શિર નમાવી, વીનવું કે,
થવા સૌથી મુક્તિ, મુજ જીવનને હામ પ્રભુ! દે.

સંજોગનિર્મિત બંધનો વિશે એ ઊંડું મંથન કરતો થાય છે. એ રીતે વ્યવહારોની બહિર્મુખતામાંથી એ અંતર્મુખી બની જાય છે. મનની ગતિ-વિધિના સંદર્ભમાં હવે એ અનેક પ્રશ્નો ઉઠાવતો થાય છે. ભીતરની અસંબદ્ધતા એની પાસે આથી ઊઘડે છે. ચિત્તની દ્વિધાત્મક પરિસ્થિતિ એને પરખાય છે. મનહૃદયનો સંતાપી ઝઘડો નિવેદવો કઈ રીતે, એ એની વ્યથા બને છે. એથી અશરણ-શરણ પ્રભુનાં ચરણમાં ઢળીને એ પ્રાર્થના કરે છે :-

રહ્યો હું એકાકી રિપુ મુજ ઘણા, હું કયમ ટકું ?
થતો* મારો ચારેતરફ થકી મારા પર બહુ,
સહેવાતું હાવાં મુજ થકી નથી, ક્યાં જવું બીજે ?
ઢળેલો છું હું તો તુજ પદ, મને તું બચવજે.

સાધકને ત્રસ્ત કરતા રિપુઓ કોઈ દુન્યવી માનવો નથી. દુન્યવી રિપુઓની તો સાધકને બીક છે જ નહિ, જે ભય છે તે તો સ્વભાવગત દુર્વૃત્તિઓરૂપી રિપુઓનો.

મન આ રિપુઓથી આવૃત્ત છે. એમનાથી એને છોડાવવાનું છે, વૃત્તિનિરોધની ભૂમિકાએ સાધકને પહોંચવાનું છે. વૃત્તિનિરોધનો વિચાર ઊગ્યો, એનું સત્ય વસ્યું છે, પરંતુ એ વિચારને આચારમાં મૂકવાની હામ નથી ! વિચાર-વર્તનનો આ વિસંવાદ કયા સાધકે સાધનાકાળમાં નહિ અનુભવ્યો હોય? પૂજ્ય મોટા સાધનાવસ્થાનું આ સત્ય પોકારે છે :-

વિચારોની સૃષ્ટિ મુજ જુદી, બીજી વર્તનતણી,
બન્યો છે બંનેનો હજીય સરખો મેળ ન કંઈ,
હજી દ્વિધા મારું જીવન વહતું, ના મટતું તે,
મુખે બોલું તેવી કરણી મુજથી ના બનતી ને,
થતો ભારે તેથી મનહૃદય સંતાપ ઝઘડો,
નિવેડો આવે ના પ્રભુજી! કયમ ઉકેલ કરવો ?

સત્યના અનન્ય સાધક મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે વિકારોરૂપી મળોની શુદ્ધિ કરવાને માટે હાર્દિક ઉપાસના જડીબુટ્ટી છે. એથી જ વાસનારૂપી મળને દૂર કરવા માટે પ્રભુહૂંફની અભીપ્સા સાધકહૈયું સેવે છે.

ઊંડાં ઘાલેલાં છે મૂળ વિષયનાં અંદર, પ્રભુ!
હું જાણું છું તેવા કરી છૂટું ઉપાયો મથી બહુ,
ન મારી શક્તિ તે પ્રભુ! ગણતરીમાં કંઈ કશી,
અગાડી હૂંફેથી તુજ, પ્રભુ ચલાશે મુજ થકી.

અભીપ્સા ફળવતી બને એ માટે સાધકમાં વિનમ્રતા ઊગવી જોઈએ. એથી જ વિનમ્રભાવે શરણાર્થી બની એ પ્રાર્થના કરે :-

વિકારોથી હું તો ભરચક ભરેલો હૃદય શું !
પ્રભો ! મેલોઘેલો તુજ ચરણ એવો શરણ હું,

વિકારોની વિનાશકતા સમજાય છે, એને દૂર કરવાનો એથી જ પુરુષાર્થ કરવા માંડ્યો છે, હૃદ્‌વસ્ત્રની મલિનતા કઠે છે, એથી જ પ્રાર્થના વડે એની શુદ્ધિ કરવા માંડી છે. નમ્રતાપૂર્વક શરણાગતિ સ્વીકારી છે, એમ છતાંય મનની અવળચંડાઈ ભારે છે ! એક બાજુ હૃદયની ઉત્કટ અભીપ્સાથી અંતઃકરણશુદ્ધિનો પ્રયોગ થાય છે તો બીજી બાજુ ચિત્તમાં વિકારી વિચારો હજીય કેડો ન મૂકે એવો અનુભવ સાધક કરે છે ! શરણાગતિ સ્વીકારી છે, છતાંય ક્યારેક અહંકારે કદી કદી ફુલાઈ જવાય અને મન ઉપરનો કાબૂ ખોઈ બેસાય, એવી વિકલ વ્યથા અનુભવવી પડે છે ! આવી પળોમાં કૃપાબળ એ જ સાધનાનું જીવતું ભૂત તત્ત્વ બની રહે છે : સાધકનો આ શ્રદ્ધોદ્‌ગાર પૂ. મોટાની વાણીમાં સંભળાય છે :-

અહંકારે હું તો કદી કદી ફુલાઈ બહુ જઉં,
અને ખોઈ બેસું મન ઉપરનો કાબૂ પણ હું,

મને ત્યારે શો તું પ્રભુ ! કરી કૃપા જાગ્રત કરે !
જિવાડે છે એવા કરી તું ઉપકારો પ્રભુ ! મને.

પ્રભુકૃપા નિરંતર ટકી રહેશે ? સાધકનું મન આવી શંકા ઉઠાવવાનું જ ! અતીતની સ્મૃતિઓ કૃપાબળની શાખ આપે તોય સાધકમન એની સંદેહ પ્રકૃતિ એકદમ છોડે કે ? મન હૃદયની ભાવનાને અનેક પ્રશ્નોથી મૂંઝવી નાખવાનું જ ! હૃદયમાં ભલેને શ્રદ્ધા સંસ્કાર હોય કે પ્રભુની ઓથ છે જ, પ્રભુ જેવા ન્યાયી અવર કોઈ જ નથી. અરે ! એની ઓથ ન હોત તો જીવનનું શુંનું શું થઈ ગયું હોત એની કલ્પના કરવી પણ અશક્ય, એમ પણ સાધકને થયા કરે, એમ છતાંય અળવીતરું મન એની જૂની પુરાણી ટેવો ભૂલવા જાણે તૈયાર નથી ! હૃદય-મનનો આ ઝઘડો સાધકને વિવશ બનાવી મૂકે અને આખરે અશરણ-શરણને જ પ્રશ્ન કરે :-

પ્રભો કેવી રીતે મુજ મન સુધારી શકું કહે ?
પડેલી ટેવોને ભૂલતું નથી કેમેયે કરીને.

એ સાથે શ્રદ્ધાથી 'જીવનનું ધ્યેય ન ફળે' ત્યાં સુધી જરીય પણ થોભ્યા વિના મચ્યો રહેવાનો જાણે સંકલ્પ પણ કરે :-

ઊભો થા જ્યાં સુધી તુજ જીવનનું ધ્યેય ન ફળે,
મચ્યો રે' શ્રદ્ધાથી જરીય પણ થોભ ન કહીંયે.

કારણ, જો સાધક અવિરત મથ્યા રહેવાનું માંડી વાળે તો તો તેની, જીવનધ્યેયને પ્રાપ્ત કરવાની, સાધના એક પ્રકારનો મિથ્યાચાર જ કહેવાયને ? ઇંદ્રિયોનું દમન કરી હૃદય સંવાદ સ્થાપવા માટે તો દૃઢ વૈરાગ્ય ઊપજવો જોઈએ. સાધકે મંથન કરી સાધનાનો પથ શોધવો જોઈએ, અંતર્મુખ બની આત્મવિકાસ

સાધતા રહેવું જોઈએ. એથી જ સાધકનું અંતર્મુખી વ્યક્તિત્વ આવું હોય :-

બધી ઈંદ્રિયોને સતત પ્રભુ ! હું રોકી શકવા
મથું તોયે એના વિષયથી જતું ચિંત્વન ન કાં ?
પૂરો તેથી જાણું હૃદય નથી વૈરાગ્ય પ્રગટ્યો,
હશે મિથ્યાચારી મુજ સમ બીજો ક્યાંય પ્રભુ ! કો ?

આવો સાધક સાધનાની ગહનતાનો સ્વીકાર કરી આખરે પ્રભુને કહે કે તને સમજવા, હે પ્રભુ ! 'જેવો તેવો મુજથી બનતો યત્ન' તો કરું છું ! પરંતુ પ્રભુ ! તને પૂર્ણ પ્રાપ્ત કરી શકું, એ માટે 'ઝીણી બુદ્ધિ' તું આપ અને અંતે પ્રભુપ્રેમ પ્રાપ્ત કરી રસબસ બની રહેવા, પૂરા રંગે હૃદયને ભરવા, રગેરગમાં પ્રભુનશો અને મસ્તી-ખુમારી અનુભવવા હૃદયથી સાષ્ટાંગ પ્રણિપાત કરી અંજલિ અર્પે છે :-

પ્રભો ! સાષ્ટાંગે હું પ્રણિપત કરું છું નિત તને,
વળી કોટી કોટી નમન કરતો હું તુજ પદે,
હજારો, લાખો, હું પ્રભુ ! ઉર પ્રણામો કરું તને,
સ્વીકારી લેજે તું હૃદયથી દઉં અંજલિ તને.

## ૮. 'પ્રણામ પ્રલાપ'

### (૧) શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ

શ્રી ચૂનીલાલ ભગત(પૂજ્ય શ્રીમોટા) આ સંગ્રહના લેખક. તેઓ મારા વતન કાલોલમાં વિદ્યાર્થી હતા, ત્યારથી આજ સુધી તેમની સાથેનો મારો મીઠો સંબંધ ચાલુ જ છે. વિદ્યાર્થી તરીકેની તેમણે મારા ઉપર પાડેલી છાપ બહુ જ સુંદર છે. વર્ગમાં તેઓ પ્રથમ સ્થાને જ રહેતા. કાલોલની શાળામાં શાળાના સહાયક

તરીકે કોઈવાર શિક્ષણ આપતાં નાનાલાલના ઈંદુકુમારનો એક પ્રવેશ મેં વાંચ્યો અને વિદ્યાર્થીઓ ઉપર તેની પડેલી છાપ નિહાળવા મેં વિદ્યાર્થીઓ પાસે તેની લેખી અસર માગી. મને હજુ યાદ છે કે એ સર્વ લખાણોમાં ભક્તનું લખાણ મને પ્રસન્ન કરી શક્યું હતું.

શ્રી ચૂનીલાલ (શ્રીમોટા)ની વિદ્યાર્થી તરીકેની કારકિર્દી જરૂર જ્વલંત હોત, જો તેમણે મુંબઈ યુનિવર્સિટીનો અભ્યાસક્રમ પકડી રાખ્યો હોત તો અને એના જ્વલંતપણા ઉપર તેમની સામાજિક—એટલે આર્થિકકક્ષા પણ ધ્યાન ખેંચે એવી જરૂર બની શકી હોત. પરંતુ તેમણે અમુક ભૂમિકાએ પહોંચ્યા પછી રાષ્ટ્રીય કેળવણી આપવા સ્થપાયેલી ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કર્યો. જ્વલંત આર્થિક અને સામાજિક ભૂમિકા તેમણે જતી કરી, પરંતુ એક સાચા મૂક સમાજસેવક અને પ્રભુભક્ત તરીકે તેઓ વિકસ્યા. સમાજસેવક કે ભક્ત પોતાની આસપાસ બહુ ઝળકાટ ઊભો ન જ કરે. જોકે ઝળકાટ શોખીન સમાજસેવકો અને ભક્તોનો તોટો આપણા દેશમાં નથી જ. સમાજસેવક કે ભક્ત તરીકે દુનિયા-કહો કે ગુજરાતી દુનિયા—તેમને હજી ઓળખતી હશે કે કેમ તેની મને શંકા છે. તેમને ન ઓળખે એમાં જ એમની સેવા અને ભક્તિની સચ્ચાઈ સમાયેલી લાગે છે. ગાંધી પ્રવૃત્તિએ ગુજરાતને શુદ્ધ કંચનની કણકે બંધાયેલા-ઘડાયેલા પુરુષો આપ્યા છે !

મિશ્રણ તો જોઈએ એટલાં અને માગીએ ત્યાં મળે એવાં છે. રાગદ્વેષથી ભરપૂર, કીર્તિલોભી, ગાંદીવાંછું, ગાંધીજીના નામને, રાષ્ટ્રભાવનાને અને ખાદીના ગણવેશને વટાવી ખાનારા, ભંગારમાં પણ ખપવા ન જોઈએ એવા કંઈક કુટિલ

નેતાઓ અને સેવકો ગાંધી પ્રવૃત્તિને કીચડ બનાવી રહેલા નિત્ય મળી રહે છે. શ્રી ચૂનીલાલ ભક્ત (પૂજ્ય શ્રીમોટા) ગાંધી-પ્રવૃત્તિની સુવર્ણ કિનાર છે. ગાંધીજી તેમને ઓળખતા હોય કે ન હોય તોપણ હરિજન પ્રવૃત્તિને અપનાવવામાં શ્રી ચૂનીલાલ ભક્તે (પૂજ્ય શ્રીમોટા) કીર્તિને ઠોકરે ચઢાવી છે.

શ્રી ચૂનીલાલ (પૂજ્ય શ્રીમોટા)ની માનવતાનાં-શુદ્ધ સેવાનાં ઘણાંય દૃષ્ટાંતો મળી આવે એમ છે. મારા અનુભવનું હું એક જ દૃષ્ટાંત આપું. મારાં વૃદ્ધ માસીની આંખે મોતિયો કઢાવ્યો-નવસારીમાં. શ્રી ચૂનીલાલ (પૂજ્ય શ્રીમોટા) નવસારીમાં જ હરિજન પ્રવૃત્તિ અંગે રહેતા હતા. તેમને ખબર પડી. મારા અને મારાં માસીના કુટુંબ સાથે એમને સારો અંગત પરિચય. શ્રી ચૂનીલાલે મારાં માસીની સારવાર હાથમાં લીધી, અને રાતોના ઉજાગરા કરી ધન્યવાદની જરાય અપેક્ષા રાખ્યા વગર અમારા ઉજાગરાને નિરર્થક બનાવી દઈ અમને સહુને આરામ આપ્યો. દર્દીની આવી એકનિષ્ઠ સારવાર કરતી બહુ જ થોડી વ્યક્તિઓ મારા જોવામાં આવી છે.

આમ, સાચી સેવામાં તન્મય થનાર શ્રી ચૂનીલાલ ભગત (પૂજ્ય શ્રીમોટા) એક પ્રભુભક્ત પણ છે, એ હું લાંબા સમયથી જાણું છું. અશ્રુભરી આંખો સાથે દયારામ કવિનાં કાવ્યો ગુંજતા મેં તેમને કદી કદી જોયા સાંભળ્યા છે. હું જાતે ભક્ત નથી. ભક્તો સરખી તાલાવેલી સાથે હું હજી પ્રભુ તરફ દોરાયો નથી. શાસ્ત્રજ્ઞાન કે અધ્યાત્મ અનુભવનો હું તલપૂર પણ દાવો કરી શકું એમ નથી. પરંતુ ભક્ત માનસને પિછાનવાનો મારો

પ્રયત્ન છે ખરો. માનવહૃદયને ઘડવાને, તેને કૂણું બનાવવામાં, તેને માણસાઈભર્યું બનાવવામાં ભક્તિભાવે સારો ફાળો આપ્યો છે એમ માનનારાઓમાંનો હું એક છું.

ભાઈ શ્રી ચૂનીલાલ ભગત (પૂજ્ય શ્રીમોટા) સ્પષ્ટ શુદ્ધ ધર્મભાવનાને જ કવિતામાં ઉતારવાની પ્રવૃત્તિ કદી કદી કરે છે, એ સાહિત્યમાં સ્થાન પામવા માટે નહિ, પરંતુ પોતાની ઊર્મિઓને વાણીમાં વ્યક્ત કરવા ખાતર. ભાવ હૃદયમાં સમાયેલો ન રહે ત્યારે તે વૈખરીમાં ઊતરે છે અને વીખરાઈ ભાષાનો આકાર લે છે. શ્રી ચૂનીલાલ ભગત (પૂજ્ય શ્રીમોટા)ને કીર્તિલોભ નથી જ. તેમની કેટલીય સાહિત્ય પ્રવૃત્તિ વગર નામે જ બહાર પડી છે અને તેણે ઠીક ઠીક અસર અધિકારીઓ ઉપર કરી છે.

પ્રસ્તુત ગ્રંથમાં તેમણે પોતાની કવિતાને ગઝલના ઢાળમાં આકાર આપ્યો છે. ગઝલ મૂળ ફારસી કાવ્યરચના. તેના પિંગળનિયમો પૂરા પાળ્યા સિવાય ગુજરાતી સાહિત્યે ગઝલને અપનાવી લીધી છે, ખાસ કરીને સાહિત્યની અર્વાચીન પરંપરામાં તો ગઝલે બહુ જ મહત્ત્વનું સ્થાન મેળવી લીધું છે. અત્યંત નરમાશભર્યા ભાવ અને અત્યંત કરુણ લાગણીઓના પ્રદર્શન માટે ગઝલ એક સુંદર વાહન છે, એમાં શંકા નથી, અને ભાઈ શ્રી ચૂનીલાલે (પૂજ્ય શ્રીમોટાએ) ગઝલનો સ્વીકાર કરવામાં આપણા ઉત્તમ કવિઓ કલાપી, બાલાશંકર તથા મણિલાલ નભુભાઈનો પંથ સ્વીકાર્યો છે.

હિંદુ મુસ્લિમ રાજકીય વિરોધ કરતાં હિંદુ મુસ્લિમ સંસ્કાર સમન્વય વધારે જીવંત અને વધારે સાચો છે. એ પુરવાર કરવા

માટે ગઝલ તરફ નજર કરવી બસ થશે. શ્રી ચૂનીલાલ ભગત (પૂજ્ય શ્રીમોટા) સરખા વેદાંત અને ભક્તિમાં ઊંડે ઊતરેલા કવિએ ગઝલનો આશ્રય લીધો છે, એ જ દર્શાવી આપે છે કે ધર્મભેદ માનવી માનવી વચ્ચે, માનવી માનવીના સંસ્કાર વચ્ચે વજ્રદીવાલ બની શકતો જ નથી.

આમ, શ્રીમોટાનાં કાવ્યો વાંચતાં પ્રથમ તો એમ દેખાઈ આવે છે કે માનવહૃદયની ધર્મભાવના ભક્તિભાવનાનો પ્રવાહ સાહિત્યમાં અટક્યો નથી.

તા. ૬-૧૨-૧૯૪૬

**(૨) શ્રી અનંતરાય રાવળ**

'પ્રણામ પ્રલાપ' એ શ્રીમોટાએ એક સ્વજનની વિનંતીથી તેની સાધનામાં સહાયક થાય એવી એક માસના ગાળામાં લખેલી ગઝલોનો સંગ્રહ છે. ગઝલો લખાઈ છે સ્વજનોને સંબોધીને, પણ આખું જગત લેખકનું સ્વજન જેવું હોઈ સર્વ કોઈ સંબોધન કે ઉદ્‌બોધન પોતાને જ થયું છે એમ માનશે તો ઘણી પ્રેરણા મેળવશે. ગઝલો ભક્તિ, શ્રદ્ધા, સાચો કર્મયોગ, પ્રભુજીવન અને જીવનવિકાસનો સાચો રાહ અતિ સરળ ભાષામાં સમજાવે છે. સ્વજનોને પ્રભુપંથની યાત્રામાં શિથિલતા સેવવા માટે ઉપાલંભ અને તેમને ચાનક ચડાવનારાં વચનો આ સંગ્રહમાં પણ સારી સંખ્યામાં છે.

## ૯. 'જીવન પ્રવેશ'

**પ્રો. રા. બ, આઠવળે**

ગુજરાતના જે છૂપા સંતના પત્રસંગ્રહની આ પ્રસ્તાવના હું લખવા બેઠો છું, તે સંત એક પ્રખર ભક્તહૃદય છે. ભક્તિમાર્ગની

કપરી સાધનાથી ભગવાનની જોડે તેઓએ અદ્વૈત સાધ્યું છે, અને તેમનાં બાહ્ય ચિહ્નો ઉપરથી તેમ જ તેમના અપૂર્વ પત્રસંગ્રહ ઉપરથી તેઓ સિદ્ધ પુરુષ છે એમ જો કોઈને લાગે, તો તેમાં અસ્વાભાવિક કશું જ નથી. તેમની એ પ્રખર સાધના લગભગ ૧૫-૨૦ વર્ષો સુધી સતત ચાલતી હતી. તેમના સદ્ભાગ્યે તેમને પોતાના ભક્તિમાર્ગની દીક્ષા આપવાને માટે તેમના ગુરુ તેમને શોધતાં શોધતાં આવ્યા, એ અત્યંત આશ્ચર્યકારક ઘટના છે, પણ તે સત્ય હકીકત છે. તેમણે મુખ્યત્વે કરીને ધ્યાન તથા નામજપની સાધના કરીને સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આ બધી સાધના તેઓએ હરિજનોના ઉદ્ધારનું અવિશ્રાંત કાર્ય કરતાં કરતાં કરી છે, એ તેમના જીવનની એક બીજી અલૌકિક વાત છે. ગયાં બાર વર્ષ દરમિયાન તેઓ હરિજનનાં કાર્યમાંથી સંપૂર્ણ નિવૃત્ત થઈને માત્ર પોતાની પાસે આવેલા સાધકોને અંગત માર્ગદર્શન કરવાનું (વિશાળ અર્થમાં માનવની સેવાનું) કાર્ય કરી રહ્યા છે. સાથે સાથે તેઓએ દૂરસ્થ મિત્રોને તથા અનેક શિષ્યોને ભક્તિમાર્ગની સાધનામાં માર્ગદર્શન કરવાના હેતુથી સેંકડો પત્રો લખ્યા છે. એમાંના કેટલાક પત્રો કવિતારૂપે છે, પણ સાહિત્યશાસ્ત્રની દૃષ્ટિએ તેને કવિતા અથવા કાવ્ય ના જ કહી શકાય. એ તો એક ભક્તહૃદયના સહજ સ્ફુર્ત, પણ કવિતામાં પરિણમેલા અંતઃકરણના ઉદ્ગારો છે. તેમાં કાવ્યકળા હશે પણ ખરી, પણ તે બુદ્ધિપૂર્વક પ્રકટાવેલી કળા નથી. કાર્લાઈલ કહે છે, કે ‘All great art is unconscious’ (ઉત્તમ કળા અકૃત્રિમ હોય છે.) એ દૃષ્ટિએ જોતાં તેમની કાવ્યકળા અકૃત્રિમ હોવાથી સાચે જ ભવ્ય કળા છે, પણ તેમના પત્રસાહિત્યમાં કાવ્યમય પત્રો કરતાં

ગદ્ય પત્રોનો જ સંગ્રહ મોટો છે. આ સંગ્રહમાંની તેમની ગદ્યશૈલી પણ સાહિત્યના અભ્યાસથી કેળવાયેલી નથી. તે તો સામે શિષ્ય કે મિત્ર સાંભળવા બેઠો હોય એમ માનીને કરેલા સંવાદરૂપ છે. તેમાં 'તમે' કે 'તું' અને 'હું' કે 'આ જીવ' આ બે જ વ્યક્તિ હાજર છે. તેમાં 'તમે' કે 'તું' અગાઉ બોલી ગયો છે. અને 'હું કે આ જીવ' અત્યારે બોલી રહ્યો છે, ઉત્તરમાં વાતો કરી રહ્યો છે, એવો પ્રસંગ છે. તેથી, આ પત્રલેખનમાંનું વાતાવરણ અત્યંત જીવંત અને નાટ્યછટાપૂર્ણ છે. તેમાં કૃત્રિમતાનો અંશ લેશ પણ નથી. એક પ્રેમાળ પિતા પોતાના નાના બાળકને હૃદયના ભાવપૂર્વક જે શિખામણ આપે તે તેમાં છે, છતાં સાથે સાથે તે માતાની અપાર વત્સલતાથી છલકી રહ્યા છે. તેમાં વિદ્વત્તાનો આડંબર મુદ્દલ દેખાતો નથી, કારણ કે તે પંડિતની વાણી નથી, પણ એક સાક્ષાત્કારી ભક્તની અનુભવની વાણી છે. સાધક દશામાં સાધકે વહેવારમાં કેવી રીતે વર્તવું, તે બાબતમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાતો વિગતવાર ઘણા દાખલા આપીને તેમાં કરેલી છે. વળી, તે તે પ્રસંગોમાં 'આ જીવ' (એટલે કે લેખક પોતે) કેવી રીતે વર્ત્યો તેનો પણ ખ્યાલ ખુલ્લી રીતે આ સંત પુરુષે આપ્યો છે. તેથી, આ પત્રોમાં તેમના જીવનની કેટલીક અંગત હકીકત આવે છે, પણ તેના કથનમાં નથી ગર્વની ગંધ કે નથી મોટાપણાનો ખ્યાલ. અત્યાર સુધીનો મારો વ્યવસાય મુખ્યતઃ સાહિત્યિકનો હોવાથી મને આ પત્રો વાંચતાં તેમાં ભાષાનો પ્રસાદ, ઉત્કૃષ્ટ વિવેચન, ભાવનાની ઉત્કટતા વગેરે ઘણા સાહિત્યના ઊંચા ગુણો લાગ્યા, તેમાં નવાઈ નથી, પણ સાહિત્યશાસ્ત્ર ભૂલી જઈને કેવળ પરમાર્થ દૃષ્ટિથી આ પત્રો તરફ જ્યારે હું જોઉં છું,

તો તેમાં એક શ્રેષ્ઠ ગુરુએ સાધકને કરેલું ઉત્તમ માર્ગદર્શન મને પૂરેપૂરું લાગે છે. તેથી, આ પત્રોને **'સાધકોની માર્ગદર્શિકા'** જો હું કહું તો તેમાં કંઈ જ અતિશયોક્તિ નથી.

આ પત્રો વાંચતી વખતે અથવા ખરું કહું તો સાંભળતી વખતે મને વારંવાર 'Letters of Sri Aurobindo' યાદ આવતા હતા. શ્રીઅરવિંદે સાધકોને લખેલા સેંકડો બલકે હજારો પત્રોનો સંગ્રહ અંગ્રેજીમાં ચારપાંચ ખંડમાં હમણાં પ્રસિદ્ધ થયો છે. તેમાંના પત્રોનું પ્રસ્તુત સંત પુરુષના પત્રોની સાથે આશ્ચર્યકારક સામ્ય છે. સાધકે સાધનાનો માર્ગ કેવી રીતે ધારણ કરવો અને તેમ કરતાં નિત્ય વહેવારમાં અત્યંત જાગરૂક રહીને કેવી રીતે વર્તવું, તેની સૂક્ષ્મમાં સૂક્ષ્મ સૂચનાઓ આ બંને સંત પુરુષોના પત્રોમાં તદ્દન સરખી જ રીતે કરેલી છે. ફરક આટલો જ છે, કે યોગી શ્રીઅરવિંદની વાણી પ્રૌઢ તથા અત્યંત શુદ્ધ અંગ્રેજી ભાષામાં પ્રકટ થઈ છે, જ્યારે પ્રસ્તુત સંતની વાણી, ઘરગથ્થુ, જીવતી તથા સુંદર ગુજરાતી ભાષામાં અવતરી છે. છતાં આ બંને મહાપુરુષોના અનુભવની વાતોમાં વાંચનારને ચકિત કરે એટલું સાદૃશ્ય છે. એ સાદૃશ્ય એટલું બધું અને એટલું વિસ્મયકારક છે, કે કેટલાકને તેમાં એકની બીજા ઉપર થયેલી અસરનો ભાસ પણ થાય, પણ હકીકત એ છે, કે શ્રીઅરવિંદનો પત્રસંગ્રહ પ્રસિદ્ધ થતાં પહેલાં ઓછામાં ઓછાં બાર વર્ષો પહેલાં પ્રસ્તુત સંગ્રહમાંના કેટલાક પત્રો લખેલા છે. તેથી, આ બંને પત્રસંગ્રહો જોઈને 'સાક્ષાત્કારી પુરુષોના વિચારો અને હૃદયના ભાવો સ્વતંત્ર હોવા છતાં તદ્દન મળતા હોય છે', એ નિર્ણય ઉપર આવ્યા વિના છૂટકો નથી.

આ તમામ પત્રોની અંદર પ્રભુને પોતાનું જીવન પ્રત્યેક ક્ષણે સમર્પણ કરીને શુદ્ધ કરવું એ અખંડ સૂત્ર છે અને શ્રીઅરવિંદની સાધનાનું પણ મુખ્ય સૂત્ર આત્મસમર્પણ (self-surrender) એ જ છે. આત્મસમર્પણ દ્વારા સાધક પોતાનો વિકાસ સાધીને પોતાનું આખું જીવન કેવી રીતે આનંદમય કરી શકે છે, તેનો ચિતાર આ પત્રોમાં એક સાક્ષાત્કારી પુરુષ આપે છે. તેથી, આ પત્રોની પરમાર્થની દૃષ્ટિએ ભારેમાં ભારે કિંમત છે. આ પત્રો ગુરુના પ્રત્યક્ષ સમાગમથી સહેજ ઊતરતા છે, (संगमात्किंचिदूनः। - મેઘદૂત) એમ કાલિદાસના શબ્દો ઉછીના લઈને જો હું કહું, તો અર્થ એટલો જ કરવો કે જ્યારે પ્રત્યક્ષ ગુરુ આપણી પાસે ના હોય ત્યારે તેની ગરજ આ તેમના હૃદયના પ્રતિબિંબરૂપ પત્રો સારી પેઠે સારી શકે.

આ બધા પત્રોમાંનો બીજો એક મૌલિક વિચાર એ છે, કે સાંસારિક તથા વ્યાવસાયિક જીવનને પ્રભુસ્વરૂપ માનીને તેમાં રહીએ, તો તે પણ એક ઉત્તમ પ્રકારની સાધના જ છે, બલકે સંસારથી નાસી જઈને જંગલમાં જીવન ગાળવું એના કરતાં પ્રભુમય સાંસારિક જીવન ગાળવું એ સાધકની ઉત્તમોત્તમ સાધના છે. સંસારમાં અવારનવાર આવતાં દુઃખો પણ જીવનનો વિકાસ કરવામાં મદદરૂપ થાય છે, એ મૌલિક વિચાર આ સંગ્રહના પૃષ્ઠ ૧૦૧ ઉપર આવેલો છે તે આ પ્રસંગે વાંચકે જરૂર જોઈ લેવો.

આ સંગ્રહમાંના પત્રોમાંનો ત્રીજો મૌલિક વિચાર ‘સંસારમાં સતત જાગૃત રહીને સાધકે દરેક કાર્ય કરવું, અને સાથે સાથે પ્રભુની અંતરમાં સતત પ્રાર્થના કરવી’ એ છે. આ પત્રોમાં

'જ્ઞાનભક્તિપૂર્વક' એ શબ્દ વારંવાર આવે છે, 'જ્ઞાનભાવની સાથે' આ શબ્દો પણ ઘણી વખત આવે છે. બંને શબ્દનો અર્થ એક જ છે. આ શબ્દોમાં આવેલો અર્થ જીવનમાં ઉતારવો એ નામજપ જેટલી જ એક મહત્ત્વની સાધના છે.

આ પત્રોમાં આત્મનિષ્ઠ પુરુષનાં લક્ષણો જે આપ્યાં છે, તે દ્વારા પ્રસ્તુત સંત પુરુષે પોતાનું તેમ જ આ યુગના બીજા સંત પુરુષોનું જીવનચરિત્ર જ અપ્રત્યક્ષ રીતે આપેલું છે, એમ મને લાગે છે.

'અધ્યાત્મમાર્ગ એ એક ગૂઢ વસ્તુ (mystic) છે. તે ભ્રમણારૂપ છે, કલ્પનારૂપ છે, તેમાં scientific એટલે કે શાસ્ત્રશુદ્ધ કશું નથી.' એમ કહેનારને આ સાક્ષાત્કારી સંત પોકાર કરીને કહે છે :-

'ભગવાનને પંથે પળનાર જે જીવ હોય છે, તેનાં પણ લક્ષણ અને માપ હોય છે. એમાં કશું ક્યાંય પણ યદ્વાતદ્વાપણું નથી, કે નથી કશા આંધળિયાંવેડા. લોક તો કહે છે, કે આ તો વૈજ્ઞાનિક યુગ છે, તો આ અધ્યાત્મશાસ્ત્રની સ્પષ્ટતા, નક્કરતા, એનાં હદ-બેહદનાં લક્ષણ આ યુગનાં વિજ્ઞાનશાસ્ત્ર કરતાંયે ચડી જાય એવાં છે. પ્રત્યેક સ્થિતિ કે દશાને એનાં એનાં લક્ષણો અને માપ છે.'

એ જ પ્રમાણે :-

'ગરીબાઈ પણ પ્રભુએ સાધકને આપેલી અણમોલ પ્રસાદી છે.'

'સગાંવહાલાંઓની, બલકે સંસારના તમામ જીવોની પ્રેમપૂર્વક સહાનુભૂતિ મેળવવી તે પણ સાધકને સાધનાને માટે

સહાયરૂપ નીવડે છે.'

'સતત કર્મોમાં પરોવાયેલા રહેવું અને મનને એવી રીતે રોકાયેલું રાખવું એના જેવી જીવનની બીજી કોઈ ઉત્તમ કેળવણી નથી.'

'મૌનના જ્ઞાનભક્તિપૂર્વકના સેવનથી હૃદયમાં ભારે મંથન તો થાય છે, પરંતુ પાછું અંતરના ઊંડાણમાં પારાવાર શાંતિ અને સમતા સમાયેલી અને સ્થપાયેલી અનુભવાય છે. મૌનથી જીવનની સૂક્ષ્મ પ્રવૃત્તિઓમાં પણ શાંતિ છવાય છે. મૌનના સેવનથી માનવી પ્રશાંતમૂર્તિ બને છે.'

'હાલના બહુ ચોપડીઓના કાળમાં બીજા બધા વિષયોની જેમ જ્ઞાનમાં પણ ઉપરચોટિયાપણું અને અછકલાપણું પ્રકટ્યું છે. સાચું જ્ઞાન થોડું હોય, પરંતુ વાતોના ગપાટાથી વધારે બતાવવાનું લોક કરતા હોય છે. તેવા કાળમાં તમે સમજી શકશો કે મૌન એ માત્ર 'ના બોલ્યામાં નવ ગુણ' એટલું જ નહિ, પરંતુ આપણા વિચાર, ભાવના અને આંતરમંથનને વેગ અને આકાર આપવામાં કેટલું પ્રખર અને બળવાન સાધન છે, એ તો અનુભવ કરીએ ત્યારે જ ખબર પડે.'

'પરંતુ હાલમાં ઊપજતા આપણા સાહિત્યથી કુમળી વયનાં છોકરાંઓનાં મનને કેવાં કેવાં વલણ મળે છે, તે તો તેઓની સાથે જેઓ અંતરથી હળતાં મળતાં હોય તે સમજી શકે તેમ છે. આવા સાહિત્ય સામે બળવો પોકારવાનો હવે સમય જાગેલો છે.'

વળી :-

'સાચાં પુસ્તકો મહાક્રાંતિ કરી શકે છે. કેટલાય દેશમાં સાહિત્યે તો ભારે પરિવર્તન ઉપજાવ્યાં છે. આખું સમાજનું

માનસ પલટાવી નાખીને ઊંચે આણ્યું છે.'

એવા એવા અનેક રત્નસમા તેજસ્વી વિચારો આ પત્રોમાં સર્વત્ર વીખરાયેલા પડ્યા છે. તે વાચકે જોઈ લેવા. તેમાંથી વધારે અવતરણો આપીને હું આ પ્રસ્તાવના લંબાવવા માગતો નથી. જીવનયોગ, જીવનની સાધના એવા શબ્દો વાપરીને જીવનનો વિકાસ સાધવા મથનાર લેખકો આજના માનવધર્મના ફૅશનેબલ જમાનામાં થયા છે. તેમાંના ઘણાખરાનાં લખાણમાં નથી અનુભવનું બળ અથવા નથી હોતી વિચારોની મૌલિકતા. હું નિઃશંક રીતે કહી શકું છું, કે જીવનનો યોગ અથવા જીવનની સાધના એનું સાચું સ્વરૂપ આ છૂપા સંતના પ્રસ્તુત પત્રસંગ્રહમાં જેટલું સુંદર રીતે જોવા મળે છે, તેવું ભાગ્યે જ આ જમાનાના મોટા કહેવાતા લોકોનાં લખાણમાં જોવા મળે. તેથી, પ્રસ્તુત પત્રોના લેખકનાં તેજસ્વી લખાણોનો સતત અભ્યાસ સાધનાના માર્ગમાં ચાલતા દરેક સાધકે કરવો. અને સાથે સાથે આવા સંત પુરુષ પ્રત્યે ગુરુભાવ રાખીને તેમણે બતાવેલી સાધના આચરીને પોતાનું જીવન કૃતાર્થ કરવું. તેમ કરવાની સાધક-વાચકોને પ્રભુ પ્રેરણા આપે એવી પ્રાર્થના કરીને અત્રે આ પ્રસ્તાવના હું પૂરી કરું છું.

## ૧૦. 'જીવન સોપાન'

**પૂ. મુનિ નાનચંદ્રજી**

અંગત રીતે એક જ બહેન ઉપર લખાયેલા આ પત્રો જીવનસાધનાનું લક્ષ રાખીને લખાયા છે, એટલે અંગત જેવા નથી લાગતા, છતાંય હિંદુ સંસારના સંયુક્ત ગૃહજીવનમાં સંકળાયેલ એક સંસ્કારી વિધવા બહેનનું વ્યક્તિગત જીવન

જીવનવિકાસની દૃષ્ટિએ આશા, નિરાશા અને દ્વંદ્વનાં કેવાં કેવાં વમળોમાંથી પસાર થાય છે અને તેમાંથી તેને ઊંચે લાવવા માટે, લેખકે ગૃહસ્થજીવનમાં રહીને પણ સાધનાનો કેવો અનેરો માર્ગ બતાવ્યો છે, એ જ આ પત્રોની વિશિષ્ટતા છે... બહેને પત્રલેખકને પોતાના સદ્‌ગુરુ તરીકે સ્વીકારેલ છે... ત્યારે સદ્‌ગુરુ બનેલ લેખકે બહેનના જીવનવિકાસના ઉચ્ચ ધ્યેયને લક્ષમાં રાખી તેને સાધક-સ્વજન તરીકે સ્વીકારેલ છે. પરસ્પરના આ સંબંધમાં એક જીવાત્મા છે ત્યારે બીજો ઉચ્ચ આત્મા છે. ગુરુ-શિષ્યના સંબંધ વિશે જે માન્યતાઓ પ્રચલિત છે, તેના કરતાં અહીં જરા વિલક્ષણતા દેખાઈ આવે છે, અને તે એ કે સાધક-સ્વજનના જીવનવિકાસ માટે ગુરુએ પ્રાણ પાથરવા સુધી તત્પર રહેવું.

આ પત્રોમાં શ્રીમોટા, બહેનના જીવનની જાગૃત ચોકી રાખવા અને તેને ઊંચે લાવવા માટે કદી કદી અતિ વત્સલ પિતાની જેમ સંબોધન કરી, સાધકની જવાબદારીનો, તેને માર્મિક રીતે ખ્યાલ આપે છે. અપરિચિત વાચક જો આ જાતની સાધનાનો તાત્ત્વિક અભ્યાસી ન હોય તો વિચિત્ર અભિપ્રાયો બાંધી બેસે. એ ભયસ્થાન તરફ જ્યારે લક્ષ દોરવામાં આવ્યું ત્યારે શ્રી લેખકે પૂર્ણ નિર્ભયતાથી જવાબ આપ્યો ‘જગતના જીવોના અભિપ્રાય કરતાં મારે મન સાધકના જીવનનો અચૂક વિકાસ એ મુખ્ય વસ્તુ હોઈ એવા અભિપ્રાયો મને ક્ષુભિત નથી કરી શકતા. એટલું જ નહિ, પરંતુ એવા પ્રસંગોએ, એક પ્રભુનું અવલંબન એ જ મારું બળ છે.’ આવો નિર્ભીત ખુલાસો મળવાથી અમોને ખૂબ સંતોષ થયો. આવી આવી અનેક

ચર્ચાઓથી એમ લાગ્યું કે શ્રી લેખકનો સાધનામાર્ગ કંઈક આવા પ્રકારનો છે :-

वनेऽपि दोषाः प्रभवन्ति रागिणाम्
गृहेऽपि पच्चेन्द्रियनिग्रहस्तपः ।
अकुत्सिते कर्मणि यः प्रवर्तते
निवृत्तरागस्य गृहं तपोवनम् ॥

અર્થાત્ જે જીવો મોહમાયાથી ઘેરાયેલ હોય તેઓ અધૂરી સમજણે કદાચ ઘરબાર તજીને જંગલમાં વસે તો ત્યાં પણ પ્રકૃતિબદ્ધ હોવાથી નવો સંસાર માંડી અનેક દોષોને ઉત્પન્ન કરે છે, ત્યારે જ્ઞાન-પ્રેમ-ભક્તિપૂર્વક, હૃદયમાં હૃદયથી પ્રભુની આરાધના કરતા જે જીવો અનાસક્તભાવે ગૃહસ્થજીવનની ફરજો બજાવતો હોય છે, તેઓની શુદ્ધિ માટે તો ગૃહસ્થાશ્રમનું જીવન પણ એક જાતનું તપોવન જ છે.

એ ધ્યેયને લક્ષમાં રાખી... બહેનનાં આંતરિક જીવનમાં જ્યારે જ્યારે નિરાશા, વિષાદ, ખેદ કે કંટાળો ઉત્પન્ન થયેલાં દેખાયાં ત્યારે ત્યારે તેને પત્રો દ્વારા ઉત્સાહ, બળ, વીર્ય અને આત્મિક ઉલ્લાસની તાજગી આપી કેવી ખૂબીથી સ્થિર, સ્વસ્થ અને શાંત કરવામાં આવે છે, તે જ પત્રોનો મુખ્ય વિષય છે... એટલે એમાં વર્તમાન માનવ જીવનનાં અનેકવિધ પાસાંઓનો-પ્રશ્નોનો અનુભવની દૃષ્ટિથી સરલ, રોચક અને પ્રવાહી શૈલીમાં ઉકેલ આપેલ છે. તેથી જ તો, આ પત્રો વ્યક્તિગત રીતે લખાયેલા હોવા છતાં, તેમાં શુદ્ધ-પવિત્ર આશય હોવાથી, સૌ કોઈ વાંચી શકે અને તેમાંથી યથોચિત લાભ ઉઠાવી શકે તેવા છે, કારણ કે સર્વમાં ચેતનતત્ત્વ વિલસી રહેલ હોવાથી તાત્ત્વિક

દૃષ્ટિએ સ્વઅનુભવમાં સર્વનો અનુભવ અંકિત થયેલો હોય છે.

સ્વજન તરીકે સ્વીકારેલ સાધકના જીવનવિકાસ માટે, જપયજ્ઞ દ્વારા સતત નામસ્મરણનો પ્રયોગ એ શ્રી 'લેખક'ની સાધનાનો એક લાક્ષણિક પ્રકાર છે. પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક, હૃદયના ઉલ્લાસથી, પ્રાપ્ત એવાં તમામ કર્તવ્ય-કર્મો નિષ્કામભાવે શ્રીપ્રભુપ્રીત્યર્થે પોતાના જ જીવનવિકાસ માટે કર્યે જવાં અને સાથે સાથે પ્રભુનું સ્મરણ ચાલુ રાખવું એમાં મન, બુદ્ધિ, પ્રાણ, અહં અને હૃદયને શુદ્ધ કરવાની અલૌકિક કરામત રહેલી છે એવો શ્રી લેખકનો અનુભવ છે. મન, બુદ્ધિ, પ્રાણ વગેરે કરણો (સાધનો)માં નામસ્મરણની પૂર્ણ પ્રતિષ્ઠા થવી એ જપયજ્ઞની પરાકાષ્ઠા છે. એ સિદ્ધ થયે, અજપાજપનો સાધકને અનુભવ થાય છે. દરમિયાન જીવનનાં તમામ ક્ષેત્રોમાં જ્ઞાન-પ્રેમ-ભક્તિપૂર્વક, હૃદયમાં હૃદયથી જોડાયેલા રહેવું એ સહજ સાધના છે. આ રીતે હું, શ્રી લેખકની સાધનાનો અર્થ સમજ્યો છું.

ખરું જોતાં, આ જાતના પુસ્તકને પ્રસ્તાવનાની જરૂર ન હોય. પ્રસ્તાવનાનો અર્થ પણ બીજો શો છે ? પુસ્તકના વિષયને ગ્રાહ્ય સ્વરૂપે જરા વિશદ કરવો એ જ પ્રસ્તાવના કે ઉપોદ્‌ઘાત કહેવાય. એ દૃષ્ટિએ વિચારીએ તો આ 'જીવન સોપાન'નો કોઈ ખાસ વિષય ન હોવાથી, પ્રકારાન્તરે પત્રલેખકના હાર્દને સમજાવવું એ જ આ પુસ્તકની પ્રસ્તાવના ગણાય. એથીય આગળ વધીએ તો શ્રી લેખકનું જીવતું જાગતું સ્વરૂપ-એનું વર્તમાન જીવન-એ જ એની પ્રસ્તાવના છે.

શ્રીમોટાના જીવનને સમગ્ર રીતે ઓળખવા સમજવા માટે પણ એક વિશિષ્ટ દૃષ્ટિ જોઈએ. મોટે ભાગે આગ્રહપૂર્વક તેઓએ

પોતાનું જીવન અજ્ઞાત એટલે કે ગુપ્ત રાખેલ છે...મૂક કાર્યકર્તા તરીકે સાબરમતી હરિજન આશ્રમમાં તેઓએ વર્ષો સુધી સેવા બજાવી છે. તોપણ તેઓ ખાસ પ્રસિદ્ધિમાં નથી આવ્યા. તેઓ જ્યારે જ્યારે વાતચીત કે લખાણથી પોતાને વ્યક્ત કરતા હોય છે ત્યારે ત્યારે સનાતન અનુભવકોશમાંથી જાણે કોઈ જીવંત વસ્તુ બહાર કાઢતા હોય એવું લાગે. ત્યાગ-વૈરાગ્યની ભાવનાથી તરબોળ અને છતાંય પરમાર્થરત ! માથે ખાદીની ટોપી, ખુલ્લું બદન અને અર્ધા ભાગમાં લુંગી જેવું સફેદ કપડું વીંટાળેલ અનોખી મસ્તીવાળા શ્રી લેખકને જોતાં જ નીચેનાં અર્થગંભીર કાવ્યો સ્મૃતિપટમાં ઊપસી આવે છે :-

ये निःस्पृहा स्त्यक्तसमस्तरागाः तत्त्वैकनिष्ठा गलिताभिमानाः ।
संतोषपोषैकविलीनवांछा–स्ते साधयन्ति स्वमनो न लोकम् ॥
तावद् विवादी जनरज्जकश्च, यावन्न चैवात्मरसे सुखज्ञः ।
चिंतामणिं प्राप्य वरं हि लोके, जने जने कः कथयन् प्रयाति ? ॥

(જેઓ સ્પૃહા વગરના છે, જેમના બધાય રોગોનો ત્યાગ થયો છે, જેઓની એકમાત્ર તત્ત્વમાં જ નિષ્ઠા છે, જેઓનું અભિમાન ગળી ગયું છે, જેઓની ઇચ્છામાત્ર એકલા સંતોષના જ પોષણથી લય પામી ગઈ છે, તેઓ પોતાના મનને જ સાધે છે, નહિ કે દુનિયાને.

ત્યાં સુધી જ માણસ વિવાદમાં રચ્યોપચ્યો અને લોકોને ખુશ કરનારો હોય છે, કે જ્યાં સુધી તે આત્મરસમાં જ સુખ માણનારો નથી હોતો. આ લોકમાં શ્રેષ્ઠ ચિંતામણિ મેળવ્યા પછી તે દરેક જણને કહેતો ફરે એવો કોણ હોય !)

શ્રીમોટા માટે કંઈક આવી જ પ્રતીતિ અમોને થઈ છે...

વિશાળ જનસમૂહના ઉદ્ધારની ચિંતા સેવવા કરતાં, જે કોઈ યોગ્ય અધિકારી હોય તેનામાં શ્રીપ્રભુકૃપાથી ભાગવતી ચેતના પ્રગટાવવાના નિમિત્તરૂપ બનવું એને એ પોતે જગતની મહાન સેવા માનતા હોય એવું લાગે છે. એટલે જ જાહેરજીવન-લોકસેવા એ એમની સાધનાનું ક્ષેત્ર નથી એમ અમોને લાગે છે... ઓમ શાંતિઃ !

તા. ૧૮-૧૧-૧૯૫૨

## ૧૧. 'મનને'

### (૧) શ્રી ઉમાશંકર જોશી

સ્નેહીશ્રી મોટા,

આજે આપનું અનેક વાર સ્મરણ થયું. મળવાનું બહુ વાર થયું નથી, પણ આપના સરળ ઊંડા પ્રેમભાવનો અનુભવ ઘણો થયેલો છે.

ભાઈશ્રી નંદુભાઈએ **'મનને'** મને મોકલેલું છે. તેને અંગે બે શબ્દ અત્યારે લખવા માગું છું. કૉલેજમાં દાખલ થયો તેવામાં અમદાવાદમાં ઘાસીરામની પોળમાં વહેલી સવારે એક પ્રભાતફેરી ભુજંગપ્રયાતના છંદોગાનનું વહેળિયું રમતું મૂકી જતી. સમર્થ રામદાસ સ્વામીના मनाचे श्लोक ગાતી મરાઠીભાષી બંધુઓની એ મંડળી મારી ચેતના ઉપર કોઈ અકળ સંસ્કાર મૂકી ગઈ હતી. થોડાં વરસો પછી પૂનામાં સાધુચરિત પ્રો. જયશંકરભાઈ ત્રિવેદીને ત્યાં રીતસર એ શ્લોકોનો પરિચય થયો. રોજ સવારે નાસ્તા પહેલાં આખો પરિવાર સમર્થ સ્વામી રામદાસના મનોબોધમાંથી થોડાક શ્લોકનો પાઠ કરે. અતિથિઓને પણ એ સંસ્કારલાભ મળે. મહારાષ્ટ્રની અધ્યાત્મસંપતની એક

ઉત્તમ વાનગીનું આ રીતે દિનચર્યાના આરંભે સેવન કરીને એને જીવનમાં વણી લેવાના ત્રિવેદી સાહેબના ઉપક્રમનો વિચાર કરું છું ત્યારે એમની સૂક્ષ્મ સંસ્કારપ્રિયતાનો હૃદયને સંસ્પર્શ થાય છે.

ભાઈશ્રી નંદુભાઈ જણાવે છે કે, 'મનને'ના ભુજંગપ્રયાત છંદો રામદાસ સ્વામીના મનોબોધની કશી જ જાણકારી વિના લખાયેલા છે અને બંનેમાં રહેલાં એકબે શાબ્દિક સામ્યો ચાળીસેક વરસ ઉપર કોઈ મિત્રે પૂ. શ્રીમોટાને બતાવેલાં પણ ખરાં. બે ઉદ્ગારોનું સામ્ય તો મારા ધ્યાન ઉપર પણ તરત આવ્યું : 'ક્રિયા વિણ વાચાળતા છે નકામી' -લગભગ એ જ શબ્દો મનોબોધમાં છે; क्रियेवीण वाचाळता व्यर्थ आहे ! શ્રી સમર્થ બીજે બે ઠેકાણે પણ क्रियेवीण वाचाळतાનો ઉલ્લેખ કરે છે. 'વિવેકે સદા સ્વ-સ્વરૂપે રહીને'નું विवेके सदा स्वस्वरूपी मरावे સાથેનું સામ્ય પણ તરત ધ્યાન ખેંચે એવું છે. પણ મોટું સામ્ય તો એ છે કે બંને કૃતિઓ 'મનને' ઉદ્દેશીને ઉદ્ગારાયેલી છે અને ભુજંગપ્રયાત છંદ દ્વારા આકાર પામી છે.

આવા આશ્ચર્યકારક આકસ્મિક સામ્યનું મૂળ છે બંને કૃતિઓ પાછળના અધ્યાત્મસાધનાના એકસરખા અભિગમમાં. આત્મયાત્રીને પહેલે કે બીજે પગલે જ મનની મુલાકાત થાય છે, કહો કે મન સાથે મુકાબલો થાય છે. મનની સાથે પતાવટ કર્યા વગર આગળ વધવું મુશ્કેલ છે, બલકે એવી પતાવટનો પ્રયત્ન કરતાં કરતાં જ આગળ વધાય છે. યોગવાસિષ્ઠ કહે છે : स जीवति मनो यस्य मननेनैंव जीवति । ભક્ત કવિ કહે છે : પહલે મન કો મૂંડો, ફિર આતમ કો ઢૂંઢો.

બંને કૃતિઓમાં ભિન્નતા પણ છે. શ્રી સમર્થના શ્લોકો કાવ્યદૃષ્ટિએ તરત ધ્યાન ખેંચે છે, ખાસ કરીને એનું નાદતત્ત્વ અનેકને મુખપાઠ કરવા પ્રેરે એવું છે. પ્રજાએ એને એ રીતે અપનાવેલા પણ છે. વચ્ચે વચ્ચે એક જ ધ્રુવપંક્તિવાળા થોડાક શ્લોકગુચ્છો આવે છે. नुपेक्षी कदा राम दासाभिमानी, मना सज्जना राघवो वस्ति किजे, प्रभाते मनी राम चिंतीत जावा, तुटे वादसंवाद तो हितकारी, એ ધ્રુવપંક્તિઓ અને ફરી સહેજ ફેરફારથી આવતી ધ્રુવપંક્તિ नुपेक्षी कदा देव भक्ताभिमानी–એ આખી કૃતિની પાઠક્ષમતાને ખૂબ મદદ કરે છે.

પણ શ્રી સમર્થના મનોબોધના બસો ઉપરાંત થોડાક શ્લોક છે તેમાં સળંગ એક જ દોર પર વાત ચાલતી હોય એવું લાગતું નથી. 'મનને'ના ૧૧૦ શ્લોકમાં એકસૂત્રતા વરતાય છે.

'મનને'માં બોલચાલની ભાષાના લહેકા, ખાસ કરીને 'ટેવું', ટકોરું', છ વાર વપરાયેલા 'મરાવું'–જેવાં ક્રિયાપદોમાં, જોવા મળે છે; 'હડાકો' શબ્દપ્રયોગ પણ સરસ રીતે ધ્યાન ખેંચે છે. છંદમાં એક શ્લોકમાં 'કરું છતાં કાં' અને 'પળેપળે ના'માં પહેલા અક્ષરો ગુરુ નથી. એવી ત્રુટિ મનોબોધમાં પણ જોવા મળે છે.

શ્રી સમર્થ મનની સાથે વાત માંડે છે ત્યાં मना सज्जना । કરીને અને પછી પણ વારંવાર એ 'સજ્જન' છે એમ યાદ કરાવી કરાવીને એને કલાવી કલાવીને બોધ આપે છે. 'મનને'માં કાંઈક જુદી જ રીતે, 'તને કેટલી વાર હે મૂર્ખ કહેવું ?' -એમ મનને ટપારીને આરંભ થાય છે. પણ પછી

તરત, ચાર લીટી પછી જ, 'ચડાશે ન બે ઘોડલે તુંથી બાપુ'માં એની સાથે લાડપ્યારથી કામ પાડવાનું શરૂ થાય છે. ક્યાંક એને 'ખંધું' કહ્યું છે, 'ભૂંડા'થી નવાજ્યું છે, પણ વારંવાર 'બાપ' - 'બાપ' કરીને એને રસ્તે વાળવાનો પ્રયત્ન થયો છે.

'મનને'નું મુખ્ય આકર્ષણ એમાં એકસૂત્રપણે રજૂઆત થઈ છે એ છે. અને એ રજૂઆત આત્મયાત્રીઓને રોચક નીવડે એવી છે.

મનને 'લડાવી પટાવી લઉં કામ'-એ વલણ આ શ્લોકો રચનારને ઠીક લાગ્યું છે.

મનની માવજત બહુ સુકુમાર રીતે કરવાની છે. ગમે તેવું પણ એ બહુ ઉપયોગનું છે.

તને ટોકતાં દિલ સંકોચ પામું.

● ● ●

બહુ દોષ તારા અરે મેં બતાવ્યા,
વળી વાંક તારા હજારો ગણાવ્યા,
છતાં હું પિછાનું ગુણો શક્તિ તારી,
ઊભો રૈ' શક્યો છું સહાયે જ તારી.

ધર્મથી અવિરોધી એવી મનની અનિવાર્ય જરૂરિયાતો નભાવી લેવાની જ નથી, પૂરી પાડવાની છે, એની ઉપર બે વાર, નીચેની પંક્તિઓ દ્વારા, ભાર મુકાયો છે :

વિરોધી નહીં એવી સૌ હાજતોને,
મથું પૂરી પાડી હું સંતોષવાને.

કારણ ? મન એક ઉત્તમ, કદાચ ઉત્તમોત્તમ, સાધન છે :

બધાં સાધનોમાં મને તું જ શ્રેષ્ઠ,
ન ચાલે લગારે, ન જો તારી હૂંફે,
કરું કામ મારાં તહારી સહાયે,
તને યાચું હું સંગ રહેવા સદાયે.

મનને છૂટું મૂકવા કે છોડવા સાધક જરીકે તૈયાર નથી. એને તો મનને સાથે રાખવું છે અને પરમતત્ત્વમાં લીન કરવું છે, ડુબાડવું છે.

**(૨) શ્રી મનુ સૂબેદાર**

અજ્ઞાત રહેવા ઈચ્છનારા એક સંતની આ કવિતાઓની ઉત્કૃષ્ટતા પુસ્તક શરૂ કરતાંની સાથે જ વાચક જોઈ શકશે. શિવાજીના ગુરુ રામદાસ સ્વામીના 'मनाचे श्लोक' મહારાષ્ટ્રમાં કરોડો માણસોને નૈતિક બળ આપી રહ્યા છે. ગુજરાતીમાં આવાં મૌલિક કાવ્યો એવી રીતે ઘણાં ઉપકારક થઈ પડે એમ છે. મનનિગ્રહ માટેના જરૂરી અભ્યાસમાં આ કાવ્યો અવશ્ય મદદકર્તા થઈ પડે તેમ છે.

મુંબઈ,
તા. ૨૫-૧૦-૧૯૪૮

## ૧૨. 'તુજ ચરણે'

**(૧) શ્રી કિશનસિંહ ચાવડા**

સ્થૂલ વૃંદાવન યમુનાતટે છે. વૃંદા એટલે તુલસી. તુલસી ભક્તિની સંજ્ઞા છે. ભક્તનું વૃંદાવન એનું પોતાનું હૃદય. એ હૈયામાં એના કૃષ્ણનો વાસ છે. આ કનૈયાનું અનુસંધાન સાધવા તુલસીમાળા દ્વારા ભક્ત સ્મરણનો સેતુ રચે છે.

'તુજ ચરણે' પૂજ્ય મોટાની તુલસીમાળા છે. પહેલા છ

શ્લોક અર્પણના છે. છેલ્લા ત્રણ કૃતાર્થતાના છે. વચ્ચેના એકસો આઠ શ્લોક "કેવો હઈશ પ્રભુ, તું ! નવ કોઈ કે'તું." એવા પરમ આશ્ચર્ય પ્રભુની સ્તુતિના છે. આ સ્તવનો દ્વારા ભક્તે પોતાની અંતરકથા કહી છે.

એકસો આઠ શ્લોકોમાં નીતરતી આ હૃદય ઝંખનામાં આપણી આખી સંસ્કૃતિનું નવનીત તારવ્યું છે. આદિ કાળથી માંડીને આજ સુધીના ઋષિમુનિઓ અને સંતભક્તોએ ભગવાનની સ્વરૂપ લીલાનાં જે અનેક નિરૂપણો અને નિવેદનો કર્યાં છે તેમાં એક વાત એકસરખી છે. તે છે પ્રભુમિલનની અને એ મિલનમાં આરત-આર્જવની. જેમને જેમને આ જીવનદેવતાના પરમ સ્વરૂપનો સાક્ષાત્કાર થયો છે તેમણે જુદું જુદું રૂપનિર્માણ કર્યું છે :-

*"જેવો તને અનુભવ્યો પ્રભુ, ઉર જેણે,*
*તેઓ તને નિજ મને ત્યમ ઓળખે છે,*
*ભાસ્યો ન એકસરખો કદી કોઈને તું,*
*એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું."*

સ્વરૂપ નિરૂપણના આવા વિવિધ વિહારમાંથી મૂળ સારતત્ત્વ ખેંચી, એને પોતાના અનુભવરસાયણ વડે રસીને આ શ્લોકોની આરતીમાં વહાવ્યું છે. એટલે આ એકસો આઠ શ્લોકના સમાગમ પછી આખી માળા કર્યાનો આનંદ આવે છે.

મોટાના પ્રભુ 'રસેન્દુ' છે, રસમાં રસરૂપ છે, 'રસનો આત્મા છે.' એ પ્રભુ જરાય દૂર વસતા નથી :

*"સ્હેજેય દૂર અણુમાત્ર નથી પ્રભુ, તું,*
*નિત્યે મુકામ નિજ પાસ કરે પ્રભુ, તું,*

*જો ગ્રંથિ તોડી જ જુએ, ઉર પાસ છે તું,*
*એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.''*

માણસ ઇન્દ્રિયગત ગ્રંથિઓ વડે બંધાયેલો છે. એના આત્માની આસપાસ આ ઇન્દ્રિયોએ જડતાના લોખંડનો કાટ ચઢાવ્યો છે. આ ગ્રંથિઓ તોડી આ લોખંડનો કાટ ઓગાળી, એને શુદ્ધ કરીને, પછી જ જો પ્રભુચરણના પારસમણિનો સ્પર્શ થાય તો માણસ નિર્ગ્રન્થ થઈને સુવર્ણનો બની જાય. પ્રભુની પરમતાનો પ્રસાદ પામે. આ પારસમણિનો પ્રસાદ કોને મળે ?

*''કો પ્રેમ જો હૃદયમાં પ્રગટાવી ઊંડો,*
*ભાવે અનન્ય પદ જે જળ સીંચશે, તો,*
*તેને દઈશ ચરણે સ્થળ બેસવા તું,*
*એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.''*

મોટા, મુખ્યત્વે ભક્ત છે. ભગત એમની અટકની ઓળખાણ હતી. એ અટક ઓળંગીને ભક્તિના રસાયણ વડે એઓ કૃતાર્થ થયા છે. આ ભક્તિના આર્જવ વડે ગદ્ગદ થઈ, છેક આજથી બેંતાળીસ તેંતાળીસ વરસ પહેલાં એમણે આ તુલસીમાળાના એકસો આઠ મણકા રચ્યા છે.

આ માળા ફેરવતાં ફેરવતાં માણસ-સાધક પોતાના હૃદયવૃંદાવનમાં વાસ કરવાનો આનંદ મેળવે છે.

**(૨) શ્રી ગોકુળભાઈ દોલતરામ ભટ્ટ**

'તુજ ચરણે' એક સ્તવનપુસ્તિકા છે. જે તત્ત્વને, શક્તિને, ઈશ્વરને નિરૂપવા વેદ ભગવાન અસમર્થ નીવડ્યા એ પ્રભુ કેવો હશે ?!

જ્યાં 'નેતિ નેતિ' કહી વેદ બધા વિરામે,
જેના ગુણો વળી સરસ્વતી ગાઈ થાકે,
'કેવો હઈશ પ્રભુ, તું ?' નવ કોઈ કે'તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

'તુજ ચરણે'ના ભક્તકવિ ઈશ્વરને ઓળખવા તથા ઓળખાવા પ્રયત્ન કરે છે. આ સ્તવન શ્રદ્ધાહીણું નથી લાગતું, કારણ કે આ ભક્તને-સાધકને ઈપ્સિત મળી જાય છે.

'યાત્રા હિમાલયતણી મજુને કરાવી,
દીધો ઉકેલ દુઃખનો મુજને બતાવી,
ને ગૂઢ શું જીવનહાર્દ મને જણાવ્યું,
એવું નિમિત્ત પ્રભુદત્ત સ્તવી હું થાકું.'

'તુજ ચરણે' જેવું ભાવભર્યું મૃદુ, સરળ સ્તવન ગવાય, ત્યારે સાથે સાથે મધુરી ઘંટડીનો રણકો નીકળવો જોઈએ, અથવા તો ઝીણી સિતાર બજવી જોઈએ. આરતીનો આરંભ ઘંટારવથી થાય છે, ત્યારે ધૂપદીપ પણ થાય છે. શું મારાં આ વાક્યો ધૂપદીપની ગરજ સારી શકશે ? કદી નહિ. પણ શું કરું ? ભાઈ નંદલાલનો અત્યંત આગ્રહ. એને વશ હું થઈ રહ્યો છું. પ્રાર્થનાગીત કે સ્તવન શ્લોકો માટે પરિચય-બોલની જરૂર શી છે ? હાથકંકણને આરસી દેખાડવી પડે કે ?!

'તુજ ચરણે'ને કવિતા દૃષ્ટિએ જ જોવાનું નથી. લઘુગુરુનાં ચિહ્નો કેટલેક ઠેકાણે તો સાલે છે, પણ આ ભક્તિભર્યા ઉદ્‌ગારોમાં સમાયેલ ભાવ, સાધના, શક્તિ, નિરાડંબર, નિરહંકારિતા તથા ઉચ્ચ જીવનના આદર્શ તરફ જોવાનું છે.

કાંઈ લખાય કે બોલાય તે જીવનને ઊંચે ન લઈ જાય તો તે વૃથા સમજવું.

'તુજ ચરણે'ના ગુપ્ત લેખક ગુજરાતમાં પોતાની આવકાર-લાયક કૃતિઓ દ્વારા સુપરિચિત છે. એમને હુંયે એ રીતે પિછાનવા લાગ્યો છું. એમનાં લખાણોમાં એવું કંઈક છે કે જે એમની કૃતિઓ વાંચવા પ્રેરે છે. આવી સાહજિક વૃત્તિ વાચકમાં ઉપજાવવાની સિદ્ધિ એમને મળી ગઈ છે. તે શબ્દોથી, લલિત કે સરળ રચનાથી નહિ પરંતુ ભક્તિપૂર્ણ હૃદયથી પમાઈ છે.

આવા લેખકની કૃતિઓની બીજી કઈ રીતે સમીક્ષા કરું ? આવી કૃતિઓનો પ્રસાર થતો રહો.

તા. ૯-૧-૧૯૪૯

## ૧૩. 'જીવન પગલે'

**(૧) શ્રી અનંતરાય રાવળ**

'જીવન સાધના' નામ જેને વધુ શોભત એવી શ્રીમોટાની 'જીવન પગલે' એ કૃતિમાં જેમની 'વૃત્તિ સળવળેલી છે જિજ્ઞાસાની જરાતરા' એવાં સ્વજનો જેવા મિત્રો અને પ્રશંસકોને તેમની પૃચ્છાના ઉત્તરરૂપે તેમ સ્વયં સ્ફુરણાથી કર્તાએ પ્રથમ પત્રોરૂપે લખેલી પદ્યસામગ્રી છે. કવિતા કર્તાને મન સાધ્ય નહિ પણ સાધન જ છે, છતાં પદ્યનું વાહન એમને ફાવે છે ઘણું. અનુષ્ટુપ તો એ જાણે વાતવાતમાં બોલતા હોય તેવું લાગે છે. ઘણાં કાવ્યો સડસડાટ વહેતા અનુષ્ટુપમાં લખાયા છે. એને કાવ્ય ન ગણશો અને એમાં વિદ્વત્તાય નહિ ભાળો એમ લેખકે કહ્યું છે. એ તો એમની નમ્રતા છે. બાકી, નિશ્ચિત જ્ઞાનદૃષ્ટિ અને

જીવન ફિલસૂફી એમની પાસે છે જ, જેનો અહીં લાભ પમાય છે, અને આધ્યાત્મિક સંપ્રાપ્તિના ગૌરીશિખરના નિષ્ઠાવાન આરોહકોને તેમ વ્યવહાર જીવનના યાત્રિકોને એ ઘણું પથ્ય પાથેય પૂરું પાડે છે. સાચી ઈશ્વરભક્તિ, સાધકનું જીવન અને તેનાં વલણો, જીવનસાધનાવિચાર, સાધનાની પારાશીશી, શક્તિનાં રમકડાં, દુઃખનો મર્મ, શરણ્યભાવ, પુરુષાર્થ, પ્રભુપ્રેમ અને સહજ કર્મ, જ્ઞાનમય જીવનની ઝાંખી, અને ગૂઢ તત્ત્વ નામના ખંડોની વિચાર સામગ્રી 'જીવનપંથ ઉજાળનારો કાવ્ય સંગ્રહ' એવા ચોપડીનાં પૂંઠા પરના પરિચારક શબ્દોના સંપાદકે તેને માટે કરેલા દાવાને વાજબી ઠેરવે એવી છે. પત્રો જુદી જુદી વ્યક્તિઓને લખાયા છે એટલે કેટલીક પુનરાવૃત્તિ થાય છે, પણ પુસ્તક જેને ગમ્યું તેઓ તો માંહેના કથનને સ્થાણુંખનન ન્યાયે દઢાવવાનું કામ એ કરતી હોવાનું માની એનું દોષત્વ ક્ષમ્ય કોટિનું ગણાશે.

**(૨) શ્રી મનુભાઈ સૂબેદાર**

આ પુસ્તકના સુજ્ઞ લેખકને મળવાનું સદ્‌ભાગ્ય અમને પ્રાપ્ત થયું હતું. તેમનાં સરળતા અને સૌજન્ય બધી રીતે ઉપર તરી આવતાં હતાં. તેમનો આદર્શ તેમની ભવ્ય કવિતામાં ઠેકાણે ઠેકાણે તૈલધારાની જેમ દેખાઈ આવે છે.

સાધકને વખતોવખત સંશય અને દૌર્બલ્ય પોતાના રસ્તામાં ઊભા થાય છે ત્યારે ધીરજ અને શ્રદ્ધાથી ઈશ્વર ઉપર બધું છોડી દેતાં કેમ આપોઆપ સરળતા થઈ જાય છે તે મુખ્ય વાત તેમણે આમાં સચોટ કહી દેખાડી છે.

મુંબઈ, તા. ૨-૧૧-૧૯૪૪

# ૧૪. ‘શ્રીગંગાચરણે’

**(૧) શ્રી અનંતરાય મ. રાવળ**

પૂજ્ય શ્રીમોટાની આ કૃતિ એમની હિમાલયયાત્રાની પ્રસાદી છે. હિમાલય પર એમણે કરેલું ગંગોત્રીદર્શન આ કાવ્યનું નિમિત્ત કે પ્રેરકબળ બન્યું છે. ભગવતી ભાગીરથીનું આ મહિમ્નસ્તોત્ર છે.

ગંગામૈયાનાં પુણ્ય દર્શને કવિને ઊપજતી પ્રસન્નતા અને કૃતાર્થતાના ઉદ્ગારથી સ્તોત્ર શરૂ થાય છે અને પછી અંત લગી એના ઉદ્ગાતાના ભક્તિભાવનું એ વાહન બને છે. ‘મનને’માં સાધકનું આંતરમંથન અને ‘જીવન પગલે’માં કવિની જ્ઞાનદૃષ્ટિ વ્યક્ત થયેલ છે, તો આ ‘શ્રીગંગાચરણે’ તેમના ‘હૃદય પોકાર’ની માફક ભક્તિના ભાવનું કાવ્ય છે. જોકે એ પાછલાં બે કાવ્યો વચ્ચે એક સૂક્ષ્મ ભેદ રહેલો છે. ‘હૃદય પોકાર’માં ભક્ત સાધકની વ્યાકુળ પ્રાર્થના કે આર્ત પુકાર છે, જ્યારે ‘શ્રીગંગાચરણે’માં એને જે જોઈતું હતું તે મળી ગયા પછીની મનોભૂમિકાનું દર્શન થાય છે. આ દૃષ્ટિથી જોવું હોય તો કહેવાય કે ‘મનને’ અને ‘હૃદય પોકાર’ પૂજ્ય શ્રીમોટાની આગલી દશાની અને ‘જીવન પગલે’ તથા ‘શ્રીગંગાચરણે’ એમની કંઈક કૃતાર્થ કે વધુ જાણકાર દશાની કૃતિઓ તરીકે એકબીજાથી જુદી પડી જાય છે.

પણ ‘શ્રીગંગાચરણે’ને ભક્તિકાવ્ય કે સ્તોત્ર કહ્યું એનો અર્થ એ નથી કે એમાં એના કર્તાની જ્ઞાનદૃષ્ટિ નિષ્ક્રિય રહી છે. કર્તાને મન ઈશ્વરસાક્ષાત્કાર માટે જ્ઞાન અને ભક્તિ એ બે સાધનોના નોખા નોખા ચોકા અર્થ વગરના છે. એ તો બંનેના સુયોગના હિમાયતી છે.

ભીનું રાખે જેઓ મનહૃદયને જ્ઞાનભક્તિથી તુંમાં,
બતાવે છે એને તુજ સ્વરૂપની આપ પ્રત્યક્ષ લીલા. (પૃ. ૧૭)

હા, એટલું ખરું કે એકલા કોરા જ્ઞાનના કરતાં ભક્તિના એ વધુ પક્ષપાતી છે. એથી જ.

'ન રંગાયે બુદ્ધિ જહીં સુધી ખરી ભક્તિના રંગથી તે,
ન માને આવે તે મદદ ખપમાં પૂરી પિછાનવાને,
કર્યે કોરી બુદ્ધિ થકી જનનીની ખાલી વાતો, ન પામે,
રહ્યો ખાંડાધારે પથ, મરજીવા શૂર જે ભક્ત પામે.'

એમ તેઓ કહે છે. પણ આ કાવ્યમાં તો એમની જ્ઞાનદૃષ્ટિએ સારો ફાળો આપ્યો છે. નરસિંહરાવે જેમ 'ઈશ્વરકરુણા ખરે, વહી આ નદીસ્વરૂપે' કહી પાટણને પાદર વહેતી કુમારી સરસ્વતીને મૂર્તિમંત ઈશકૃપા તરીકે જોઈ અને વર્ણવી, તેમ આપણા કવિએ ગંગાને 'સ્થૂલ જલતણો માત્ર ખાલી પ્રવાહ' (પૃ. ૫) તરીકે જોઈ નથી, પણ

હજારો ને લાખો રૂપ અવનવાં માડી ! તારાં બધે છે,
બધાંનાંમાં મા ! જે સજીવન ભર્યું પ્રાણ ચૈતન્ય તું તે, (પૃ. ૫)

એમ સંબોધી અને 'રહેલી મા ગૂઢ સકળ સ્થળમાં સૂક્ષ્મ કેવી અગમ્ય !' (પૃ. ૨૧)

એમ કહી સ્તવી છે. કાવ્યમાંની મા કે જનની તે ગંગા એ તો સ્થૂળ અને પ્રાસંગિક વાચ્યાર્થમાં જ, બાકી તે તો છે સચરાચર વિલસતી વિશ્વની તંત્રસંચાલિકા પરમ દિવ્ય મહાશક્તિ વિશ્વજનની. કવિની જ્ઞાનદૃષ્ટિએ જ ગંગામાં એમને વિશ્વજનની 'મહામાયા' (પૃ. ૬-૮)નાં દર્શન કરાવ્યાં છે અને પરિણામે, ગંગાને સ્તવતાં જગન્માતાનું જ સ્તવન એમની પાસે ગવડાવ્યું

છે. વાચકોએ કર્તાની નજરે એમના કાવ્યને વાંચવું જોઈશે. તો જ કર્તાને અભિપ્રેત મર્મ ગ્રહી શકાશે.

આખા કાવ્યમાં કવિએ એ વિશ્વજનનીનો અને તેના શરણનો મહિમા જ ગાયો છે. માના વિના એકે અણુ પણ ખાલી નથી. એની ગતિ અકળ છે. એની શક્તિથી જ જગત અને માનવીના વ્યવહાર ચાલે છે :

હૃદે આકર્ષાયા વગર ન રહ્યું તું થકી માડી ! કોઈ,
નચાવે તું સૌને ખબર પણ રે' કોઈને કૈં ન એની,
ઈશારે સૌ ચાલે તુજ નયનના માનવી યંત્ર જેમ,
મહામાયા એવી મુજ જનનીને કોટિ કોટિ પ્રણામ. (પૃ.૭)

અને તે કેવી દયાળુ છે !

પહોળા મા હાથો કરી કરી ચહે બાળને ચાંપી લેવા,
જુઓ ! માડી કેવી તલપ તલસે બાળ કાજે હૃદેમાં, (પૃ.૧૧)

• • •

જવાનું મા પાસે ઢીંચણ ઘસડી જે કરે પ્રેમભાવે,
લઈ એને ચાંપી હૃદય સરસો માડી ભક્તિથી રંગે. (પૃ.૧૨)

સંસારના ત્રિવિધ તાપમાં અને ગમે તેવી મુશ્કેલીમાં ઘેરાયેલો હોય છતાં માનવી જો એને યાદ કરે તો તરત જ તેની વહારે ધાય એવી કૃપામયી છે. પણ મા કસોટીય ઘણી કરે એવી છે. બાળક ભૂલ કરે તો એને શિક્ષા કરવા જેટલી નિષ્ઠુર પણ બને છે. એની પાસે તપશ્ચર્યા વિના પહોંચાય એવું નથી. આધ્યાત્મિક સાધનાનું કપરાપણું તો એ શિખર મહામહેનતે ચડ્યા ત્યાં એની પછી આપણી હિંમતને પડકારતું વધુ ઊંચું શિખર આવે એવું છે (પૃ. ૧૫, ૧૬) છતાં માડીની કૃપા

યાચી હોય અને તે મળી હોય તો બધું પાર ઊતરે છે. સ્થૂળ તેમ સૂક્ષ્મ આધ્યાત્મિક ચઢાણના અર્થમાં લૂલાંને અને ભૂલેલાંને ગિરિશિખરે ચઢાવનારી તે દયામયી છે. પણ 'વિના ચાહ્યા કોને જનની ન મળે, મૂલ્ય આપ્યા વિના તે !' એ મૂલ્ય તે 'મન, મતિ, અહં, ચિત્ત અને પ્રાણ'માંથી રંગાયેલાં રાખી, એની શક્તિ વિના પોતે તણખલુંય હલાવવા શક્તિમાન નથી એમ જાણી, પોતાનું અહં વીસરી, અન્યથાભાવે માને શરણે જવું તે.

હશે જેમાં મારું હિત જરૂર તે આપમેળે જ દેશે,
ભરોસાથી સૂતો તુજ પર, હું તો સોડતાણી જ હૈયે. (પૃ.૨૨)

એ ભાવથી માનું શરણ ગ્રહનારને પછી મા કામધેનુ જ બને છે. (પૃ. ૨૧)

'જગે જેને માથે નિજ જનનીના પ્રેમનું છત્રછાંય,
બધી વાતે એના જહીં તહીં બધે સર્વ પોબાર થાય.'(પૃ.૧૨)

• • •

'અહં મૂકી પૂરું શરણ તુજમાં જે રહે પ્રેમભાવે,
બતાવે છે લીલા તુજ રમતની એહને મુક્તરંગે.' (પૃ.૧૩)

એના પ્રેયશ્રેયની બધી ફિકર પછી મા જ કરે છે. કવિને આ વાતની એટલી તો સ્વાનુભૂત ખાતરી છે કે આટલું ન સમજનાર સંસારી જનો પ્રત્યે કકળી ઊઠી,

'અરે ! દુઃખી લોકો, દુઃખમહીં સડી કાં રહ્યા છો નકામા ?
ઊભી છે પ્રત્યક્ષે જનની સમીપે, સાદ એને ન દો કાં ?
પડેલાં દુઃખોમાં જનની સ્તવશે, રે' ટકી તે જ ઊભો,
છતાં માને કોઈ સ્મરણ ન કરે, મા બિચારી કરે શું ?'(પૃ.૮)

આમ તેમને સંભળાવે છે. સંસારીઓએ તો કરવાનું છે આટલું જ-જીવનમાં મળી હોય તે પરિસ્થિતિમાં પ્રાપ્ત કર્તવ્યને 'મળેલું એ ક્ષેત્ર નિજ જનનીની ભક્તિકેરું' ગણી (પૃ. ૯ પહેલા બે શ્લોક, પૃ. ૧૮ છેલ્લા બે શ્લોક), મા પાસે જ ઊભી છે એમ માની, એનામાં શ્રદ્ધા અને ભક્તિ વધારવાં. કવિએ આ બધું બહુ ઉત્સાહપૂર્વક અને આત્મપ્રતીતિના રણકાર સાથે કહ્યું છે.

કાવ્યમાં આત્મલક્ષી ઉદ્‌ગાર ઘણા છે. એનું કારણ છે. કર્તા પોતે જે કંઈ ઉપર તારવ્યું તેવું કહે છે તેના પોતે અનુભવી છે. એમનું હૃદય ભક્તનું અને જ્ઞાનીનું છે. ગંગોત્રીનાં દર્શન વેળા અને પછી જે સંવેદન એમને થયું તેને વ્યક્ત કરવા અને ભગવતીનું કૃતજ્ઞભાવે ભાવાર્દ્ર સ્તવન ગાવા તો આ કાવ્યનો જન્મ છે. ગંગાદર્શને થતો આનંદ અને કૃતકૃત્યતાનો ભાવ, માની કૃપાવૃષ્ટિનો અનુભવ, પોતાનો શરણભાવ, માની કૃપાના ભાગી બનવાથી ઊપજતી ખુશાલી અને ખુમારી, મા જે અનુભવો કરાવે છે એનાં અનેક સૂચનો, કાવ્યમાં વારંવાર ગદ્‌ગદકંઠે થતું જણાતું માને સંબોધન અને તેની અમીદૃષ્ટિની થતી યાચના : આ બધાંમાં ભક્ત કવિ પોતાના હૃદયને જ ઠાલવે છે. ઘડીક પોતાના હૃદયભાવોને આમ વ્યક્ત કરે, ઘડીક સ્વસ્થ ચિત્તે માતૃમહિમા અને શરણમહિમા ગાય, ઘડીક સંસારી જનોને ઉપદેશ આપવા મંડે, ઘડીક માને સંબોધવા મંડે, એવું કવિએ આ કાવ્યમાં કર્યું છે. વળી, પોતે કેવો તો અધમ કે જડ કે પામર હતા અને સ્તુતિવિષય દેવે પોતા પર કેવી કૃપા કરી એ દર્શાવતા ઉદ્‌ગારો જે ભક્તિસ્તોત્રોમાં સ્વાભાવિક હોય છે તેવા આ કાવ્યમાંય અવારનવાર વચમાં તેમ અંતના શ્લોકોમાંય

છે. ભક્તિસ્તોત્રની આપણે ત્યાંની પ્રણાલિકા આ રીતે આ કાવ્યે પૂરી પાળી ગણાય. એક બીજી રીતે જોઈએ તો, કાવ્યમાં આવતી શરણભાવની સૈદ્ધાંતિક વાતનું યથાયોગ્ય મૂર્ત દૃષ્ટાંત કે ઉદાહરણ બની જાય છે તેના લેખકનો જ તેમાં વ્યક્ત થતો શરણભાવ. અને આમ કવિ પોતે જે કંઈ લખે છે તેના અનુભવી છે તેથી એમણે લખેલી એકેએક પંક્તિ સાર્થ અને સાચી માનવાની છે, વાચ્યાર્થમાં તેમ જ તેના વ્યાપક સૂક્ષ્મ અર્થમાં. એમણે જ્યાં સંચાર કર્યો છે તે પ્રદેશમાં પગલાં જેનાં થયાં હશે તેઓને આ કહેવું પડે તેમ નથી. થતા સાધકોની શ્રદ્ધાને દૃઢાવે અને તેમનો પંથ અજવાળે એવી સૂચનસામગ્રી પણ આ કાવ્યમાં સારા પ્રમાણમાં છે.

પણ ‘શ્રીગંગાચરણે’ના લખનારને હું ‘કવિ’ ‘કવિ’ કેમ કહ્યા કરતો હોઈશ ? એમણે પોતે કવિયશ પ્રાર્થ્યો નથી, કે કવિ તરીકે પોતાને માન્યા કે ગણાવ્યા નથી. ‘જ્ઞાનીને કવિમાં ન ગણીશ’ એ અખાની પંક્તિ અહીં યાદ આવી જાય છે. પદ્ય કે કવિતા તો એમને મન સાધન છે, એમનું સાધ્ય તો છે અંદર નિરૂપાયેલ ભાવની અભિવ્યક્તિ (Expression) જ. એના પર નજર રાખનારને માટે જીવનસંસ્કારક ઉન્નતિકર સામગ્રી અહીં ઓછી નથી. કાવ્યકલાની કે શુદ્ધ સાહિત્યની દૃષ્ટિએ આની આંકણી કરવાની જરૂર જ નથી. એમ છતાં શિખરિણી-મંદાક્રાંતાના મિશ્રણનો એમણે પોતના ભાવકથનને માટે કરેલો પ્રયોગ નોંધપાત્ર ગણાય તેવો છે. છંદ કર્તાને અનાયાસ સિદ્ધ છે અને તજ્જ્ઞ એ નથી એમ ભલે કહેવાયું, પદ્યરચના પર એમનો કાબૂ ઘણો અને સારો છે. એમની આગલી કૃતિઓ

પણ આના સમર્થનમાં ટાપશી પૂરશે. જપમાળાના ૧૦૮ મણકા અને મેર જેવા આ કાવ્યના ૧૦૦ શ્લોકોની પદ્યરચના સરળ અને પ્રવાહી છે, અને તે સારા એવા પ્રમાણમાં. શબ્દો જરૂરી તેટલા જ અને સાદા તેમ જ વિશદાર્થ છે. અને વાક્યાન્વય ક્યાંય સંકુલ કે ક્લિષ્ટ નથી.

## ૧૫. 'જીવન સંગ્રામ'

**(૧૯) શ્રી અનંતરાય મ. રાવળ**

ગદ્યમાં લખેલા 'જીવન સંગ્રામ'માં જીવનમાં આવી પડતા સંઘર્ષ અને આફતોની વિકાસ અર્થે અનિવાર્યતા અને પ્રભુપ્રેરિતતા સિદ્ધ કરી, બહારનાં અને અંતરનાં યુદ્ધ વેળા વિકાસેચ્છુ સાધકજીવે કેવાં વલણ અને વર્તન રાખવાં તે સરળ ભાષામાં સમજાવ્યું છે. ભગવાને અર્જુનને ગીતાબોધ યુદ્ધભૂમિ પર કેમ કર્યો તેનો ખુલાસો આમાંથી મળી રહે છે એમ લેખકે બતાવ્યું છે. જીવનનો પૂરો સ્વીકાર, કર્મયોગ અને ભક્તિયોગ એ સર્વનો સંવાદભર્યો મેળ સાધવાનો એમનો સંદેશ આ પુસ્તકમાં પણ લેખકે આપ્યો છે. પુસ્તકનો સાર તેની આ છેલ્લી લીટીઓમાં આવી જાય છે : 'અજ્ઞાની કે જ્ઞાની, સર્વ કોઈના જીવનમાં જીવનની સર્વ પ્રકારની ભૂમિકા પર યુદ્ધ તો રહેલું જ છે, અને માનવી એ યુદ્ધનો જે રીતે સ્વીકાર કરે છે અને જે હેતુથી અને જે ભાવનાથી તેમાં પોતે પરોવાય છે, તેના પર એનો જીવનવિકાસનો આધાર રહેતો હોય છે. યુદ્ધ વિના મંથન નહિ. મંથન વિના કશાનો ઉકેલ નહિ. આમ, યુદ્ધથી જ જીવનનું વિકસન અને ઊર્ધ્વારોહણ થયું છે. એ કારણે શ્રીભગવાને અર્જુનને યુદ્ધના ક્ષેત્ર પર બોધ આપ્યો છે.'

# ૧૯. 'નર્મદાપદે'

### (૧) શ્રી કલ્યાણજી વિ. મહેતા

'નર્મદાપદે'ની કદે નાનકડી કાવ્ય પુસ્તિકા ગુણે બહુ મોટી છે. એક સંતાત્માના કવિહૃદયમાંથી પ્રગટેલી આ કાવ્યકૃતિ છે, એ એની વિશેષતા તો છે જ, પણ એક ભવ્ય અનુભૂતિમાંથી એનું પ્રાગટ્ય થયેલું છે, એ વાત અતિ મહત્ત્વની છે. પૂજ્ય મોટાએ કાવ્યસાહિત્યમાં લગભગ ત્રણ ડઝન પુસ્તકો ગુજરાતને આપ્યાં છે, એ તો હવે જાણીતી વાત છે. તેમાં આ પુસ્તિકાની આ ત્રીજી આવૃત્તિ થઈ છે તે બતાવે છે, કે લોકમાનસને રુચે એવું તત્ત્વ એમાં છે.

માતૃભક્તિની ઉચ્ચ ભાવના સાથે 'વસંતતિલકા' છંદમાં લખાયેલા આ કાવ્યમાં કાવ્યોચિત ગુણો પણ છે. છંદ પ્રવાહી છે, અને ભાષા ગૌરવવંતી છે. 'નર્મદા' ગુજરાતની જ નહિ, પણ સમગ્ર ભારતની પાવન લોકમાતા છે. અનેક ભારતીય સરિતાઓ જ્યારે શહેરોના કારણે અપવિત્ર જેવી થઈ ગઈ છે, ત્યારે નર્મદાની પવિત્રતા આજે પણ જળવાઈ છે. એની પરકમ્મા કરનારા હજી પણ હજારો લોકો છે. એને કાંઠે સાધુસંતોનો વાસ છે, અને દેવમંદિરો પણ મોટી સંખ્યામાં છે. એના કિનારે આવેલાં અફાટ જંગલો અને રાની પશુઓ પણ ત્યાં મસ્ત થઈને ફરતા રહે છે. ક્યાંક એ સાંકડી છે, ક્યાંક વિશાળ સાગર જેવી છે. ક્યાંક પર્વત તોડીને એ વહે છે, ક્યાંક મંદ ગતિ છે, તો ક્યાંક એનો ઘુઘવાટ ડરામણો છે. આરસના પહાડોની સાંકડી કેડીમાંથી પસાર થતી નર્મદાનાં ચાંદનીમાં જે સુંદર દૃશ્યો સર્જાય છે, તે નર્મદાની સુંદરતા દર્શાવે છે. આમ,

એનાં અનેક સ્વરૂપો જોવા મળે છે. આ બધાં સ્વરૂપોનું સુંદર અને રસાળ વાણીમાં આ કાવ્યમાં દર્શન થાય છે, અને જાણે આપણે 'નર્મદા'ની સાથે સાથે પ્રદક્ષિણા કરતાં કરતાં ફરતાં હોઈએ એમ લાગે છે.

ગુજરાતના સંત કવિ પૂજ્ય મોટાની આ કાવ્યપ્રસાદી વાચકોમાં પવિત્રતા, ભક્તિ અને જ્ઞાન પ્રગટાવવામાં સહાયક થશે એવો મને વિશ્વાસ છે.

**(૨) શ્રી નગીનદાસ પારેખ**

'નર્મદાપદે'નો ઉદ્‌ભવ શ્રીમોટાના જીવનને પલટી નાખનાર એક અતિભૌતિક ઘટનામાંથી થયેલો છે. એવા ચમત્કારો વિશે ઘણી વખત આપણે સાંભળીએ છીએ. એથી નાના ચમત્કારો કોઈના હાથમાંથી કંકુ નીકળવું, છબીમાંથી ભસ્મ નીકળવી, ઓરડામાં ચંદનની સુવાસ ફેલાઈ જવી, વગેરે મેં પ્રત્યક્ષ પણ જોયા છે. પણ એનાથી મારું મન પ્રભાવિત થતું નથી અથવા એને તે તે વ્યક્તિની આધ્યાત્મિક પ્રગતિ કે ઉન્નતિ સાથે અવશ્ય સંબંધ હોય જ છે, એવું પણ મને લાગતું નથી. તેમ મને એનું કોઈ આકર્ષણ નથી. બીજે પક્ષે, આ બધું ખોટું કે છલના છે, એવું પણ હું કહી શકતો નથી.

પોતના જીવનને નકામું સમજી તેનો અંત આણવા એમણે નર્મદામાં પડતું મૂક્યું. પણ નર્મદાએ એમને સ્વીકાર્યા નહિ અને દુનિયામાં-જીવનમાં એમને પાછા મોકલ્યા અને ત્યારથી એમની દૃષ્ટિ જ નહિ, સમગ્ર જીવન પલટાઈ ગયું. એમનામાં આત્મશ્રદ્ધા જાગી અને ભક્તિ પ્રગટી.

પોતાનું નવું દર્શન અને 'જીવન' આપનાર નર્મદામૈયા

પ્રત્યે જાગેલી કૃતજ્ઞતા અને ઊભરાતી ભક્તિ એમણે અહીં પદ્યમાં વહાવી છે. એમાં એમણે નર્મદાને પોતાનો પ્રાપ્ત ધર્મ આચરતી અને એમ ધ્યેયમાં સમાઈ જતી સાધિકા તરીકે જોઈ છે. નર્મદા એમને ઉત્સાહ, પ્રગતિ-ઝંખના, ધ્યેયનિષ્ઠા, ધીરજ, નમ્રતા, સેવાપરાયણતા, સમતા, આત્મશ્રદ્ધા, એકાગ્રતા વગેરે ગુણોના નિધાનરૂપે દેખાય છે અને એ ગુણો પોતામાં આવે એવી અભિલાષા એમણે સેવી છે. પાછલા ભાગમાં નર્મદાનાં વિવિધ સ્વરૂપોનાં વર્ણનો પણ આવે છે. એમને નર્મદાએ આપેલો સંદેશ એમણે આ રીતે રજૂ કર્યો છે.

જીવો અસંખ્ય જગમાં જીવીને મરે છે,
કીડા જ કાદવતણા સમ સૌ રહે તે,
તે પંકમાં કમળ કોઈ કદી ઊગે છે,
તું શોભશે અવર સર્વથી તેવી રીતે. ...૪૧
જે આદર્યો સતત યજ્ઞ ચલાવજે તે,
મંજિલ તારી હજી દૂર સુદૂર ક્યાંયે,
જેવો પ્રવાહ મુજ જાય અખંડ વ્હેતો,
તેવું વહી વિલીન તત્ત્વમહીં થઈ જા. ...૪૨
ઊંચી નીચી લહરી જેમ સમુદ્રકેરી,
છે મૃત્યુજિંદગીતણી પલટાતી વારી,
કિંતુ વહે જ્યમ સમુદ્ર અગાધ નીચે,
તેવું વહે અમર જીવન સર્વ કાળે. ...૪૩
તેને જ 'બ્રહ્મ', 'પ્રભુ', 'ચેતન' કે 'પુરુષ'
નામો અનેક થકી ઓળખતા જ એક,

'વ્યક્તિત્વને ત્યજી બધું જ સમાઈ જા ત્યાં,
તું મારી જેમ કર,' એમ કહ્યું મને મા ! ...૪૪

વસંતતિલકામાં વહ્યે જતી આ કૃતિ વાંચતાં મને જે કેટલાક પડઘા સંભળાયા તે હું અહીં નોંધવા માગું છું.

૨૧મા શ્લોકમાં મને

करारविन्देन पदारविन्दं मुखारविन्दे विनिवेशयन्तम् ।
वटस्य पत्रस्य पुटे शयानं बालं मुकुन्दं मनसा स्मरामि ॥

નો પડઘો સંભળાય છે.

૫૨મા શ્લોકમાં મને

सत्यपि भेदापगमे नाथ तवाहं न मामकीनस्त्वम् ।
सामुद्रो हि तरंगः क्वचन समुद्रो न तारंगः ॥

શ્લોકનો પડઘો સંભળાય છે.

૫૭મા શ્લોકમાં મને 'ગીતાંજલિ'ના નીચેના ગીતનો પડઘો સંભળાય છે.

આમિ બહુ વાસનાય પ્રાણપને ચાઈ
વંચિત કરે બાંચાયે મોરે
એ કૃપા કઠોર સંચિત મોર જીવન ભરે.
એ જે તવા દયા જાનિ જાનિ હાય,
નિતે ચાઓ બલે ફિરાઓ આમાય,
પૂર્ણ કરિયા લબે એ જીવન
તવ મિલનેરિ યોગ્ય કરે.
આધા ઈચ્છાર સંકટ હવે બાંચાયે મોરે.
(મારી ઈચ્છાનો નવ પાર,
વંચિત કરી રક્ષ્યો, કરી મુજપે કૃપા કઠોર કૃપાળ.

જાણું નાથ કૃપા એ તારી
લેવા માટે મૂકે છે કાઢી,
પૂર્ણ કરી લેશે આ જીવન, મિલનતણી છે વાર,
અર્ધી ઈચ્છાના સંકટથી રાખી મુજને બહાર.)

૬૪મા શ્લોકમાં મને ધ્રુવની સ્તુતિનો પડઘો સંભળાય છે.

योऽन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्तां
संजीवयत्यखिल शक्तिधरः स्वधाम्ना ।
अन्यांश्च इस्तचरणश्रवणत्कगादीन्
प्राणान्नमो भगवते पुरुषार्थ तुभ्यम् ॥

૯૬ મા શ્લોકમાં

क्षणे क्षणे यन्नवतामुपैति
तदेवरुपं रमणीयतायाः । નો પડઘો સંભળાય છે.

ગંગા, યમુના, નર્મદા વગેરે નદીઓ વિશે સંસ્કૃતમાં રચાયેલાં અનેક મનોહર સ્તોત્રો મળે છે. બંગાળીમાં દ્વિજેન્દ્રલાલ રાયનું 'પતિતોદ્ધારિણી ગંગે' ખૂબ જાણીતું છે. એ બધાંની હારમાં બેસે એવી તો નહિ પણ એ વર્ગની આ કૃતિ ગણાય. એમાં નર્મદા પ્રત્યેની હૃદયની ભક્તિ સરળ ભાવે વહેતી અનુભવાય છે. અંતે

'તારા સમું જીવવું એ સ્તુતિ સાચી માતા
ઉત્સાહ ને ધૃતિ, કૃપા, બળ દે સદા મા !'

એટલું માગીને લેખક નર્મદાની પેઠે મૌન ધારી લે છે.

## ૧૭. 'અભ્યાસીને'

**(૧) શ્રી ઈશ્વરભાઈ પટેલ**

ચારિત્ર્ય વિનાના જીવનનો કશો અર્થ નથી, માટે જ પૂજ્ય શ્રીમોટાએ જીવનને અને સમાજને ઉન્નત કરે એવી

ભાવનાપ્રેરક, શક્તિપ્રેરક અને ગુણવિકાસ પ્રવૃત્તિઓને હંમેશાં પ્રોત્સાહન આપ્યું છે, એવી મારી સમજ છે. નૈતિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ નરવા સમાજનું સર્જન કરવા માટે જનહૃદયમાં ઉદાર ભાવો અથવા પરાક્રમ, સાહસ, ધૈર્ય, ત્યાગ, સહિષ્ણુતા આદિ ગુણો જન્મે અને દૃઢ બને એ જરૂરી છે એવું, એમણે જીવન અને જગતમાં જે જોયું અને અનુભવ્યું તેમાંથી એમને પ્રતીત થયું હશે, અને એ પ્રતીતિ જ એમની સર્વ પ્રવૃત્તિઓની પ્રેરક અને ધારક બની હશે એમ માનવું ખોટું નથી. અનુષ્ટુપના ૧૦૯ શ્લોકમાં અભ્યાસીને એમણે જે બોધ આપ્યો છે, તેમાં મારી ઉપર્યુક્ત સમજને સમર્થન મળે છે.

'ગુણ ને ભાવ જેનાથી જન્મે ચારિત્ર્ય જીવને
તેવા અભ્યાસનું ભાન જાગજો નિત્ય વર્તને.'

આરંભના આ શ્લોકમાં પૂજ્ય શ્રીમોટાએ અભ્યાસનો મહિમા ગાયો છે, પણ ગણતર વિનાનું ભણતર મિથ્યા છે એવી લાલબત્તી પણ એમણે ધરી છે, એટલું જ નહિ પણ-

'ગોખી ગોખી જ પ્રશ્નોના માત્ર ઉત્તર આપવા,
એને અભ્યાસ જે જાણે, ભણ્યો ન તે, ભણ્યો છતાં.'

એમ કહીને ગોખણિયા પદ્ધતિ પરત્વે પોતાની નાપસંદગી બતાવી વર્તમાન પરીક્ષા પદ્ધતિમાં રહેલી ગંભીર ક્ષતિનો જાણે કે નિર્દેશ કરી દીધો છે ! ગોખેલા ઉત્તરોથી પરીક્ષામાં ઉત્તીર્ણ કદાચ થવાતું હશે, પણ એનાથી ચારિત્ર્યનું ઘડતર કદાપિ થતું નથી, અને

'વિના ચારિત્ર્ય અભ્યાસ, અભ્યાસ ખપનો ન તે,
અભ્યાસે જીવતાં શીખે મરીને, તે ભણ્યો ખરે.'

તો આવા અભ્યાસ માટે અભ્યાસીએ શું કરવું ઘટે ? એનો ઉત્તર પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તિકામાં સરળ છતાં શિષ્ટ અને લયબદ્ધ ભાષામાં આપ્યો છે. અભ્યાસી એ ઉત્તરને બરાબર સમજી લઈ જીવનમાં ઉતારે એમાં આ પુસ્તિકાનું સાર્થક્ય છે.

મનુષ્યે ધ્યેય નક્કી કરી એને સિદ્ધ કરવા અમુક ગુણો કેળવવા આવશ્યક છે. જિજ્ઞાસા મનુષ્યને પ્રવૃત્તિમાં પ્રેરે છે. જાગૃત માનવી વિવેક, ખંત, ઉદ્યોગ આદિ વડે હેતુસિદ્ધિ પ્રતિ આગળ વધવા માંડે છે. માટે 'જાગે છે તે જ જીવે છે' પણ એકવાર જાગ્યા પછી પ્રમાદ સેવવાનો ન હોય.

'પ્રમાદ સમ બીજો કો શત્રુ જીવનનો નથી,
ટાળી શકે ન જે તેને સાચો અભ્યાસી ના ગણો.'

પ્રમાદ એ મરણ છે. અપ્રમાદ અમરત્વ છે. એવું ઉપનિષદકાલીન ઋષિનું પણ વચન છે. પણ અપ્રમાદ શાને વિશે ? પૂજ્ય શ્રીમોટાના નીચેના બે શ્લોકો સાચા જીવનનાં જાણે કે લક્ષણો બાંધી આપે છે.

'નિશ્ચય, બળ, ઉદ્યોગ, ખંત, ઉત્સાહ, ધારણા
-કેળવી કેળવી ગુણો પામે તે આત્મપ્રેરણા.
સમર્પણ, બલિદાન, ત્યાગ, યજ્ઞપરંપરા
પામે તે પ્રગટાવીને જીવને તે ઋતંભરા.'

અભ્યાસ વડે આમ જીવનના ઋતના આપણે સૌ અધિકારી બનીએ એવી પ્રેરણા આ પુસ્તિકામાંથી સર્વ કોઈ અભ્યાસીને મળી રહેશે એવી મારી શ્રદ્ધા છે.

## (૨) શ્રી વિરંચિપ્રસાદ મ. ત્રિવેદી 'સારસ્વત્'

પૂજ્ય મોટાએ પોતાની નાની પુસ્તિકામાં માનવમાત્ર માટે 'અભ્યાસી' શબ્દ વાપર્યો છે. અને જે અભ્યાસી નથી અથવા નિમ્ન કોટિનો અભ્યાસી છે તેને કેવી રીતે કેળવી શકાય, તેનામાં કયા ગુણોનો અભાવ પ્રવર્તે છે, અને તે ગુણો કેવી રીતે કેળવી શકાય, જો તે વ્યક્તિ આ પ્રકારના ગુણો કેળવી અભ્યાસી ના બને તો તેને કેવો માનવો, અભ્યાસીની કક્ષા મેળવે તો તે કેવી સ્થિતિ પ્રાપ્ત કરે છે, વગેરે અનેક પાસાંઓનો અભ્યાસ 'અભ્યાસીને'માં એક આદર્શ અભ્યાસીએ આપ્યો છે.

પોતાના વિચારોના સમર્થન માટે, અભ્યાસીને અસર કરતાં અન્ય પાસાંઓ તરીકે પૂજ્ય મોટાએ આ પુસ્તકમાં યથોચિત પ્રમાણમાં જીવન, જગત, કર્મ, ધર્મ, ફરજ, વ્યક્તિત્વ, પ્રતિભા, ગુણાવગુણની ચર્ચા કરી છે. વ્યક્તિગત દૃષ્ટિકોણથી વિચારીએ તો આ ગુણની પ્રાપ્તિ કરવાની સંમતિ આવે. તેનાથી ગતિ, પ્રગતિ અને ઉન્નતિનાં શિખરો સર કરી માનવજીવન સાફલ્ય મેળવી શકે. જો સામાજિક દૃષ્ટિકોણથી વિચારીએ તો સમાજના પાયામાં વ્યક્તિ હોવાથી 'વ્યક્તિ તેવો સમાજ', 'યથા પિંડે તથા બ્રહ્માંડે'-ની જેમ વ્યક્તિના ઊંચા સ્તર દ્વારા સમાજનું સ્તર પણ ઊંચું આવી શકે. આમ 'અભ્યાસી' એ અનેક હેતુઓના કેંદ્રમાં છે. અને અનેક હેતુ પાર પાડી શકાય તેવી શક્યતાઓ પૂજ્ય મોટાએ આ નાની પુસ્તિકારૂપી ગાગરમાં સાગરની વ્યાપક સમગ્રતાએ નિર્દેશી છે. ગીતા અનેક ઉપનિષદોનું દોહન છે, તેવું 'અભ્યાસીને' માટે કહું તો તે અતિશયોક્તિ નહિ લેખાય. જો માનવમાત્રને 'અભ્યાસી' ગણવો

હોય તો દરેક માણસે ‘અભ્યાસીને’ના અભ્યાસી થવું જોઈએ. જગતની નિશાળમાં, જીવનની પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે આ પુસ્તિકા દીવાદાંડીરૂપે છે.

સાચો અભ્યાસી કોને કહેશો ? એના જવાબમાં પૂજ્ય મોટા તેનાં લક્ષણો જણાવે છે કે તેનામાં પોતાના ધ્યેયને પ્રાપ્ત કરવા માટેની તમન્ના, તે માટેનો પુરુષાર્થ, ઉત્સાહ, ખંત, ઉદ્યમ, ઉલ્લાસ હોવો જોઈએ. તેની અધોગતિ તરફ નહિ, પણ તેની પ્રગતિ તરફ તે કર્મરત હોવો જોઈએ. તે દરેક વસ્તુનો સદુપયોગ કરતાં શીખતો હોવો જોઈએ. તેવા મનુષ્ય માટે સફળતા સહજ છે.

ભાષાકીય દષ્ટિએ જોવા જતાં ૧૦૯ કડીના અનુષ્ટુપ છંદના આ કાવ્યની ભાષા સરળ છતાં ભાવપોષક છે. તેમાં ભાવની અભિવ્યક્તિ સચોટ છે. શામળની જેમ પૂજ્ય મોટા પણ ‘સાદી ભાષા, સાદી કડી, સાદી વાત વિવેક’માં માનતા હોય તેમ લાગે છે. કાવ્યમાં યથોચિત ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક અને દષ્ટાંત જેવા અલંકારો જોવા મળે છે. તે પણ વિચાર અને ભાવના સમર્થન માટે જરૂરી છે. આ નાની કવિતામાં પૂજ્ય મોટાએ મોટામાં મોટી વાત કહી બોધ આપ્યો છે, માટે તેને બોધકાવ્ય કહી શકાય. તેના શબ્દ સરળ અને બોલચાલની ભાષાના હોવાથી સહેજ પણ ક્લિષ્ટતા હોય એવો સંશય ઊપજતો જ નથી.

સરળ ભાષામાં રસિક રીતે કવિતાના ભાવમાં રજૂ કરેલી આ ભાવના માનવમાત્રને પંથે જવા પ્રેરે તેવી છે.

# ૧૮. 'જીવન સોપાન'

**(૧) શ્રી હેમંતકુમાર નીલકંઠ**
**શ્રી નંદલાલ શાહ**

આપણા સાહિત્યમાં ઉપદેશ આપવાની અનેક રીતો છે. પંચતંત્રાદિમાં આવતી જાણે કે પશુઓ વિશેની જે વાત હોય એવી સરળ વાર્તામાં, પુરાણાદિમાં ધાર્મિક કથા દ્વારા, ચિત્રો અને મૂર્તિઓમાં શ્રીભગવાનનાં પ્રતીકોના આલેખન દ્વારા, તથા દેવદાનવોનાં યુદ્ધોનાં દૃષ્ટાંતો દ્વારા પણ શાસ્ત્રકારોએ ઉપદેશ દેવાનો પ્રયત્ન કરેલો છે. નીતિ અને વૈરાગ્યશતક જેવા શ્લોકોમાં પણ એ જ હેતુ રહેલો છે. આ બધા કરતાંયે ધર્મની ભાવનાને સમજાવવાની તથા સાધનામાર્ગમાં સહાયક થાય તેવાં રચનાત્મક સૂચનો આપીને અને એ માર્ગમાં આવતાં ભયસ્થાનો પ્રતિ આંગળી ચીંધીને અંગત પત્રો દ્વારા એ જ હેતુ સાધવાનો પ્રકાર કોઈ અનોખો છે. પત્ર દ્વારા આવી ધાર્મિક સમજણ પ્રેરાવવા કાજેનું સાહિત્ય આપણી ભાષામાં ખેડાયેલું નથી, પણ આવી પત્રવહેવારની રીતમાં એક વિશિષ્ટતા એ છે કે તેમાં આપોઆપ પરસ્પરનાં હૃદયનું અનુસંધાન થાય છે, એટલે તે આપણાં મનહૃદયને તેમ જ કોઈ બીજા વાંચનારનાં મનહૃદયને પણ સ્પર્શતી હોય છે. જેટલો અંગત સંબંધ હૃદયનો વધારે ભાવભર્યો હોય અને ઘનિષ્ઠ હોય તેટલા પ્રમાણમાં લખાણનું મર્મ અને હાર્દ વાંચનાર વધુ સારી રીતે ગ્રહણ કરી શકે છે, એમ અમને નમ્રપણે લાગે છે. વળી, પત્ર લખનાર સીધેસીધું સામા જીવને સંબોધીને લખતો હોય છે એ ખરું,- અને તેથી તો લખાણમાં આપોઆપ હૃદયનો ભાવ ઢોળાવાથી તેમાં

અસરકારકતા વિશેષ આવે, પણ માત્ર જેને લખાયો હોય તેને, એક જ વ્યક્તિને, ઉપદેશ દેવાની નેમવાળો તે નથી હોતો, એટલે પણ આવી જાતનું સાહિત્ય કેવળ અંગત રહેતું નથી. પ્રત્યેક સાધકની મુશ્કેલીઓ, તેને નડતાં વિઘ્નો, તેના સ્વભાવની અશુદ્ધિઓ, તેને મળતાં પ્રલોભનો, તેને કરવા પડતા સામનાના પ્રકારો, વગેરેમાં ઘણું મળતાપણું પણ હોય છે, તેથી પણ આવા પત્રવહેવારમાં વાચકને લાભકારક અને યોગ્ય લાગે એવું ઘણું આપોઆપ આવી જાય. ખાસ કરીને એટલા માટે કે લખનાર સામા જીવના આધારની સમગ્રતાનો ખ્યાલ રાખીને અને તેને ઉદ્દેશીને લખતો હોય છે.

પત્ર એ પરસ્પરની ભાવનાને સંકળાવનારું એક ઉત્તમમાં ઉત્તમ સાધન છે. તે લખતી વખતે હૃદયમાં વાંચનારના દિલ પરત્વે આપણે જે ભાવના પ્રેરાવવી છે, તેની જીવતીજાગતી ચેતનાત્મક, એકાગ્ર અને કેંદ્રિત ધારણા જો રખાઈ હોય તો તેવી ધારણાપૂર્વકની ભાવના વાંચનારના દિલને ભગવાનની કૃપાથી સ્પર્શે પણ છે, એવા અનુભવ થયા છે. વળી, એવી ભાવના જો સાચે સાચ જીવતાજાગતાપણે રખાઈ હોય તો તેની સચોટતા ભાષામાં પણ વ્યક્ત થાય છે. તેમાં એક પ્રકારની સરળતા છે, તેનું સરળ સરળ વહેવાપણું સહેલાઈથી સમજી શકાય તેવું તથા સુતરું સુતરું બધું નીકળ્યા કરતું હોય એવું અનુભવાયું છે.

લેખકની આ લેખન પદ્ધતિમાં અનોખી કળા, એક ‘અર્પૂવતા’,-જે અસલના વખતમાં કોઈ પણ નવા ગ્રંથ માટે એક અનિવાર્ય લક્ષણ ગણાતું- તે અમને ઉપરનાં કારણોસર લાગી છે. અમારા જેવા આ આધ્યાત્મિક બાબતમાં તદ્દન

અણઘડ જીવોને એમની સાથેના સંબંધમાં આવ્યા પછીથી, અને તેમની અમારા ઉપરની પત્રલેખનની ધારાથી, આધ્યાત્મિક ક્ષેત્રની ઘણી સમજણ મળેલી છે. આજે કંઈ પણ તેવા પ્રકારનું કોઈ સંતમહાત્મા પુરુષનું લખેલું સાહિત્ય વાંચતાં તેમાં કશું ખાસ નવું અમને લાગતું નથી અને તેવું બીજું સાહિત્ય ઠીક ઠીક અમે વાંચ્યું પણ છે. તેમાંથી ઘણુંયે મળતાપણું છે અને વળી તદ્દન સરળ, બહુ ઓછું ભણેલાંને પણ સમજાય એવી સાદી ભાષામાં લખાયેલું આ પત્રોમાં નીતરી આવેલું છે.

લેખક સાથે ઘણાં વરસથી બહુ પાસેનો પરિચય હોવાથી અંગત માહિતીનું જ કથન છે કે લેખકે ગુજરાત હરિજન સેવક સંઘમાં ઘણાં વરસ સુધી અવિરત શ્રમ લીધા કર્યો છે. સવારથી તે રાતે સૂતાં સુધી કામ એટલું રહેતું કે કશું પણ વાંચવાની શક્યતા ન હતી, અને લેખકને તો ઈચ્છા જ ન રહેતી, તેથી કોઈ પણ દિવસ કોઈ પણ ધાર્મિક કે આધ્યાત્મિક સાહિત્યનું કે બીજા સાહિત્યનું પુસ્તક વાંચતાં કોઈએ લેખકને જોયા નથી, એ અંગત અનુભવની હકીકત છે. તેમ છતાં જ્યારે તેમણે સ્વજનોને સાધનાના વિષયમાં માર્ગદર્શન કરવા સારુ લખવા માંડ્યું ત્યારે અગાઉ એવું કશું જ એમણે વાંચ્યું નથી એ જાણને લીધે એમના લખાણમાંથી અનુભવનું નવનીત નીતરતું જોઈને તથા એ લખાણ બીજા સંત-ભક્તો, યોગી, કે મહર્ષિના લખાણને ઘણી બાબતમાં મળતું આવતું જોઈને અમને સાનંદાશ્ચર્ય થયું. દા.ત., પત્રવહેવાર પણ સાધનાનો એક વિશિષ્ટ પ્રકાર છે, એવા એમના વક્તવ્યને પણ આવી જાતનું સમર્થન મળેલું છે.

શ્રીગીતાજીમાં કહ્યું છે કે :-

मच्चिता मद्गतप्राणा बोधयन्तः परस्परम् ।
कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च ॥
तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥

તેનો અનુભવ અમને એમનું લખાણ વાંચવાથી અને એમના પૂર્વજીવનની ખબર હોવાથી પ્રત્યક્ષપણે થયો છે.

આમ, પત્રલેખન દ્વારા ધાર્મિક ભાવના પ્રેરવવાની એક જુદી જ શૈલી છે. તેમાં એક જ વિષયને લક્ષમાં રાખી તેને વિશેનું બધું જ નિબંધરૂપમાં આપી દેવાની સળંગતા નથી હોતી, પણ તેથી જ નિબંધમાં આવી જતી શુષ્કતા પણ તેમાં નથી હોતી. આપણા સંસ્કૃત સાહિત્યમાંયે નિબંધ-સાહિત્ય દ્વારા ધાર્મિક ઉપદેશ ફેલાવવાની પ્રથા ન હતી કે નહિ જેવી હશે. એનું એક કારણ એ પણ હોય કે નિબંધ બુદ્ધિને સ્પર્શે છે અને વાર્તા કે પત્રલેખન હૃદયને સ્પર્શે છે અને હૃદય દ્વારા મળેલી આધ્યાત્મિક સમજણ વિશેષપણે સાધકમાં ખૂંપે છે, કેમ કે તેમાં સામા જીવને જે કહેવાનું હોય તે સીધેસીધું કહેવામાં આવે છે. બંને જીવો વચ્ચે ભાવના હોવાથી એક પ્રકારની માર્દવતા પણ તેમાં પ્રગટે છે, અને આ માર્દવતા વાચકને લાગ્યા વિના રહેતી નથી. ‘જીવન મંડાણ’ના વાચકને આવો અનુભવ થયા કર્યો છે, કેમ કે પત્રો હોવાથી ઉપદેશ એ માત્ર ઉપદેશ નથી રહેતો, પરંતુ ભાવનાનો પ્રવાહ વહેતો હોય અને તેમાં આપણે સરળપણે વહેતાં જતાં હોઈએ અને એક પ્રકારનો રસાસ્વાદ ભોગવતા હોઈએ એમ લાગે છે.

ધાર્મિક ભાવના મનબુદ્ધિ દ્વારા પ્રેરાવવામાં આવે તો જેટલા પ્રમાણમાં ગ્રહણ થઈ શકે છે, તેના કરતાં ઘણા વધુ પ્રમાણમાં જ્યારે હૃદય દ્વારા કોઈને સંબોધવામાં તથા સ્પર્શવામાં આવે છે ત્યારે ગ્રહણ થાય છે, એ સત્ય સામો જીવ ખૂબ જ જીવકક્ષાનો હોય તોપણ લાગુ પડે છે. પત્ર વાંચતાં વાંચતાં આંખમાંથી અશ્રુઓ પણ કેટલીક વાર સરી પડે છે, અને લેખક પત્રોમાં જીવને 'ઠોક' આપે છે, તે ભલેને અંગત હોય, તેમ છતાં બધા જીવોમાં નિમ્ન પ્રકારની પ્રકૃતિ પણ સર્વવ્યાપી હોવાથી તે બધાંને લાગુ પડે છે, તેથી પ્રત્યેક વાચક જાણે તે પોતાને જ લાગુ પડે છે તેમ અનુભવે છે. આવી રીતે એકને લક્ષમાં રાખીને લખાયેલો પત્રવહેવાર આપોઆપ સર્વાનુલક્ષી બને છે અને સર્વને સ્પર્શે છે.

**(૨) ડૉ. શ્રી અરુણોદય જાની**

પૂજ્ય શ્રીમોટાનું 'જીવન સોપાન' પણ આવી જ અનુભવીની વાણી છે. એક સાધક બહેનને આધ્યાત્મિક ક્ષેત્રે ઉન્નતિનાં સોપાનો ઉપર ચઢાવવા માટે પૂજ્યશ્રીએ આ પત્રો દ્વારા માર્ગદર્શન આપ્યું છે.

પ્રસ્તુત પત્રો 'સાધના કરનાર દરેક જીવને લાગુ પડે તેવા છે. 'તું' સર્વનામ એ તો માત્ર પ્રતીકરૂપે છે.' (પૃ.૨૦૪). એટલે કે જેમ ભગવાન શ્રીકૃષ્ણે अर्जुनं निमित्तीकृत्य જગતને ગીતારૂપી અમૃતનું પાન કરાવ્યું હતું, તેમ પૂજ્યશ્રીએ એક બહેનને નિમિત્ત બનાવી તમામ સાધકોને પોતાના અનુભવના નવનીતનું પાન કરાવ્યું છે. તેઓ યોગ્ય જ કહે છે કે 'તારા ઉપરના કાગળો તો સર્વસામાન્ય છે. તે તને ભલે લખાયેલા

હોય પણ તે બધા સાધક સ્વજનને ઉદ્દેશીને લખાયેલા છે, કે જેથી બધાંને તે ખપ પણ લાગે.' (પૃ.૨૮૨).

પત્રલેખન એ એક વિશિષ્ટ સાહિત્યપ્રકાર પણ છે. એટલું જ નહિ, પરંતુ 'તે સાધનાનો પણ પ્રકાર છે. હૃદય હૃદયને મળવાનો તે ઉત્તમ પ્રકારનો મોકો છે.' (પૃ.૨૦૪).

આમ, પત્ર દ્વારા સાધકના હૃદયને મળીને, સમજીને તેને ઉત્તરોત્તર ઊર્ધ્વક્રમણ કરાવવાનો પૂજ્યશ્રીનો આ પ્રયોગ પૂજ્યશ્રીની સાધકો પ્રત્યેની મમતા અને વાત્સલ્યનું ઉત્તમ ઉદાહરણ છે.

આ પત્રો દ્વારા પૂજ્યશ્રીએ સાધનાનાં અનેક રહસ્યો ખુલ્લાં કર્યાં છે અને તે પણ શાસ્ત્રની જટિલ પારિભાષિક શબ્દજાળ વડે નહિ, પરંતુ વાંચનારના દિલમાં એકદમ ઊતરી જાય એવી સરળ અને સ્પષ્ટ ભાષામાં છતા કર્યાં છે. તે આ ગ્રંથની વિશિષ્ટતા છે.

● ● ●

પૂજ્યશ્રીની સાધના પ્રણાલી ભક્તિમાર્ગીય છે. નામસ્મરણ અને પ્રભુપ્રાર્થના એ બે એના પાયા છે. એના દ્વારા મનઃશુદ્ધિ થઈ મન અંતર્મુખ બને, અને વિચારોની શૃંખલા ધીમે ધીમે શિથિલ થઈ જાય એ પ્રકારનો સતત અભ્યાસ કરવાનું પૂજ્યશ્રી વારંવાર સૂચન કરે છે. મનુષ્ય પોતાનાં મન, બુદ્ધિ, પ્રાણ, અહંકાર, ચિત્ત વગેરે કરણોને શુદ્ધ બનાવી અપરા પ્રકૃતિના પંજામાંથી કેવી રીતે મુક્ત થઈ શકે છે તેનું પણ વિશદ પ્રતિપાદન પૂજ્યશ્રીએ આ પત્રોમાં કર્યું છે.

તેમાંય ગુરુની ચેતનાનો મહિમા તો પૂજ્યશ્રીએ અનેક સ્થળે

બિરદાવ્યો છે. સાધક, ગુરુની સાથે હળી, મળી, ભળી, ગળી તદાકાર તન્મય બને છે ત્યારે જ એને ગુરુની ચેતનાના સામર્થ્યનો સાચો અનુભવ થાય છે. પૂજ્યશ્રીને મન ગુરુનું ચૈતન્ય પરમાત્માથી જરાય જુદું નથી. ગુરુ સાથે તદાકાર થયેલા જીવને આવો જ સાક્ષાત્કાર થાય છે, એમ પૂજ્યશ્રી રજૂ કરે છે. પૂજ્યશ્રીના ગુરુપણાનો આ આત્મભાવ 'જ્યાં જ્યાં મનમાં થાક લાગે, સંતાપ થાય, કંટાળો ઊપજે કે ત્રાસ લાગે તો આ 'મોટા' મરી પરવાર્યો નથી. એને હૃદયમાં પ્રાર્થનાભાવથી પ્રગટ કરવો. એનાથી હૃદયમાં હામ, બળ, ભાવ, પ્રેરણા, ધીરજ આદિ તને મળશે એમ તું જરૂર અનુભવી શકશે.' (પૃ. ૧૬૯) આ શબ્દોમાં છતો થઈ જાય છે, પરંતુ બીજી જ ક્ષણે તેઓ પોતાની લાક્ષણિક નમ્રતા પ્રગટ કરતાં લખે છે- 'આપણો આધાર તો કરુણાસાગર કૃપાનિધિ, હજાર હાથવાળો શ્રીભગવાન છે.' (પૃ. ૧૬૯)

ગ્રંથની ભાષા મોટે ભાગે સરળ, રોચક અને પ્રવાહી છે, છતાં કોઈ કોઈ સ્થળે વિષયની ગંભીરતાને કારણે તે ગંભીર પણ બની જાય છે. તેથી કેટલીક જગાએ સાધિકા બહેનને કેટલાંક વાક્યો ન સમજાતાં પૂજ્યશ્રી પાસે ખુલાસા માગ્યા છે.

વળી, પત્રાત્મક શૈલીને કારણે કેટલીક જગાએ પુનરુક્તિ પણ થઈ છે. પૂજ્યશ્રી તે પ્રત્યે સભાન છે જ અને સત્ય જ કહે છે કે 'એકની એક વાત ઘણી વાર લખવાની મારે બને છે, તેથી તે હકીકત વધારે ઊંડી ઊતરે અને એનું મહત્ત્વ જીવથી સમજાય એવો હેતુ તેમાં હોય છે.' (પૃ.૨૮૬)

## ૧૯. 'જીવન પ્રવેશ'

**(૧) શ્રી હેમંતકુમાર નીલકંઠ**
**શ્રી નંદલાલ શાહ**

**'જીવન સોપાન'**ના કાગળો જે જીવને સંબોધીને લખાયેલા છે, તે જીવને આ ચોપડીના પહેલા પાનાંથી ૧૫૦ પાનાં સુધીના પત્રો લખેલા છે. ૧૫૧થી ૨૧૭ લેખકનાં ભાવનાનાં માસીબાને લખેલા કાગળોનું લખાણ છે. ૨૧૮ થી ૨૫૬ સુધી સંપાદકનાં પૂજ્યશ્રી બહેન તથા બનેવીને જે કાગળો લખ્યા છે, તે છે. પૂજ્ય શ્રી પ્રતાપરાયજી મારા બનેવી થાય. તેઓ સરકારી નોકરીમાં ફર્સ્ટ ક્લાસ સબ જજની સ્થિતિમાં હતા. તેમને ઉપનિષદાદિ શાસ્ત્રોનો ઘણો સારો અભ્યાસ હતો, અને જીવનવિકાસને કાજે તેઓ શ્રીભગવાન રમણ મહર્ષિ પાસે કેટલાંક વર્ષો પણ રહેલા. શાસ્ત્રના દીંટાની પણ જેને ખબર નથી એવા આ લેખક તેમની સાથે આધ્યાત્મિક વિષયના પત્રવહેવારમાં રહ્યા કરેલા. સંસ્કૃતનું એટલું ઊંડું જ્ઞાન ના હોવા છતાં અને શાસ્ત્રનો અભ્યાસ ના હોવા છતાં તેઓ જે રીતે જવાબ વાળતા તેમાંથી જરૂર સંતોષ વળતો. પાનું ૨૫૬ થી જુદા જુદા જીવોને જે કાગળો લેખકે લખ્યા છે, તે છપાયેલા છે. સને ૧૯૩૭ના કાગળો (પાનું ૨૫૬ થી ૨૭૨) લેખકના સાધનાકાળમાં લખાયેલા હોવા છતાં, તે કાગળોનાં લખાણમાં તત્ત્વાનુભવની કોઈક અમુક પ્રકારની દૃઢભૂમિ જાણે નીતરતી હોય એવો સ્પષ્ટ અનુભવ થાય છે. લેખકે અમારી સાથે ઘણાં વર્ષો સુધી જીવન ગાળ્યું છે અને તેઓ કોઈ જાતની તર્ક-દલીલો, વાદવિવાદ કે જીભાજોડીમાં પડેલા નથી. તેમને બધાંની સાથે

બનતું. બને ત્યાં સુધી તો બૂમો પાડતા અને કૂદતા, એવા તે કાળના તે લેખકનું સ્મરણ આજે પણ નજર સમક્ષ તાદૃશ થાય છે. ગૂજરાત વિદ્યાપીઠમાં શિક્ષક તરીકે રહેતો ત્યારે લેખક મને જોરથી બૂમો પાડતા અને તે સાંભળી વિદ્યાર્થીઓ મારી ઠેકડી ઉડાવતા. ઘણું ખરું તો તેઓ મૌનપણે જ પોતાનું કર્મ કર્યા જ કરતા. અને કર્મમાં પણ તે સવારથી રાતના ૯-૩૦ સુધી એકધારું રત રહ્યા કરતા. એટલે તેમણે જે મૌન વિશે લખેલું છે, તે માત્ર પોથીમાંનાં રીંગણાં નથી. કંઈ પણ કશા મત વિશે કે રાજકીય બાબતોમાં તેમણે કદી કશી ચર્ચા કરેલી નથી. અને પોતે જે કર્યા કરતા હતા તે વિશે તો મુદ્દલે એક હરફ પણ અમારા કોઈની આગળ કાઢેલો નથી. તે વેળાના લેખક અને આજના લેખક-તેમાં તો આસમાન જમીનનો ફરક છે. કેટલાક કાગળો લેખકે પોતાના ભાવનાના વડીલ સ્વજનોને લખેલા છે. તેમાં તેમણે તે વડીલો પરત્વે હૃદયનો સદ્ભાવ ધરાવતા હોવા છતાં તેમને જે કહેવાનું છે, તે એટલું બધું સચોટપણે અને મક્કમતાથી કહેલું છે, તેમ છતાં તેમાં પ્રેમભક્તિપૂર્વકની નમ્રતાની છાપ તે લખાણમાં તરવરતી સ્પષ્ટ માલૂમ પડી આવે છે. લેખકને જ્યારે કંઈક તે તે જીવોના કલ્યાણમાં કહેવાનું સાંપડે છે, ત્યારે તે વિના સંકોચે તેમ કરી શકે છે. તે પણ તે કાગળોમાંથી આપણને સ્પષ્ટ જણાઈ આવે છે.

## ૨૦. 'કેશવચરણકમળે'

### (૧) શ્રી નંદલાલ ભોગીલાલ શાહ

આ ચોપડીમાં છપાયેલાં છે, તે બધાં ભજનો લેખકે તા. ૮-૬-૧૯૨૭થી બોલવા માંડ્યાં હતાં. તેઓ જતાંઆવતાં,

હરતાંફરતાં, આ ભજનો ગાયા કરતા. તેના સાક્ષી આજે પણ ઘણા હયાત છે. હિંદુસ્તાનની પુણ્યભૂમિ કદી પણ સંતવિહોણી બની નથી અને બનવાની નથી, પરંતુ આ યુગમાં માનવીની બુદ્ધિ પ્રપંચી વધારે બની છે, તે કાળે એવા યુગપુરુષોમાં કોઈનું મન જઈ શકતું નથી. જનસમાજમાં સંત લોકો વિશેની અમુક અમુક પ્રકારની સમજણ રહેલી છે અને તે સમજણને માપે અને ધોરણે તે તેવાને માપે છે. વળી, સમાજની ઘેલછા અને અંધશ્રદ્ધા આ બાબતમાં તેમને જીવનમાં નવો માર્ગ પ્રેરાવવાને યોગ્યપણે શક્તિમાન થતી નથી. સંત એક જ પ્રકારના કે અમુક જ વર્તનવાળા હોય એવું કશું નથી. સર્વ કોઈની વ્યક્ત થવાની રીત નોખી નોખી રહે છે. સંત, એ જગત ઉપરના વ્યક્ત પ્રભુ છે. એ હકીકતનો પુરાવો તો માત્ર તે બાબતના જે અનુભવી હોય તે જ આપી શકે. તેઓ આપણી ધારેલી રીતે જગતની સેવા નથી કરતા, તે ઉપરથી તેઓ જગતનું કલ્યાણ નથી કરતા એમ માનવું એ નર્યું અજ્ઞાન છે. સેવા અમુક જ રીતે થઈ શકે છે એવું કશું નથી, પરંતુ કશુંક તો લક્ષણ હોવું ઘટેને ? જેના આશ્રય વડે કરીને જીવનનો સર્વ ભાવે અને સર્વ રીતે વિકાસ થતો અનુભવાય તો તે આશ્રયસ્થાન સર્વ રીતે તેને માટે સંપૂર્ણ યથાર્થ ગણી શકાય. આ લેખકને તેવા કોઈ સંતથી નામની તેવી દીક્ષા મળી છે, એવું તે આ પુસ્તકની ગઝલ નંબર ૭માં સ્પષ્ટપણે કબૂલે છે. વળી, જીવનમાં મળતી સર્વ પરિસ્થિતિ તેના તેના જીવનના વિકાસને માટે સર્વ પ્રકારે યોગ્યતાવાળી છે અને જીવનમાં મળેલા સંબંધો એ પણ કોઈ ને કોઈ હેતુપૂર્વક મળેલા હોવાથી દિલની સાચી તમન્ના પ્રગટતાં ભગવાનભાવે

તે તે ધર્મ આચરવાનું કર્યા કરતાં તેમાંથી આપોઆપ તે જીવાત્માને મુક્તિ મળે જ છે. વળી, ભગવાન સચરાચર છે. એટલે માનવીના જીવનની ભૂમિકા પાકટ યોગ્યતાવાળી થતાં ભગવાન તેને ઘેર બેઠે ગુરુ મોકલે છે, એ બધી હકીકતની સાક્ષી આ લેખકનું જીવન પૂરે છે.

**બધો જીવનનો થાક જેના શીતળ છાંયડે,**
**ખંખેરી માનવી નાખે એવું તો સંતવૃક્ષ તે.**

એવું આ ભજનોના લેખકે એક ઠેકાણે ગાયું છે અને તે તેમને મન હકીકતની વાત છે. સંત કે ગુરુને માટે પોતાના જીવનની ભૂમિકા શુદ્ધ કર્યા વિના જ્યાં ત્યાં બધે રખડવું એ એક પ્રકારનું મનની છેતરામણ છે. જે પોતાને મદદ કરે છે અને જીવનમાં મળેલો જીવનનો યોગ્ય ધર્મ સંપૂર્ણ અદા કરે છે અને તેમાં જ જે ભગવાનની ભાવના દઢાવે છે એને સંત કે ગુરુ, કૃપા કરવાના જ છે, એમ શ્રેયાર્થીએ માનીને જીવનમાં વર્તવાનું છે.

જનસમાજ, સંતજીવનના ચમત્કારોમાં જાણેઅજાણે ઘણું મહત્ત્વ આપે છે. ચમત્કાર જોવા જઈએ તો અને તેવી સમજણ જાગી હોય તો સ્થળે સ્થળે જોવા મળે છે. માનવીનું શરીર એ ચમત્કારથી ભરેલું છે. સૂર્ય, ચંદ્ર, તારા, આકાશ, પૃથ્વી એ બધું ચમત્કાર જ છે, પરંતુ જે કોઈને માનવીથી કરીને જો જીવનની વિચારસરણી અને ભાવના સમષ્ટિ-જીવન-ધર્મને તારનારી કે ઊંચે લાવનારી ન બની શકે અથવા તો તેવો માનવી જીવનમાં એવી રીતે ન ઊઠતો હોય તો તેનામાં તેવું માનવામાં ક્યાંક ભ્રમણા છે એમ જરૂર જાણવું. જ્ઞાન, ભક્તિ,

યોગ કે ધ્યાન, એ ઘાણીએ જોડાયેલા બળદની આંખે જેમ ચામડાના ડાબલા બાંધે છે તેના જેવા નથી. એ તો નવું જીવન પ્રેરનાર છે તથા સામાન્ય માનવી જે કરી શકવાને શક્તિમાન નથી થતો, તે કરવાને પ્રભુકૃપાથી તે સહજપણે તેના જ એકમાત્ર આશ્રયે જે રહે છે, તેવાને તે સતત પ્રેરાવ્યા કરે છે. એવાના જીવનમાં તેની યોગ્યતાનાં કોઈક ને કોઈક લક્ષણો તો વ્યક્ત થયા વિના રહેતાં નથી, પણ એ તો લાંબા પરિચયને અંતે જ સમજણ અને અનુભવમાં આવે. જો કોઈને જાણવો કે સમજવો હોય તો તેને માટેનું ભક્તિભર્યું હૈયું જોઈશે. તે એક જરૂરી અંગ છે. ભક્તિ એટલે ઘેલછા નહિ, પરંતુ જીવનની ભાવના પરત્વે ગુંદરની જેમ ચીટકી રખાવનાર કોઈક અમોઘ અને અગમ્ય એવી હ્રદયની પ્રેરક ગતિવાહક શક્તિ. એવી ભાવના કદી સ્થિતિસ્થાપક નથી હોઈ શકતી. તેમ જ જીવનને કદી પણ સલામત સ્થિતિમાં રહેવા દેતી નથી. એટલું જ નહિ પરંતુ જીવનને એ રીતે જ પરિશીલનમાં રાખ્યા કરવાનું જેણે રાખ્યું છે, તેને અનેક જાતના જુદા જુદા પ્રસંગોમાં મુકાઈ જવું પડે છે અને તે તે કાળે તેની અગ્નિપરીક્ષા થતી હોય છે. એ પ્રત્યેક પ્રસંગનો હેતુ હોય છે. એવી રીતે જે માનવી આવી પડેલાં કર્મોમાં, પ્રસંગમાં, સંબંધોમાં, પરિસ્થિતિમાં તેમનો તેમનો જે ધર્મ હોય તથા તે વિશેનો જીવનને ઘડાવા માટેનો જે યોગ્ય હેતુ હોય તેને તેને હ્રદયથી સમજીને તે બધું ભાવપૂર્વક કર્યાં કરીને ભગવાનને ચરણે કૃતકૃત્ય થવાને કાજે નદીનાં પૂરની જેમ ભાવ અને ઉત્સાહ સાથે સમર્પણ કર્યાં કરે છે, તેવો જ માનવી એકમાત્ર જીવનને પામી શકશે. ભાવનાનું,

જીવનને અંગે મળતાં કર્મમાં, અનુશીલન અને તે તે કર્મનાં અનેક પાસાંઓમાં તેનું યોગ્ય પરિશીલન જેને સ્ફુર્યા કરે છે, તે માનવી સતત હૃદયથી હૃદયમાં ચેતતો અને જાગૃત રહી શકે છે. એવા ચેતેલા જીવાત્માઓમાં જ સત્‌અસત્‌ને પારખવાની, અનુભવવાની યોગ્ય વિવેકશક્તિ જન્મે છે. એવી વિવેકશક્તિમાં તટસ્થતા, સમતા, સ્થિરતા, શાંતિ, પ્રસન્નચિત્તતા આદિ ભાવનાઓ સમાયેલી જ છે. એટલે કે જે માનવીજીવનમાં આવી જાતના ગુણવિકાસને મહત્ત્વ આપ્યા કરીને ભગવાનની કૃપામદદથી જીવનને વિકસાવવાની તમન્ના સેવ્યા કરે છે, તેને ગુરુ કે સંત શોધવા જવાની જરૂર પડવાની નથી. આ કઠણ (અનેક અર્થમાં કઠણ) કાળમાં કોઈને પણ શોધ્યા સંત કે ગુરુ મળી શકે તેમ નથી અને અનુભવે કરીને જેની દૃષ્ટિ, વૃત્તિ અને વલણ એવા સંતપુરુષમાં થયેલાં છે, તે જ તેને સાચી રીતે સમજી અનુભવી શકવાના છે. બાકી, કોઈ જીવનના ધ્યેયને સમજ્યા વિના કે નક્કી કર્યા વિના આમતેમ આથડશે, તે તો યદ્વાતદ્વા જ રહેવાના છે.

સંતપુરુષને પણ જગતના લોકો અનેક આશા-ઇચ્છાઓથી સેવ્યા કરે છે તે યોગ્ય નથી. તેમની તેવી ઇચ્છાઓ તે પૂરે છે એવું કેટલાંકનું દૃઢપણે માનવું હોય છે, પરંતુ તે ખાલી તેમની તેમની પોતાની જ તેવી વૃત્તિ છે. બાકી, સ્વતંત્રપણે તેવું કશું હોતું નથી. અને એવી આશા-ઇચ્છાથી તેમનું પડખું સેવવું એ અજ્ઞાનની પરાકાષ્ઠા છે અને અજ્ઞાનમાં ભમવા જેવું જ છે. અને જેમ ભારે ગીચ જંગલની ઝાડી હોય ત્યાં સૂર્યનાં કિરણ પણ જઈ શકતાં નથી, એ તો સૌ કોઈએ અનુભવેલી વાત છે.

એમ, અજ્ઞાનમાં તેવા લોકોનો કશો પાસ બેસી શકતો નથી. તેવા સંસારી લોકને તેમનું માપ કાઢવાનો કશો અધિકાર નથી.

એવા સંત-અવધૂતમાં પ્રભુભાવના સ્તવનરૂપે આ ચોપડી છે. વાચક ભક્તિભાવે આને વાંચશે તો તેમાં કાવ્યનું રમ્યપણું ભલે ન લાગે તોપણ તેનામાં હૃદયની ભાવના સ્ફુરવાની જ છે એમ લાગે છે.

**(૨) શ્રી અનંતરાય મ. રાવળ**

'કેશવચરણકમળે' લેખકે પોતાની ઈશ્વરસાધનાના એક અંગ તરીકે ગાયેલી અને તેમના જીવનવિકાસની એ સમયની ભૂમિકાનો પરિચય કરવાનું એક સાધન બનતી ૧૨૩ પ્રાર્થનાઓ પદ્યરૂપે, કેટલીક ગઝલરૂપે અને કેટલીક શાર્દૂલવિક્રીડિત વૃત્તમાં લખાયેલી છે. લેખકના ભક્તહૃદયે પોતાનું ઈશ્વરદર્શનનું ધ્યેય ઝટ પૂરું ન થતાં અનુભવેલી અકળામણ, નિશ્ચિત ધ્યેયે પહોંચવાની તેની ઉત્કટ તમન્ના અને શ્રદ્ધા તેનું ઈશ્વરપ્રણિધાન અને ભગવાનને બારણે તેણે આ પ્રાર્થનાઓ દ્વારા કરેલી ઠોકાઠોક અહીં આયાસ રહિત પદ્યરચનામાં અભિવ્યક્તિ પામેલ છે. પ્રાર્થના એટલે ભગવાન સાથે વાતચીત એમ કોઈએ કહ્યું છે. આ પ્રાર્થનાઓમાં ભગવાનને જ જેણે પોતાનો એકમેવ વરેણ્યશરણ્ય માન્યો છે એવા ભક્તલેખકે એની આગળ બધી પેટછૂટી વાત કરી છે. સમાનશીલો અને ઈશ્વરાભિમુખોનાં હૈયામાં આ પ્રાર્થનાઓ અવશ્ય પડઘા પાડશે.

## ૨૧. 'જીવન સંદેશ'

**(૧) મુનિ શ્રી સંતબાલ**

આ **'જીવન સંદેશ'** ગ્રંથ શ્રી હેમંતકુમાર પાસેથી સાંભળ્યો.

આ જ લેખકના અંગત જીવનની અને એમનાં ઓળખીતાં સ્વજનો સાથેના સંબંધિત જીવનની વાતો જાણી. પત્રો અને કાવ્યોરૂપે લખાયેલાં લખાણનાં આજ સુધી પુસ્તકરૂપે પ્રગટ થયેલાં આ પહેલાંનાં દશે પુસ્તકો જોઈ ગયો. મને લાગ્યું છે કે આ પુસ્તક એ બધાં લખાણોના દોહનરૂપે સત્ત્વરૂપે અને છતાંય થોડોક ભાગ બાદ કરીએ તો બાકીનો સાવ નવીન અને કેટલોક ભાગ તદ્દન મૌલિક છે. **આથી, હું આને સાધકો માટેનું સ્મૃતિશાસ્ત્ર લેખાવતા અચકાતો નથી.**

આ લખાણના મૂળ લેખક પોતાના કથનમાં સંપૂર્ણ સત્યનો દાવો કરતા નથી, એમાં પરિવર્તનને અવકાશ છે એમ સ્વીકારે છે, અને એમના જ અંગભૂત ગણાતા જનો ઉપર લખાયેલું આ લખાણ છે. એટલે આ લખાણમાં થયેલો સ્વાનુભવ અને નમ્રતા ભર્યાં છે. એટલે આ બે લક્ષણોવાળાં લખાણો સમાજને ઘડવામાં જેટલે અંશે ઉપયોગી થશે તેટલે અંશે તે સ્મૃતિશાસ્ત્રના નામને ચરિતાર્થ કરશે. આ લખાણોને આમજનતા આગળ તુરંત મૂકવામાં જે જોખમ છે તે જોખમને આ લખાણના મૂળ લેખકની ઉત્તરોત્તર જાગૃતિ અને જેમને નિમિત્તે આ લખાણ નીપજ્યાં છે, તે પરિચિત સાધકોની સાવધાની એ જોખમ નિવારશે એવી અપેક્ષા છે.

હું સમજ્યો છું, તે મુજબ લેખકની માન્યતા આ છે :-

જીવન એક સંગ્રામ છે અને એથી જ સાધનાના કુરુક્ષેત્ર ઉપર રહેલા મનરૂપી અર્જુનનું ગુરુ એટલે અંતરમાં રહેલા ઊર્ધ્વભાવ અથવા પ્રેમરૂપી પ્રભુભાવ આગળ સારથિપણું સ્વીકારાવીને જગતરૂપી જળમાં તરવા માટે પ્રથમ પોતાનાં

પુરુષાર્થ અને શ્રદ્ધા બંને જાગૃત રાખવાં. શ્રદ્ધાની દઢતા વધ્યે છેવટે તો 'कुर्वन्नपि न करोति' અથવા 'अकुर्वाणोऽपि कुरुते' જેવી સહજ દશા થશે.

આથી, સાધના માટે તેઓ વ્યાખ્યા આ જાતની બાંધે છે :- સાધના એટલે ભક્તિ, જ્ઞાન, ધ્યાન અને કર્મમાર્ગનો સમન્વય, એમ કહે છે. આગળ જતાં 'ભક્તિ એટલે ભાવનાનો ધોધ. જ્ઞાન એટલે એ હેતુ. ધ્યાન એટલે એમાં એકાગ્રતા અને કર્મ એટલે બધાંને સુયોગ્ય સુમેળ રીતે વર્તવાનો પટ.' એમ પણ વદે છે.

લેખકનો ભાવનાધોધ હિમાલયની પુત્રી ગંગા નદીથી માંડીને **'કેશવચરણ'** સુધી પહોંચી પાછો વળી પોતાની જન્મદાત્રી જનેતાને ચરણે અંજલિરૂપે ઢળે છે અને એની ગતિ તીવ્ર છતાં એટલી નમ્ર બની જાય છે કે પોતાને માર્ગદર્શક ગણતા સેવકો આગળ પણ એ ચરણ ચૂમવા ટળવળે છે :—

—અને પરિણામે એમની ભક્તિ, એમનું ધ્યાન, એમનો યોગ, એમનાં કર્મ આ માત્ર નાની સરખી સ્વજનમંડળીમાં કેંદ્રિત બને છે. ત્યાગની દૃષ્ટિએ આ મહાન ત્યાગી છે. તપની દૃષ્ટિએ આ મહાન તપ છે. એકમાત્ર ભયસ્થળ છે અને તે 'સંતોનાં દુર્ગમ વર્તન' અને 'પૂર્ણપુરુષ' જેવા લેખોમાં તરી આવે છે. ગુરુવાદને બે બાજુ છે. તે પૈકીની એક ગુરુવાદમાંથી ફળનારાં અનિષ્ટોને આ લખાણમાં ઢાલ મળી જાય તેવું છે, પરંતુ સાથે સાથે સમસ્ત માનવી સ્વભાવનું દિવ્ય રૂપાંતર કરવું અને પળેપળ સક્રિય રહેવું એવી જે જવાબદારી ગુરુ અથવા સંતની એ લેખોમાં દર્શાવાઈ છે, તે તરફ ધ્યાન રહે તો એ ભયસ્થળથી ઊગરી જવાય તેમ છે.

સાંભળવા પ્રમાણે આ ગ્રંથના લેખક પોતાનાં આ સ્વજનોના ઘરકલહના સ્થૂળ નાનામોટા પ્રશ્નો કે કલહોથી માંડીને તેમના આંતરિક હુમલાઓ સુધી ચોકી રાખે છે. છતાં નમ્ર રહે છે અને આત્મીયતા વધારે છે. 'યુગ્મભાવના', 'જગતની વાસ્તવિકતા', 'સુખદુઃખ અને આસક્તિ', 'વ્યષ્ટિમાં સમષ્ટિનો ઉકેલ', એવા લેખોમાં ભારોભાર મૌલિકતા જણાય છે. 'ઉદારમાનસ', 'વિવેક', 'સ્મૃતિ', 'શ્રદ્ધા', અને 'સહિષ્ણુતા' વગેરે લખાણોમાં પ્રવાહ, રોચકતા અને સૌંદર્ય જોઈ સાહિત્યિક અને સાંસ્કૃતિક બંને દૃષ્ટિએ સુંદર છાપ પડે છે.

'ઈશ્વર જ બધું સંભાળે છે ?' 'સાધકોનું માંહોમાંહેનું વર્તન', 'સાધકનું નોકરો પ્રત્યેનું વર્તન' વગેરેમાં ઠીકઠીક ચાબખા દેખાય છે અને કાવ્યોમાં કવિતા કરતાંય વિચારપ્રચુરપણું વધુ અને નમ્રતાભર્યો અભિન્ન સ્નેહ તરવરે છે. છેવટે,

**'મળેલો ધર્મ જે હોય, એને ઉવેખીને બીજે,**
**ધર્મ મેળવવા જાય, એને ધર્મ નહિ મળે.'**

આ પંક્તિ ગુંજી રહે છે.

મહાત્માજી જતાં આજે આપણા દેશમાં જે શક્તિ વેરવિખેર થઈ રહી છે, તેને સાંકળવા અને દેશને માટે લૉર્ડ માઉન્ટબેટને જે ઉચ્ચ ભાવિ ઉચ્ચાર્યું છે. તેને સફળ બનાવવા જે સાધકબળ ઉપયોગી થવાનું છે, તેમાં આવાં યોગ્ય હાથે લખાયેલાં લખાણ ગુજરાતી ભાષા જાણતી જનતાને રૂપિયા આના પાઈથી મપાતા જીવનને કે ઉપલક ક્રિયામાં કે કર્મકાંડમાં મનાતા ધર્મને સાચા સ્વરૂપે સમજવાની દિશામાં વાળવામાં ઉપયોગી થશે, એ વિશે મને શંકા નથી.

## (૨) શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય

ઉત્તમ સમાજસેવકની પ્રતિષ્ઠાને પાત્ર એક સંતનું 'જીવન સંદેશ' એક પુસ્તક છે. જીવનના અધિષ્ઠાતા પરમ ચૈતન્યરૂપ પરમાત્માને તત્ત્વતઃ પ્રીછનાર એવા આ સંત છે. આ ગ્રંથ યશને માટે અથવા સાહિત્યમાં સ્થાન પ્રાપ્ત કરવા માટે લખાયેલો નથી. આ ગ્રંથની વાણી જીવનના પ્રત્યક્ષ અનુભવનો પડઘો માત્ર છે.

આ ગ્રંથમાં બે વિભાગ છે. ગદ્ય અને પદ્ય.

ગદ્ય-

આ ગ્રંથનું ગદ્ય વસ્તુસ્પર્શી છે. પોતે જે અનુભવ્યું છે તે વાચક હૃદયથી સ્વીકારી તે ગ્રહણ કરી લે એટલી જ તેની અપેક્ષા છે. શબ્દ અને અર્થની વિષમતા આ ગદ્યમાં નથી. 'ગુરુ અને સાધક', 'પૂર્ણપુરુષ' એ આ ગ્રંથના મુખ્ય ગદ્ય લેખો છે. 'ગુરુ અને સાધક' એ લેખ આધ્યાત્મિક માર્ગે ચઢેલા જિજ્ઞાસુઓને ખૂબ જ મદદરૂપ નીવડે તેવો છે. જીવન-સાક્ષાત્કારના પરિણામે બુદ્ધિ, હૃદય આદિ કરણોનું કેવું દિવ્ય રૂપાંતર થાય છે, તેની પ્રતીતિ આ ગ્રંથના લેખો કરાવે છે. લેખક સાક્ષર નથી, પરંતુ લેખકના જ્ઞાનની સંગીનતાનો સામનો કરવા કોઈ સાર સમર્થ નથી. આ ગ્રંથના લેખો સંપૂર્ણ પ્રતીતિ કરાવે છે કે જ્ઞાનપ્રાપ્તિનું સાધન ગ્રંથો, શાળાઓ કે મહાશાળાઓ નથી, પરંતુ જીવનનો સાક્ષાત્કાર જ છે, કેમ કે જે સાક્ષાત્કારના પરિણામે જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એ ત્રિપુટી એક બને છે.

લેખો વાંચતાં પોતાના અનુભવોનો લાભ અન્યને આપવા લેખકને કેટલી બધી ઉત્કટતા છે, તે પ્રત્યક્ષ થાય છે. આધ્યાત્મિક વ્યક્તિઓને સમાજવિરોધી કહેનારા ભૌતિકવાદીઓની માન્યતા કેટલી બધી પાયા વિનાની છે, તે આથી સાબિત થાય છે.

આ ગ્રંથના ગદ્ય લેખો સૌ સામાન્ય વાચકો હકીકતે સમજશે એમ માનવું વધારે પડતું ગણાશે. પર્વતની તળેટીમાં ઊભા રહેલા લોકોને પર્વતની ટોચ ઉપર ઊભો રહેલો મનુષ્ય ગમે તેટલી તીવ્રતાથી અને ગમે તેટલા પ્રેમથી 'આ, આ રહ્યું, આ, આ રહ્યું.' એમ કહીને બતાવે તોપણ 'આ' આ તળેટીના લોકો તે બરાબર જોઈ શકે નહિ. આમ છતાં પોતાનું દર્શન અન્યને આપવાની ઉત્કટતા અને સચ્ચાઈ એટલાં તો તીવ્ર સંવેદનકારક છે કે વાચકને એમ જરૂર લાગે કે 'ભલા, અમે આજે પૂરું ન સમજી શકીએ, પણ આ આત્મા કે જેણે આ બધું સમજેલું છે તેની સમજણ કંઈ પોકળ નથી. ચાલો ત્યારે, આપણે ધીમે ધીમે તેની પાસે પહોંચીએ કે જેથી તેની સમજણમાં ભાગ પડાવી શકાય.

'વિવેકશક્તિ', 'પ્રેમ' વગેરે લેખોમાં એક આશ્ચર્ય એ થાય છે કે ગઝલોમાં વહેતી ભાવગંગા ક્યાં ઊંડી ઊતરી ગઈ !

પદ્ય :-

કાવ્યનું કાવ્ય તરીકે મૂલ્યાંકન કરતાં પહેલાં આપણે એ જાણી લેવું જરૂરનું છે કે આવાં કાવ્યો એ તો આ કવિના જીવનની સ્વાભાવિક અભિવ્યક્તિ છે. એ કાવ્યોમાં જ જીવે છે. ટૂંકમાં, કવિનું અને કાવ્યનું વ્યક્તિત્વ અભિન્ન છે. જેમ પ્રાચીન ઋષિઓને પોતાના જીવનદર્શનની અભિવ્યક્તિ માટે અનુષ્ટુપ છંદ સિદ્ધ થયો હતો. એ જ રીતે આ કવિને અનુષ્ટુપ

અને ગઝલાદિ છંદ સિદ્ધ થયેલા છે. એટલે કાવ્યમય જીવનની અભિવ્યક્તિ એ તેના જીવનની સ્વાભાવિક, સરળ પ્રવૃત્તિ છે.

કવિ-સાહિત્યકાર બુદ્ધિ અને મનથી પરના પ્રદેશમાં ક્વચિત્ જ-અને તે પણ બહુ સ્થિર રીતે નહિ તેમ પ્રવેશે છે, જ્યારે આ સંત કવિને માટે તો આ પ્રદેશ જ પોતાનો પ્રદેશ બનેલો છે. ત્યારે એ પ્રદેશમાં સ્થિર ચેતનાના સ્ફુરણરૂપ પ્રજ્ઞાનું ઋત કેટલું ચમત્કૃતિપૂર્ણ સામર્થ્યવાળું હોય તે કલ્પી શકાય છે. આ ગ્રંથના કાવ્યમાં પણ આવું સ્રષ્ટુત્વ પ્રત્યક્ષ થાય છે. અને સંતસુલભ નમ્રતા અને વિશુદ્ધ પ્રેમનાં દર્શન થાય છે. શિષ્યોમાં અભિમુખતા નિર્માણ કરવાની સમર્થતા આ ભાવોમાં રહેલી છે. અભિમુખતા નિર્માણ થયે જીવનસર્જનનું કાર્ય સિદ્ધ થવામાં સમર્થ યોગીને માટે પછી કોઈ અંતરાય રહેતો નથી. એક વખત શિષ્ય, ગુરુને પોતાના આધારમાં સ્થાન આપે, પછી તો તેના એક એક કોષમાં નવચેતના જાગે અને જીવનનું પુનઃસર્જન થાય છે. આવા જીવન સર્જનનું સામર્થ્ય આ કાવ્યોમાં પ્રત્યક્ષ થાય છે.

**(૩) શ્રી ગુલાબરાય મંકોડી**

સાધારણ કોટિનાં પુસ્તકો માટે, સામાન્ય રીતે, પ્રસ્તાવના લખવાનો રિવાજ, કંઈક અંશે નળદમયંતી વચ્ચે હંસે જે હેતુ સાર્યો તેવા હેતુ માટે પડ્યો હશે. એમાં વળી, તે તે વિષયના ઉચ્ચ અધિકારી-કેટલીક વાર તો લેખક કરતાં પણ ઉચ્ચ અધિકારી - વ્યક્તિ પાસે પ્રસ્તાવના લખાવવાથી પુસ્તકની પ્રતિષ્ઠામાં વધારો થતો માનવામાં આવે છે, પરંતુ અહીં તો બધું જ બીજી જાતનું છે. **'જીવન સંદેશ'** પુસ્તક અસાધારણ, લેખક

પૂજ્ય શ્રીમોટા જેવા સમર્થ સંત અને લખનાર મારા સમો અલ્પજ્ઞ, બલકે ઉપમન્યુના શબ્દોમાં કહું તો 'सदुपायकथास्वपंडितः हृदये दुःखशरेण खंडितः।' આ વિષય તરફ આકર્ષણ અને અભિરુચિ હોવા છતાં તેમાં મારો પ્રવેશ અતિ અલ્પ ગણું છું. એટલે વિષયના તજ્જ્ઞ તરીકે કહેવાનું મારી પાસે કશું ન હોય એ દેખીતું છે. તેમાં વળી, આ તો રહી પૂજ્ય શ્રીમોટાની અનુભવવાણી. તો પછી મારે લખવુંયે શું અને કેવી રીતે ? પણ આજ્ઞા ઉથાપાય નહિ. મારી આધ્યાત્મિક અનભિજ્ઞતાનો જાહેર એકરાર કરવાની તક પૂરી પાડવા જાણે સંતે આ લીલા રચી હશે એમ માનીને પણ મારું મન તેમના તરફ પૂજ્યપ્રેમથી મલકી રહ્યું છે.

વિટંબણા મનને રસ્તો કાઢવા પ્રેરે છે અને મારા મને પણ રસ્તો કાઢી આપ્યો છે. આખરે લખવી છે તો **'પ્રસ્તાવના'**ને ? અને પ્રસ્તાવના એટલે સ્તવનનું એક રૂપ. એક પ્રકારની સ્તુતિ - પુસ્તકના કથાવસ્તુની અને એટલે એ કહેનારની, લેખકની અને સંતસ્તુતિ કરવાનો અધિકાર કોને ન હોય ? તુચ્છાતિતુચ્છ અને મૂર્ખાતિમૂર્ખ વ્યક્તિ પણ કાલીઘેલી જેવી આવડે તેવી સંતની સ્તુતિ કરવાનો અધિકાર તો ધરાવે જ છે. એટલે એવા અધિકારની રૂએ હું આ સંત આજ્ઞાનું પાલન કરી શકું ખરો.

પ્રથમ મુદ્રણના સંદર્ભમાં મુનિશ્રી સંતબાલજીના **'આમુખ'** અને ભાઈશ્રી પ્રતાપરાય ઉપાધ્યાયની પ્રસ્તાવનામાં, આ પુસ્તક વિશે અને સમાજે સંતો પ્રત્યે કેવી દૃષ્ટિ ધરાવવી ઘટે, તે અંગે ઠીક ઠીક પ્રકાશ પાડેલો છે. એટલે તેની

પુનરુક્તિ ન થાય એ પણ મારે જોવું રહ્યું.

આ અપ્રાપ્ય પુસ્તકની એક પ્રત એક સ્નેહી પાસેથી વાંચવા મળી ત્યારે તેનાં પાનાંઓના સ્વરૂપે જ પુસ્તકનો ખ્યાલ આપ્યો. સામાન્ય રીતે કોઈ પણ સારા પુસ્તકનાં બબ્બે-ચચ્ચાર પાને કંઈક અગત્યનું વિધાન આવે, જે વાચકને ફરી વાર મળવાની સરળતા માટે રેખાંકિત Underlined કરવાનું મન થાય. મને મળેલા પુસ્તકના ગંભીર અભ્યાસી સાધકે કેટકેટલાંય પાનાં, આખાં ને આખાં લાલ કે ભૂરી લીટીઓથી અંકિત કરેલાં હતાં. પુસ્તકમાંનાં વિધાનોનાં સત્ત્વનો આ પ્રથમ નિર્દેશ હતો. હિમાલય જેવી મહાન ગિરિમાળામાં પ્રવેશતો યાત્રિક જેમ એક ટોચ ચડે કે તુરંત એનાથી પણ ઉત્તુંગ અન્ય ટોચ નિહાળે છે અને તેનાં મહાન સૌંદર્યથી આનંદમાં ગરકાવ થઈ જાય છે. કંઈક તેવી જ રીતે આ પુસ્તકમાંનાં વિધાનો એક પછી એક ખૂલતાં ગિરિશૃંગો જેવાં સુંદર, પ્રતિભાશાળી અને સમગ્ર રીતે જોતાં ચિત્તને સાત્ત્વિક આનંદમાં ગરકાવ કરી દે તેવાં વાચકને લાગે છે. પ્રથમ આવૃત્તિના સંદર્ભમાં સ્પષ્ટતા થઈ છે તેમ આ પુસ્તક મુખ્યત્વે પૂજ્ય શ્રીમોટાના તે તે વખતના સ્નેહી સાધકો પ્રત્યે લખેલા પત્રોનું સંકલન છે.

આખા પુસ્તકનાં વાંચન પછી પહેલામાં પહેલી છાપ એ ઊઠે છે કે લેખક પોતાનો આધ્યાત્મિક અનુભવ કેવળ પોતા પાસે સંઘરી ન રાખતાં, પોતાના પ્રિયજનોને ઉમળકાથી, પ્રેમભાવથી, દિલોજાનીથી, બને તેટલા વધારે વિસ્તારથી અને ઊંડાણથી કહી દઈ, પોતાના સાત્ત્વિક આનંદના સહભોક્તા બનાવવા ઈચ્છે છે. શબ્દે શબ્દે, વાક્યે વાક્યે અને પાને પાને

પ્રેમમૂર્તિ શ્રીમોટાનો ઉદાર પ્રેમ ઝરતો નીરખી શકાય છે. ઉદાર એટલા માટે કે એ પ્રેમ કે એટલા પ્રેમ માટે સંબંધિત વ્યક્તિ પાત્ર હોય કે ન હોય, પણ ફૂલે તો જેમ ફોરવું જ રહ્યું, તેમ પૂજ્ય શ્રીમોટાનો પ્રેમ તો અદમ્ય રીતે પોતાનાં પ્રિય પાત્રો તરફ અસ્ખલિત, બલકે ધોધમાર વહે છે. એ પ્રેમધોધમાં અવગાહન કરવાની જે ભાઈબહેનોને તક મળી છે, તેમને બધાંને, પરોક્ષ રીતે પણ, હાર્દિક ધન્યવાદ દઈ વંદન કરું છું કે તેઓ આવા સરળ, નિખાલસ અને સાક્ષાત્ પ્રેમમૂર્તિ સમા સંતનાં પ્રેમપાત્રો બનવા ભાગ્યશાળી બન્યાં છે. એવાં પાત્રો પ્રત્યેનો પ્રેમ 'ઉદાર' કેમ કહેવો પડ્યો છે, તેની ઝાંખી ઘણે સ્થળે થાય છે. લેખક કહે છે :-

'અમારે તો બધાંનેયે સમજી સમજી વળગવું છે,
રહ્યા કરીએ હૃદય વળગી - ન અમને કોઈ વળગે છે !
વળગવા તો જતાં કોને મૂકે તરછોડી આઘે તે,
જતાં કરવા હૃદયપ્રેમ સ્વજન ગણના કરે ના તે.'

વળી, બીજે સ્થળે લેખક ગાય છે :-

**'અમારે ભાગ લેવો છે સ્વજનકેરા જીવનમાંહે,**
**પરંતુ કોઈ ના અમને હૃદયથી આવકારે છે.'**

બીજી છાપ એ ઊઠે છે કે જે વિષયો અંગે પત્ર લખ્યો હોય તે વિષયનાં અંગ-ઉપાંગને આવરી લે તેટલું વિશદ, સરળ અને સર્વદેશીય વિશ્લેષણ કરવા છતાં, તે વિષયની સમગ્રતાને તથા સત્યનિષ્ઠાને આંચ આવતી નથી. વિષયનાં જુદાં જુદાં પાસાંઓનું દર્શન કરાવતા જાય છતાં પોતે કહે છે તે સત્યનું સંપૂર્ણ સ્વરૂપ છે એનો દાવો તો કરતા નથી, બલકે અત્યાર

સુધી સમજાયેલું આ સ્વરૂપ છે અને એનાથી જુદું સત્ય પણ હોઈ શકે એમ ઠેકઠેકાણે ઠોકી બજાવીને લેખકે કહેલું છે. જગતની વાસ્તવિકતા અંગે કહેવાનું કહ્યા પછી તેઓશ્રી સરળ હૃદયે કહે છે કે :-

'આ બધું સમજાવતાં કંઈ મને ફાવતું નથી. આ જ સાચું છે એવો દાવો નથી, પણ જે કંઈ લાગે છે તે નમ્રપણે જણાવ્યું છે. શાસ્ત્રની સમજણ પ્રમાણે કેટલું ખરું છે તે જાણતો નથી. મેં તો એની કૃપાથી જીવનમાં અનુભવને જ શાસ્ત્ર ગણ્યું છે. એમ છતાં એ જ ખરું છે અને હવે એનાથી પરનું સત્ય નથી જ એવી સમજણની પકડમાં પણ રહેતો નથી. ભગવાન બીજું સમજાવશે અને અનુભવાવશે તો તે પણ આપોઆપ જ લાગશે.'

કેટલી વિનમ્રતા, કેવી સત્યનિષ્ઠા ! મને તો લાગે છે કે તેમનાં આવાં વિધાનો તેઓશ્રીની અપાર નમ્રતા, આપણને સત્યના વિરાટપણાનો ખ્યાલ કરાવવાની વૃત્તિ અને આપણે પોતાનાં મંતવ્યો અંગે હઠાગ્રહ કે દુરાગ્રહ ન સેવવો એ પણ સત્યનિષ્ઠાનું એક ચિહ્ન છે. એમ આપણને બોધ દેવાનો હેતુ હશે.

ત્રીજી છાપ એ ઊઠે છે કે દરેક વિષયનું વિવરણ એક પ્રખર મનોવૈજ્ઞાનિક કરતા હોય એમ લાગે છે. મનની અને ચિત્તની જુદી જુદી ભૂમિકા ઉપરથી જે સત્યદર્શન પોતાને થાય છે, તે જેટલી મર્યાદામાં શબ્દબદ્ધ થઈ શકે તેટલું આપણા શ્રેય માટે તેઓશ્રી કરે છે. જો આ બધું કેવળ મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ જ હોત તો તો કદાચ એ એક કેવળ બૌદ્ધિક પ્રક્રિયા લેખાત, પરંતુ જ્યારે ચિત્તવૃત્તિની ઉત્તરોત્તર ઊંચી ભૂમિકાના સળ

ખોલીખોલીને અંદર રહેલું દૃશ્ય બતાવવા મથે છે ત્યારે એમ લાગ્યા વિના નથી રહેતું કે આ તો ઋષિઓની 'પશ્યંતી વાણી' છે, એક આત્મસાક્ષાત્કારીનો અનુભવ છે. કેટલીક વાર બીજનો ચંદ્ર બતાવવા આકાશમાં આંગળી ચીંધીએ છતાં બીજો માણસ જોઈ ન શકે ત્યારે આપણે કોઈ ઝાડ, ઘર, વાદળું કે એવું કોઈ એંધાણ લઈને ચંદ્રની દિશામાં હાથ લાંબો કરીને સૂચવીએ છીએ. હાથ કંઈ ચંદ્ર સુધી પહોંચતો નથી, પણ દર્શનની રેખા નક્કી કરે છે અને એ રેખા લંબાવીએ તો ચંદ્રનું દર્શન ચોક્કસ થાય છે. પૂજ્ય શ્રીમોટાએ આ બધાં લખાણોમાં કંઈક આ પ્રકારની તરકીબ સાધકને સહાયભૂત થવા અજમાવી જણાય છે. એમણે આપેલાં એંધાણો અને એમણે સૂચવેલી દિશા જો આપણે બરોબર પકડી લઈએ તો પછી તો પ્રશ્ન છે કેવળ એ લીટી લંબાવવાનો. સમય અને સતત પુરુષાર્થ એ લીટીને લંબાવીને સત્યદર્શનરૂપી ચંદ્રદર્શન કરાવ્યા વિના રહેશે જ નહિ. એટલે જ તો આ તમામ લખાણોમાં સત્ય આ જ છે કે આવું જ છે તેવું પ્રતિપાદન ન કરતાં લેખક કેટલાંક ચિહ્નો, નિશાનીઓ વગેરે દ્વારા એક પ્રકારનું ચોક્કસ દિશાસૂચન દરેક સાધકને કરે છે, અને એ દિશાએ ચાલવાનું રાખે તો વહેલો મોડો સાધક આત્મ-સાક્ષાત્કારના ધ્યેયને જરૂર પામશે એવી પ્રતીતિ કરાવનારું આ પુસ્તક છે.

આજકાલ શોષણવૃત્તિ જાણે માણસના સ્વભાવમાં ઊંડે સુધી પેસી રહી છે. એટલે આજનો માનવ ઓછું આપીને ઘણું વિશેષ પ્રાપ્ત કરવાની પેરવીમાં હોય છે. ભૌતિક ક્ષેત્રમાં સટ્ટો, લૉટરી, રેઈસીઝ વગેરે પ્રવૃત્તિઓ દ્વારા ઓછા ખર્ચે જલદી ધનવાન

બનવાની વૃત્તિ વ્યાપક બની રહી છે, તેવી જ વૃત્તિ આધ્યાત્મિક ક્ષેત્રે પણ નથી એમ નહિ કહી શકાય. આવી વૃત્તિની સામે પણ પૂજ્ય શ્રીમોટાએ ઠેકઠેકાણે લાલબત્તી ધરી છે. તેઓશ્રી કહે છે :-

'આજના યુગમાં... સૌ કોઈને મહેનત વિના, તપશ્ચર્યા વિના આળસુની પેઠે બેઠાં બેઠાં ખાવું છે. આધ્યાત્મિક માર્ગમાં એવા કોઈ જીવોને સ્થાન નથી.'

વળી, બીજે સ્થળે તેઓ ગાય છે કે :-

'પ્રભુને કામમાં જે તે, જીવતો રાખવા હૃદે,
અભ્યાસ પ્રાણવાળો સૌ ઊંડો કેળવવો ઘટે.
જીવતા જાગતા એવા વિના અભ્યાસ કોઈને,
પ્રભુકૃપાતણો લાભ એમ ને એમ ના મળે.'

ભાવના અને ગુણ કેળવવા માટે ધગધગતી ભૂખ અને પ્રચંડ પુરુષાર્થ માગી લે તેવો આ આધ્યાત્મિક માર્ગ છે. એમાં પ્રગતિ કરવી એ કાંઈ પોપાંબાઈના ખેલ નથી. આવું સૂચવી લેખક સાધકને સચેત અને જાગૃત કરવા ઈચ્છે છે, છતાં તેને નિરુત્સાહ ન થવા દેવાની ખાસ કાળજી રાખે છે. એટલે જ આ કામ 'મુશ્કેલ છે' એમ કહેતાંની સાથોસાથ 'પણ અશક્ય નથી' એમ કહેતા હોય છે. ટૂંકમાં, સાધકને હતાશ ન કરતાં, પણ વગર પુરુષાર્થે ધ્યેય પ્રાપ્તિ થઈ જાય એવું આ ક્ષેત્ર નથી, તે વાત સાધકને ઠસાવવાનો પોતાનો ધર્મ ગણતા લાગે છે.

આજનો માનવી 'અનેક-ચિત્ત-વિભ્રાંત' બની રહ્યો છે. માનવ મનની ચંચળતા અને તેની એકાગ્રતાનો અભાવ એટલાં વ્યાપક છે કે તેવી પશ્ચાદ્‌ભૂમિકામાં મનની થોડીઘણી એકાગ્રતા

થતાંવેંત કોઈ સામાન્ય માનવી પણ અલૌકિક લાગે તેવી સિદ્ધિ પોતે પ્રાપ્ત કરી છે એવું માનવા લાગે છે. ખરેખર તો આવી પ્રગતિ કે સિદ્ધિ એ તો 'પાશેરામાં પહેલી પૂણી' પણ નથી, એ જો સાધક ધ્યાનમાં ન રાખે તો પોતાની પ્રગતિ અંગે ભ્રમમાં પડે અને પ્રગતિને બદલે કોક વાર અવગતિને પામે. આવાં ભયસ્થાન સામે સાધકને ચેતવવાની એક પણ તક પૂજ્ય શ્રીમોટા ચૂકતા નથી. ઠેકઠેકાણે, ઠોકી બજાવીને સાધકને તેઓશ્રી ચેતવે છે કે આવી સિદ્ધિ મળી એટલે આત્મસાક્ષાત્કાર થઈ ચૂક્યો છે, પોતે સંપૂર્ણ સત્યને પામેલા છે એમ ભૂલ ન કરવી. આવી ચેતવણી પણ સાધકને ભ્રમમાં પડતો બચાવવા માટે કેવળ અનુગ્રહવૃત્તિથી આપી છે.

સાધક પ્રત્યેના બીજા એક ખાસ વલણની પણ આ પુસ્તકમાં ઝાંખી થાય છે. સાધક જો તમોગુણપ્રધાન બનીને પ્રમાદ સેવતો હોય કે પુરુષાર્થ અને અભ્યાસમાં જોઈતી પ્રગતિ ન કરતો હોય અથવા પાછી પાની થતી હોય, તો પૂજ્ય શ્રીમોટાનું દિલ કેટલું બધું વલોવાઈ જાય છે, અને એવો સાધક આવી **સ્થિતિમાંથી** વહેલો બહાર કેમ નીકળે, તે જોવા તેમનું મન **તલપાપડ** થતું હોય છે.

શ્રી સંતબાલજીએ પોતાના **'આમુખ'**માં લખ્યું છે કે :-

'આ લખાણોને આમજનતા આગળ તુરંત મૂકવામાં જે જોખમ છે, તે જોખમને આ લખાણના મૂળ લેખકની ઉત્તરોત્તર જાગૃતિ અને જેમને નિમિત્તે આ લખાણ નીપજ્યાં છે, તે પરિચિત સાધકોની સાવધાની એ જોખમ નિવારશે એવી અપેક્ષા છે.'

તેઓશ્રી જેવા તત્ત્વચિંતકનો આવો અંગુલીનિર્દેશ આપણને

વિચાર કરતા કરે છે કે શું તેઓશ્રીને આ લખાણ 'આમજનતા' આગળ મુકાય તેમાં જોખમ જણાય છે કે 'તુરંત' મુકાય તેમાં? હકીકતમાં તો દરેક જીવ પોતાના જન્મજન્માંતરના સંસ્કારવારસા અનુસાર જ ગુણગ્રાહક શક્તિ ધરાવતો હોય છે. પરિણામે આ પુસ્તકમાંના વિવિધ વિચારો પોતપોતાની ગુણગ્રાહક શક્તિ અનુસાર જ ઝીલશે. એટલે એમાં તો જોખમ જણાતું નથી, પરંતુ આવા પોષક રસથાળને કદાચ કોઈ પૂરેપૂરો ન પચાવી શકે તો એના પ્રત્યે અનુકંપા અને સંવેદનભરી શુભકામના સેવાય એ વધારે યોગ્ય થશે. જો 'તુરંત' શબ્દ ઉપર ભાર હોય તો, આવું લખાણ, આ દિશામાં પગલાં માંડવા માગતા સાધકને બને તેટલું વહેલું આપવું એ સ્વાનુભવીનો ધર્મ બની જાય છે, અને તેથી, એ મોડું અપાય તે કરતાં વહેલું અપાય એમાં જ દેનાર-લેનારનું બંનેનું શ્રેય છે.

મુનિશ્રીના **'આમુખ'**માં એક બીજો ઉલ્લેખ ધ્યાન ખેંચે છે. તેઓશ્રી કહે છે, 'ગુરુવાદને બે બાજુ છે, તે પૈકીની એક ગુરુવાદમાંથી ફળનારાં અનિષ્ટોને આ લખાણમાં ઢાલ મળી જાય તેવું છે.'

આ અંગે શ્રી સંતબાલજી તરફના આદરથી પ્રેરાઈને એટલું કહેવાનું મન થાય છે કે 'ગુરુ' કે 'સંત' અંગેના આ પુસ્તકમાંના તમામ વિચારો જો એક વાતનું પ્રતિપાદન ન કરતા હોય, તો તે **ગુરુવાદ**નું. ગુરુ તરફનો આદર **ગુરુવાદ**માં સરકી ન જાય, તે માટે ઠેકઠેકાણે, પૂજ્ય **શ્રીમોટા**એ આ લખાણોમાં ટકોર કરી છે. તેઓશ્રી કહે છે :-

'જો કોઈ ગુરુ એમ કહે કે 'તું મારામાં જ શ્રદ્ધા રાખ,

પૂરેપૂરો વિશ્વાસ, શરણભાવ અને સમર્પણભાવ રાખ્યા કર. બધું એની મેળે થઈ જશે, અને કોઈ ધન્ય પળે આત્મસાક્ષાત્કાર થઈ જશે.' તો જાણવું કે એવું કહેવું યથાર્થ નથી.'.

આગળ જતાં તેઓશ્રી કહે છે :-

'ગુરુનું શરીર એ આપણું સાધન નથી. આપણું સાધન તો ગુરુની ભાવચેતનશક્તિ છે. એ શક્તિ આપણને પરાધીન રાખવા માગતી નથી.'

ગુરુવાદમાં ગુરુકૃપા ઉપર ઘણો મદાર બંધાતો હોય છે. એટલે ગુરુકૃપાને પણ તેના સ્થૂળ અર્થમાં ન રહેવા દેતાં અને તે દ્વારા સાધકને ગુરુવાદમાં ન ખેંચવા દેવા માટે **પૂજ્ય શ્રીમોટા** કહે છે :-

'ગુરુની કૃપા એ તો સાધકનાથી થતા જતા પુરુષાર્થની ભાવનામાંથી ફલિત થતો ભાવ છે.'

વળી, બીજે સ્થળે તેઓશ્રી કહે છે :-

'સાધકના જીવનનું બધું વિચારવાનું કોઈ ગુરુ માથે લઈ લે, તો સાધકનું જીવન કદી પણ ફળી શકે જ નહિ.'

'જીવનના ધ્યેયને પોષક એવા નિર્ણયો જાતે પોતે જ કરવાની કળા સાધકે પોતાનામાં ઉગાડવી અને વિકસાવવી જ પડશે. પાણીમાં પડ્યા વિના તરતાં કદી આવડી શકવાનું નથી. હજુ પાણીમાં તો આપોઆપ તરી શકાય એવાં સાધનો સાથે શરીરને જકડાવી દેવાથી પાણીમાં પડ્યા રહી શકાય, પણ આમાં તો તેવું ચાલશે જ નહિ.'

ગુરુ અને સંત, આ લખાણોમાં પરસ્પર પર્યાય શબ્દો બની જતા હોય છે. તે સંદર્ભમાં શ્રીમોટાના આ ઉદ્‌ગારો

ગુરુવાદનું આમૂલ ખંડન કરતા હોય તેમ જણાશે :-

'સાચો સંત, એક માનવી વ્યક્તિ નથી, પણ જે વિરોધાભાસી ગુણોનું વર્ણન આપણે પ્રભુ વિશે કરીએ છીએ, તેમનો શરીરધારી આવિર્ભાવ છે.'

આ અને આવાં બધાં લખાણો કોઈ 'ગુરુવાદ' કે તેમાંથી નીપજતાં અનિષ્ટો માટે ઢાલરૂપ બને એવો ભય સેવવો, મારી નમ્ર સમજમાં અસ્થાને છે. માનવ સ્વભાવના શુભ તત્ત્વરૂપી પાયા ઉપર તો આધ્યાત્મિક ઈમારતનું ચણતર હોય છે. એટલે આ લખાણોમાં ભયસ્થાન જોવાં એ એવાં શુભ તત્ત્વોનો અસ્વીકાર બની બેસે. આશા છે કે પૂજ્ય શ્રી સંતબાલજી સમા ગુણગ્રાહક દૃષ્ટિવાળા સાધક માનવ સ્વભાવની અંતિમ શુભનિષ્ઠામાં જ શ્રદ્ધા રાખવાનું વિશેષ પસંદ કરશે અને તેઓશ્રીએ માનેલું ભયસ્થાન એ ભયમુક્ત સ્થાન જણાશે.

આ પત્રસંગ્રહમાં કયો સારો અને કયો વિશેષ સારો એવી સરખામણીને સ્થાન નથી, કારણ કે દરેક પત્ર પોતાના ખાસ વિષય પરત્વે ઘણો જ સ્પષ્ટ છે. આમાંનો દરેક પત્ર સમગ્રપણે વાંચવો પડે. એમાંનો એકાદ ફકરો સંદર્ભમાંથી તોડીને વાંચતાં કદાચ લેખકના કહેવાનો અર્થ ચૂકી જવાય. એટલે જે તે પત્ર આખેઆખો સ્વીકારવો કે ન સ્વીકારવો એ લેખક અને વાચક બંનેને વધુ ન્યાયકર્તા નીવડશે.

અમુક લેખો અને કાવ્યો તો હૃદયમાં ઘર કરી લે છે. 'જનેતાને અંજલિ' એ કાવ્ય વાંચતાં કોઈ પણ સત્યપ્રિય સાધક આંખમાં આંસુ અને દ્રવતા હૃદયભરી સ્વાનુભૂતિ વિના નહિ રહે. દરેક વાચકને એમ લાગશે કે 'મારી મા

માટે યોગ્ય અંજલિ હોય તો આ જ.' કારણ કે માના પરમ પ્રેમ પ્રત્યે આપણે દરેક બાળકે આવી જ ઉપેક્ષા કરી હોય છે અને માતાએ એવી જ ઉદારતા અને પ્રેમથી એ જતી કરી હોય છે. એ જ રીતે પુસ્તકમાંનો છેલ્લો પત્ર 'પૂર્ણપુરુષ' એ તો જાણે આ પુસ્તકરૂપી મંદિરના શિખર ઉપરનો કળશ છે. એમાં 'પશ્યંતી વાણી'નો જે અનુભવ થાય છે, તે અદ્‌ભુત છે. તે પૂર્ણપુરુષની કલ્પના શબ્દબદ્ધ થઈ શકે તો, આથી વિશેષ સુંદર અને સરળ રીતે થઈ શકે કે કેમ એ એક પ્રશ્ન છે. હું મારા પૂરતું તો નિઃસંકોચ કહી શકું કે ગુજરાતી સાહિત્યના મારા પરિમિત વાંચનમાં આ વિષયનું આટલું સ્પષ્ટ, સરળ, સુંદર, મનોહારી અને સત્યનિષ્ઠાથી દોરાયેલું શબ્દચિત્ર લેખકના આધ્યાત્મિક અનુભવ અને સાક્ષાત્કારની જાણે સાક્ષી પૂરતું હોય તેવું લાગે છે.

જે જે સદ્‌ભાગી વાચકના હાથમાં આ પુસ્તક આવે તેણે તેનું પઠન, પુનર્પઠન અને પુનરપિપુનર્પઠન કરવું અત્યંત શ્રેયકારી નીવડશે, એમ મારું માનવું છે.

## ૨૨. 'જીવન પગથી'

**(૧) શ્રી પી. એન. ભગવતી**

પ્રસ્તાવનાનો હેતુ લેખક અને એની કૃતિનો પરિચય આપવાનો હોય. આ કાર્ય માટે મારી કઈ ક્ષમતા ? આવી આધ્યાત્મિક સંપત્તિથી સભર, અનુભવસિદ્ધ વાણીના વિપુલ ભંડારનો પરિચય આપવાની મારી યોગ્યતા શી ? મારે પોતાને તો એમાંથી શિષ્યભાવે કેટકેટલું શીખવાનું, કેટકેટલું ગ્રહણ કરવાનું, કેટકેટલું અપનાવવાનું, તો આ પુસ્તક વિશે હું શું

લખી શકું ? પણ પૂજ્ય શ્રીમોટાની વિનંતી આજ્ઞાવત્ છે, એથી સંકોચને બાજુએ મૂકી, હું બે શબ્દો પ્રસ્તાવનારૂપે કહીશ.

જગતના ઈતિહાસમાં જુદે જુદે સમયે, જુદા જુદા દેશોમાં અનેક સંસ્કૃતિઓ ઉદ્ભવી, ફળી ફાલી, ઉન્નતિનાં શિખરે પહોંચી અને અંતે નાશ પામી. એ સંસ્કૃતિઓનાં આજે નામનિશાન રહ્યાં નથી. પૃથ્વીના પટ પરથી એ ભુસાઈ ગઈ છે. એના અવશેષો ફક્ત ઈતિહાસનાં પાનાંઓમાં અગર તો જૂની ઈમારતોમાં જોવા મળે છે, પણ આપણી ભારતીય સંસ્કૃતિ એ એક એવી સંસ્કૃતિ છે, કે જે ૫૦૦૦ વર્ષ થયાં છતાં જીવંત છે. એની પર કેટકેટલીય સંસ્કૃતિનાં આક્રમણ થઈ ગયાં, પરંતુ એ બધી સંસ્કૃતિઓને અપનાવી એને પોતાનામાં સમાવી દીધી છે. આજે એનામાં શક્તિ છે, ચેતના છે, શાશ્વત સત્ય પ્રતિ મનુષ્યને લઈ જવાનું પ્રેરણા બળ છે. એનું કારણ એક જ, કે એ આધ્યાત્મિક મૂલ્યો પર નિર્ભર છે અને એને, એક પછી એક, મહાન ભવ્ય પરંપરામાં સંતો, વિભૂતિઓ અને અવતારો સાંપડ્યાં છે. સંત અને સિદ્ધ પુરુષોની તેજસ્વી પરંપરા એ આપણી સંસ્કૃતિની વિશેષતા છે. અને એ પરંપરાને સતત જીવંત રાખતા મહાન સંત પૂજ્ય શ્રીમોટા છે. વિશાળ માનવ સમુદાયને પોતાનો બૃહત પરિવાર કરી, वसुधैव कुटुम्बकम् એ કથન પોતાના જીવનમાં ઉતારી, ગુરુચરણોમાં નિષ્પંદ ચિત્તે એકાગ્ર થઈ, કઠોર સાધનાને અંતે પૂર્ણતા પ્રાપ્ત કરી, પૂજ્ય શ્રીમોટા, અધ્યાત્મના શ્રેયાર્થીઓ માટે માર્ગદર્શક બની રહ્યા છે. એ છે નવીન સાધકોના 'ભાવસખા', એમના શાશ્વત યૌવનવંતા સુહ્રદ, એમનો પ્રેરણાસ્રોત. કેટલાયે રોગોથી પીડિત છે એમનો

દેહ, પણ હંમેશાં એમના અંતરમાંથી આનંદનો ધોધ વહે છે. જે કોઈ પણ એમના સમાગમમાં આવે તેને પરિપ્લાવિત કરી દે છે. એમનો પ્રેમ, એમનું વાત્સલ્ય પણ અદ્‌ભુત અને અસાધારણ છે. જે એમની નિકટ આવે છે, તેનું હૃદય પરિવર્તન તેઓ કરી નાખે છે અને એને પોતાનો બનાવી લે છે. નાનું કદ, ખુલ્લું દિલ, માથે સાફો અને નીચે લુંગી, એ અસાધારણ બાહ્યદેખાવ નીચે જ્વાળામુખી જેમ ભભૂકતો ચેતનાનો અગ્નિ છે, જે અગ્નિનું વર્ણન મુંડકનો ઋષિ કરે છે : तदेतत् सत्यं यथा सुदीत्पात् पावकाद् विस्फुर्ल्लिगा सहस्त्रशः प्रभवन्ते सरूपाः । એ અગ્નિનો તણખો જીવન પરિવર્તન કરવા પર્યાપ્ત છે. પૂજ્ય શ્રીમોટાની બીજી એક ખાસ વિશેષતા એ છે, કે એ મહાન કર્મયોગી છે. એમનું સારુંય જીવન ‘અનાસક્તિ યોગ’નું જ્વલંત ઉદાહરણ પૂરું પાડે છે. કેટલાયે લોકોપયોગી કાર્યોમાં એ હંમેશાં પ્રવૃત્ત હોય છે. એમના જીવનથી એમણે આપણને બતાવ્યું છે, કે આપણો ધર્મ નિષેધાત્મક નથી. એમાં જીવનનો ઈન્કાર નથી. તે જીવનને પૂર્ણ કરનારો છે. જીવનને સમૃદ્ધ અને સભર બનાવવાની તેનામાં શક્તિ છે. તે જીવનનો સ્વીકાર કરી જીવનને ઉન્નત અને ઊર્ધ્વગામી બનાવવા પ્રયાસ કરે છે. તેમાં તેજસ્વી જીવનવાદ છે. તે કર્મનો ત્યાગ કરવાનો આદેશ નથી આપતો, તે જીવનની ઉપેક્ષા કરવાનું નથી કહેતો, તે નથી કહેતો કે સંસારનું કાર્ય છોડી, નિષ્ક્રિય બની જંગલમાં કે ગુફામાં જઈ બેસો. તે કહે છે ઈશાવાસ્યના બીજા મંત્રમાં कुर्वन्नेवेह कर्माणि जिजीविषेत् शतं समाः । કર્મ તો કરવું જ જોઈએ, પણ એનાં ફળ માટે નહિ-આત્મવિકાસ માટે, ઈશ્વરનાં

નિમિત્તરૂપે. 'ગીતા'માં કહ્યું છે : निमित्तमात्रं भव सव्यसाचि । પૂજ્ય શ્રીમોટા પણ કહે છે 'થવાનું રહ્યું યંત્ર તારે પ્રભુનું' એ રીતે જો મનુષ્ય જીવન જીવે તો જ लिप्यते न स पापेन पद्मपत्र मिवाम्भसा । તો જ તે हर्षामर्शभयोद्वेगથી મુક્ત થાય અને આ જીવનમાં अमृतत्व પ્રાપ્ત કરે. આ ઉપદેશ આપે છે પૂજ્ય શ્રીમોટા પોતાના જીવન દ્વારા. એ તો છે તેજસના યોદ્ધા (warrior of light). એમની હરેક વાણીમાં, એમના હરેક કર્મમાં પ્રતીત થાય છે ચેતનાને અગ્નિસ્પર્શ કરી જતી જ્યોતિર્વીરતા. આવા અનોખા સંતની અનુભવસિદ્ધ વાણીનું ગ્રંથરૂપે અહીં જે સંકલન થયું છે, એને પ્રજાના વ્યાપક ચેતનાના સ્તર સુધી પહોંચાડવાના પવિત્ર કાર્યમાં હું આ બે શબ્દો લખું છું, એને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું.

આ પુસ્તકમાં 'વૃત્તિ સળવળેલી છે જિજ્ઞાસાની જરાતરા' એવાં સ્વજનો જેવા મિત્રો અને સંબંધીઓને તેમના પ્રશ્નોના ઉત્તરરૂપે તેમ સ્વયંસ્ફુરણાથી પૂજ્ય શ્રીમોટાએ પત્રરૂપે લખેલી અધ્યાત્મસામગ્રી છે. અધ્યાત્મના શ્રેયાર્થીઓને સાધનામાં ઉપસ્થિત થતા જુદા જુદા પ્રશ્નોનું નિરાકરણ પૂજ્ય શ્રીમોટાએ એમની સાદી, સરળ પણ વેધક અને અસરકારક ભાષામાં કરેલું છે. સંસારમાં રહી ઈશ્વરાભિમુખ કેમ થવું અને આત્માનો વિકાસ કેમ સાધવો, એનું માર્ગદર્શન પણ આ પુસ્તકમાં મળે છે. એમાં ઊંડા તત્ત્વજ્ઞાનની ઝાંખી સાથે એકાગ્રતા, કર્મમાં એકરાગતા, કસોટી, કીર્તન, પ્રાર્થના, શ્રદ્ધા, નામસ્મરણ, પ્રેમ, ભક્તિ, ધ્યાન, યોગ વગેરે વિષયોનું સુંદર અને સચોટ વિવેચન છે. પૂજ્ય શ્રીમોટાએ રજૂ કરેલા વિચારો અનુભવની કસોટીએ

ચડેલા છે. અને તેથી તેમાં કૃત્રિમતાનો લેશ પણ અંશ નથી. તે સચોટ અને હૃદયસ્પર્શી છે અને તેમાં એક અવનવી મૌલિકતા છે, જે કેવળ શુષ્ક પુસ્તકિયા જ્ઞાનમાં જોવા મળતી નથી. આ પુસ્તક એક સાધકના વિચારમોતીનો રાશિ છે, અને એ વિચારમોતી સાધનાની અગ્નિપરીક્ષામાં વિશુદ્ધ થયા પછી અભિવ્યક્ત થયા છે. તેથી તેનું મૂલ્ય અગણિત છે. આ પુસ્તકની બીજી વિશેષતા એ છે, કે જ્યારે એમાં એકત્રિત થયેલો પત્રસંગ્રહ વાંચીએ ત્યારે કોઈ ઉપદેશક દૂર બેસીને નિર્લેપભાવે ઉપદેશ આપતો હોય તેવું દેખાતું નથી, પરંતુ કોઈ સ્વજન સ્નેહપૂર્વક માર્ગદર્શન કરાવતો હોય એમ લાગે છે. તેમાં વિદ્વત્તાનો આડંબર નથી પણ એક પ્રેમાળ પિતા પોતાના નાના બાળકને હૃદયથી ભાવપૂર્વક શિખામણ આપતો હોય તેવો ભાસ થાય છે. તેથી, આ પત્રોની વાણી વધારે હૃદયંગમ અને માર્ગદર્શક બની છે.

પૂજ્ય શ્રીમોટા હંમેશાં કહે છે, કે ભગવાનને માર્ગે જવામાં ભારે પુરુષાર્થની જરૂર હોય છે. પ્રબળ ઈચ્છા વિના, ધગધગતી તમન્ના વિના એ રસ્તો જડે નહિ. સાધનાનો માર્ગ ઘણો વિકટ હોઈ, જબરી અદમ્ય ભાવના હોય, મરી ફીટવાની તમન્ના હોય તો જ કાંઈ થઈ શકે. આ શબ્દો આપણને કઠોપનિષદની નીચેની પંક્તિની યાદ અપાવે છે :-

क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पदःस्तत्कवयो वदन्ति।

બાઈબલમાં પણ કહ્યું છે, કે :- ‘Strive to enter in at the straight gate, for narrow is the gate and straight is the way that leads to life and

few be they who find it.'

એ રસ્તે કેમ જવું અને આવતી મુસીબતોનો સામનો કેમ કરવો એ પૂજ્ય શ્રીમોટા આ પુસ્તકમાં સંગ્રહિત પત્રોમાં બતાવે છે. એ ખૂબ ભાર મૂકે છે નામસ્મરણ પર. એક ઠેકાણે કહે છે :- 'તમારે બીજું ઘણું કામ ભલે હોય પણ કૃપા કરીને ખૂબ ખૂબ મહેનત લઈને નામસ્મરણ સતત ચાલુ રાખવાની મહેનત કરજો. એ જ આપણું ખરું કામ છે. એને જ મહત્ત્વ આપવાનું રાખશો.' બીજે ઠેકાણે પણ એ, એ જ સલાહ આપે છે :- 'એવી સ્થિતિ નામસ્મરણ ચાલુ રહે તો થાય છે અને એમાં સહજ ભાવ અને ઊર્મિ પણ પ્રગટે છે. કશું પણ મન પર લટકતું ના રહેવું જોઈએ, કે જેથી મનને એમાં પરોવાયેલા રહેવાની તક મળે. માટે, નામસ્મરણ સતત ચાલુ રહે એવી કંઈ ને કંઈ તરકીબો ખોળ્યા કરશો.' પણ એ નામસ્મરણ સમજણપૂર્વક અને સભાનતા સાથે થવું જોઈએ, નહિ કે યંત્રવત્. એ જ પ્રમાણે પૂજ્ય શ્રીમોટા સત્સંગ પર પણ ભાર મૂકે છે, જેથી સંત પુરુષોના 'સંપર્ક અને સંબંધને પરિણામે જુદી જ જાતના અને ઊંચી ભૂમિકામાંથી નીકળતા પ્રવાહો– current-આપણામાં અથડાય અને જન્મે.' સાધનાના માર્ગમાં પ્રેમનું મહત્ત્વ પણ પૂજ્ય શ્રીમોટા એટલું જ ઊંચું આંકે છે, એ કહે છે, 'અંતરમાં બીજને અંકુરિત કરવા માટે દિલમાં સતત પ્રેમરૂપી પાણીનું સિંચન કર્યા જ કરવું પડશે. તે વિના ચાલવાનું નથી. તે વિના તેના અંકુર ફૂટવાના પણ નથી.' પ્રેમ વગર ઈશ્વરની પ્રાપ્તિ નથી. અને એ પ્રેમ કેવો હોવો જોઈએ ? ઉત્કટ અને નિઃસ્વાર્થ, વિરહાગ્નિ પ્રજ્વલિત કરે એવો,

ગોપીઓના જેવો અદ્‌ભુત પ્રેમ. જ્યારે ઉદ્ધવ મથુરાથી ગોકુળ આવે છે અને વિરહિણી ગોપીઓને ઉપદેશ આપે છે, કે કૃષ્ણ તો સર્વવ્યાપી પરમાત્મા છે અને તેથી અજ્ઞાનપૂર્વક વિરહ-સંતાપ કરવો યોગ્ય નથી, ત્યારે ગોપીઓ કહે છે, 'અનેક કથા કહત ઉધૌ, લોક લાજ દિખાત : કહા કરૌ તન પ્રેમ પૂરણ, ઘટ ન સિંધુ સમાત.' આવો volcanic love હરિચરણોમાં થાય ત્યારે હરિનાં દર્શન થાય-એની જોડે ઐક્ય થાય.

આવા અનેક વિચારોનો ભંડાર આ પુસ્તકમાં ભરેલો છે. મને શ્રદ્ધા છે, કે પ્રયત્નશીલ સાધકને તેમાંથી ખૂબ ખૂબ જીવનપાથેય મળી રહેશે, અને જીવનને ઉન્નત અને ઊર્ધ્વગામી બનાવવામાં આ પત્રો બહુ જ મદદરૂપ થઈ રહેશે.

**(૨) આચાર્ય શ્રી મુકુંદરાય એમ. ઠાકોર**

આ પુસ્તકમાં સાધકોને ઘણા જ ઉપયોગી એવા ઘણાય વિષયો સંતોની લાક્ષણિક સરળતાથી છતાંય ખૂબ જ ઝીણવટથી ચર્ચવામાં આવ્યા છે. અને તેથી પુસ્તક સાધક વર્ગને ઘણું જ ઉપયોગી તેમ જ માર્ગદર્શક થઈ પડશે તે બાબત નિઃસંદેહ છે.

પુસ્તકમાંના ઘણાય વિષયો ઘણા ગહન અને બુદ્ધિ-અગમ્ય હોવા છતાં ખૂબ જ સરળ રીતે સમજાવવામાં આવ્યા છે. શરૂઆતમાં દ્વૈતભાવનો નાશ કરવાની જરૂરિયાત તેમ જ તે કરવાની રીત સમજાવવામાં આવી છે. સદ્‌વિચારથી પણ પર થવાનું છે. સત્‌અસત્‌નું પૂર્ણ ભાન રહેવા છતાંય તેનો ભાવ સુધ્ધાંય ન રહે તે અનેક રીતે સમજાવવામાં આવ્યું છે. દા.ત., 'સારા સ્વભાવની' પણ પર થવાની તેમ જ વિચારોનાં વમળમાં ન પડી જવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે.

ભગવાન ભાવના ભૂખ્યા છે. કર્મની મહત્તા નથી. ભાવની જ મહત્તા છે. તેથી, કર્મદ્વારા ભગવદ્‌ભાવની પ્રાપ્તિ હૃદયથી જલદી થાય છે. પણ તે સાથે તમોગુણરૂપી પ્રમાદ સાધકમાં પેસી ન જાય તે બાબત પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

દરેક સંત ગુરુ થવાને લાયક નથી એ વસ્તુ તદ્દન સત્ય છે. ગુરુ તો તે જ થઈ શકે કે જેમનામાં તારણ કરવાની શક્તિ-બીજાનું અજ્ઞાન નાશ કરી ચેતનનો પ્રકાશ પ્રગટ કરવાની શક્તિ-ભગવત્ કૃપાથી પ્રાપ્ત થઈ હોય.

કોઈ પણ વ્યક્તિ સાચા સંત હોવા છતાં પણ બીજાના ગુરુ ભગવદ્-આદેશ વગર થાય તે યોગ્ય ન કહેવાય. ગુરુની કૃપા તથા મદદ કેવી રીતની હોય છે અને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય છે તે પણ સ્પષ્ટ રીતે સમજાવવામાં આવ્યું છે. સંસારમાં ઘણાંયને કહેતા સાંભળ્યા છે કે 'गुरुकृपा हि केवलम्' પણ કૃપા એટલે શું, તે કેવી રીતે પ્રાપ્ત કરી જીરવી રાખવી, તે સમજવું સહેલું નથી. 'જે કરીએ તે પામીએ, એનું નામ કૃપા' એવું પણ કહેવાય છે. કૃપા તો હરહંમેશ વરસી રહી છે. કૃપા સ્વયં પ્રાપ્ત વસ્તુ છે. કૃપા તો જીવનની પ્રત્યેક પળમાં અનુભવવાની છે. આપણે જે કંઈ પણ કરીએ છીએ તે તેની કૃપાનું જ ફળ છે. આ સત્યનું ભાન જેટલે અંશે આપણે વધારતા જઈશું તેટલે અંશે કૃપાનો વધારે ને વધારે અંશે અનુભવ કરવા આપણે લાયક બનીશું. આમ કરવા સારુ બે વસ્તુ અત્યંત જરૂરી છે. નિષ્ઠા અને સબૂરી. નિરપેક્ષ શ્રદ્ધા એ નિષ્ઠાનું મૂળ છે. 'હું અને મારું એ જ અંધારું'-આ ભાવમાં સતત રહેવું તેનું નામ નિષ્ઠા. આપણે ગમે તે કાંઈ કરતાં હોઈએ તોપણ આપણો

આંતરિક ભાવ તો પેલામાં જ રમમાણ થયા કરવો જોઈએ. આ શબ્દોથી સતત જાગ્રતિની જરૂરિયાત સમજાવવામાં આવી છે. જાગ્રતિમાં આવરણને સ્થાન જ નથી. તેથી, માનવજાતના કલ્યાણ માટેની પણ ભાવના આવરણરૂપ હોઈ તેને તોડ્યે જ છૂટકો છે એમ કહેવામાં આવ્યું છે. આ વિષય બહુ જ ઉચ્ચ કોટીનો હોવાથી તે સમજવો અઘરો થઈ પડે તે સ્વાભાવિક છે. ત્યાગનો પણ ત્યાગ કરવાનો છે.

સંતની પિછાણ સંત આપે ત્યારે તેમાં કાંઈ અનેરો આનંદ આવે છે. 'શાંતિ પમાડે તેને રે સંત કહીએ.' એવું એક ભજનમાં કહેલું છે. તે જ પ્રમાણે અહીં પણ કહેવામાં આવ્યું છે. સંત પાસે ગયાથી શાંતિ તથા આનંદ ન અનુભવાય તો તે સંત નહિ. પ્રેમ અને રસ વગર સાધનામાં પ્રગતિ શક્ય નથી તે જાણવું દરેક સાધકને ઉપયોગી છે. 'त्वमेव सर्वं मम देव देव ॥' એ સત્ય જ્યારે આપણા જીવનમાં ઓતપ્રોત થશે ત્યારે પ્રેમ તેમ જ રસ આપોઆપ જાગશે. રસ જગાડવા માટે સતત ચિંતનનો માર્ગ સાચો છે. 'પ્રેમનું સામ્રાજ્ય હૃદય ઉપર છે. પ્રેમને ઉપરચોટિયા ભાવ સાથે કશી નિસ્બત નથી.' આ શબ્દોમાં પ્રેમનું સાચું લક્ષણ સમજાવ્યું છે. સાધારણ રીતે લાગણીના ઊભરાને પ્રેમ તરીકે આલેખાય છે. પણ પ્રેમને એવા ઉપરચોટિયા ઊભરા સાથે કશી જ નિસ્બત નથી તે સમજવું અઘરું હોવા છતાં પણ સાધકો માટે ઘણું જરૂરી છે. આધ્યાત્મિક ભાવનાને લાગણીના આવિર્ભાવ સાથે નિસ્બત નથી. કથા, ભજન, કીર્તન વગેરે સાધનોમાં માનનારાઓ માટે આ વસ્તુ જાણવી ઘણી જ જરૂરી છે.

સંસાર તો જ્યાં જાવ ત્યાં સાથે જ આવવાનો છે. સંસારમાં

રહીને જ સાધના કરવાની છે. સંસારમાં રહે પણ સંસારી થઈને નહિ, એ શ્રીરામકૃષ્ણ પરમહંસજીના વાક્ય સરખો જ ભાવ આ લખાણમાં પણ આલેખવામાં આવ્યો છે. સંસારમાં અસંગ થઈને રહેવું એટલે વૃત્તિ, વિચાર આદિ કોઈ પણ જાતની લાગણી અને પ્રવૃત્તિથી અલિપ્ત રહેવું, સંસાર મિથ્યા નથી. સંસાર તો સત્ય છે. પરમાત્માની સત્ય શક્તિની સત્યલીલામાત્ર. ચેતનાની વિશિષ્ટતા જ. અને તે લીલા પણ અનંતકાળની છે. સાધકોમાંની અધીરાઈ દૂર કરવા માટે ઉપલી બાબત સમજવી ઘણી જરૂરી છે.

શ્રદ્ધાનો વિષય ગહન હોવા છતાં લાક્ષણિક સરળતાથી આ પુસ્તકમાં ચર્ચવામાં આવ્યો છે, એટલું જ નહિ પણ તેની મહત્તા આંકી શકાય તેમ નથી, તે પણ સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે. શ્રદ્ધા માણસને શ્વાસની ગરજ સારે છે. એ તો પરમ કલ્યાણમયી માતા છે. 'નિષ્ઠાની સ્થિતિ એટલે પાકટ થયેલી શ્રદ્ધા' વગેરે વાક્યોથી શ્રદ્ધાના પ્રકારો પણ સચોટ રીતે સમજાવવામાં આવ્યા છે.

એકલી શ્રદ્ધા સમર્પણભાવ વગર નિરર્થક છે. તે વસ્તુ પણ ખૂબ ભારપૂર્વક સમજાવવામાં આવી છે. સાચું સમર્પણ તો ક્યારે થાય કે જ્યારે 'तवैव वस्तु गोविंद । तुभ्यमेव समर्पितम्' નો ભાવ જાગે. સમર્પણમાં તો જે વસ્તુ જેની છે તે તેને જ સોંપવાની છે. એટલે સમર્પણમાં વાસ્તવિક રીતે કશાયનું અર્પણ નથી, પણ અહંભાવજનિત મોહ-મમતાનો જ ત્યાગ કરવાનો છે. ભગવાન શ્રીરમણમહર્ષિને સમર્પણ વિશે જ્યારે પૂછવામાં આવેલું ત્યારે તેઓશ્રીએ એક પૂજારીનું દૃષ્ટાંત આપેલું. પૂજારી

એક ગોળની બનાવેલી ગણપતિની મૂર્તિનું પૂજન કરતા હતા. તે વખતે જ્યારે ભોગ આપવાની વિધિ આવી ત્યારે યાદ આવ્યું કે ભોગ આપવાને માટે તો કશી જ વસ્તુ તેની પાસે ન હતી. થોડી વાર પછી વિચાર સ્ફુર્યો કે ગણપતિની મૂર્તિ ગોળની બનાવેલી છે તો તેમાંથી જ થોડો કાઢી લઈને પ્રસાદ તરીકે આરોગું. આનું નામ સમર્પણ.

સમર્પણ કચવાટભર્યા મનથી નહિ પણ પ્રેમ અને આનંદ સાથે કરવાનું છે. કારણ કે વસ્તુનું સમર્પણ કરવામાં આવે છે તે વસ્તુ સાચે જ ભગવાનની છે. આપણી નથી. સમર્પણ એક ઉત્તમ સાધન હોવાથી તેના ઉપર આ પુસ્તકમાં ભાર મૂકવામાં આવ્યો છે તે યોગ્ય જ છે.

## ૨૩. 'જીવન ગીતા'

**શ્રી લલિતચંદ્ર દલાલ**

'જીવન ગીતા' બહુ જ રસપ્રદ સંજોગોમાં લખાઈ હતી. નવસારી, હરિજન આશ્રમના વિદ્યાર્થીઓ પૂજ્ય શ્રીમોટાને ભગવદ્‌ગીતા વિશે લખવા ખૂબ જ આગ્રહ કરી રહ્યા હતા અને તેમની ઇચ્છા પૂરી પાડવા એમણે વીસાપુર જેલમાં સત્યાગ્રહી કેદી તરીકે પોતાનું નિયત કામ કરતાં કરતાં 'જીવન ગીતા' લખી. પ્રાથમિક અધ્યાય 'સંગ્રામનો હેતુ' ૧૯૬૭ના મે મહિનામાં એમના ડાંગ જિલ્લાના વસવાટ દરમિયાન લખાયો. આમ, ૩૬ વર્ષ પૂર્વે લખાયેલી 'જીવન ગીતા' આજે પુસ્તકાકારે બીજી વાર પ્રસિદ્ધિ પામી રહી છે. આ કંઈ ગીતાનો સમશ્લોકી અનુવાદ નથી. પૂજ્ય શ્રીમોટાએ જે રીતે ગીતા જોઈ છે, સમજી છે અને જીવન રંગી નાખ્યું છે, તેને શબ્દદેહ આપ્યો છે.

ગોપાલનંદને ઉપનિષદો દોહીને આપેલું ગીતામૃત એટલું તો સ-રસ છે કે એને પચાવવાને પૂજ્ય શ્રીમોટા જેવા ગીતાને આપણે માટે સુપાચ્ય બનાવે એ જરૂરી બને છે. મૂળ ગીતા વાંચતાં અસંખ્ય પ્રશ્નો ઊઠે એ સ્વાભાવિક છે અને એના નિરાકરણ વિશે સંતપુરુષો અને તત્ત્વવિદોમાં પણ મૂળભૂત ભેદ પ્રવર્તેલા હોય છે. કેટલાક પ્રશ્નો તો અણઊકલ્યા પણ રહે.

એમના પ્રાથમિક અધ્યાયમાં જ- સંગ્રામનો હેતુ-પૂજ્ય શ્રીમોટાએ બહુ જ મહત્ત્વના પ્રશ્નને છેડ્યો છે. કુરુક્ષેત્રનું મહત્ત્વ-ધાર્મિક અને તત્ત્વજ્ઞાનિક-તો જાણીતું છે જ. કવિવર્ય નાનાલાલે એમની અનોખી શૈલીમાં ઈશારો પણ કર્યો છે :-

પણ પુસ્તકના પહેલા જ ચરણમાં પૂજ્ય શ્રીમોટા કહે છે તેમ 'ઉદ્ભવી શેં શકે જ્ઞાન સંગ્રામક્ષેત્ર ઉપરે ?' આવા અસ્ફુટ પ્રશ્નને સ્પષ્ટ રીતે માંડીને એનું નિરાકરણ જે રીતે પૂજ્ય શ્રીમોટાએ લંબાણપૂર્વક, લગભગ ૮૯ શ્લોકોમાં કર્યું છે, તેવું ભાગ્યે જ બીજા કોઈ ચિંતકે કર્યું હશે.

સંગ્રામ જીતવા 'તમન્ના'ની તો મૂળભૂત જરૂરિયાત છે. તે જ પ્રમાણે આધ્યાત્મિક જીવનમાં પણ ઉત્કટ તમન્ના-જેને પૂજ્ય શ્રીમોટા હંમેશાં volcanic aspiration કહેતા આવ્યા છે-વિના કશુંય સંભવિત નથી. 'જ્વાળામુખી સમી જેની જિજ્ઞાસા થાય ઉત્કટ' (અધ્યાય-૬, પૃ.-૨૩),

ટૂંકમાં, 'સંગ્રામ ભૂમિકા જાગ્યા વિના જ્ઞાન ન સંભવે.'

નિકટના પરિચયમાં આવનારા જાણે છે કે પૂજ્ય શ્રીમોટાના મતે, એમના જ શબ્દોમાં, 'ગીતા is not merely a Book of Authority but a Book of experience. ગીતા ફક્ત વાંચવાની કે રટવાની નથી પણ જીવવાની છે.'

પૂજ્ય શ્રીમોટાએ વારંવાર એમનાં પુસ્તકોમાં પ્રતિપાદિત કર્યું છે કે આધ્યાત્મિક સંગ્રામમાં કુવૃત્તિથી બચવાનું નથી, પણ આપણા જીવનમાં વાણાતાણા માફક વણાઈ ગયેલા કેટલાય કહેવાતા સારા ખ્યાલોની, રિવાજોની, ટેવોની પણ આહુતિ આપવી પડશે. કેવળ દુર્યોધન અને દુઃશાસન જ નહિ, પણ ભીષ્મ અને દ્રોણને પણ હણવા પડશે.

આ પુસ્તકનું બીજું આકર્ષણ એ છે કે શ્લોકોને ગુચ્છકોમાં ગોઠવી દરેકનું તાત્પર્ય ટૂંકમાં ગુચ્છકની શરૂઆતમાં સમજાવવામાં આવ્યું છે. પૂજ્ય શ્રીમોટા પ્રખર વિચારક અને શાસ્ત્રોપનિષદોથી સુપરિચિત હોવા છતાં 'જીવન ગીતા'ની ભાષા એટલી સરળ અને સ્પષ્ટ છે કે સામાન્ય માનવી પણ ગીતાનું રહસ્ય સહેલાઈથી સમજી શકે. ગુજરાતી ભાષાના જ આગવા એવા પ્રયોગથી ગીતા જેવા પુસ્તકના ભાવ સમજાવવામાં પૂજ્ય શ્રીમોટાએ ગજબ સિદ્ધિ બતાવી છે.

ઉદાહરણાર્થે :-

પ્રાપ્ત જે કર્મ છે તેને આચરવું તુજ ધર્મ છે,
હાર કે જીત કે લાભાલાભ ના તુજ હાથ છે.
ઉપાડે ભાર કાં એનો ગાડાના શ્વાન જેમ તું ?
અથડાઈ મરે ખાલી ઘાણીના બેલ જેમ તું.
(અધ્યાય ૨, પૃ. ૩૫, ૩૬, શ્લોક ૧૪૧, ૧૪૮)

સંન્યાસી જો થવા જાય, બાવાનાં બગડેય બે,
ઘાટનો, ઘરનો ના રહે, કઢંગી સ્થિતિ પામશે.
(અધ્યાય ૫, પૃ. ૧૧૩, શ્લોક ૩૯)

મન તો વાંદરા જેવું, દબાવાયે જ વાયુ જો,
સંયમે તે રહે, કિંતુ આ તે શેં વશ થાય ? ક્હો.
(અધ્યાય ૬, પૃ. ૧૩૧, શ્લોક ૮૪)

कर्मेन्द्रियाणि संयम्यय य आस्ते मनसा स्मरन् નું પણ સરસ ચિત્ર છે :-

અનેક જાતના ઘોડા ઘડે કૈં માનવી મન,
બેઠાડુ, આળસુ જેવા, મિથ્યાચારી જ મૂર્ખ તે.
(અધ્યાય ૩, પૃ. ૫૪, શ્લોક ૫)

ભગવદ્‌ગીતાના આઠમા અધ્યાયમાં શરીર છોડવાના નિરૂપેલા કાળ-ઉત્તરાયણ અને દક્ષિણાયન-ના રૂપક વિશે પણ મતાંતર પ્રવર્તતે છે.

ગીતામાં ઈશ્વરપ્રાપ્તિના વિધવિધ ઉપાયો બતાવાયા છે. પૂજ્ય શ્રીમોટા પ્રેમભક્તિને આ જમાના માટે વધારે સાનુકૂળ ગણતા લાગે છે. ‘અનાસક્તિ વગર કશું ન વળે અને અનાસક્તિ માટે સહેલો ઉપાય ભક્તિ છે. એ સહેલો પણ છે અને જો હૃદયમાં ન વસ્યો તો અઘરો પણ છે. એ તો ‘માથા સાટે મોંઘી વસ્તુ’ લેવાની વાત છે.’ (અધ્યાય ૯, પૃ. ૧૭૫) આમાં તો ભાવપૂર્વકનું સંપૂર્ણ અર્પણ જોઈએ. न मतं देवदेवस्य सामिभुक्तसमर्पणम् ।

સર્વાર્પણ વિના પાર્થ ! ને પ્રેમ સર્વવ્યાપક,
કદીયે સંભવે છે ના ભક્તિ મારી અલૌકિક.
(અધ્યાય ૧૧, પૃ. ૨૧૭, શ્લોક ૧૦૦)

‘જોકે બંને એક જ ધ્યેયને પામે છે, તેમ છતાં માર્ગ તરીકે નિરાકારની ભક્તિ કરતાં સાકારનો માર્ગ વધુ પસંદ કરવા લાયક છે’, કેમ કે તે વધારે સહેલો છે.’ (પૃષ્ઠ ૨૨૦)

નિર્ગુણી છે નિરાકાર, કલ્પનાતીત તેથી તે,
જગે જાણ્યેઅજાણ્યે સૌ રૂપ સાકારને ભજે.
(અધ્યાય ૧૨, પૃ. ૨૨૦, શ્લોક ૯)

'ઉન્માદકારી નશા'નો આસ્વાદ લેવા કોઈ એક સાધારણ માર્ગ નથી જ. બધાંને લાગુ પડતું કોઈ એક જ ધોરણ નથી. માટે જ પૂજ્ય શ્રીમોટા કહે છે કે -

સધાયે ભક્તિ જે માર્ગે તે માર્ગે સાધી લે હૃદે,
ગમે તે માર્ગથી પ્રાપ્ત કરી લે તુજ ધ્યેયને.
(અધ્યાય ૧૨, પૃ. ૨૨૪, શ્લોક ૩૩)

કેટલીક વાર પ્રશ્ન ઉઠાવવામાં આવે છે કે ગીતામાં ભક્તિને પ્રાધાન્ય અપાયું છે કે પ્રપત્તિ અથવા શરણાગતિને ? પણ ભક્તિ અને પ્રપત્તિ વચ્ચે જે ભેદ જોવામાં આવે છે એનું કારણ ગીતાનો ક્રમ છે અને પ્રપત્તિ તો છેવટે આવે છે. ભક્તિમાંથી જ પ્રપત્તિ ઉદ્‌ભવે છે એમ લાગે છે.

ભક્તિ વિના પ્રપત્તિ ન પ્રજળે, પણ સ્વધર્મ છોડી મુખેથી શુકવત્ 'કૃષ્ણ, કૃષ્ણ' રટવામાં જ પ્રપત્તિ આવી નથી જતી.

આ બધા ધર્મ છોડવાના કહ્યા તે ધર્મનો અર્થ શો ? 'એ જાણ્યા વિણ તું ઊંધું મારશે નક્કી જાણજે.' (અધ્યાય ૧૮, પૃ. ૨૭૦, શ્લોક ૧૧૦)

પૂજ્ય શ્રીમોટાએ પણ આને વિશે લંબાણપૂર્વક અને બહુ જ સ્પષ્ટતાથી માર્ગદર્શન આપ્યું છે :-

ટૂંકમાં પ્રાપ્ત તે ધર્મ સર્વ તો પાળવા ઘટે,
એનો જો તું કરે ત્યાગ વસમી વાત થાય તે.
જે ત્યાગ કરવાનો હું કહું છું તે બીજો જ છે,

એ વિશે કંઈ સંદેહ મનમાં રાખ ના હવે.
સંકલ્પ ને વિકલ્પ એ મનના ધર્મ જાણજે,
એ ધર્મ ત્યાગીને વાળ મારામાં મનને હવે.
ઇંદ્રિયોનો જ છે ધર્મ બહિર્મુખી થવાપણો,
અંતર્મુખ રહે, તેવું કર યત્ન કરી ઘણો.
જીવસ્વભાવવાળી જે બુદ્ધિના નિર્ણયો ઘણા,
આડફંટે લઈ જાય તેમને ત્યજવા બધા.
મનાદિકરણોકેરા સૌ પ્રાકૃતિક ધર્મને,
પૂરેપૂરા ત્યજી દૈને શરણે મુજ આવજે.

(અધ્યાય ૧૮, પૃ. ૨૭૦, શ્લોક ૧૧૨ અને ૧૨૧થી ૧૨૫)

ઈશ્વરાર્પણ બુદ્ધિથી જે કર્મયજ્ઞ થાય, તેથી સાચી શ્રદ્ધા થાય. એવી શ્રદ્ધાથી થયેલું સૌ કૈં પવિત્ર જ છે, પણ શ્રદ્ધા વગરનું અને સમર્પણ વગરનું સારામાં સારું કામ પણ ધૂળ છે.' (અધ્યાય ૧૭, પૃ. ૨૨૫, શ્લોક ૨૬ પછીની લીટીઓ.)

જાણતાં કે અજાણ્યેયે ઈશ્વરાર્પણ બુદ્ધિથી,
શિષ્ટાચાર થકી ભિન્ન કદી કાર્ય કરે કંઈ,
છતાં એને ન લાગે છે દોષ સ્હેજેયે અર્જુન !
સર્વસ્વ કેમ કે અર્પે મને તે તેનું નિત્ય જ.

(અધ્યાય ૧૭, પૃ. ૨૫૬, શ્લોક ૨૮-૨૯)

સ્વાભાવિક રીતે જ આત્મતત્ત્વ જેમણે નીરખ્યું એ તો અનુભૂતિ ઉપર જ ભાર મૂકે. પૂજ્ય શ્રીમોટા શાસ્ત્ર સમજવા માટે અનુભવી પાસે જ જવાનું કહે છે, નહિ કે શાસ્ત્રપંડિત પાસે.

તેથી નિર્ણયમાં તારા જે જે કાર્યઅકાર્યના,
અનુભવીની પાસેથી બધા સિદ્ધાંત નિશ્ચલ,
પૂરા તું સમજી લેજે, ર્‌હેતો ગાફેલ ના કશે,
એને અનુસરી તારું શુદ્ધ વર્તન રાખજે...
(અધ્યાય ૧૬, પૃ. ૨૫૧, શ્લોક ૩૭-૩૮)

## ૨૪. 'જીવન પરાગ'

### (૧) પ્રા. અનુપરામ ગોવિંદરામ ભટ્ટ

'જીવન પરાગ'માં સંગૃહીત થયેલાં કેટલાંય વિચાર-મૌક્તિકોમાં અનુભવી સંતની મૌલિક સૂઝ, ઊંડી અંતર્દષ્ટિ અને લોકોત્તર અનુભૂતિનાં દર્શન થાય છે. આધ્યાત્મિક વિકાસ અને યથાર્થ જીવનદષ્ટિ પ્રાપ્ત કરવાની અદમ્ય મહેચ્છા સેવતા સાધકને અત્યંત ઉપયોગી થાય તેવા કેટલાંક મુદ્દાઓ અને અવતરણો ઘણાં મનનીય જણાવવાથી અત્રે રજૂ કરવાની તક લઉં છું.

મુક્તાત્મા અને તેનાં દુર્ગમ ગૂઢ વર્તનો વિશે જે ઉદ્ધરણો 'જીવન પરાગ'માં રજૂ થયાં છે, તે મુક્તાત્મા વિશેની સમજ કેળવવામાં ઘણાં સહાયક થાય તેમ છે. ત્રિગુણાતીત પુરુષની જીવનપદ્ધતિ અનોખી હોય છે. તેનાં વર્તનનાં ધારાધોરણો, રીતરસમો વગેરે સંસારી જીવોને ન સમજાય તેવાં હોય છે. લોકોત્તર સિદ્ધ પુરુષોનો વ્યવહાર બાળક, મૂઢ, ઉન્મત્ત કે પિશાચ સમાન હોઈ શકે છે.

उन्मत्तवद् वापि च बालवद् वा
पिशाचवद् वापि चरत्यवन्याम् ॥

તેમનાં બાહ્ય આચરણો વિધિનિષેધથી પર હોય છે. આથી, સંસારમાં પ્રવર્તમાન નીતિ-અનીતિનાં ધારાધોરણો લગાડી, તેઓ

વિશે કોઈ પણ નિર્ણય બાંધવા જનાર વ્યક્તિ ભ્રમમાં પડી આત્મલાભથી વંચિત રહી, પોતાને જ નુકસાન પહોંચાડે છે. શાસ્ત્રોમાં આ બધી હકીકતો દર્શાવવામાં આવી છે, પરંતુ પૂજ્ય શ્રીમોટાએ મુક્તાત્માની વર્તનપદ્ધતિ વિશે જે સ્પષ્ટીકરણ કર્યું છે, તેમાં શાસ્ત્રના મર્મને બૌદ્ધિક ધોરણે સમજવા મથતા સાચા જિજ્ઞાસુને પોતાના પ્રશ્નોનું સંતર્પક અને ન્યાયસંગત નિરાકરણ મળી જાય છે. અધ્યાત્મશાસ્ત્રના કેટલાય દુર્ગમ કોયડાઓનો ઉકેલ આ સંતાત્માની તર્કસંગત, હૃદયંગમ અને મૌલિક નિરૂપણપદ્ધતિ દ્વારા મળી જાય છે તથા અંતરની સૂઝ કેળવાય છે.

અધ્યાત્મનાં સૂક્ષ્મ રહસ્યો પૂજ્ય શ્રીમોટાએ શિષ્ટ પ્રૌઢિયુક્ત છતાં પ્રાસાદિક ભાષામાં રજૂ કર્યાં છે, એ વાત 'જીવન પરાગ'ના અભ્યાસીને સહેજે સમજાય તેવી છે—જો તે અભ્યાસી પ્રેમપૂર્વક અને એકાગ્રતાથી તેનું અધ્યયન કરે તો. ઘણા ઓછા મુક્તાત્માઓની વાણી પૂજ્ય શ્રીમોટાની શૈલી જેવી શૈલીમાં પ્રગટ થવા પામી છે. આવું લખાણ પ્રગટ થવામાં ભવિષ્યના સમાજના ઉત્થાન માટે વિશ્વાત્માનો કોઈ નિગૂઢ હેતુ કાર્ય કરી રહ્યો હોય તેમ જણાય છે. 'જીવન પરાગ' વાંચતાં એવો ભાવ જાગે છે કે પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો શાંત ચિત્તે ઉતાવળ વિના, સમજપૂર્વક વારંવાર વાંચવાં જરૂરી છે. જો તેમ થાય તો જ તેમનું હાર્દ પમાય અને શાસ્ત્રોનાં કેટલાંય કથનોનું—ગીતા, ઉપનિષદો વગેરેનાં દુર્ગમ વાક્યોનું ઊંડું રહસ્ય સમજાય.

પ્રસ્તુત ગ્રંથમાં 'સદ્‌ગુરુની પરખ', 'ગુરુથી થતું સાધકનું ઘડતર', 'ગુરુ અને સાધક', 'ગુરુ પ્રત્યે સાધકો અને શ્રેયાર્થીનો ધર્મ', 'ચમત્કાર', 'આઘાત અને પ્રત્યાઘાત', 'નિરાશા, વિષાદ, સાધનાપથ' વગેરે સંબંધી જે સૂક્ષ્મ છણાવટભર્યા મુદ્દાઓ એકત્રિત કરી રજૂ કરવામાં આવ્યા છે, તે મુમુક્ષુ સાધકે વારંવાર મનન કરવા યોગ્ય છે.

'જીવન પરાગ'માં અધ્યાત્મક્ષેત્રમાં જ માત્ર ઉપયોગી થાય તેવી સામગ્રી છે તેવું નથી, પરંતુ સંસારીજનોને વ્યવહારક્ષેત્રમાંય સાચા જીવન માટે ઉપકારક થાય, તેવી વિપુલ સાધનસંપત્તિની પણ પ્રાપ્તિ તેમાંથી થયા વિના રહે તેમ નથી. અનુભવી પુરુષ તો સંસારને પણ હરિના લીલાક્ષેત્ર તરીકે જ જુએ છે. આ લીલાક્ષેત્રમાં હરિનાં જ જીવરૂપી પ્રતિબિંબો વિહરી રહ્યા કરે છે એવું અપરોક્ષ દર્શન તેને રહ્યા કરે છે. આથી, સંસારક્ષેત્રે પણ જીવોને શાંતિમય સહઅસ્તિત્વનું જીવન ગાળવામાં ઉપકારક બની, તેમની હરિ પ્રત્યે અભિમુખતા થવામાં સહાયક બને, તેવું માર્ગદર્શન તે આપ્યા કરે છે. જેને આત્માનો અપરોક્ષ અનુભવ છે, તેવા વિજ્ઞાનીને જટિલ વ્યવહારની ગૂંચો, જીવનમાં આવતી સમસ્યાઓ અને તેના ઉકેલની સાચી સૂઝ પણ પ્રગટેલી હોય છે. તેનું જ્ઞાન અબાધિત હોય છે. 'જીવન પરાગ'માં સમાવેશ પામેલાં કેટલાંય સૂત્રાત્મક વિચારરત્નોમાં 'લગ્નભાવનાનો હેતુ', 'લક્ષ્મી તરફની દૃષ્ટિ', 'વાણીનો સંયમ', 'સદ્‌ભાવનાની કેળવણી', 'સંતાનો અને માબાપનો ધર્મ', 'વિઘ્નો-મુશ્કેલીઓ', 'સુમેળ', 'ઉદાર માનસ', 'નવદંપતી', 'દોષોનો સ્વીકાર અને વેદના', 'બહેનો સાથેનો વર્તાવ' વગેરે

વિષયોને ઉદ્દેશીને જે વક્તવ્ય રજૂ થયું છે, તેમાં મનુષ્યજીવન પાંગરે તેવું વ્યવહારોપયોગી માર્ગદર્શન થયું છે, તે આ ગ્રંથની વિશેષતા હોઈ તેનું મૂલ્ય અનેકગણું વધી જાય છે.

સાંસારિક જીવનમાં જકડાઈ ગયેલો હોવા છતાં અધ્યાત્મ-પરાયણ જીવન જીવવા માટે ઉત્કટતાપૂર્વક મથતા જીવને નિરાશ થવાનું કોઈ કારણ નથી. આવા જીવના અંતરમાં પૂજ્યશ્રીની આ ઉક્તિ આશાનો સંચાર કરી માર્ગદર્શક બને છે, 'સાંસારિક જીવનની સાંકળથી મુક્ત થઈ જ ન શકાતું હોય, અને બીજી બાજુથી માનવીની મહેચ્છા આધ્યાત્મિક જીવન પરત્વેની થોડી ઘણી પણ હોય, તો તેવા જીવે પ્રાર્થના કરી ભગવાનની મદદ માગવી રહી.'

પૂજ્ય શ્રીમોટાનો જપ અને નામસ્મરણ વિશેનો લેખ ઘણો મનનીય હોઈ જપ તથા નામસ્મરણરૂપી રાજમાર્ગના પથિકને તેમાં કરેલા માર્ગદર્શનથી અલભ્ય લાભ થવાનો પૂરો સંભવ છે. જપને યજ્ઞ શા માટે ગણવામાં આવ્યો છે અને કેવા પ્રકારની જપસાધના ઉત્તમ ગણાય તે વિશેના પૂજ્ય શ્રીમોટાના લેખમાંથી કરેલું નીચેનું અવતરણ ધ્યાનમાં રાખવા જેવું છે. 'જપને યજ્ઞમાં ગણેલો છે. એ એક મોટું સહજ અને સરળ સાધન છે. સામાન્યપણે જપ ટૂંકામાં ટૂંકો હોય તો ઉત્તમ. એ જપવામાં ક્લિષ્ટ ન હોવો જોઈએ, સરળ હોવો જોઈએ. હ્રસ્વ અને મૃદુ તથા કઠણ નહિ એવો (ઘોષ વ્યંજન) હોય તો વધુ સારું. શબ્દનાં ત્રણ સ્થળ છે, નાભિ, કંઠ અને બ્રહ્મરંધ્ર. જપ એવો હોવો ઘટે કે એ ત્રણેને સ્પર્શી શકે—જપને યજ્ઞ કહેવાનું કારણ

એ છે કે યજ્ઞમાં જે તે બધું હોમવાનું હોય છે, એટલે આપણે પણ મનાદિકરણનું જે જે બધું ઊભળે, તે બધું તેમાં પ્રાર્થના સાથે જ્ઞાનભક્તિપૂર્વક હોમ્યા કરવાનું છે.'

'પ્રભુ સાથે અભેદ્ય સંબંધ જોડવા માટે, એકતાર થવા માટે, તેનું નિરંતર અનુસંધાન થવા માટે નામસ્મરણ એ અમોઘ અને સમર્થ સાધન છે.' આ સંબંધી 'જીવન પરાગ'માંના નીચેના કથનનો ઉલ્લેખ કરવા જેવો છે : 'સ્થૂળ રીતે, દેખીતી રીતે નામસ્મરણ વિના સ્થૂળજીવન નભી શકે છે, પણ પ્રભુમય જીવન માટે નામસ્મરણ પ્રાણ સમાન છે. એ ન હોય તો કશું નથી. એટલે ધ્યાન આદિ બીજાં સાધનો કરતાં પણ એનું સવિશેષ ધ્યાન રાખવાનું છે. નામી કરતાંયે નામ ચઢી જાય છે. દિવસોભર જમ્યા વિના જીવી શકાય, પણ જેને ભગવાનને શરણે જવું છે, તેને નામસ્મરણ વિના એક ક્ષણ પણ ન ચાલવું જોઈએ. નામસ્મરણ એ આપણું એક રીતનું જીવન છે.'

આ રીતે માનવજીવનના ઊર્ધ્વીકરણમાં સંપૂર્ણપણે સહાયક નીવડે તેમ જ અનુભવી સંતાત્માના હૃદયમાંથી ફૂટેલી પાવનકારી વાણીની સરવાણીનું જળ 'જીવન પરાગ'માં સંગૃહીત થયેલું છે.

### (૨) શ્રી સોપાન

આ પુસ્તકના વાંચનથી મારા મન પર પહેલી છાપ એ પડી કે શ્રીમોટાએ કોઈ સિદ્ધાંત, વાદ કે વિચારનું પ્રતિપાદન કરવા અથવા તો કોઈ નવો સિદ્ધાંત વહેતો મૂકવા માટે આ પુસ્તક લખ્યું નથી. કોઈ મધ્યવર્તી વિચારની આસપાસ બુદ્ધિયુક્ત અને હૃદયસ્પર્શી દલીલો ગોઠવાય અથવા તો સંશોધન

કે ગણિતની પદ્ધતિથી ચોક્કસ દિશામાં ગતિ કરતાં કરતાં એક નિશ્ચિત વિચાર પર પહોંચાય એવું આ પુસ્તકમાં નથી. શ્રીમોટાનો કે આ પુસ્તકનું પ્રકાશન કરનારાઓનો એવો હેતુ પણ નથી. આ પુસ્તક તો સાચા અર્થમાં એક સાધક વિચારકનાં અનુભવમોતી છે. સંપાદકોએ એ મોતીને નાની મોટી માળાઓમાં પરોવવાનો સફળ પ્રયત્ન કર્યો છે. 'સાધક વિચારક' એમ કહીને હું સાધક અને વિચારક એમ કહેવા નથી માગતો. આ પુસ્તકમાં શ્રીમોટાની વાણી વાંચીને એમને ઉત્તમ કક્ષાના એક વિચારક માનવાનું મન થઈ જાય એમ છે, પરંતુ જે સત્ય હકીકત છે તે તો એ છે સવિશેષ અભ્યાસ, અવલોકન અને ચિંતન તથા થોડોક અનુભવ લઈને આ વિચારો વ્યક્ત કરવામાં નથી આવ્યા, પરંતુ સાધનાની અગ્નિપરીક્ષામાં વિશુદ્ધ કર્યા પછી તેને અભિવ્યક્તિ મળી છે અને તેથી જ તેમને વિચારક કહેવાની સાથે મેં સાધક વિશેષણરૂપે વાપરવાનું યોગ્ય માન્યું છે. અલબત્ત, અનુભવની સાથે અભ્યાસ, અવલોકન અને ચિંતનનું બળ એમાં ભળેલું છે.

આ પુસ્તક સંબંધમાં બીજી એક બાબત પણ નોંધવા જેવી છે. શ્રીમોટાનાં આ વિચારમોતી અથવા તો સાધનાની કસોટીમાંથી પાર ઊતરેલાં સત્યોનું ઉચ્ચારણ સહજ એવાં કોઈ પ્રવચનો કે લેખોનું પરિણામ નથી. જો એવું હોત તો સર્વ સામાન્ય ધોરણ અથવા તો આદર્શનો કોઈ માપદંડ નક્કી કરીને એમણે પોતાના વિચારો રજૂ કર્યા હોત. અહીં જે વિચારમોતી વેરાયેલાં અને પરોવાયેલાં છે, તે એવી પ્રતીતિ તો કરાવે જ છે કે શ્રીમોટા સર્વસાધારણ ધોરણે તથા ચોક્કસ વર્ગને અનુલક્ષીને

પણ સુવ્યવસ્થિત રજૂઆત કરવાને સમર્થ છે, પરંતુ હકીકત એ છે કે 'જીવન પરાગ'માં સંકલિત કરવામાં આવેલા વિચારો બહુધા તો એમનાં કેટલાંક પુસ્તકોનું દોહન છે અને આ પુસ્તકો એમણે કોઈ સાધકને, મુમુક્ષુને, જિજ્ઞાસુને એની આધ્યાત્મિક, સાંસારિક કે વૈચારિક મૂંઝવણમાં માર્ગદર્શન આપવાના હેતુથી લખાયેલા પત્રોના સંગ્રહરૂપે પ્રગટ થયેલાં છે. પુસ્તકોમાંથી ન લીધા હોય એવા વિચારો પણ કોઈ ને કોઈ જિજ્ઞાસુને લખેલા પત્રનાં જ અવતરણો છે.

આ માહિતી અહીં રજૂ કરવાનો હેતુ એ છે કે વાચકને આ પુસ્તકની વિશેષતા તથા મર્યાદા અને એ વિશેષતા-મર્યાદાના સંયોજનથી પ્રગટતી વિશિષ્ટતા ધ્યાનમાં રહે. કુદરતની રચનામાં વૈવિધ્યનો પાર નથી. ઘાસનાં બે તણખલાં કે બે રજકણ પણ એકસરખાં નહિ મળે. અનંત વૃક્ષોનાં અનંત પર્ણો આકારમાં અને બીજી રીતે એકબીજાંથી નિરાળાં હોય તે ખરેખર અદ્ભુત લાગે છે. આની સરખામણીમાં આજની દુનિયાના ત્રણેક અબજ માણસો આકૃતિ અને પ્રકૃતિથી એકબીજાથી જુદાં હોય તેનું આશ્ચર્ય ન થવું જોઈએ. આમ છતાં જાણવા જેવું એ છે કે આવી વિશિષ્ટતાની વચ્ચે એકતાનું-સમાનતાનું પ્રમાણ પણ કેટલું બધું છે ! દરેક જડ-ચેતન વાસ્તવમાં તો જડ જેવું કંઈ છે જ નહિ, સર્વત્ર પ્રગટ, અપ્રગટ, અલ્પપ્રગટ ચેતન જ વિલસે છે. છતાં સામાન્ય નજરે જેને આપણે જડ કહીએ છીએ તે અને જેને આપણે ચેતન તરીકે સ્વીકારીએ છીએ, તે એકબીજા સાથે કેટલાં બધાં સંકળાયેલાં છે ! એક બાજુ ભિન્નતા અને બીજી બાજુ એકતાનો આ અનુભવ જીવનમાં પણ દરરોજ થાય છે.

આ દૃષ્ટિએ વિચારતાં વ્યક્તિને લખેલા પત્રો ઘણે અંશે સમષ્ટિને પણ ઉપયોગી થાય એ સમજાય એવું છે. ચોક્કસ પરિસ્થિતિમાં જીવતા માનવીઓ વચ્ચે સમાનતાનું પ્રમાણ વિશેષ હોય છે. જીવનને ઉન્નત અને મુક્ત કરવાની ઝંખના ધરાવતા માનવીઓની મૂંઝવણો, સમસ્યાઓ તથા સંઘર્ષોમાં સામ્ય હોય અને એથી એકને અપાયેલું માર્ગદર્શન અનેકને ઉપયોગી થાય એ સ્વાભાવિક છે. આ પુસ્તકનાં લગભગ પાંચસો પાનાંઓમાં પથરાયેલું જ્ઞાન એ દૃષ્ટિએ સર્વોપયોગી બની શકે એવું લાગ્યું છે. આ જ્ઞાન રજૂ કરવાની પદ્ધતિમાં આત્મીયતાનો અનુભવ થાય છે. કોઈ ઉપદેશક દૂર બેસીને નિર્લેપ ભાવે ઉપદેશ આપતો હોય એવું દેખાતું નથી, પરંતુ કોઈ સ્વજન સ્નેહપૂર્વક માર્ગદર્શન કરાવતો હોય એમ લાગે છે. એ જ રીતે આકાશમાંથી વરસતો વરસાદ જેમ સર્વત્ર, જ્યાં જરૂર ન હોય ત્યાં પણ વરસે છે તેવું આમાં બન્યું નથી. વાસ્તવમાં આ વર્ષાજળ સંઘરાયેલું અને શુદ્ધ થયેલું છે અને તે જ્યાં ઉપયોગ છે ત્યાં જ વહે છે. જો પ્રકાશની ઉપમા આપીએ તો આ પુસ્તક માર્ગદર્શક દીવાની ગરજ સારે તે પ્રકારનું છે.

શ્રીમોટાએ રજૂ કરેલા વિચારો અનુભવની કસોટીએ ચડેલા છે અને તેથી તેનું મૂલ્ય વધી જાય છે. આ વિચારો ધર્મગ્રંથોમાં, તત્ત્વજ્ઞોની વાણીમાં, અન્ય સંત-સાધુઓના ઉપદેશોમાં આપણને જોવા, વાંચવા, સાંભળવા, અનુભવવા મળે છે, છતાં અહીં તે વાંચતાં કશાકનું પ્રતિબિંબ પડ્યું હોય એવો ભાવ થતો નથી. કારણ કે મૂળ સત્યને પ્રગટ કરવામાં શ્રીમોટાના અનુભવ, રજૂઆતની શૈલી તથા પદ્ધતિની મૌલિકતા ભળેલી છે અને

તેથી તે વેધક અને અસરકારક બન્યા છે. વિચારો સંબંધમાં સમગ્ર રીતે મન પર એવી છાપ પડી છે કે શ્રીમોટા કોઈ જ બાબતમાં અંતિમમાર્ગી નથી. જીવનમાં જેમ સમત્વનું મહત્ત્વ એમણે પ્રીછ્યું છે, તેમ સિદ્ધાંત અને વ્યવહારના પ્રતિપાદનમાં સમન્વયની દૃષ્ટિ રાખી છે. પત્રોના ઉત્તરો પરથી એમ સમજાય છે કે પત્રલેખકના હૈયામાં શિષ્યભાવ છે અને ક્યાંક તે ભાવનો વિકાસ શરણાગતિ સુધી થયેલો છે, પરંતુ શ્રીમોટાએ ગુરુભાવને બદલે બંધુભાવ રાખ્યો હોય એવી નમ્રતા, આર્દ્રતા અને મમતા અનુભવાય છે. જીવનવિકાસમાં ગુરુના સ્થાન વિશેના એમના વિચારોને જુદે જુદે પાને જો ઉપલક નજરે જોવામાં આવે તો ક્યાંક વિરોધ દેખાય, પરંતુ સમગ્ર દૃષ્ટિએ તેને મૂલવતાં એવી જ છાપ પડે છે કે શ્રીમોટા જાગ્રત અને ચેતનમય આત્મદેવને જ ગુરુપદે સ્થાપે છે અને પોતે કેવળ અંગુલિનિર્દેશથી સંતોષ માને છે.

આ પુસ્તકના ગુણ અને સૌંદર્યનો પરિચય આપવા માટે કેટલાંક અવતરણો મૂકવાનું મન થઈ જાય છે. એ દૃષ્ટિએ શરૂઆતમાં પુસ્તકનાં પાનાંઓમાં નિશાનો પણ કરવા માંડ્યાં હતાં, પરંતુ સમગ્ર પુસ્તક પર વ્યાપક નજર ફેરવી ગયા પછી એમ લાગ્યું કે વાચક એને પૂર્ણપણે આસ્વાદે એ જ યોગ્ય છે. વાસ્તવમાં એક વખત વાંચીને બાજુમાં મૂકી દેવાનું મન થાય એ પ્રકારનું આ પુસ્તક નથી. જિજ્ઞાસુઓ માટે આ પુસ્તક નિત્ય મનનનો ગ્રંથ બની શકે એ પ્રકારનું છે. એમાં છૂટાં વેરાયેલાં વિચારમોતીનું પ્રમાણ પણ એટલું બધું છે કે ગમે તે પાનું ઉઘાડી ભાવનાનો સ્ફુલિંગ પ્રગટાવી શકાય અને જો સાધનાની દૃષ્ટિ

હોય તો ભિન્ન ભિન્ન વિષયો પરત્વે સુવિચારિત માર્ગદર્શન મળી રહે એવાં નાનાં પ્રકરણોને સાદ્યંત વાંચી શકાય.

આ પુસ્તકને સાહિત્ય દૃષ્ટિએ મૂલવવાનો પ્રયાસ મેં કર્યો નથી. એમ કરવું જરૂરી પણ લાગ્યું નથી. લેખકનો, સંપાદકોનો કે પ્રકાશકનો હેતુ કોઈ સાહિત્યકૃતિ નિર્માણ કરવાનો નથી, પરંતુ અનંતના યાત્રીને જે પાથેયની જરૂર છે, તે અલ્પ પ્રમાણમાં પણ આમાંથી મળી રહે તે ઉદ્દેશ છે. આ દૃષ્ટિએ પુસ્તકમાં વેરાયેલાં કાવ્યો પણ વિચારોનાં જ દ્યોતક છે એમ સમજવું જોઈએ. છંદ રચનાનો લાભ એ કે એ વિચારોને સ્મૃતિમાં સંઘરવાનું સહેલું બને. એથી વિશેષ એનો અર્થ ઘટાવવાનું યોગ્ય નથી.

આ પુસ્તકની બીજી વિશેષતા મને એ ભાસી છે કે એમાં ઊંડા તત્ત્વજ્ઞાનની ઝાંખી સાથે વ્યવહારુ માર્ગદર્શન પણ ઠીક પ્રમાણમાં આપવામાં આવ્યું છે. આહાર, નિદ્રા, સ્ત્રી-પુરુષના સંબંધો, સાંસારિક સંઘર્ષોથી માંડીને યોગની સાદી ક્રિયાઓ, પ્રાર્થના, જપતપ, ગુરુભક્તિ, પ્રભુભક્તિ, સાક્ષાત્કાર વગેરેનો સમાવેશ થયો છે. આવાં પુસ્તકોમાં પુનરુક્તિ અનિવાર્ય હોય, કારણ કે મૂળભૂત રીતે તો એક જ વાત જુદી જુદી કક્ષાએ, જુદા જુદા સંદર્ભમાં અને જુદી જુદી પદ્ધતિએ કહેવાની હોય છે. આમ છતાં પુનરુક્તિની સાથે ભાવની, વિચારની, દલીલની કે પદ્ધતિની કંઈ ને કંઈ નવીનતા ઉમેરાઈ છે અને તેથી તેનો ભાર લાગતો નથી.

સમગ્ર ગ્રંથનું અને વિચારનું ધ્રુવસૂત્ર પ્રભુને પામવાનું— આત્માને ઓળખવાનું છે. આ માટે સંયમ-નિયમને આવશ્યક

ગણ્યા છે, પરંતુ દમનનો વિરોધ કરવામાં આવ્યો છે અને અંતિમ અવસ્થાએ તો જીવન્મુક્ત દશાની જ કલ્પના થયેલી છે. આ ઉન્નત સ્થિતિને પામવા માટે જે માર્ગો સૂચવાયા છે અને ઉપાયો બતાવવામાં આવ્યા છે, તે જીવનના પ્રવાહને જડતાથી બાંધી રાખનારા નથી. જીવનના કોઈ પણ ક્ષેત્રમાં પ્રવૃત્તિ કરતો માનવી ઉચ્ચ દશાને પ્રાપ્ત કરી શકે, જો એની વૃત્તિ, દૃષ્ટિ અને સાધના એ પ્રકારનાં હોય. વેશ ગૃહસ્થનો છે, સાધુનો છે કે સંન્યાસીનો છે તેનું શ્રીમોટાને મન મહત્ત્વ નથી, તેઓ તો આંતરબાહ્ય વ્યવહારમાં જ્ઞાન, શુદ્ધિ અને સાધના જ વાંછે છે. પ્રવૃત્તિ સંસારની હોય, સેવાની હોય કે સર્વ સંબંધોથી પરની હોય, પરંતુ મૂળ તત્ત્વને આધારે જીવન વહેતું હોય તો બાહ્ય સ્વરૂપની તેઓ ચિંતા રાખતા નથી. સાધકની અવસ્થા અનુસાર સંયમ, નિયમ, શ્રદ્ધા, ભાવના, ભક્તિનું મહત્ત્વ એમણે સ્વીકાર્યું છે, પરંતુ એમાંનું કંઈ જડ કે ઔપચારિક ન બની જાય અને અંતરના પ્રકાશ આડે કોઈ પડદો ન મુકાઈ જાય તેની એમણે કાળજી રાખી છે. આ વિચારો જિજ્ઞાસુઓને લખાયેલા પત્રોની કંડિકાઓ છે, એમ સમજીને વાચક વિવેકબુદ્ધિ અનુસાર પોતાની કક્ષા લક્ષમાં લઈ એનું વાંચન કરશે તો ઉત્તમ માર્ગદર્શન પામશે એમાં સંશય નથી.

## ૨૫. 'જીવન આહ્‌લાદ'

**શ્રી વિરંચિપ્રસાદ મ. ત્રિવેદી (શ્રી સારસ્વત્)**

'જીવન આહ્‌લાદ' ગ્રંથમાં સર્વત્ર ઈશ્વર પ્રત્યે અનુરાગ, ફનાગીરી અને શરણાગતિની ભાવના તરવરતી દેખાય છે. વળી, પૂજ્યશ્રીએ પોતાના અનુભવો, સાધના અને સિદ્ધિ,

ભક્તિની રીત, તે દ્વારા મળેલી જીતનું ગીત ગાયું છે. કાવ્યના કુલ દસ વિભાગો પાડીને વિચાર અને ભાવોર્મિની અભિવ્યક્તિને વધારે સુવ્યવસ્થિત બનાવી છે તે વાચક માટે આવકારદાયક છે. પુસ્તક વાંચતાં સમગ્રતઃ એવી છાપ ઊપસે છે કે 'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને.' પણ જેના પર તેની કૃપા વરસે તેને બીજું કાંઈ જ કરવાનું રહેતું નથી. અને શ્રીમોટા પોતે જ તે માટેનું ઉત્તમ ઉદાહરણ બની રહે છે. 'સ્મરણ' શરૂઆતમાં લૂલું, પાંગળું લાગતું હતું તે સ્મરણના પ્રભાવે જ ત્રણ કલાકમાંથી ચૌદ કલાકનું થયું. સર્પદંશની કૃપાથી અખંડ બન્યું અને શ્વાસે શ્વાસે 'હરિઃૐ'નો સ્મરણમંત્ર લેવાવા માંડ્યો. તેનાથી ધૈર્ય, ભક્તિ, જ્ઞાન જેવા ગુણો પ્રાપ્ત થયા. આવો છે સ્મરણનો મહિમા. સ્મરણથી માનવજીવનમાં અણધાર્યા પરિણામો આવે છે. તે આખું જીવનમૂળ ફેરવી નાખે છે. અનાસક્તિ, નિરાગ્રહ, નિર્લોભ, નિર્મોહ, આંતરદર્શન. જીવનરહસ્ય દર્શન વગેરે ગુણો કેળવાય છે.

'હુકમ'ની છણાવટ પણ એમણે કરી છે. પૂજ્ય શ્રીમોટાની દૃષ્ટિએ સદ્ગુરુનો હુકમ જીવનની ચક્રવર્તી પ્રેરણાદાયી શક્તિ છે. તેનાથી જીવનશુદ્ધિ, ઘડતર એન વિકાસના ગુણો કેળવાય છે.

'ખુમારી'નું આલેખન પણ એટલું જ સચોટ છે. ખુમારી એ અહમ્થી પર છે. ખુમારી નિજાનંદ, ઈશ્વરાનુરાગનો અદ્ભુત ગુણ છે.

પૂજ્ય શ્રીમોટા કહે છે કે મારું સમગ્ર જીવન જ ઈશ્વર-કૃપાનો પુરાવો છે.

પ્રસ્તુત ગ્રંથના છેલ્લા વિભાગમાં પૂજ્ય શ્રીમોટાએ માનવદૃષ્ટિ, સંતનાં લક્ષણ એન કર્મયોગના વિચારો રજૂ કર્યા છે. જે વિચારો સમગ્ર ગ્રંથમાં અત્રતત્ર વેરાયેલા છે જ. ઈશ્વરની પ્રાપ્તિ માટે ભજન, કીર્તન, સ્મરણ, ધૈર્ય, મનોબળ, ભાવ, નિવેદન, એકાંત, નિગૂઢસ્વાર્પણ, અનન્યાશ્રય જોઈએ એમ તેઓશ્રી કહે છે.

ત્યાર બાદ પૂજ્યશ્રી જનસંપર્ક, માનવસ્વભાવ અને કર્મના વિચારો વિશે ચર્ચા કરે છે. તેઓશ્રી પરનિંદા, વહેમ, વિતંડાવાદ, અહમ્ અને દોષારોપણના દુર્ગુણોને દૂર કરવા કહે છે. તેઓના વિચાર અનુસાર જેને સંતમાં શ્રદ્ધા નથી, ઈશ્વરની કાર્યપ્રેરણામાં વિશ્વાસ નથી, અને પુરુષાર્થ વિના આત્મપ્રતારણ કરે છે, તેઓ સદ્‌ગુરુ વિશે પૂર્વગ્રહ બાંધી લે છે એ યથાર્થ નથી. પુરુષાર્થ વિના ફળની યાચના કરવી તે પણ બાલિશતા છે. વિતંડાવાદના અખાડા યોજવાથી ભગવાન નહિ મળે. તેને માટે ભાવપૂર્ણ ભક્તિ કરવી પડશે. માનવસમાજને શ્રીમોટા સમજાવે છે કે કશું જ આપ્યા વિના ભગવાન પાસે માગવું વાજબી નથી. માટે પાત્રતા કેળવીને વાંછના રાખવી. ઈશ્વર જોઈતો હોય તો મરજીવા જેવી હિંમતથી એક જ દિશામાં અથાગ પરિશ્રમ કરવો પડશે.

લઘુતાગ્રંથિ, તેજોદ્વેષ અને અહમ્‌થી પીડાતા લોકોને સ્વજન માની પૂજ્ય શ્રીમોટા તેમનો મેલ ધોવા માગે છે. માનવ પોતાની સાથે સંકુચિતતાનો સ્વાર્થવ્યવહાર કરે તે તરફ આંગળી ચીંધી તેમાંથી મુક્ત થવા સૂચવે છે. વળી, સંતપુરુષોને તે સાચા સમાજસેવક તરીકે સેવા આપવા પ્રેરણા આપે છે. માનવ-

સ્વભાવનાં બધાં જ પાસાંને સુધારણાને પંથે વાળવાનો તેમાં ઈશારો છે. આ નિમિત્તે વિવિધ પ્રકારની પ્રલોભનવૃત્તિ અને મનોવૃત્તિનું વિશ્લેષણ પણ કર્યું છે. અને બગભગતોથી બચતા રહેવા સમાજને લાલબત્તી ધરી છે.

આખા કાવ્યમાં ભાવ, ઊર્મિ, ઉપમા, વિવિધ વાગ્છટાઓ, વિવિધ અનુપ્રાસો, તળપદા અને વિશિષ્ટ શબ્દપ્રયોગો, રૂઢિપ્રયોગો, ઉક્તિલાઘવ, સૂત્રાત્મક, કથન રીતિનું કૌશલ, નવસંદેશ, ભાવિકથન, ઉપદેશ, ઉદ્‌બોધન, તુલનાઓ, ક્રિયાપદો દ્વારા ભાવની ગહનતા બતાવવાની પ્રવીણતા, સંસારદર્શન, સાધના સિદ્ધિ અને કૌશલ અને બીજા ઘણા ગુણો છે.

પૂજ્ય શ્રીમોટાનું લખાણ શબ્દોની દૃષ્ટિએ જોઈએ તો તત્ત્વજ્ઞાનની ભાષાના શબ્દો જેવા કે દ્વંદ્વાતીત, ગુણાતીત, અનાસક્ત, અનંતાનંત, જીવવૃત્તિ, અહમ્ વગેરે યોગ્ય સંદર્ભ દ્વારા સહજ રીતે સમજાવે છે. અનેક તળપદા શબ્દો અને રૂઢિપ્રયોગો ઠેર ઠેર વેરાયેલા જોવા મળે છે. 'સ્મરણ-ઔષધ', 'સ્મરણ કેવી જડીબુટ્ટી', 'હુકમ કેવી દીવાદાંડી', 'હુકમ પ્રત્યક્ષ હનુમાન', 'જીવનદાવાનળ', 'શરીરનો ચરખો', 'જીવનના શેતરંજ' વગેરે નોંધપાત્ર તુલના અને રૂપકોનાં દૃષ્ટાંતો છે. પૂજ્ય શ્રીમોટા સદ્‌ગુરુના હુકમને હરિચેતનાના તણખા તરીકે ઓળખાવે છે. પૂજ્ય શ્રીમોટા જીવન, ઈશ્વરપ્રાપ્તિના પ્રયત્નો, તેમાં આવતી મુશ્કેલીઓ માટે ઉપમા અને રૂપકો યોજે છે.

પૂજ્ય શ્રીમોટાને પોતાને જે કહેવું છે તે વેધક રીતે કહી શકે છે. તેમાં વ્યર્થ વર્ણન પણ કરતા નથી. 'ચકલીની પાંખમાં ક્યાંથી ગગન ઊડવાની ગુંજાશ' આ વિધાન ઈશ્વરકૃપા વિના માનવશક્તિ નકામી બને છે તેવા અર્થ માટે કેટલું વેધક છે !

## ૨૬. 'હરિજન સંતો'

**શ્રી રમેશ મ. ભટ્ટ**

શ્રીમોટાએ અજ્ઞાત રહીને પ્રગટ કરેલી નાનકડી પુસ્તિકા 'હરિજન સંતો' એમની હૃદયભાવનાને, એમનાં તાદાત્મ્યને, અને એથી સંત તરીકેના એમના વિલક્ષણ વલણને સમજવા પ્રેરે છે. ૧૯૩૨ના જેલનિવાસ દરમિયાન આ પુસ્તક લખાયું છે. એમાં ત્રણ સંતો-રવિદાસ, ચોખામેળા અને હરિદાસની ભાવલીલાનું દર્શન લેખક કરાવે છે.

સંતોનું સ્થૂળજીવન એ જ એમનું સાચું જીવન નથી. એથી 'ચરિત્ર' શબ્દને એના બૃહદ વાચ્યાર્થ કરતાં 'ભાવચિત્ર' એવા લક્ષ્યાર્થથી સમજવો વધારે યોગ્ય છે. શ્રીમોટા આ સંતોની પ્રભુ પ્રત્યેની અનન્ય નિષ્ઠા, ભક્તિ અને આત્મસમર્પણને આલેખે છે. નીચલા થરની કોમોમાં પણ ધાર્મિક ચેતના કેવી વિસ્તરે છે એનો ખ્યાલ રવિદાસના ચરિત્રાલેખનથી થાય છે. ચમાર જાતિના આ સંતના નમ્ર અને ઉત્કટ પ્રાર્થનાભાવને શ્રીમોટાએ હૃદયસ્પર્શી રીતે આલેખ્યો છે. ચોખામેળા અને હરિદાસ અનુક્રમે મરાઠી અને બંગાળી સંતો છે. શ્રીમોટાએ આ ત્રણ ભક્તોની ભાવમસ્તીને અને જીવનસિદ્ધિને આલેખીને ભારતની સંસ્કારલીલાની ઝાંખી કરાવી છે.

આ પુસ્તકની બીજી વિશેષતા એ છે કે એ સંતોના હૃદયભાવ સાથે શ્રીમોટાનું તાદાત્મ્ય પામી શકાય છે. શ્રીમોટાનું સંતહૃદય સંતો સાથે છેક ૧૯૩૨માં કેવી એકરૂપતા અનુભવતું હતું એનો ભાવસભર પરિચય થાય છે. ભક્તોની મથામણ,

પ્રભુદર્શનની ઉત્કટ તાલાવેલી, કપરાકાળમાં કરેલા આર્તપોકારો વગેરે ભક્તિભાવોને શ્રીમોટાએ પોતાની પદ્યરચનાઓ મૂકીને આલેખ્યા છે. ચોખામેળાને પડેલી મુશ્કેલીઓનું વર્ણન અત્યંત રોચક થયું છે. શ્રીમોટાના એ સમયના ભક્તહૃદયની તાલાવેલી, આર્દતા અને પોકાર આ સંતોના હૃદયભાવ સાથે એકરસ થઈ જાય છે. એની ભક્તિની પ્રેરક દૃઢતા અને શ્રદ્ધા તેમ જ એના આલેખનથી શ્રીમોટાની આત્માનુભૂતિનું સહજ રીતે થતું રસાયણ, વાચક આ પુસ્તિકા વાંચતાં માણે છે.

આ પુસ્તિકા એક પરંપરિત ચરિત્ર પુસ્તક કરતાં કંઈક નોખા પ્રકારની છે. એક કીર્તનકાર જેવી રીતે દૃષ્ટાંતો આપતાં પ્રભુકીર્તનથી રસ જમાવટ કરે એ પ્રકારનું આ સંતસંકીર્તન છે. શ્રીમોટા કોઈ માહિતી કે વિગત આપવાથી છેક જ દૂર રહ્યા છે. ભક્તજીવનમાં પ્રભુકૃપાથી બનતા ચમત્કારો શ્રીમોટાએ આલેખ્યા છે, પણ એ પ્રભુની ગૂઢ અને અકળ શક્તિનો પરિચય કરાવવા પૂરતા જ. શ્રીમોટાએ તો આ સંતોના જીવનમાં-દુઃખમાં પણ શ્રદ્ધા અને સેવા કેવી રીતે ટકી રહે, નામસ્મરણ હાડોહાડ કેવી રીતે વ્યાપે અને પ્રભુમય જીવનની પ્રાપ્તિ છતાં નમ્રતા જ ટકી રહે એવા પ્રેરણાત્મક ભાવોને અધિક ઉમળકાથી આલેખ્યા છે.

ત્રણ સંતો પૈકી ચોખામેળાના વ્યક્તિત્વનું આલેખન અધિક રસભર, પ્રસંગોની જમાવટવાળું ભાવપ્રેરક બન્યું છે. શ્રીમોટાના અનેક પુસ્તકોમાં આ નાનકડું પુસ્તક નોંધપાત્ર જ નહિ વિશિષ્ટ પણ છે.

## ૨૭. 'આર્તપોકાર'

### (૧) ફાધર વાલેસ

'પ્રાર્થના કરતાં દિલથી મુજને, કૈં ના આવડે રે.' (પૃ.૨૪)

પ્રાર્થના કરવી છે. પ્રાર્થના પ્રાણના પ્રાણ છે, જીવનનો આધાર છે, પણ પ્રાર્થના કરતાં આવડતું નથી. એ જ મૂંઝવણ છે. એ લાચારી છે.

પણ શીખવું શી રીતે ? આ કોઈ શાસ્ત્ર થોડું છે કે ભણીને શિખાય ? કોઈ પાઠ છે કે ગોખીને આવડે ? પ્રાર્થનાના કોઈ વર્ગો છે ? કોઈ અભ્યાસક્રમ છે ?

પ્રાર્થના શીખવાની એક રીત છે. પ્રાર્થના કરો અને પ્રાર્થના શીખવવાની પણ એ જ રીત છે. પ્રાર્થના કરો. અને સાચી પ્રાર્થના જોઈને, સાંભળીને, અનુભવીને પોતાની પ્રાર્થના સ્ફુરશે, પોતાનું દિલ ખૂલશે.

ભક્ત કવિ પ્રાર્થના કરે છે. એ એમની પ્રાર્થના છે, એમની સાધના છે, પણ આપણે એ વાંચીએ ત્યારે એ આપણી બની જાય છે. એટલે કે આપોઆપ આપણે પ્રાર્થના કરતા થઈએ છીએ, પ્રાર્થના કરતાં શીખીએ છીએ. એ ઉપકાર છે. એ દિવ્ય લાભ છે.

માતા પ્રાર્થના કરે છે. બાળક સાંભળે છે. પછી બા કરે તે પોતે કરે, બા બોલે તે પોતે પોતાની કાલી બોલીમાં બોલે. એ એની પ્રાર્થના છે. ભગવાન તે સાંભળે છે. અને ધર્મના સંસ્કારો એ બાળકના દિલમાં ઊતરે છે.

બધાં બાળકો છીએ. કાલી કાલી બોલી છે. હવે, જેને જેને પ્રાર્થના કરતાં આવડે એમને કરવા દો, ઉચ્ચારવા દો,

છપાવવા દો. જેથી, આપણે એ વાંચીએ, સાંભળીએ, બોલીએ અને પ્રાર્થનાની દુનિયામાં પ્રવેશી શકીએ.

આ પુસ્તકમાં એવી પ્રાર્થના છે. એક આર્દ્ર હૃદયની પ્રાર્થના છે, એ ખાતરી છે. હવે, એ આપણા સૌની પ્રાર્થના બને એ સંકલ્પ છે.

**(૨) શ્રી મુકુલ કલાર્થી**

ભક્તજનોની વાણી હૃદયના અંતરતમ ઊંડાણમાંથી આનંદમય આવેશ દ્વારા ઉદ્‌ભવતી હોય છે. તેથી જ તે આપણા હૃદયમાં પણ એવાં જ સ્પંદનોને સ્પંદિત કરે છે. કબીર, નાનક, તુલસીદાસ, સુરદાસ, તુકારામ, બ્રહ્માનંદ વગેરે સંતોનાં ભજનોમાં આ સત્યની આપણને પ્રતીતિ થાય છે. 'આર્તપોકાર'ના ભક્ત કવિની વાણીમાં પણ એ પુનિત વારસાનો રણકો સંભળાય છે.

'આર્તપોકાર'નાં ભક્તિકાવ્યો આપણા હૃદયને સ્પર્શી જાય છે, એનું એક મુખ્ય કારણ એમાં વ્યક્ત થયેલી સાચી હૃદય વ્યથા છે. મનુષ્ય જ્યારે સાધનાને માર્ગે પ્રયાણ કરવાનો પ્રયાસ આદરે છે, ત્યારે તેનામાં ઘર કરી બેઠેલી વાસનાઓ, દુર્વૃત્તિઓ, માન્યતાઓ તેના પંથની વચ્ચે આડી આવીને તેને વ્યથિત કરી મૂકે છે. એ સૌ અડચણોમાંથી બહાર નીકળવા સાધક જે મથામણ અનુભવે છે અને જે તીવ્ર વ્યથા ભોગવે છે, એનો તાદૃશ્ય ચિતાર આ ભક્તિકાવ્યોમાં દૃષ્ટિએ પડે છે.

આવી હૃદય પ્લાવિત વ્યાકુળતામાંથી એકેએક ભક્તજન, સાધકજન પસાર થાય છે અને તેથી જ સૌ ભક્ત કવિઓની વાણીમાં એ ભાવ ઉત્કટતાથી આવિર્ભાવ પામેલો જોવા મળે

છે. એવી તીવ્ર તાલાવેલીમાંથી જ તેઓને છેવટે ઈશ્વરપ્રાપ્તિનો દુર્ગમ પંથ મળી રહે છે.

'આર્તપોકાર'ના એકેએક કાવ્યમાં ભક્તકવિનું હૃદય એ જ ભાવ એક યા બીજી રીતે વ્યક્ત કર્યા કરે છે. એ ભક્તિ-કાવ્યોનું અનુશીલન કરતાં કરતાં આપણા હૃદયમાંથી પણ એવો જ આર્તપોકાર જાણે ઊઠતો હોય એવી પ્રતીતિ આપણને થયા વિના રહેતી નથી. વળી, જેમ જેમ એ ભક્તિકાવ્યોનું રટણ વારંવાર કરતા રહીએ તેમ તેમ તેમાંથી નિત્ય નવીન ભાવ પ્રગટતા જ જાય છે અને જાણે આપણું હૃદય જ પોતાની વ્યથા આર્ત સ્વરે પ્રભુને પોકારીને કહેતું હોય એવી અનુભૂતિ આપણને થાય છે. જો હું મારી વાત જણાવું તો, એક રીતે મારે માટે આ ભક્તિકાવ્યોનું પઠન મારા સાધનામાર્ગમાં ખરેખર જીવનપાથેયરૂપ થઈ પડ્યું છે. જેમ જેમ આ ભક્તિકાવ્યો વાંચતો ગયો, તેમ તેમ જાણે હૃદમાં કોઈ દિવ્યચેતનાએ પ્રવેશ કર્યો હોય એવો આનંદમય અનુભવ થયો.

'આર્તપોકાર'માં સંગૃહીત થયેલાં ભક્તિકાવ્યો જેવાં કાવ્યો, ભજનો પાછળ દિવ્યચેતનાનો સંચાર થયેલો હોવાને કારણે તથા આવા ભક્તજનો પણ આવી ઉત્કટ સાધનાની કક્ષામાંથી પસાર થતા હોય છે તેથી એમાં હૃદયની સાચી લગની વ્યક્ત થયેલી હોય છે, જે આપણા હૃદયમાં પણ એવા જ ભાવ જગાડી જાય છે અને આપણા અંતઃકરણ ઉપર તેની ચિરકાલીન સ્થાયી અસર પ્રસ્થાપિત કરી જાય છે. વળી, આવાં પ્રેરણાત્મક, પથદર્શક ભક્તિકાવ્યોમાં શબ્દની શક્તિ રહેલી હોય છે જે અતીવ મહત્ત્વની ગણી શકાય. શબ્દની શક્તિનો અનુભવ આપણને

આપણા કોઈ શ્રદ્ધેય સદ્‌ગુરુ પાસે એમની પ્રેમકૃપાથી લીધેલા મંત્રમાં થાય છે. એ મંત્રના શ્રવણથી આપણા હૃદયદ્વાર એકદમ ખૂલી જાય છે, અંદર પ્રસરેલો ગાઢ અંધકાર એકાએક દૂર થઈ જાય છે અને બધે દિવ્ય પ્રકાશ ફેલાઈ જાય છે. આપણી એકેએક ઇંદ્રિય વસ્તુની પાછળ રહેલા રહસ્યનો અનુભવ કરવા લાગે છે. હૃદય પણ સુવિશાળ બની જઈ ભર્યું ભર્યું લાગે છે, આપણા હાવભાવમાં સાત્ત્વિક આનંદ ભળે છે. એ જ પ્રમાણે ઉચ્ચ સાધનામાંથી પ્રભુકૃપાએ પસાર થયેલા ભક્તજનોની પ્રભુપ્રેરિત વાણીમાં પણ શબ્દની જીવન પરિવર્તનશીલ હૃદયસ્પર્શી, દિવ્યશક્તિ રહેલી હોય છે. એ જ કારણે એવાં ભક્તિકાવ્યોનું પઠન ચિંતવન કરવાથી એની પારસમણિ રૂપ અસર અચૂક અનુભવાય છે.

‘આર્તપોકાર’નાં ભક્તિકાવ્યો આ દૃષ્ટિએ જોતાં એ કક્ષાનાં અવશ્ય ગણી શકાય. એમાં આપણને અંતઃપ્રજ્ઞા-Intution-ની અનુભૂતિ થાય છે.

‘આર્તપોકાર’ની ગઝલો તથા ‘પ્રેમળ જ્યોતિ તારો દાખવી’, ‘ધર્મ વિચારો રે ધર થકી’, ‘મારી નાડ તમારે હાથ’, ‘ધીરા ભગતની કાફી’ ઇત્યાદિ પ્રચલિત ઢાળોમાં લખાયેલાં ભક્તિકાવ્યોનું ગુંજન હૃદયમાં થયા જ કરે છે. મન એ ભક્તિપ્રવાહમાં પ્લાવિત બનીને પ્રભુને પ્રાર્થી ઊઠે છે :-

‘રે ! મુજ રંક જીવન આધાર ! પ્રભુ ! તને ઉરના કોટિ પ્રણામ! (પૃ. ૫)

‘હવે તારે ભરોસે છું, પ્રભુ ! મુજને સ્વીકારી લે.’ (પૃ. ૯૮)

'કેશવ ! કરુણા વિણ નવ રંકનું બળ કંઈ ફાવતું રે.'
(પૃ. ૧)

'કૃપા તારીતણો મુજને, ભરોસો એક ભારે છે.'
(પૃ. ૧૧૨)

'નથી હું શુદ્ધ હજી પૂરો, મને છે ભાન બહુ તેનું,
અધૂરો છું પ્રભુ ! તોયે, શરણ તારે ઢળેલો છું.'
((પૃ. ૧૦૮)

'ચરણ કુરબાની કરવાની, હવે તો બસ તમન્ના છે.'
((પૃ. ૧૦૨)

આવી આવી કેટલીયે કડીઓ મારા હૃદયને સંમાર્જિત કરી પ્રભુ પ્રત્યે તેને દોરી જાય છે. સાથોસાથ 'આર્તપોકાર'ના ભક્ત કવિ માટે પ્રેમ અને આદર વધતા જ જાય છે અને તેઓશ્રીનાં ચરણમાં માથું ભક્તિભાવે નમી પડે છે. ભક્ત કવિ વિશે કશું લખવાની ઈચ્છા થતી હોય તોયે પરાણે તેને અહીં રોકવી જ રહી ! પરંતુ એટલું તો અહીં કહ્યા વિના રહેવાતું નથી કે તેઓશ્રીની આ અપૂર્વ ભેટ સૌ સાધકજીવોને આશીર્વાદરૂપ થઈ પડે એવી અવશ્ય છે અને એ બદલ આપણે સૌ તેઓશ્રીના હંમેશના ઋણી છીએ.

છેવટે, થોડુંક કહેવાની રજા લઉં છું. 'આર્તપોકાર'ના ભક્ત કવિ મારે મન પૂજ્ય ગુરુજન છે. તેઓશ્રીના આવા અમૂલ્ય ગ્રંથની પ્રસ્તાવના લખવી એ મારા જેવા તેઓશ્રીના શિશુ માટે નાને મોઢે મોટી વાત કહેવા સમાન છે, પરંતુ તેઓશ્રીના પ્રેમાળ ઉદાર હૃદયે આવું અઘરું કામ મને સોંપીને મારા ઉપર ખરેખર મહદ ઉપકાર જ કર્યો છે. પ્રસ્તાવના લખવાના નિમિત્તે

તેઓશ્રીનાં પુસ્તકોનું મનનશીલ અધ્યયન તથા અન્ય સંતોનાં ભજનોનું ઊંડું અનુશીલન કરવાનો સુઅવસર મને સાંપડ્યો. સૌથી મહત્ત્વનો લાભ તો મને એ થયો કે તેઓશ્રીના પવિત્ર હૃદયનો અતિનિકટનો સંપર્ક સાધવાનું સદ્‌ભાગ્ય મને સાંપડ્યું. તેઓશ્રીની સાથે હવે હૃદયની જે પ્રેમસગાઈ થઈ છે, તે જન્મોજન્મ વૃદ્ધિ પામતી જ રહેશે અને મારા જેવા અલ્પ જીવને તે સુપથે દોરતી રહેશે, એવી શ્રદ્ધા અંતરમાં પ્રસ્થાપિત થઈ છે, એ ખરેખર મારા જીવનની ધન્ય ઘડી જ છે.

## ૨૮. 'જિજ્ઞાસા'

**શ્રી જયંતકૃષ્ણ હ. દવે**

પૂજ્ય શ્રીમોટાએ પૂર્વજીવનમાં કડી સાધના અને ઉગ્ર તપસ્યા કરી છે અને તેના ફળસ્વરૂપે તેમણે આનંદાનુભૂતિ પ્રાપ્ત કરી છે. એમણે અન્યત્ર આપેલી માહિતી પ્રમાણે તેમને પ્રત્યક્ષ સાધનામાં પ્રવેશ કરાવનાર શ્રીબાળયોગી હતા, જેમને તેઓ કુંભના મેળામાં મળ્યા હતા, પણ ખરા ગુરુ તરીકે તેમણે શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાજીને ગણાવ્યા છે અને સાંઈબાબા વગેરે એક જ ચેતનના આવિર્ભાવ હતા એમ કહ્યું છે. એમને સન ૧૯૨૮ની આસપાસ સર્પદંશ થયો હતો અને ત્યાર બાદ એમની સાધનાએ વધારે ઉત્કટ સ્વરૂપ પકડ્યું હતું અને ઉત્તરોત્તર વિવિધ આધ્યાત્મિક અનુભવો થયા હતા, જે 'જીવન દર્શન' પુસ્તકમાં વિગતો સાથે આપવામાં આવ્યા છે.

સગુણ અને નિર્ગુણની અનુભૂતિ માટે તેઓ વર્ણવે છે કે સગુણ સ્વરૂપ ભ્રૂકુટિ અને બ્રહ્મરંધ્રના ભાગમાં પોતાને પ્રસ્થાપિત કરતું અને હૃદયમાં બિરાજેલું અનુભવાય છે. સમગ્ર આધાર

તપ્તવર્ણી અને પૂર્ણ પ્રકાશથી આલોકિત થયેલો જણાય છે. તેના કૃપાપાત્ર મંગળ દર્શનઅનુભવ પછીથી આધારકેંદ્રમાં કોઈક અવર્ણનીય પલટો આવી ગયેલો અનુભવાય છે...અદ્વૈતનો સાક્ષાત્કાર એ બેમાંથી એક, બીજાથી ચડિયાતો છે એમ ન કહી શકાય. ખરો સગુણનો સાક્ષાત્કાર એટલે પોતાના આધારમાં ચેતનની ગુણશક્તિનો પ્રાદુર્ભાવ થવો તે.

તમોગુણી અને રજોગુણી પ્રકૃતિને અનુલક્ષીને તેઓ કહે છે કે જે સ્વભાવે તામસી હોય, તેનાથી પરમતત્ત્વની સાધનામાં ઝાઝો પુરુષાર્થ થઈ શકતો નથી, પણ જેમનામાં જ્વાળામુખી જેવી ધગધગતી ઊર્ધ્વગામી જિજ્ઞાસા કે તમન્ના પ્રગટે છે, તેમનામાં તેવી તમન્ના જ તમોગુણને રજસમાં પ્રગટાવી શકે. એવી ઉત્કટ તીવ્રતમ જિજ્ઞાસાના ભાવમાં તમોગુણ ટકી શકતો નથી. ત્યારે આપમેળે રજોગુણ પ્રવર્તે છે, તે વેળાએ રજોગુણનો સ્વભાવ એટલે ધાંધલિયાપણું, ધમાલ વગેરે પણ તેમાં હોતા નથી. એકધારાં ગતિશીલતા, ઉત્સાહ વગેરે તેનામાં પ્રગટેલાં રહે છે.

શ્રીમોટાએ ‘જિજ્ઞાસા’ના ખંડ છઠ્ઠામા સાધન-સમન્વય કર્યો છે અને તેમાં ભક્તિ-ગુણભાવ, શ્રદ્ધા, વૈરાગ્ય, ધ્યાન, ધારણા, સમાધિ, જ્ઞાન એ બધાંનું વિશ્લેષણ કરી, તે તે સાધનોની ઉપયોગિતા દર્શાવી છે.

**સાધનભક્તિ અને પરાભક્તિ**

ભક્તિ માટે શ્રીમોટા કહે છે કે ભક્તિ પરિવર્તનકારિણી છે અને જિજ્ઞાસા જ ભક્તિની લત લગાડે છે. (પૃ. ૧૭૦-૨) જે મનુષ્ય સાંસારિક વિષયોમાંથી તદ્દન નિર્વિણ્ણ ન થયો હોય,

છતાં તે વિષયોમાં તદ્દન ખૂંપેલો પણ ન હોય, તેનો જ્યારે ભાગ્યોદય થાય છે, ત્યારે તેની હરિકથાશ્રવણ-કીર્તન વગેરેમાં શ્રદ્ધા જાગે છે અને ભાગવતોક્ત નવધા સાધનભક્તિ (શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન) તે કરવા લાગે છે અને તેની છેવટે પરાભક્તિ થાય છે. भक्त्या संजातया भक्त्या એટલે નવધા સાધનભક્તિથી છેવટે પરાભક્તિ ઉત્પન્ન થાય છે. આમ, સાધનભક્તિનું પરાભક્તિમાં પરિવર્તન થાય છે.

**ભાગવતોત્તમની ભક્તિ**

'બધા સાથે પ્રેમે જીવી બધામાં પ્રભુભાવ ધરાવવો જોઈએ, કલ્યાણકારી ગુણોનો આશ્રય કરી, તે પ્રમાણે વર્તન કરવું જોઈએ. પ્રકૃતિમાં રહેલું પુરુષોત્તમ તત્ત્વ કેળવવાથી આપોઆપ પ્રકૃતિનો નિગ્રહ થાય છે. હૈયામાં બળતા અગ્નિ જેવો પ્રશ્ચાત્તાપ જોઈએ. ઈષ્ટમાં નિષ્ઠા વગર શક્તિ જાગતી નથી. હૃદયમાં આર્દ્રતા-આર્તતા જાગવી જોઈએ.' 'જીવન દર્શન'માં (પૃ.૨) શ્રીમોટા કહે છે 'એકલી ઊર્મિગમ્ય પ્રાર્થનાઓથી કશું સાધનામાં વાસ્તવિકપણે વળતું હોતું નથી. જ્યારે સાધનામાં આપણું દિલ વળવા લાગ્યું હોય, અને તેમાં ગળવા માંડ્યું હોય, ત્યારે ત્યારે આપણામાં એક એવા પ્રકારનો ઉત્કટ આર્તભાવ અને આર્દ્રભાવ પ્રગટે છે અને ત્યારે આપણી ઊર્ધ્વગતિ થવામાં જે જે અડચણરૂપ લાગતું હોય, તે તે બધું એટલું બધું ખૂંચે છે ! અને તીવ્રતમ વેદના એટલી તો પ્રગટે છે કે તેનાથી મુક્ત થવાને કાજે મરણિયો જીવતોજાગતો પ્રયત્ન થાય છે. એવા પ્રયત્નમાં જ્યારે દિલની દાનત, પ્રમાણિકતા, વફાદારી અને નિષ્ઠા

સંપૂર્ણપણે પ્રગટે છે, ત્યારે તેવી દિલથી દિલની દિલમાં કરાયેલી પ્રાર્થનાનો પોકાર એવો તો જીવનવિકાસની ભાવનામાં ઉઠાવ પ્રગટાવે છે કે તે તો તેનો એકમાત્ર અનુભવી જ જાણી શકે.'

**દુર્લભ**

'જિજ્ઞાસા' પણ જાગવી જોઈએ, પણ ક્યારે ? 'માનવદેહ પ્રાપ્તિ, મુક્તિ માટેની તમન્ના અને મહાત્માપુરુષનો આશ્રય- આ ત્રણે જીવનમાં દુર્લભ છે.'

આમ, મહાત્માનો સંગ, તેનો ઉપદેશ, ગુરુકૃપા એ બધું દુર્લભ અને અત્યંત ઈષ્ટ હોવા છતાં તે મળ્યા પછી પણ આત્મપ્રયત્ન તો અનિવાર્ય જ રહે છે. 'સાચી જાગેલી જિજ્ઞાસા વિશ્વાસ, ખંત, ઉદ્યમ, મર્દાનગી અને પરાક્રમો પેદા કરે છે. (પૃ. ૩૧-૩૪) એમાં સાતત્યયોગ જોઈએ-જે એકધારો, જીવંત અને પાકો ચેતનાનિષ્ઠ જોઈએ, તેથી જ ધ્યેયને હૃદયમાં મેળવી શકાય છે. (પૃ. ૨૦-૨૭)

જિજ્ઞાસા સમ કોઈ ના સમર્થ ગુરુ જીવને,
કથે નોધારું જિજ્ઞાસા, વિના આધાર ચાલશે.
પોતાનો ગુરુ તે પોતે, શીખે પોતે જ આપથી,
ને જિજ્ઞાસાગ્નિ જ્વાળાની પેઠે વેગે ધસે ઊંચે.

(પૃ. ૨૧૩-૧, ૨)

આત્માથી જ આત્માનો ઉદ્ધાર કરવાનો છે. આત્મા જ આત્માનો બંધુ વા રિપુ થઈ શકે છે. આત્મમંથન વિના તત્ત્વનું નવનીત ઊપસી આવતું નથી.

મથતાં મથતાં પોતે પોતાને જાણવાનું જે,
આપમેળે ઊગે એને એ જિજ્ઞાસાનું શાસ્ત્ર છે.

(પૃ. ૧૯૦-૧)

આમ, જિજ્ઞાસામાં સાધનાનું મંથન આવશ્યક છે. શ્રીમોટાએ તેમની પાસે આવતા સાધકવર્ગ માટે રાંદેર-કુરુક્ષેત્ર, નડિયાદ, કુંભકોણમ્ વગેરે સ્થળે આશ્રમોની વ્યવસ્થા કરી છે અને તેમાં એકાંતવાસ, ચિંતન, ભોંયરામાં નિવાસ, સાતત્યવાળી ભગવદ્‌વૃત્તિ રાખવાની અનુકૂળતા વગેરે ઉપર ખાસ ભાર મૂક્યો છે.

અભય, નમ્રતા, મૌન એકાંત સેવડાવીને,
રખાવી મુખ બીડેલું કરાવ્યો વ્યવહાર તે.

શ્રીમોટાની છત્રછાયામાં અનેક સાધકોએ આ વ્યવસ્થાનો લાભ લઈ યથાશક્તિ ઉન્નતિ સાધી છે.

'જિજ્ઞાસા' એ શાસ્ત્ર છે, એમ શ્રીમોટાના અવતરણમાં કહ્યું જ છે. દરેક શાસ્ત્રને ચાર અનુબંધો હોય છે-અધિકારી, સંબંધ, વિષય અને પ્રયોજન. તેમાં અધિકારી માટે વિચાર કરીએ. વેદાંતમાં અધિકારીનાં ચાર લક્ષણો છે, શ્રીમોટાના કથનમાંથી પણ તે તારવી શકાય છે.

જિજ્ઞાસા માટે મન એકાગ્ર કરવા માટે લગની, અચળ મન, ગરજ, સ્વાર્થ, સભાનતા, જાગૃતિ અને ઉત્કટ તાલાવેલી જોઈએ. મન રસાયું હોવું જોઈએ. જેમાં મન એકાગ્ર કરવું છે, તેમાં પૂરેપૂરો સ્વાર્થ લાગવો જોઈએ. ધ્યેયને પામવા માટે ઉત્કટ તાલાવેલી જોઈએ. ઝંખના જ્વલંત અને ઉગ્ર જોઈએ.

(૧) ચાલુ પરિસ્થિતિથી અસંતોષ થાય, તે સ્થિતિ બંધનરૂપ જણાય, ત્યારે જ તેમાંથી છૂટવાની તત્પરતા થાય. આ જ વસ્તુ વેદાંત અધિકારીના પ્રથમ લક્ષણમાં 'नित्यानित्यवस्तुविवेक પ્રથમ થવો જોઈએ.' કરીને કહે છે. પરમતત્ત્વ બ્રહ્મ જ નિત્ય છે,

ઈતર સઘળું અનિત્ય છે અને તે બંધનકારી છે. એ જાતનો પ્રથમ વિવેક થવો આવશ્યક છે. 'સૌથી પ્રથમ તો જ્ઞાન થવું બંધનનું ઘટે.' (પૃ. ૩ : ૧૩)

(૨) મન અત્યંત ચંચળ છે, તેથી અભ્યાસ અને વૈરાગ્યથી જ તેનો નિગ્રહ થાય છે.

'દૃઢ-વૈરાગ્ય-અભ્યાસ તીવ્રમાં તીવ્ર જીવને-
ઉત્કંઠા લાગતાં ઊંડી ધ્યેય નિષ્ઠાથી થાય છે.

●

ભગવાન વિના કૈંમાં મનાદિ ના કદી રમે,
સાચો વૈરાગ્ય જાગેલો તેને દિલ પ્રમાણજે.'
જાગતાં ભાવ તે ગાઢ જાગે વૈરાગ્ય જીવને,
વાસના ભસ્મ શી થાય પ્રત્યક્ષ વરતાય એ.'

(પૃ. ૧૭૫-૬-૧, ૩, ૪)

ગીતા અને યોગસૂત્ર અભ્યાસ અને દૃઢ વૈરાગ્ય ઉપર ભાર મૂકે છે અને વેદાંતમાં અધિકારીનું દ્વિતીય લક્ષણ इहामुत्रफलभोगविरागः એમ બતાવવામાં આવ્યું છે.

(૩) રામ બુદ્ધિના મંદિરે વસતા નથી પણ ગુણભાવના મંદિરે જ વસે છે.

'બુદ્ધિના મંદિરે રામ વસી શકે ન તે કદી,
ગુણભાવનું મંદિર રચાતાં વસશે હરિ.'

●

હૈયે ગુણો ઉતારેલા જો પ્રગટે જ વર્તને,
એવા ગુણો જ દે પાક પારમાર્થિક જીવને.

●

જીવને પ્રગટેલો હો ગુણ એક ખરેખરો,
તેના વિકાસથી બીજા ગુણ શા વિકસ્યા કરે !

•

ગુણો એકબીજા સાથે કેવા છે સંકળાયેલા !
અસર એકની થાય એકબીજા પરે સદા.'
(પૃ. ૧૭૨-૨-૩-૪, ૬ ૭, ૯)

વેદાંતમાં અધિકારીના ત્રીજા લક્ષણ તરીકે તેનામાં શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, સમાધાન અને શ્રદ્ધા એમ છ ગુણોની વા સાધનોની સંપત્તિ જોઈએ એમ બતાવ્યું છે. ભગવદ્‌ગીતામાં પાંચ જગ્યાએ કેવા ગુણો સાધકે કેળવવા જોઈએ તે બતાવ્યું છે. બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો-ગુણો કહ્યા છે. બારમા અધ્યાયમાં ભક્તના ગુણો અને તેરમા અધ્યાયમાં જ્ઞાનીનાં લક્ષણો ગણાવ્યાં છે. અને સોળમામાં ૨૬ ગુણોની દૈવી સંપત કહી છે અને ત્યાર બાદ આસુરી સંપત્તિનું વર્ણન છે. ભગવાન કહે છે કે दैवी संपद् विमोक्षाय निबन्धायासुरी मता । અઢારમા અધ્યાયમાં બ્રાહ્મણના ગુણો ગણાવ્યા છે. પાંચ સ્થળે બતાવેલા આ ગુણો મોટે ભાગે સરખા જ છે. શ્રીમોટા લખે છે, તેમ જો જીવનમાં એક ગુણ પણ ખરેખરો પ્રગટેલો હોય, તો તેના વિકાસથી બીજા ગુણો એની મેળે જ આવી રહે છે, કારણ એ ગુણો એકબીજા સાથે સંકળાયેલા છે.

(૪) અધિકારીનું ચોથું લક્ષણ વેદાંત પ્રમાણે મુમુક્ષુત્વ વા બંધનમાંથી છૂટવાની તીવ્ર ઈચ્છા જોઈએ.

'હૈયે બળતરા જેના વિશે હોય ખરેખરી
તેમાં જ ચિત્ત તેનું રહે, તો વાત ધ્યેયની ખરી.'
(પૃ. ૭-૩)

જ્વાલામુખી સમી જ્યારે ઉગ્રમાં ઉગ્ર ઉત્કટ
જિજ્ઞાસા જલતી જો હો-ધ્યેય સાકાર તત્પર.'
(પૃ. ૧૩-૧૫)

યોગ માર્ગનું તત્ત્વ કહેતાં શ્રીમોટા કહે છે –
ચિત્તની ક્ષિપ્ત ને મૂઢ વિક્ષિપ્તાદિ જ વૃત્તિ છે,
દઢાવી સંયમે એને સમર્પવી પ્રભુપદે.
(પૃ. ૧૬૯-૧૯)

●

સંયમી આસને દેહ, જ્યાં સંકેલાય ઇંદ્રિયો,
મન અંતર્મુખી થાય સ્નિગ્ધતા શાંતિ દિલ તો.
ગાઢ એકાગ્રતા વર્તે, શમે વિચાર માત્ર જ્યાં,
સંકલ્પો ને વિકલ્પો જ્યાં, શાંત તે ધ્યાન યોગ્ય હા.

●

જિજ્ઞાસાથી હૃદે ઊંડી ધારણા કેળવાય છે.

●

ધ્યેયાકારની વૃત્તિનો સૌ અખંડ પ્રવાહ જે
-તદાકાર જ સંપૂર્ણ થતાં, સમાધિ થાય છે.

●

પ્રવર્તે ધ્યાનનો ભાવ જ્યારે જીવન વર્તને
બધાંમાંય શું માધુર્ય ત્યારે અનુભવાય છે.
(પૃ. ૧૭૭-૮, ૬, ૭, ૮, ૧૪, ૧૬)

**કર્મ**

ઈશ્વરાર્પણ બુદ્ધિથી પ્રવાહપતિત બધાં કર્મો, ફળની આસક્તિ વિના, ફરજ સમજી કુશળતાથી કર્યાં જવાં એ કર્મમાર્ગનું રહસ્ય બતાવાયું છે.

જે ખરાં ખોટાં બહાનાં ધર્યાં કરે, એને તત્પરતા લાગી નથી એમ સમજવું. દંભથી અધઃપતન નિશ્ચિત છે. જો જિજ્ઞાસા હશે તો આંધળી-ધૂંધળી યોજના પણ પૂર્ણ થશે. ઉપાસક જો જાગૃત રહેશે, તો તેનામાં અનુભવે ચેતનાનો અભિક્રમ થશે. જે પ્રવાહપતિત કર્મ પ્રાપ્ત થયું હોય, તેને તે જીવન ઘડવા માટેનો યજ્ઞ છે, એમ સમજીને કરવું. યજ્ઞ એટલે દેવતાને ઉદ્દેશીને દ્રવ્ય-ત્યાગ, એવી સામાન્ય વ્યાખ્યા છે, પણ દરેક કર્મ ઈશ્વરાર્થે સમર્પણ-નિવેદન ભાવથી કરવામાં આવે તે યજ્ઞ જ છે.

'જિજ્ઞાસા'નો પ્રતાપ કેવો છે તે શ્રીમોટા નીચે પ્રમાણે ઓજસ્વી શબ્દોમાં કહે છે :-

જેને જિજ્ઞાસા જાગી છે, તે સંયમે જ વર્તશે. જે આર્ત અને આર્દ્ર જિજ્ઞાસુ છે, તે જ દિવ્યજીવનમાં પ્રવેશી શકે છે. સરતચૂકથી કદાચ પાછા પડાય, તોપણ જિજ્ઞાસા જોરે પાછા ઊભા થતાં વાર લાગતી નથી. તે નવું નવું જન્માવે છે, જ્ઞાનપ્રકાશ પાડે છે. ફેરફારો ભલે થાય, પણ મનને ક્ષુબ્ધ થવા દેતી નથી. મુશ્કેલી, વિઘ્ન, કોયડા ભલે આવે, પણ તે ઉત્સાહ, પ્રેરણા અને ઉમંગ વધારે છે. મોહનો પડદો ખસેડી તે જ્ઞાનદર્શન બક્ષે છે. આપણે પ્રભુનું યંત્ર થવાનું છે એમ શીખવે છે. પ્રકૃતિનાં સકંજામાં પૂરેપૂરા ફસાયેલા આપણને જગાડવા મથે છે. તે કીર્તન, પ્રેમ, શ્રદ્ધા, ભક્તિ, ધ્યાન અને યોગમાં દિલ પ્રેરે છે. હૈયામાં સત્સંગનો મહિમા જગાડે છે. મહાયજ્ઞની આહુતિ થઈ જવાની યોગ્યતા બક્ષે છે. જે અમૃતત્વ અનુભવવાનું છે, તે પિવડાવ્યા વિના રહેતી નથી. જિજ્ઞાસાનું સંપૂર્ણ સાફલ્ય જ્યારે

થાય છે, ત્યારે સામર્થ્ય, જ્ઞાન અને આનંદ સામટા પ્રગટે છે. જીવનમાં કથીરનું કાંચન કરી નાખે છે. તપશ્ચર્યાના પંથમાં ઘણી વાર અંધારાં આવે છે, અંતરાત્મા ઊંડાણમાં ચાલ્યો જાય છે, જીવતાં મૃત્યુના જેવી અવસ્થા થાય છે, તે વેળા જિજ્ઞાસા પણ ટૂંકી પડે છે અને ઈશ્વરની કૃપા જ ત્યારે વહારે ચઢે છે. શ્રેયાર્થીનો હાથ ઝાલવા પ્રભુકૃપા આવી રહે છે, હૃદયમાં દીવો પ્રગટાવે છે, તે ઊર્ધ્વ અવસ્થામાં આ પ્રગટાવેલો દીવો કદી લુપ્ત થતો નથી. ઊંડો ચિરંતન ધ્વનિ પ્રગટે છે. 'તેજ પોતે થતો જાય ઊગે એવું અનુભવે.' જીવનનો ભાવ શિખરે ચઢે છે.

ડંકા નિશાન સિદ્ધિનાં કેવાં તે શિખરે ચઢે,
-લ્હેરાયે ગૌરવે શા શા ! જિજ્ઞાસાની જ જીત છે.
(પૃ. ૧૫૨-૪૮)

ત્યારે સ્વસ્થતા, શાંતિ, ધૈર્ય, નિશ્ચિતતા, પ્રસન્નતા, તટસ્થતા, અનાસક્તિ, નિરાગ્રહપણું વગેરે ગુણો ટકે છે. ઐશ્વર્ય, વીર્ય, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય, યશ જીવનમાં પ્રાપ્ત થાય છે. વૃત્તિ-વિક્ષેપને પૂર્ણ રીતે રોકતાં રોકતાં અંતર્લીન થવાય છે અને એકાકારતા થાય છે. ભાવ ઉત્તરોત્તર સ્ફુરતો જ રહે છે અને અણુએ અણુને સ્પર્શીને તેનો રંગ લાગે છે.

रोम रोम दीपक जले प्रगटे दीनदयाल ।

જે જ્ઞાનીનાં લક્ષણોનો જાણકાર છે. તે જ્ઞાનીનાં લક્ષણ પારખી શકે છે, જેનું પ્રેમ અને ભક્તિ ભરેલું હૈયું હોય, તે જ એવાં લક્ષણ ઓળખી શકે છે.

**સંસ્કૃતિ, સમાજ, લોકસંગ્રહ :**

'સંસ્કૃતિ, સમાજ વગેરેને કાળ જુદી જુદી રીતે સ્પર્શે છે. દરેક કાળમાં એક જાતની સંસ્કૃતિના વેશ નથી હોતા. સંસ્કૃતિ

એક છતાં વેશ અનેક હોઈ શકે છે. જેનાથી સમાજ ચેતનવંતો અને જીવતો રહે અને તેનામાં દિવ્યચેતના અવતરે તે જ સંસ્કૃતિ. માનવતાના ગુણો ઉત્કૃષ્ટતાથી પાંગરવા જોઈએ. ત્યારે જ સાચી સંસ્કૃતિ સમજવી. ભવ્ય માનવતાના ગુણો, મુમુક્ષુપણું અને મહાત્માનો આશ્રય આ ત્રણે સંસ્કૃતિથી જ મળે છે.' આ સ્થળે ઉમેરવું જોઈએ કે કેટલાક સમયથી શ્રીમોટાએ દૃઢતા, બળ, ઉત્સાહ, શક્તિ, અભય, સત્ત્વસંશુદ્ધિ, જ્ઞાન અને વિદ્યા વધે તે માટે સારી એવી રકમોનાં અનુદાનો ગોઠવી અનેક હરીફાઈઓ યોજી છે અને એ રીતે સમાજમાં સાચી સંસ્કૃતિનાં બીજ વાવવામાં મોટો ફાળો આપ્યો છે.

જ્ઞાનની અનાસક્તિ, પ્રભુભક્તિની નમ્રતા અને કર્મ-કૌશલ્ય આ ત્રણેની ત્રિવેણી જિજ્ઞાસાથી જ વહી શકે છે.

**અનુભવાનંદ**

'અનુભવાનંદ'માં શ્રીમોટા કહે છે :-

'વર્ત્યો છું જે પ્રમાણે તે સાધના-ઈતિહાસને-
પ્રમાણિકપણે ભાવે કથું હું સ્તવીને હૃદે.'

(પૃ. ૨૨૩-૧)

જિજ્ઞાસાનાં પ્રતાપ, પ્રભાવ અને તેની કૃપા વર્ણવતાં કહે છે :-

'કાળિકા માડી જિજ્ઞાસા, જિજ્ઞાસા મા સરસ્વતી,'
મહાલક્ષ્મી શી જિજ્ઞાસા ! મા ! સર્વશક્તિધારિણી.

(પૃ. ૨૨૪-૧૦)

જીવન, વર્તન, કર્મવ્યવહારમાં પ્રભુપ્રીત્યર્થ વર્તતાં જે હૈયાસૂઝ ઊગી, સ્વાનુભવે હૃદયમાં લાગ્યું, તે ફોડ પાડીને

તેમણે વર્ણવ્યું છે. ભૂલો થશે તો પશ્ચાત્તાપે સ્વચ્છ થવાશે. જ્યારથી આ પંથમાં હેત લાગવા માંડ્યું, ત્યારથી પ્રભુપાદપદ્મમાં અનેરો રંગ લાગ્યો, જિજ્ઞાસાએ બેજાર ચિત્તમાં આસ્થાનો દંડ રોપ્યો. મુશ્કેલીમાં ટકાવી રાખ્યા. તેણે વિરાટની આરાધના સુઝાડી. 'જીવનમાં અળવીતરું જ્યારે ચલાયું ત્યારે જિજ્ઞાસાએ લપડાક લગાવીને સુધાર્યો.' સ્મરણ-પ્રાર્થનાભાવ-કીર્તન ભજન-આત્મનિવેદનથી પૂર્ણ યોગ્ય ભૂમિકા થઈ. ચિત્તની અભિરુચિ દઢ થઈ. એકનું એક જે ચિંતન ભાવથી અને ભક્તિપરાયણ થઈને રખાય તે જ સત્સંગ છે.

જ્યારે પળેપળ ભાવ જીવતો રહે, ત્યારે કામાદિ એની મેળે શુદ્ધ થઈ જાય છે.

આ જિજ્ઞાસા બહુરંગી છે અને સમર્થ ગુરુ છે. જ્યારે જીવન પંથમાં અંધારાં આવે છે, ત્યારે તે જગદંબા જેવી શક્તિશાળી છે. જીવનની ગલીકૂંચીઓમાં જ્યારે ભરાઈ પડાય છે, ત્યારે આર્તનાદે પ્રાર્થના કરવાથી પ્રભુ સહાય કરી માર્ગે પાછા ચઢાવી દે છે. જીવનના કારમા દાવાનળને પણ ઠંડો પાડી દે છે. જિજ્ઞાસાની શક્તિ માટીમાંથી મહાજન બનાવે છે.

તેનાથી પૂર્ણ થયેલો આત્મા જ્યાં જ્યાં સંચરે છે, ત્યાં ત્યાં કલ્યાણનો જ તેનો હેતુ હોય છે. ઊંચે ફરે કે નીચે ફરે પણ તેનો હેતુ બદલાતો નથી-જેમ ગવૈયો નીચી કે ઊંચી શ્રુતિએ ગાય છતાં પણ રાગનું હાર્દ તે ચૂકતો નથી.

તે સમજે છે કે જીવન એ અંશ નથી પણ સમગ્ર છે, જિજ્ઞાસાથી તેનામાં વિભૂતિતત્ત્વ પ્રગટે છે અને તે ચેતનાથી

પરિપૂર્ણ થાય છે. તેનો વિચ્છેદ થતો નથી. એને સમગ્રતાનું સંગીત સંભળાયા કરે છે.

સદ્‌ગુરુના ઈશારે ચાલ્યા જવાથી જીવનમાં પાંગળા થવાતું નથી. તેની આજ્ઞા પાળવાથી હૈયામાં ભાવ પ્રગટે છે, તે ભાવ શક્તિરૂપ છે. તેથી વિરોધો શમે છે. દ્વંદ્વો વિરામ પામે છે અને જીવનમાં અભિનવ સંવાદિતા ફૂલેફાલે છે.

મસ્ત આનંદની અનુભૂતિ થયા પછી તેને શારીરિક દર્દો વ્યથાકારક કે બાધાકારક થતાં નથી, ઊલટું અન્યના દુઃખ પણ તે હલકાં કરી શકે છે.

શ્રીમોટા 'સ્વાનુભવકથન'માં લખે છે :-

'શરીરકેરી મર્યાદા-ઉપરવટ તો જવા<br>
-જાદુઈ કીમિયો દર્દ, તપશ્ચર્યા શી તે મહા !<br>
ભાવની ગાઢતા કેંદ્રે પાક્યા વિના ખરેખર,<br>
-અનેક દર્દનું એવું ભારે તે સ્હેવું દુષ્કર.'

શ્રીમોટાએ શરીર ઉપર મોટો બોજો ઉઠાવી લીધો છે- માથામાં ઝામર, આંખમાં ખીલ, ચામડીનું દર્દ, લોહીના દબાણની અનિયમિતતા, દમ, આંખનું દર્દ, મૂત્રપિંડ, અનિદ્રા, ગળાનું દર્દ, કરોડરજ્જુના મણકાઓનું ખસી જવું વગેરે. પણ પ્રભુપ્રસાદીથી આ દર્દ જ કીમિયો બન્યું છે અને શરીર મર્યાદાની ઉપરવટ જવા તેણે શક્તિ આપી છે અને તેમાં તેઓ અનુભવે છે કે :-

'અખંડ ચિંતવને હૈયે જીવંત ભાવ યજ્ઞથી<br>
-આભા મંડળ ફૂટેલું રક્ષે બહિર, અંતરે.'

(પૃ. ૧૭૬)

## ઉપસંહાર

આમ, લગભગ ૨૧૦૦ શ્લોકોમાં શ્રીમોટાએ જિજ્ઞાસાનું શાસ્ત્ર અને તેનું સવિસ્તર પૃથક્કરણ આપ્યું છે. પોતાના સાધના માર્ગમાં જે જે આવતું ગયું તેનું અનુભવની વાણીમાં આમાં વર્ણન છે. શાસ્ત્રના અંતસ્તત્ત્વ અને સંતપરંપરાના અનુભવે તે અનુરૂપ છે. એમાં ભવ્યતા છે-વિષયની, અનુભવની અને કથનીની. કાવ્યગ્રંથ તરીકે આ લખાયું નથી, છતાં ઘણે સ્થળે કાવ્યત્વ પણ સારી રીતે આવ્યું છે. વાણીમાં અનુભવનો રણકો અને સચોટતા છે, સીધો હૃદયંગમ ઉપદેશ છે, સાધકવર્ગ તરફ સહૃદયતા છે, સ્વાનુભૂતિની પ્રેરણા અન્યને આપવાનો કલ્યાણકારી હેતુ છે, અધ્યાત્મતત્ત્વ મેળવવાના વિવિધ સાધનામાર્ગોનું કુશળ દિગ્દર્શન છે, તેમાં સ્વાનુભવથી પ્રાપ્ત થયેલી સ્વસ્થતા છે. આ શ્લોકો જેમ સ્ફુરતા ગયા તેમ તેમ લખાતા ગયા. લખતી વખતે પ્રકરણવાર ગોઠવાયા ન જ હોય. આથી, આ શ્લોકોમાં પુનરુક્તિ વારંવાર આવે છે. પણ તે દોષ નથી. છાંદોગ્યમાં तत्त्वमसिનું હાર્દ સમજાવવા અનેક વાર પુનરુક્તિ કરી છે. વિષયનું હાર્દ અને ગાંભીર્ય પૂરેપૂરાં દૃઢતાથી ઠસે, એટલા માટે આ પુનરુક્તિ કરવામાં આવી છે, વળી, આ સ્થળે તો નૈસર્ગિક સ્ફુરણા જેમ આવતી ગઈ તેમ લખાણ થતું ગયું છે. જિજ્ઞાસાનું આ શાસ્ત્ર ખાસ કરીને ગુજરાતી ભાષામાં અપૂર્વ છે અને આધ્યાત્મિક માર્ગે જનારા સાધકોને જરૂર ભોમિયાની ગરજ સારે તેવું છે. શ્રેયાર્થી એનો લાભ ઉઠાવશે અને તેના વાંચનથી પણ શ્રીમોટાનું માર્ગદર્શન મેળવવા ભાગ્યશાળી થશે.

તા. ૧૬-૪-૧૯૭૧

## ૨૯. 'શ્રદ્ધા'

**શ્રીમતી મીનાક્ષીબહેન લ. દલાલ**

પૂજ્ય શ્રીમોટાની 'શ્રદ્ધા' અતિ ગહન અને સૂક્ષ્મ છે. આત્માની પ્રતિછાયા જેવી 'ચેતનવંતી' અને 'પ્રાણવાન' છે. આધારની અખિલાઈમાં એનો વાસ છે. 'હૈયામાંથી પ્રગટે છે' લજ્જાળુ અને સંકોચશીલ હોવા છતાં પ્રચંડ પુરુષાર્થની પ્રેરક છે. 'મનન ચિંતવનાદિથી' પ્રજ્વળેલા અગ્નિ જેમ 'ઝગ્યા' કરે છે, પોષાયા કરે છે અને પાક્યા કરે છે.

પૂજ્યશ્રીએ તે શ્રદ્ધાને આત્મોન્નતિના પથે અનિવાર્ય ગણી છે. એમ તો ઋગ્વેદથી માંડી આજ સુધીના આત્મવિકાસના ઈતિહાસમાં શ્રદ્ધાને પાયારૂપ ગણવામાં આવી છે.

પૂજ્ય શ્રીમોટા આ પુસ્તકમાં-'જીવદશાની શ્રદ્ધા' 'અંધશ્રદ્ધા' અને શ્રદ્ધાના તફાવતને સ્પષ્ટપણે સમજાવે છે. અંધશ્રદ્ધા એ સ્થૂળ 'આંખથી જોવાનું' છે, જ્યારે શ્રદ્ધાનું જોવું સૂક્ષ્મ છે. જીવદશાની શ્રદ્ધા જેવો જીવ હોય તેવી રહે છે. એને સેવવાથી કદી ભૂલું પડાય છે અને રાગદ્વેષાદિનાં વર્તુળમાં ફસાઈ જવાય છે. આમ, તેનો વિકાસ અટકી જાય છે. આવી જીવદશાની શ્રદ્ધામાં તેથી ઝાઝા પ્રાણ હોતા નથી.

પૂજ્ય શ્રીમોટા કહે છે કે પર્વતો ઉથલાવવાની પ્રચંડ શક્તિ ધરાવતી આવી અડગ, અતૂટ, અણનમ, સ્વતંત્ર, નિરપેક્ષ શ્રદ્ધા, એકલક્ષી અને આત્મલક્ષી બને છે. સાધકની કસોટી કરે છે. આત્મોન્નતિ માટે ભગીરથ પ્રયત્ન કરાવે છે અને પ્રત્યેક પળે પ્રત્યેક સંજોગમાં સાથી, માર્ગદર્શન અને 'મા' બને છે.

ઊર્ધ્વગામી જીવનમાં વૃત્તિઓની શુદ્ધિ કરતી શ્રદ્ધાના સાથ વડે વિવેક, ભાવ અને મુલાયમતા પ્રગટે છે. શ્રદ્ધાદીપના તેજસ્વી પ્રકાશમાં તર્ક વિતર્ક અદૃશ્ય થતાં, સાધનાનો પંથ આપમેળે આગળ સૂઝે છે, 'ગુણ' અને 'ભાવ'નો વિકાસ થાય છે. પ્રાર્થના, ભક્તિ, આત્મનિવેદન દ્વારા એ ભાવ પોષાતાં શ્રદ્ધા 'નિષ્ઠા' બને છે, બુદ્ધિ 'પ્રજ્ઞા' બને છે અને શ્રદ્ધા આત્મજ્ઞાનનું દિવ્ય કર્તવ્ય સાધે છે :-

પૂજ્ય શ્રીમોટાના સ્વાનુભવની સ્વયંભૂ ગાથા જેમની તેમ વાચક સમક્ષ છે. તેને 'મઠારવા'માં આવી નથી. છતાં જેટલી ગહન તેટલી જ વિચારોની ગૂંથણી સ્વાભાવિકપણે થઈ ગઈ છે. એની વાણી અતિશય ભાવમય હોવા છતાં વિષયની ચર્ચા વૈજ્ઞાનિક અને બુદ્ધિગ્રાહ્ય બની છે. શ્રદ્ધા વિશેની સૂક્ષ્મમાં સૂક્ષ્મ સમજ આપતી વખતે પણ ભાષાશૈલી તો અતિ સરળ રહી છે. સાદા સીધા તળપદા શબ્દો પણ ભાવનું કેવું સચોટ વહન કરી શકે છે, તેનું આ દૃષ્ટાંત છે. વાલ્મીકિ ઋષિની વાણી જેમ આ દિવ્ય વાણી પણ 'અનુષ્ટુપ'માં જ સ્ફુરી છે, જ્યાં ભાવનો ધોધ શબ્દરૂપે ધસારાબંધ વહેતો હોય ત્યાં છંદનાં શાં ગજાં ?

કવિતામાં લખાયેલું આ પુસ્તક સરળ શબ્દોમાં ગહન અર્થ વ્યક્ત કરે છે, એવા પ્રત્યેક શબ્દમાં સ્વાનુભવનું બળ સ્પષ્ટ તરી આવે છે અને વાણી હૃદય સોંસરી ઉતારી દે છે. પૂજ્યશ્રીએ સ્વાનુભવ કથન ઉમેરીને વિજ્ઞાનમાં જેમ Theory પછી Practical આવે, તેમ પોતાનું કથન સંપૂર્ણપણે વૈજ્ઞાનિક પદ્ધતિનું બનાવ્યું છે. પોતે 'શક્તિપ્રપાત' જેવા ચમત્કારમાં માનતા નથી, પરંતુ શ્રદ્ધાના બળે થતા સમજપૂર્વકના વિવેકયુક્ત વિકાસને

જ આત્મોન્નતિ માટે સ્વીકારે છે, એ પણ અહીં એમણે સ્પષ્ટપણે દર્શાવ્યું છે. શ્રદ્ધાની દિવ્ય શક્તિની જ્વલંત ગાથા સમું જેનું જીવન હોય, તેનું દિવ્ય કથન પણ અદ્વિતીય બને જ. આ સનાતન જલતો અખંડ શ્રદ્ધાદીપ જિજ્ઞાસુઓ માટે આત્મવિકાસના પંથે એક ઉજ્જ્વળ દીવાદાંડીરૂપ બની રહેશે.

તા. ૩-૧૧-૧૯૭૧

## ૩૦. 'નિમિત્ત'

**પ્રા. અનુપરાય ગો. ભટ્ટ**

નિમિત્તની અનોખી સર્જનપ્રક્રિયા વિશે પૂજ્ય શ્રીમોટા જણાવે છે કે :—

'વિચારી વિચારીને મેં લખ્યું ના નિમિત્તને,
એકધારું સપાટે જે લખાયા ગયું છે ખરે.'

મુક્તાત્માની વૃત્તિશૂન્ય અવસ્થામાં સંક્ષોભ સર્જાતાં આવા મહાવિજ્ઞાનનું સહસા સ્ફુરણ થતું હોય છે. નિમિત્તને ઉદ્દેશીને તેઓશ્રી કહે છે :—

'એકડેએક **आ** માત્ર સાવ તે માત્ર મીંડું છે,
મીંડાને સમજે જે કો **आ**ને સમજશે હૃદે.'

આ પૂજ્ય શ્રીમોટાની નમ્રોક્તિ છે, પરંતુ એ સ્મરણમાં રાખવું જોઈએ કે મીંડામાંથી એકડાનું અવતરણ થાય છે, શૂન્યમાંથી એકડાનું સર્જન થાય છે. જે મીંડાને સમજે છે તેને એકડો સમજાય છે. વૃત્તિશૂન્ય અવસ્થામાં અવ્યક્ત સ્વરૂપે સર્જનનું બીજ રહ્યું છે. જે શૂન્યને સમજશે, પોતે શૂન્ય બનશે- પોતે સમજે છે એવા અહંભાવને ત્યજી ખાલી થઈ જશે તે આ વિજ્ઞાનને સમજશે.

આ વિજ્ઞાનના અવતરણ વિશે પૂજ્યશ્રીએ નીચેના શ્લોકોમાં યથાર્થ જ કહ્યું છે કે :—

‘નિમિત્તકારણે જે તે વ્યક્ત થયા જતું બધું,
લાગુ પડતું **આ** સત્ય સર્વને સરખું નર્યું.
કારણ ભૂમિકાકેરું નિરાકાર નિમિત્ત જે,
અશક્યને કળાવાને શું સૂક્ષ્માતીત બીજ તે.
શૂન્યાવકાશ ભૂમિકા શૂન્યાકાર અખંડ જે,
જીવતાં જીવતાં શૂન્યે નીચે અવતરે પછે.
શૂન્યમાંથી જ લાવેલું, શૂન્યે અનુભવેલ જે,
નિમિત્તકારણે માત્ર મેળે વ્યક્ત થયા કરે.’

અનુભવી શૂન્યાવકાશ-આકાશતત્ત્વરૂપી અખંડ શૂન્યાકાર અવસ્થાને, નિઃસંકલ્પ અવસ્થાને, એમની ભાવની અવસ્થાને પામેલો હોય છે. તેવી શૂન્યાવસ્થામાંથી અલૌકિક જ્ઞાનનું અવતરણ થતું હોય છે. આવું અલૌકિક જ્ઞાન, જે પ્રથમ અવ્યાકૃત અવસ્થામાં હોય છે, તેનું કોઈ નિમિત્તકારણ પ્રાપ્ત થતાં વાણીસ્વરૂપે વ્યાકરણ થાય છે-અવતરણ થાય છે. આ ‘નિમિત્ત’-વિજ્ઞાન અનુભવીની એવી જ અનુભૂતિમાંથી વ્યક્ત થવા પામ્યું છે.

‘નિમિત્ત’માં પ્રતિપાદિત વિષયને સંક્ષેપમાં રજૂ કરવો સહેલ નથી. આમ છતાં તેમાં ઓછા પ્રયાસે પ્રવેશ થાય એ દૃષ્ટિએ ટૂંકામાં તેના મુખ્ય મુદ્દાઓ અત્રે દર્શાવું છું.

નિમિત્ત એ પૂર્વે કરેલાં કર્મોના સંસ્કારનું પરિણામ છે. સંસ્કારો નિમિત્તનું બીજ છે. કર્મસંસ્કારોથી જાગતા નિમિત્તને કારણે આ જગતમાં વ્યક્તિઓનું પરસ્પર સંકળાવાનું થાય છે.

કોઈ વ્યક્તિનો સંબંધ અનુકૂળ જણાતાં તેના પ્રત્યે રાગ જન્મે છે, તેમ પ્રતિકૂળ જણાતાં દ્વેષ જન્મે છે. વ્યક્તિસંબંધોમાં રાગદ્વેષનાં નિમિત્ત ઊભાં થતાં સંસારી જીવો તેના પ્રતિભાવથી વર્તી તેમાં ભેરવાય છે, રાગદ્વેષ વગેરેથી લેપાય છે. આથી, બીજાં એવાં અનંત રાગદ્વેષનાં નિમિત્ત જન્મે છે, જે અસંખ્ય જન્મોનાં કારણ બને છે. આમ, સંસારી જીવોનો ભવપ્રવાહ ચાલ્યા કરે છે, પરંતુ જે શ્રેયાર્થી જીવ છે તે રાગનું નિમિત્ત પ્રાપ્ત થતાં રાગભર્યું અને દ્વેષનું નિમિત્ત પ્રાપ્ત થતાં દ્વેષભર્યું વર્તન કરતો નથી. તે તો આવાં નિમિત્તોનાં મૂળમાં પોતાની પ્રકૃતિ જ રહેલી છે એમ સમજી એ નિમિત્તોમાં ભેરવાઈ ન જતાં અનાસક્ત ભાવે વર્તે છે. સંસારમાં આપમેળે પ્રાપ્ત થતું કર્મ પણ નિમિત્ત છે. શ્રેયાર્થી તેવા કર્મને નિષ્કામપણે યજ્ઞભાવથી આચરે છે. સંસારી જીવ તેવા જ કર્મનું આચરણ સકામભાવે કરી બંધનમાં પડે છે. સંસારી તેને પ્રાપ્ત થતાં નિમિત્તોમાં અન્યના દોષ જુએ છે. શ્રેયાર્થી તેમ થવામાં પોતાનો દોષ જુએ છે અને આત્મનિરીક્ષણ (Introspection) કરવા પ્રેરાય છે. સંસારી પ્રાપ્ત નિમિત્તોનો આસક્તિથી ઉપભોગ કરી નવાં નિમિત્તો ઊભાં કર્યે જ જાય છે, શ્રેયાર્થી આત્મકલ્યાણના ભાવથી પ્રેરાઈ તે નિમિત્તનો, પોતાની પ્રકૃતિનું (સ્વભાવનું) દર્શન કરી તેને મઠારવામાં, ઉપયોગ કરે છે. શ્રેયાર્થીના આવા અનાસક્ત વર્તનથી તેની પ્રકૃતિનું ઊર્ધ્વીકરણ (Sublimation) થતું જાય છે. પ્રાપ્ત નિમિત્તને તે આત્મકલ્યાણનો ભાવ પ્રેરવાનું સાધન માને છે. કામ, ક્રોધ વગેરે નિમિત્તો સાથે સંગ્રામ ખેલતાં શ્રેયાર્થી પરાજય પણ પામે છે. પરંતુ તે પાછો જાગ્રત અને સચેત થઈ

યુદ્ધ ખેલે છે. આગળ વધતાં તેને સૂક્ષ્મ સંગ્રામો પણ ખેલવાના આવે છે. તેના જીવનમાં ઉગ્ર દૈવાસુર સંગ્રામો ઉપસ્થિત થતાં તે ભારે મથામણ અનુભવે છે. એવી પરિસ્થિતિ રચાય છે, જ્યારે તેને સર્વત્ર નિરાશાનો અંધકાર વ્યાપેલો જણાય છે. જેને જીવની નિબિડ અંધકારમય રાત્રી (Dark Night of the Soul) કહે છે, તેના જેવો તેને અનુભવ થતાં માર્ગમાં તે અટવાય છે. આવા પ્રસંગે હારી ન જતાં તે ભગવાનને આર્તનાદે પોકારે છે, અને ભગવત્કૃપાથી કપરામાં કપરી સ્થિતિ હળવી થતી અનુભવે છે. નિમિત્તો સાથેના દારુણ અને વિકટ સંગ્રામમાં ઝઝૂમતાં ઝઝૂમતાં, ભારે મથામણને અંતે ધૂંધળો પ્રકાશ પામી તે આત્મકલ્યાણના માર્ગમાં આગળ વધે છે અને છેવટે સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત કરી, પ્રકૃતિના બંધનમાંથી છૂટી જઈ આત્મશ્રેયનું પોતાનું ધ્યેય હાંસલ કરે છે.

જે અનુભવી (જીવન્મુક્ત) પુરુષ છે, તે જીવોને આત્મકલ્યાણનું ધ્યેય પ્રાપ્ત કરાવવામાં, હરિ પ્રત્યે અભિમુખ કરાવવામાં, ભગવાનનું નિમિત્તમાત્ર એટલે કે સાધન અથવા હથિયાર બને છે. એવો પુરુષ ત્રિગુણાતીત અને આપ્તકામ હોય છે,-તેને પોતાને માટે કશું જ મેળવવાનું હોતું નથી. તે સક્રિય હોય તેમ જણાય છે, પરંતુ વસ્તુતઃ તે અક્રિય હોય છે. તે તો કેવળ જીવોને હરિ પ્રત્યે અભિમુખ કરવાની ઈશ્વરેચ્છાનું 'સાધનમાત્ર' (Instrument) બને છે. જીવોનું કલ્યાણ થવા રૂપી ઈશ્વરેચ્છા આવા મુક્તાત્મા દ્વારા વહ્યા કરે છે. એટલે કે પ્રભુની આવા પ્રકારની ઇચ્છાને વહેવાની તે પરનાળ (Channel) બને છે. હરિનું નિમિત્તમાત્ર બનેલા અનુભવીને પોતાના

વર્તનમાં-લોકમાં પ્રવર્તતાં અને સ્વીકારેલાં-કોઈ ધારાધોરણ હોતાં નથી, પરંતુ શ્રેયાર્થીને નીતિ-અનીતિ વગેરેનાં ધારાધોરણ અનુસાર વિવેકયુક્ત અને મર્યાદાશીલ વર્તન કરવારૂપી બંધન હોય છે.

નિમિત્તના વિષયનો આ સંક્ષિપ્ત સાર છે.

આ નિમિત્તમાં પ્રગટ થયેલું વિજ્ઞાન અગાધ છે. અનુભવીની વાણીનું હાર્દ અનુભવ થયા વિના પામી શકાતું નથી. નિમિત્ત વિજ્ઞાનનું રહસ્ય સમજવાનું મારું ગજું નથી. અને તેને સંપૂર્ણપણે સમજ્યો હોવાનો હું કોઈ દાવો કરતો નથી.

તા. ૧૨-૪-૧૯૭૨

## ૩૧. 'ભાવ'

**શ્રી કેશવલાલ જી. ત્રિવેદી, વેદાંતશાસ્ત્રી**

અઠ્યાસી અનુષ્ટુપમાં વહેતી પૂજ્ય શ્રીમોટાની આ વાગ્ધારા આપણને અજાણ્યા પ્રદેશમાં ખેંચે છે, જ્યાં જવાનું મન બધા સાધકોને થાય છે, પણ જવું કેમ, તે ખ્યાલ હોતો નથી. તે પ્રદેશનો ઇતિહાસ કર્ણોપકર્ણ ભાંગ્યો તૂટ્યો ઘણાને માલૂમ હોય છે. પણ ભૂગોળ માલૂમ નથી હોતી. અહીં તે ભાવપ્રદેશના ઇતિહાસ અને ભૂગોળ બંને રજૂ કરાયાં છે. ઇતિહાસ જાણી માણસ ભૂતકાળમાં રમે છે. તેનો વર્તમાન ઉપયોગ વિશિષ્ટ બુદ્ધિ માગી લે છે. જ્યારે ભૂગોળદર્શન તમને વર્તમાનમાં રમાડે છે. એટલું જ નહિ, તે તે પ્રદેશ સાથે તાદાત્મ્ય પણ તે ક્ષણ પૂરતું તો કરાવે છે અને એકવાર તેનું જેને તાદાત્મ્ય થયું તેની જિજ્ઞાસા તીવ્ર થાય છે. તે જિજ્ઞાસા આપણામાં ઉત્પન્ન કરવા, જલહીન પ્રદેશમાં મત્સ્યને થોડીવારમાં પણ જે તરફડાટ

અનુભવાય છે તેવો તરફડાટ આપણામાં ઉત્પન્ન કરવા પૂજ્ય શ્રીમોટાનો આ અનુગ્રહ છે. પૂજ્યશ્રીની ચેતનાના અનુસંધાનપૂર્વક આ અઠ્યાસી કડીઓ વાંચશે તેને ઉક્ત અનુભવની દિશામાં જવાનું મન જરૂર થશે.

આ ભાવના ત્રણ પ્રકાર પૂજ્યશ્રી વર્ણવે છે. દીર્ઘ અભ્યાસને અંતે પ્રગટેલો ભાવ-પછીનો કેળવાયેલ ભાવ અને સર્વોત્તમ તો મૌલિક ભાવ જે આપમેળે સ્ફુરતો જેને સહજભાવ કહેવાય તે. ત્રણેમાં તારતમ્ય છે પણ સહજભાવ તે ઉત્તમ-સર્વોત્તમ ગણાયો છે. પણ આ સિદ્ધિની સીડીના પ્રત્યેક સોપાન ચઢવામાં અખૂટ ધૈર્ય, પ્રચંડ અગ્નિના જેવી ધગધગતી જિજ્ઞાસા, સાચો તલસાટ માગી લે છે. તે સાધક જ ઊર્ધ્વ જવા શક્તિમાન થઈ શકે છે. બાકી, કાચા પોચાનું તો આમાં ગજું નહિ. 'હરિનો મારગ છે શૂરાનો' તેના જેવું છે. આ જ જિંદગીની ખરી કમાણી છે. અને જેને તે પ્રાપ્ત થઈ તેને સર્વ પ્રાપ્ત થયું. તેને બીજું કંઈ મેળવવાનું બાકી રહેતું નથી.

હવે, આનાથી પણ છેલ્લી ઉત્તમ કોટી એટલે કે ભાવદશાને પણ જે સાક્ષીની અદાથી જોયા કરે-ભાવમગ્ન છતાં અલિપ્ત શો રહી શકે-તાદાત્મ્ય અનુભવતો છતાં નિરાળો અને નિરાળો જે સાધક રહી શકે તે અંતિમ કોટિએ પહોંચ્યો છે તેમ સમજવું એટલે કે સિદ્ધ થયો. આ ભાવાતીત અવસ્થા છે અને તે સાક્ષીભાવ કેળવાયા પછી માણી શકાય છે.

## ૩૨. 'શ્રીસદ્‌ગુરુ'

**શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય**

પૂજ્ય મોટાએ 'ગુરુ' વિશે વિસ્તૃત ગ્રંથ લખ્યો છે, તે કાળે પણ 'ગુરુ' વિશે સમાજમાં અનેક સાચાખોટા ખ્યાલો પ્રવર્તે

છે. કોઈ અપરિચિત કે અલ્પ પરિચિત સંતના ભક્તને જુનવાણી ગણી કાઢી તેમના તરફ હીન દૃષ્ટિએ જોવામાં આવે છે. 'ગુરુવાદ' એક વસ્તુ છે અને 'ગુરુતત્ત્વ' જુદી વસ્તુ છે. આવે વખતે પૂજ્ય મોટાએ 'ગુરુતત્ત્વ' વિશે ગ્રંથ લખ્યો છે. પૂજ્ય મોટા તેમના બાહ્ય ઢંગથી ભલે જુનવાણી લાગતા હોય, પણ હકીકતમાં ચોક્કસ વૈજ્ઞાનિક દૃષ્ટિવાળા કેવળ અર્વાચીન જ નહિ, પણ સવિશેષ અર્વાચીન-Ultra Modern છે. તેઓ એમ ને એમ, પ્રયોગ વિના કેવળ ગતાનુગતિક રીતે કશુંયે સ્વીકારી લેતા નથી. તેમણે અત્યાર સુધી જે કેવળ શ્રદ્ધાના જ વિષયો ગણાતા હતા, તેમને પ્રત્યક્ષ પ્રયોગ અને તેમની સાધનાથી બુદ્ધિગમ્ય (rational) બનાવી આપ્યા છે.

પૂજ્ય મોટાએ પોતાની જીવનસાધના, પોતાનો સદ્ગુરુ સાથેનો સંબંધ, તેમની ઉગ્રમાં ઉગ્ર થથરાવી નાખે તેવી ઉત્કટ તપશ્ચર્યા, તેમનો મરણિયો નિર્ધાર, તેમની શ્રીસદ્ગુરુચરણમાં પ્રચંડ શ્રદ્ધા વગેરે મન મૂકીને વર્ણવ્યું છે. અગ્નિ વચ્ચે બેસી રહેવાની, સમુદ્ર ઉપર ચાલવાની, ધોધ નીચેની ગુફામાં બેસી સાધના કરવાની, સિંહ વચ્ચે બેસી રહેવાની તેમનામાં શક્તિ ક્યાંથી આવી ? સદ્ગુરુના બોલને પ્રાણપણે આચરવાની અસાધારણ તાકાત ક્યાંથી આવી ? સદ્ગુરુના આદેશને અનુસરવા માટેની અસીમ, ઉત્કટ શ્રદ્ધા ક્યાંથી જન્મી ? એનો ઉત્તર એ જ છે કે પૂજ્ય મોટામાં સદ્ગુરુ પરત્વેનાં જે પ્રેમભક્તિ હતાં, અને પોતાનું સર્વસ્વ શ્રીસદ્ગુરુને સમર્પિત કર્યું હતું. એટલે પૂજ્ય મોટા શ્રીસદ્ગુરુના હાથમાં એક નિમિત્ત બની રહ્યા હતા. જાણે કે શ્રીકૃષ્ણના હાથની પોલી સૂકી વાંસળી !

તેમને સાધનામાં જે શ્રદ્ધા, નિર્ભયતા, તત્પરતા, મરજીવાપણું, શક્તિ મળ્યાં, તે શ્રીસદ્‌ગુરુનાં જ હતાં, જો આમ ન હોય તો સામાન્ય માનવીનું આ ગજું ન હોઈ શકે.

શ્રીસદ્‌ગુરુ 'મુક્તિના ધોરણે' નિમિત્તમાં બંધાયેલા છે, એમ પૂજ્ય મોટા એક શ્લોકમાં કહે છે. સદ્‌ગુરુ ચેતનનું પ્રતીક છે. આ ચેતનની વાસ્તવિકતા એવી છે કે તેમાં બધા વિરોધાભાસોનો સહજપણે સમન્વય થઈ જાય છે. એને માટે તેમને કોઈ જુદો પ્રયાસ કરવો પડતો નથી. તે નિમિત્તમાં ઓતપ્રોત છે અને એકીવખતે જ તટસ્થ પણ છે. તે એકીસાથે બંધાયેલા છે અને મુક્ત છે. તેમનું જીવન જ અભેદ હોવાથી તે નિમિત્તરૂપ જીવને, તેની જીવદશાને જાણે છે. છતાં તે તો તેનામાં રહેલા પોતાના અંશરૂપ ચેતનની સાથે જ ઓતપ્રોત થાય છે. પોતે મુક્ત ચેતનરૂપ હોવાથી નિમિત્તની પ્રકૃતિ તેને બાંધી શકતી નથી.

આ દૃષ્ટિએ વિચારીએ તો પૂજ્ય મોટાએ આ ગ્રંથમાં લખ્યું છે કે 'સદ્‌ગુરુનું બેસણું સ્થિતપ્રજ્ઞથી પણ ઊંચું છે' તે વિધાન સમજી શકાય છે. ગીતાના સ્થિતપ્રજ્ઞને બ્રાહ્મી સ્થિતિવાળો કહ્યો છે ખરો, પણ ગીતામાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો અને વ્યાખ્યા આપ્યાં છે, તે જોતાં તે માત્ર સાધનામાં આવતી એક સ્થિતિ જ હોય એમ લાગે છે. આ સ્થિતપ્રજ્ઞતા એક પ્રકારના નિરોધની અવસ્થા હોય તેવો ભાસ થાય છે. તમામ કામનાઓનો ત્યાગ, કૂર્મની જેમ અંગોને અંદર સમાવી લેવાનાં વગેરે દ્વંદ્વો સામે ખડાં થાય ત્યારે કંઈક આયાસપૂર્વક, પ્રજ્ઞાને સહારે સ્થિતપ્રજ્ઞ સમભાવ રાખવાનો. સદ્‌ગુરુ એ ચેતનની એવી સત્તા છે કે જેમાં બધું સહજ હોય છે. તે ત્યાગ કે સ્વીકાર, નિરોધ કે નિગ્રહ કે

અનિગ્રહથી પર છે. તે દ્વંદ્વાતીત હોવાથી તેમને દ્વંદ્વોમાં સમભાવ રાખવા કરવાનો સવાલ રહેતો નથી. શ્રીસદ્‌ગુરુ જીવનમાં, નિમિત્તમાં, જગતમાં પ્રવર્તે છે, તે મન, બુદ્ધિ જેવાં કરણોને સહારે નહિ, પણ કેવળ ભાવનાના સહારે. આથી તો સારું-માઠું, લાભ-હાનિ, પાપ-પુણ્ય આદિને આપણે જે રીતે જોઈએ, વિચારીએ, સમજીએ અને અનુભવીએ તેવી રીતે સદ્‌ગુરુને કરવાપણું હોતું નથી. આ રીતે સદ્‌ગુરુનું બેસણું સ્થિતપ્રજ્ઞ કરતાં ઊંચું છે.

એક બીજી દૃષ્ટિએ વિચારતાં લાગે છે કે શ્રીસદ્‌ગુરુ અને શિષ્ય વચ્ચે અભેદ સધાતાં એક સળંગતા પ્રગટે છે. આ એક સળંગપણાના એક છેડે શિષ્ય છે અને બીજે છેડે સદ્‌ગુરુ છે. શિષ્યને છેડેથી જોતાં શિષ્યની દૃષ્ટિએ સદ્‌ગુરુમાં સાક્ષાત્ પરબ્રહ્મત્વ જ પ્રતીત થાય છે. સદ્‌ગુરુને છેડેથી જોતાં સદ્‌ગુરુ પોતે પણ પોતાના સદ્‌ગુરુ સાથેની સળંગતાનો શિષ્ય-છેડો છે. તેમને માટે પરબ્રહ્મરૂપ સદ્‌ગુરુનો છેડો બીજો છે. આથી જ શ્રીસદ્‌ગુરુમાં એકીસાથે તણખલાથીયે તુચ્છ થવા જેવી નમ્રતા અને બાદશાહના પણ બાદશાહ જેવી બેપરવાઈભરી ખુમારી છે. એક ઊંચી કોટીના સંતપુરુષ સાથે એકવાર આવા જ મુદ્દા ઉપર વાતચીત કરવાનો સુયોગ મળેલો. તેમણે કહ્યું, ‘મારી સામે જે લક્ષ્ય છે, તે અમારા આદિ ગુરુ કે જેમના હાથમાંથી અગ્નિ પ્રગટતો હતો. તેમનું શરીર અગ્નિમય હતું. આવી સ્થિતિ ન થાય ત્યાં સુધી સાધના પૂરી નથી થઈ એવું મને તો લાગ્યા કરે છે. આવી સ્થિતિ પ્રાપ્ત થાય તે પહેલાં સપ્તધાતુની શુદ્ધિ થવી અનિવાર્ય છે.’ તેઓશ્રીએ આગળ બોલતાં કહ્યું,

'જેઓ સ્વયં પોતાની જાતને ભગવાન કહેવરાવે છે, તેઓની સાધના પરત્વેની સચ્ચાઈ, તેમનામાં પ્રગટેલી લોકોત્તર શક્તિઓ વગેરે ખોટું છે એમ કહેતો નથી, પણ મને એમ લાગે છે કે તેઓનો ભગવાનપણાનો ખ્યાલ જ નીચો છે.'

પૂજ્ય મોટાએ આ દૃષ્ટિએ ચેતન અને અનુભવીનો ભેદ સ્પષ્ટ કરી જીવનવિકાસની સતત, અવિરત અને અનંત વિકાસની ક્ષમતાનો નિર્દેશ કર્યો છે. પોતાની આગવી વિલક્ષણ વિચક્ષણતાથી અમુક સમજણ ખોટી કે અધૂરી એમ કહેવાને બદલે વાસ્તવિકતા શું છે, તેનો નિર્દેશ કરી લીધો છે.

પૂજ્ય મોટાએ આ ગ્રંથમાં એવા એવા ગૂઢ મુદ્દાઓ રજૂ કર્યા છે કે તેમાંના કેટલાક સવિસ્તર ભાષ્ય વિના સમજવા કઠિન છે. આવા વિષયોમાંનો એક વિષય 'શબ્દ' છે. પૂજ્ય મોટાએ મુક્તકંઠે અતિ ગહન એવા 'શબ્દ'નું સ્તવન કર્યું છે. શબ્દને બ્રહ્માતીત કહ્યો છે, આકાશાતીત કહ્યો છે. જ્યારે કશું જ ન હતું ત્યારે શબ્દ હતો તેમ કહ્યું છે. શબ્દાતીત પ્રદેશ વિશે કંઈ કહેવાનું પોતાનું ગજું નથી એમ કહ્યું છે. ચેતન અને શબ્દ બંને અનાદિ છે. શબ્દ ચેતનનું જ સગુણ સ્વરૂપ છે. આ શબ્દ એ જ જેને creative word-'સર્જક શબ્દ' તરીકે ઓળખવામાં આવે છે. Psychic અને Mystic એવા તદ્દન આગવા પ્રકારની અનુભૂતિઓ કે આવિર્ભાવો હોય છે. Mystic અનુભૂતિઓ 'શબ્દ' અને 'પ્રકાશ'ના માધ્યમ દ્વારા આવતી હોય છે. Mystic અનુભૂતિઓ સાધકને તેની પ્રાર્થના, અભીપ્સા કે માગણીના જવાબરૂપે નથી હોતી. Psychic અનુભૂતિઓનું આવું નથી હોતું. આ અનુભૂતિઓનો પાયો તેના પોતાનામાં જ હોય છે.

'શબ્દ' કેવળ ભાવરૂપ હોય છે. તેને અર્થ નથી હોતો. આપણા આધારમાં સ્વયંભૂપણે આવિર્ભૂત થતા નામસ્મરણનો સંચાર પૂજ્ય મોટાએ વર્ણવેલ 'શબ્દ'ના પ્રદેશમાંથી થાય છે. આ 'શબ્દ' ચેતનનું સગુણ કે સાકાર સ્વરૂપ છે. આ ગ્રંથના શ્લોકો પણ ચેતનનું જ સાકાર સ્વરૂપ છે, એમ કહેવામાં મને અત્યુક્તિ નથી લાગતી. એમાં મંત્રની શક્તિ ભરી છે. જે 'શબ્દ'માં પ્રાણ ન હોય, દમ ન હોય તે શબ્દ નહિ, પણ 'શબ' છે. એટલે આ શ્લોકો સામાન્ય કવિતાસાહિત્યના શ્લોકો નથી, પણ સામર્થ્ય અને ભાવથી પૂર્ણ મંત્રો છે. સામર્થ્ય અને ભાવ વિનાના શબ્દો એ તો શબ માત્ર છે. આ શ્લોકો કોઈ વિચાર પ્રગટ નથી કરતા, પણ ચેતનનો જ સંચાર પ્રગટ કરે છે. આ ગ્રંથની વાણી એ સદ્‌ગુરુનો 'શબ્દ' છે. ચેતનના જ ઊંડા, ઊર્ધ્વ પ્રદેશમાંથી જ તેનો ઉદ્‌ગમ છે, અને સ્વજનોના સદ્‌ભાગ્યે તે 'શબ્દ' અહીં ઊતરી આવ્યો છે.

## ૩૩. 'રાગદ્વેષ'

**પ્રા. શ્રી ઈંદુકુમાર દેસાઈ**

અધ્યાત્મમાર્ગના પ્રવાસીએ પોતાની પ્રકૃતિથી પર થવાનું રહે છે. તેમાં રાગદ્વેષ પ્રકૃતિગત અવરોધરૂપે પ્રતીત થાય છે. રાગદ્વેષથી મુક્ત થયા વિના સાધક પોતાના અંતિમ લક્ષ્યે કદી પહોંચી ન શકે. એનાથી સર્વથા પર થવું અશક્ય હોવા છતાં શ્રેયસ્સાધકે રાગદ્વેષને મોળા પાડવાને માટે મથ્યા કરવું પડે છે. પરમ તત્ત્વ સાથે અનુસંધાન કરવાનું ધર્મ અને અધ્યાત્મનું અંતિમ ધ્યેય સમાન જ છે. એટલે જ વિશ્વભરના ધાર્મિક અને આધ્યાત્મિક સાહિત્યમાં રાગદ્વેષથી મુક્ત થવા ઉપર ભાર

મૂકવામાં આવ્યો છે. રાગદ્વેષને મુમુક્ષુએ તો શત્રુરૂપે જ જોવા રહ્યા. જે શત્રુને જીતીને વિજય પ્રાપ્ત કરવાનો છે, તેના સ્વરૂપ અને સામર્થ્યની ઓળખ વિના યુદ્ધ આદરવું નિરર્થક છે. આથી, પૂજ્યશ્રીએ અહીં રાગદ્વેષનાં સ્વરૂપ-લક્ષણ અને તેનાં કાર્યો, જીવાત્મા ઉપર થતું રહેતું તેનું સતત આક્રમણ, તેનાથી બચવાના અને તેને જીતવાના ઉપાયો, રાગદ્વેષ સહિતની સ્થિતિ અને રાગદ્વેષ મોળા પડ્યાના પ્રમાણોનું દર્શન-વર્ણન સુબોધ શૈલીમાં સવિશેષપણે નિર્દેશ્યું છે. આ વિષયનું આવું એકત્રિત નિરૂપણ ક્યાંયે ઉપલબ્ધ હોવાનું જાણમાં નથી. એ રીતે પૂજ્ય શ્રીમોટાનું આ અપૂર્વ મૌલિક પ્રદાન છે.

પૂજ્ય શ્રીમોટા કહે છે કે વહેવારના જગતનો પણ નિયમ છે કે કંઈક મેળવવા માટે કંઈક છોડવું પડે છે. કિંમત ચૂકવ્યા વિના કંઈ પણ મળતું નથી. શ્રેયપંથમાં પણ શ્રેયાર્થીને રાગદ્વેષ છોડવા માટે કોઈ પણ જાતનો ત્યાગ કરવો પડે કે ભોગ આપવો પડે, તેને માટે તેણે તત્પર રહેવું જોઈએ. રાગદ્વેષને દૂર કર્યા વિના ધ્યાનસાધન થઈ શકે જ નહિ. મન વિક્ષિપ્ત રહે છે. સંપૂર્ણ નિર્મળતા પાંગરતી નથી. આથી, પાકો મરણિયો દૃઢ નિશ્ચય કરી મૃત્યુને નોતરવું પડે તો તેમ કરીને પણ રાગદ્વેષ હઠાવવા જોઈએ. તેને મૂળથી જ હણવા જોઈએ, પરંતુ રાગદ્વેષને સંપૂર્ણ નિર્મૂળ કરવા સામાન્ય જીવનું ગજું નથી. જેને અંતર ધગધગતી જ્વાળા જેવી જિજ્ઞાસા હશે અને વિકાસની અનંત ભૂખ હશે અને જેને ખોટો સમય ખોવો પાલવતો નથી, તેવો પુરુષાર્થી શ્રેયાર્થી જ રાગદ્વેષને હઠાવવાને શક્તિમાન છે. રાગદ્વેષ એની મેળે નિર્મૂળ થતા નથી. એને તો વળાવવા પડે છે. તે માટે નિશ્ચિત જીવનધ્યેય સાથે દિલને

મનન ચિંતવનથી ખંતપૂર્વક નિરંતર જીવનવિકાસના અભ્યાસમાં પરોવવું પડે છે.

પૂજ્ય શ્રીમોટા કહે છે કે સો વાતની એક વાત એ છે કે જીવનધ્યેયની સંપૂર્ણ લગની લગાડી, તેના અભ્યાસમાં સંપૂર્ણ ચિત્ત પરોવી દિનરાત રત રહીએ અર્થાત્ રાગદ્વેષ કરતાં કોઈ ઊર્ધ્વ ભૂમિકામાં તદાકાર થઈએ તો જ રાગદ્વેષને હઠાવી શકાય.

રાગદ્વેષ થકી ઊર્ધ્વ પ્રદેશ ભૂમિકા વિશે,
તદાકાર થતાં મેળે સૌ રાગદ્વેષ તો ઘટે.

આવી ઊર્ધ્વ ભૂમિકામાં એકાગ્ર થતાં અંતરમાં પડેલી સુષુપ્ત શક્તિ જાગૃત થાય છે અને તેમાંથી ભાવ જાગે છે. આવી ભાવ જાગૃતિમાં પણ રાગદ્વેષ ઊઠવાની શક્યતા છે ખરી, પરંતુ ભાવમાં રહેલા જોશને કારણે એ નડતા નથી. ભાવ અને રાગદ્વેષનો સંબંધ વ્યસ્ત રીતે પરસ્પરાશ્રિત છે. એટલે કે જેમ જેમ ભાવ ગાઢ થતો જાય તેમ તેમ રાગદ્વેષ મોળા પડતા જાય. અને જેમ જેમ રાગદ્વેષ મોળા પડતા જાય તેમ તેમ હૃદયમાં વધુ ને વધુ ભાવ સ્ફુર્યા કરે છે. ઉપર નિર્દિષ્ટ 'જીવનધ્યેયનો અભ્યાસ' એટલે જીવનનો સાધનાપથ. પૂજ્ય શ્રીમોટાએ પુસ્તકના પ્રારંભમાં જ એમનાં પોતાનાં દર્શન અનુસારના સાધનાપથ પ્રત્યે ઈશારો કર્યો છે. રાગદ્વેષ ઘટાડવાના હેતુથી જ શ્રેયાર્થીઓ માટે એ રૂપરેખા એમણે આપી છે.

## ૩૪. 'પ્રેમ'

**શ્રી રમેશ મ. ભટ્ટ**

પૂજ્ય શ્રીમોટા પોતાના સાધનાકાળ દરમિયાન એકવાર સ્વ. કવિ સાગર પાસે ગયેલા. આ યુવાન સાધકે પ્રભુના

પાવનકારી પંથ પર વિકાસ કરતાં હૃદયની એવી કક્ષા પ્રાપ્ત કરેલી કે જ્યાં પરમ પ્રેમની ઝલકનો આદર્શ અંકિત થયો હતો. પ્રેમ વિશેના પોતાના એવા આદર્શને વ્યક્ત કરતી વાણી ગઝલ સ્વરૂપે એમણે ટપકાવી રાખી હતી. કવિ સાગર એ ગઝલો વાંચી મુગ્ધ બનેલા. કવિ સાગરે એ સમયના આ યુવાન સાધકને કહ્યું, 'તારા પ્રેમની આ વાત સંસારના લોકો ઊલટી રીતે સમજીને ગોટાળો ઊભો કરશે. તું એને સામેના તળાવમાં પધરાવી દે.'

એક પળના પણ વિલંબ વિના પૂજ્ય શ્રીમોટાએ ગઝલોની એ પોટલીને પાણીમાં પધરાવી દીધી. પોતાની રચનાઓ પ્રત્યે આટલી કક્ષાએ સધાયેલું નિર્મમત્વ જોઈને કવિ સાગર એમને ભેટી પડેલા.

પૂજ્ય શ્રીમોટાની એ કાળની સૂફી-ભક્તિ-રસથી છલકાતી રચનાઓ, સંસારી લોકો ના સમજે માટે વિલીન થઈ ગઈ, અને હવે સંસારીઓને સમજવો અને અનુભવવો દોહ્યલો પ્રેમ અહીં માત્ર એના પ્રેમીના સંસારના જીવો પ્રત્યેના પ્રણયના એક પ્રતીકરૂપે અવતર્યો છે.

પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકના પાને પાને પરમ પ્રેમના અનુભવની ઝલક સૂચિત કરી છે. પ્રેમ એ પ્રેમ જ છે, એ સિવાયનું બીજું કંઈ પણ 'કશું નથી'. પ્રેમ પ્રભુનું બીજું નામ છે. પ્રેમ કરવાનું સંસારીનું ગજું નથી. પ્રભુ જ પ્રેમ કરવાને યોગ્ય છે. અથવા તો એ પ્રેમના પ્રેમી જ પ્રેમ કરી શકે. પૂજ્ય શ્રીમોટાએ 'પ્રેમ' વિશે ગઝલ સ્વરૂપમાં જે વાણી અવતારી છે, એ પ્રભુ પ્રેમના કૃપાપ્રસાદનું જેટલું પરિણામ છે, એટલું જ

સંસારી સ્વજનો પ્રત્યેના એ પ્રભુ પ્રેમના પ્રેમીના પ્રણયનું કારણ પણ છે. નહિતર આવા છેક જ ભાવાત્મક અને અમૂર્ત પરમ અનુભવનું અપૂર્વ નિરૂપણ કેવી રીતે શક્ય બનત ?

પૂજ્ય શ્રીમોટાએ સકળ બ્રહ્માંડમાં રહેલાં આકર્ષણ અને ગતિના કારણરૂપે એ પ્રેમને ગણાવ્યો છે. એ પ્રેમને હૃદયમાં અનુભવવા માટે પ્રેમભર્યું આકર્ષણ થવું જોઈએ. ‘પ્રેમપંથની પાવક જ્વાળા’ને ભાળીને પાછા ભાગી જતા સંસારીઓ આ માર્ગના સામર્થ્યને પામી ના શકે. પૂજ્ય શ્રીમોટાએ આરંભમાં ચેતવણીનો જે સૂર સંભળાવ્યો છે એમાં વાસ્તવિકતાનો સ્પષ્ટ નિર્દેશ છે. પ્રેમને અનુભવવાનો માર્ગ કોક ‘વિરલા વીર’ જ ગ્રહી શકે છે. એકધારા ખંત, ઉમંગ, ઉત્સાહભર્યા પારમાર્થિક પુરુષાર્થ વડે, સતત સમર્પણ, ફનાગીરી અને ખુવારીપૂર્ણ આહુતિ વડે, આ પ્રેમના માર્ગે વળી શકાય. ‘અભેદ’ અનુભવવાનું લક્ષ્ય ધારીને પ્રેમના માર્ગે જે ગતિ કરવાની છે, એમાં ક્યાંય પરિણામની કે પ્રાપ્તિની અપેક્ષા રાખવાની નથી, કેમ કે પ્રેમ અનાદિ છે, અનંત છે. પ્રેમના આવા અનંત સ્વરૂપના અને એની સર્વવ્યાપકતાના અનુભવ માટે હૃદયની કક્ષા સાધના દ્વારા ઊર્ધ્વતમ દિવ્ય બનતી જવી જોઈએ. પૂજ્ય શ્રીમોટાની વાણીમાં ‘હૃદય’ શબ્દ એ સ્થાનવાચક નથી, પણ અનુભવનો કક્ષાવાચક છે. આથી, એક જ પંક્તિમાં ‘હૃદય’ શબ્દ ત્રણ વખત વપરાય તો એ હૃદય એક હોવા છતાં ત્રણેય સ્થાને ‘હૃદય’ની તે તે અનુભવની કક્ષાની ભિન્નતા છે.

હૃદયની કક્ષા દિવ્ય બનાવવા માટેનો પુરુષાર્થ-પરમ પ્રેમને અનુભવવા કાજે-પૂરા પ્રેમથી થવો ઘટે. મમતા, લોલુપતા,

આગ્રહ, માગણી કે અહંના બધા જ પ્રકારનાં વલણોના સમર્પણ દ્વારા ખુવાર થવાની ખુમારી, ઉમળકાભરી અને રસભરી બની રહે છે. એ રસાર્દ્રતા હૃદયની ગુણવત્તા બની રહે છે. હૃદય આ કક્ષાએ કેવો અપૂર્વ રસ અનુભવે છે, એનું નિરૂપણ રસછટાથી પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકના પાંચમા ખંડમાં કર્યું છે. પણ આ રસાનુભવ એ જ પ્રેમાનુભવ નથી. હજી તો હૃદયે એની કક્ષાએથી અનેક ગૌરીશિખરો પર યાત્રા કરવાની છે. અને બધાં જ શિખરો પરના અનુભવોને પ્રતિષ્ઠિત કરવાના છે. સંસારી લોકોની કલ્પનામાં પણ ના આવી શકે એવા ભીષણ અને ભયંકર, ઘોર અને ગહન અંધકારમાંથી એને પસાર થવાનું છે. સાવ જ શુષ્ક અને વેરાન પ્રદેશમાં પણ એણે યાત્રા કરવાની છે. પ્રભુપ્રેમને પામવાની કસોટીરૂપ આ અંધકાર, પ્રેમી બની રહેલા સાધકને પ્રેમને પાત્ર બનાવે છે. આવો અનુભવ પણ એ પરમ પ્રેમીનો પ્રેમ છે, એવી પ્રતીતિમાં (અલબત્ત, અનુભવ જ) ટકવું એ અજોડ મર્દાનગીભર્યું કાર્ય છે.

પ્રેમમાર્ગની આ યાત્રા પછી ‘ઝાંખી’ની એક અનુભવાવસ્થા આવે છે. વૈષ્ણવ સંપ્રદાયમાં ભગવાનની ઝાંખીનું ઘણું જ માહાત્મ્ય છે, પણ એનું હાર્દ પૂજ્ય શ્રીમોટાના આ પુસ્તકના છઠ્ઠા ખંડ ‘ઝાંખી’માંથી આ લખનારને સમજાયું છે. ‘ઝાંખી’ એ પૂર્ણ અનુભવ નથી પણ એ અવસ્થાના આરંભના એંધાણ છે. એક ક્ષણ માટે પોહ ફાટતો હોય એવો ઉજાસ કળાય છે. એ ઉજાસનું દર્શન સ્થૂળ નયનોનું જ માત્ર દર્શન નથી પણ આ સાધનાભ્યાસ દ્વારા મનાદિ કરણોને તથા રોમેરોમને સૂક્ષ્માતિસૂક્ષ્મ નયનો પ્રગટેલાં હોય છે. ‘ઝાંખી’ના આવા અનુભવ પછી

પ્રેમાનુભવ માટે તીવ્ર આકર્ષણ જાગે છે અને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહં આદિ સર્વ કરણો પરમ પ્રેમના અખંડાનુભવ માટે દર્દભર્યો તલસાટ અનુભવે છે, અને એ કરણો હરિ પ્રત્યે જ ખેંચાયેલાં રહ્યા કરે છે. દિલ કેવા પ્રકારનું દર્દ અનુભવતું હશે ! એ આપણાં કોઈ પણ કરણના પ્રદેશનો વિષય નથી. પૂજ્ય શ્રીમોટાએ 'દિલ' અને 'દર્દ' વિષયક કેટલીક રચનાઓમાં એ કક્ષાના અનુભવનો અણસાર કરાવ્યો છે. 'ઝાંખી'ની ધારણાનું દિલમાં સાતત્ય પ્રગટતાં દર્દ ઉચ્ચતમ કક્ષાએ પહોંચે છે. 'ઝાંખી' એ તો હરિનું એક લટકું છે. એની સંપૂર્ણ પ્રતિષ્ઠા દિલમાં થયા પછી પ્રેમાનુભવનો પ્રથમ સ્પર્શ અનુભવાય છે. અનુભવની જીવનમાં પ્રતિષ્ઠા થતાં પ્રકૃતિનું પૂર્ણ અસ્તિત્વ હોવા છતાં, ભાવ અખંડાકાર થયેલો હોવાથી, પ્રકૃતિનું કશું જ બળ અનુભવાતું નથી. પ્રેમ-સ્પર્શને લીધે જીવન નવો અવતાર ધારણ કરે છે. પૂજ્ય શ્રીમોટાએ મને એકવાર કહેલું કે અખંડાકાર ભાવાનુભવથીય આગળના પ્રદેશમાં હૃદયમાં પ્રેમાનુભવ થાય છે. એ પ્રેમ એ જ પ્રભુ છે.

પૂજ્ય શ્રીમોટાએ હૃદયના આ પ્રેમની સાધના કરી, હૃદયને એ પ્રેમને પાત્ર બનાવીને, હૃદયમાં પરમ પ્રેમની પ્રતિષ્ઠા કરી છે. 'પોતાની જાગેલી આવી પ્રેમસ્વરૂપ ચેતના દ્વારા' પૂજ્ય શ્રીમોટાએ હવે આ જગત સાથે કેવા પ્રકારનો અને કેવી રીતનો પ્રેમસંબંધ જોડ્યો છે, એ સંપૂર્ણપણે કળવો મુશ્કેલ છે. આમ છતાં છેલ્લા બે ખંડોમાં આ પ્રેમના પ્રેમીની પ્રણયક્રીડાનો આહ્‌લાદ આપણે માણી શકીએ એવી રીતે નિરૂપાયો છે.

હૃદયના પ્રેમનો અનુભવ વાચાતીત અને શબ્દાતીત છે. એનો સ્પર્શ અહીં અક્ષર સ્વરૂપે અવતર્યો છે. એ દ્વારા પૂજ્ય શ્રીમોટાની પ્રેમકળાનો અંશ સ્પર્શ અનુભવી શકાય છે. પૂજ્ય શ્રીમોટા ઈશ્વરના સર્વ ગુણોનો-સાકાર તેમ જ નિરાકાર બંને સ્વરૂપે સાક્ષાત્કાર પામ્યા છે. અનુભવનો 'શબ્દ' એ નિરાકાર છે. એ માત્ર અમૂર્ત ભાવાત્મક છે. એનું અક્ષર સ્વરૂપ ભલે સંપૂર્ણપણે એ જ વ્યક્ત ન કરતું હોય, પણ એ નિરાકાર અમૂર્તભાવને અંશરૂપે પણ સાકાર તો કરે જ છે. પૂજ્ય શ્રીમોટાનું આ પ્રકારનું સાહિત્ય આ અર્થમાં પણ એમનો અક્ષરદેહ છે. પૂજ્ય શ્રીમોટાના 'અમૃત જીવન'નો આ પ્રસાદ આપણી સમક્ષ અક્ષર સ્વરૂપે છે, એ આપણને થતું એમનું સાક્ષરરૂપનું દર્શન છે અને એ શબ્દોમાં ગુંજતી પૂજ્ય શ્રીમોટાની વાણી હૃદયમાં સતત ઊછળતા પ્રેમસાગરનાં મોજાંનું રસ અને માધુર્યભર્યું સંગીત છે. આ લખનારને આ પુસ્તકનું માળખું તૈયાર કરતાં કરતાં ઘણે સ્થળે આવું અનુભવાયું છે.

પૂજ્ય શ્રીમોટાના આ પુસ્તકને એમાં પ્રયોજેલી ગઝલ સ્વરૂપને કારણે આજ લગી પ્રગટ થયેલાં 'જીવન અનુભવ ગીત'ની શ્રેણીનાં ઓગણીસ પુસ્તકોની હરોળમાં મૂકી ના શકાય, પરંતુ 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા', 'નિમિત્ત', 'રાગદ્વેષ', 'કૃપા', 'કર્મઉપાસના', 'સ્વાર્થ' અને હવે પ્રગટ થનાર 'મોહ' વગેરે શાસ્ત્રીય પુસ્તકોની કક્ષાનું આ પુસ્તક બન્યું છે. ઉપરોક્ત પુસ્તકો પૂજ્ય શ્રીમોટાએ અનુષ્ટુપ છંદમાં રચ્યાં છે. તો પછી 'પ્રેમ' વિશે આ રચનાઓ ગઝલ પ્રકારમાં શા માટે રજૂ કરી ? એવો પ્રશ્ન પણ થાય. સદ્‌ગત રામનારાયણ વિશ્વનાથ પાઠકના

'બૃહદ પિંગળ' ગ્રંથમાં કાવ્ય પ્રકાર 'ગઝલ' વિશે લખતાં તેઓશ્રીએ સદ્ગત સાક્ષર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ ગઝલ વિશે લખેલું એક વાક્ય ઉતાર્યું છે, એ આ સંદર્ભમાં નોંધપાત્ર છે. 'ગઝલ' એ છંદનું નામ નથી. 'ગઝલ' એ કાવ્યનો એક પ્રકાર છે. એ મૂળ અરબી શબ્દ છે. એનો અર્થ પ્રેમયુક્ત ભાષામાં અથવા કાવ્યરૂપે બોલવું એમ થાય છે.' પૂજ્ય શ્રીમોટા આ રચનાઓ દ્વારા પ્રેમયુક્ત ભાષામાં અથવા કાવ્યરૂપે બોલે છે. ગઝલના પ્રચલિત ઢાળમાં પૂજ્ય શ્રીમોટાની વાણી સહજ રીતે ઢળે છે. ગઝલના પ્રચલિત ગેય રૂપમાં લય જળવાય એવું આ રચનાઓનું માળખું છે. એના બાહ્ય માળખાનો લય જળવાઈ રહે એવી સ્થૂળતા જોવામાં વાચક અટકે તો એમાં પ્રયોજાયેલા શબ્દોના આંતરલયને માણવાનું એ અવશ્ય ચૂકે એવું પણ કેટલીક જગ્યાએ બન્યું છે. લયના સ્થૂળ માળખાને ભેદીને એના આંતરભાવના લયનો સ્પર્શ માણવાથી વસ્તુતત્ત્વને યથાર્થ રૂપે સમજી-માણી શકાશે. પૂજ્ય શ્રીમોટાનો હેતુ આ રચનાઓ દ્વારા કાવ્ય સિદ્ધ કરવાનો નથી. તેઓશ્રી આ રચનાઓને જોડકણાં કહે છે. એમાં જ રચનાસ્વરૂપનો સઘળો મર્મ આવી જાય છે. સુજ્ઞ વાચક વસ્તુને ત્યજીને વ્યાકરણમાં નહિ અટવાય એવી આશા રાખું છું.

## ૩૫. 'સ્વાર્થ'

**શ્રી રમેશ મ. ભટ્ટ**

સ્વાર્થ પ્રેરકશક્તિ છે. એના બળથી આ સંસારની લીલા છે. સૌ કોઈ સ્વાર્થને સમજે છે, પણ સૌ કોઈ એને ઓળખતા નથી. બધાં જ એની શક્તિને પૂરેપૂરી પિછાનતા પણ નથી.

આથી જ સ્વાર્થને અંધ કહી વગોવે છે અને વ્યક્તિને 'સ્વાર્થી' લેખીને તિરસ્કારે છે.

પૂજ્ય શ્રીમોટાએ **જીવ**માત્રમાં રહેલી સ્વાર્થ શક્તિનો મહિમા ગાયો છે, કેમ કે સ્વાર્થને લીધે જ રસ જાગે છે અને ગતિ કરી શકાય છે. માટે, સ્વાર્થને આત્માની શક્તિ પામવાના હેતુથી સક્રિય કરવો જોઈએ. આથી, પૂજ્ય શ્રીમોટા, સ્વાર્થને તુચ્છ ન ગણતાં, મહત્ત્વનો ગણે છે. અને આવા પ્રકારના સ્વાર્થની શક્તિનાં અનેક પાસાંને, એનાં લક્ષણોને અને એના દ્વારા થતી ગતિ-રીતિને આ પુસ્તકમાં આલેખે છે. સ્વાર્થ વિષયક એક જ પ્રકારના નિરૂપણમાંથી પ્રાકૃતિક અને પારમાર્થિક એમ બંને પ્રકારના અર્થો ઘણે સ્થળે સ્ફુટ થાય છે, એ 'સ્વાર્થ'ના આલેખનની ખૂબી છે.

**જીવ** સાથે જ જન્મેલી આ સ્વાર્થશક્તિ **જીવ**ને ઊર્ધ્વ જીવન તરફ લઈ જતાં કેવા પ્રકારની બને છે, એનું આલેખન કરવાની સાથે સાથે ઊર્ધ્વ જીવનની સાધનાના માર્ગમાં આવતાં વિઘ્નોના સંકેતો પણ સૂચવાયા છે. એ પળે સ્વાર્થ કેવું રૂપ ધારણ કરે છે અને એ જ સ્વાર્થ કેવી ગતિથી **જીવ**ને ઊંચે લઈ જાય છે એનો પરિચય મળે છે.

પૂજ્ય શ્રીમોટાની લેખનરીતિમાં એક નોંધપાત્ર વિશેષતા એ છે કે અમૂર્ત ભાવવાચક શબ્દ પોતે જ મૂર્ત સાકારરૂપ ધારણ કરતો હોય એમ વર્ણવાય છે. આથી, સ્વાર્થ એના કક્ષાભેદે પોતે અવનવાં રૂપે કાર્ય કરે છે, એનું નિરૂપણ પણ લાક્ષણિક બને છે. છેક છેલ્લે 'સ્વાર્થ મુક્ત થતો સ્વાર્થ' એક અકળ અને સર્વવ્યાપક શક્તિ બની રહે છે ! આવા પ્રકારની

સ્વાર્થશક્તિનું નિરૂપણ ઘણી જગાએ ગૂઢ બને છે. 'સ્વાર્થની લીલાકળા' એ અધ્યાયમાં મુક્ત પુરુષની સ્વાર્થ શક્તિનું નિરૂપણ પૂજ્ય શ્રીમોટાની વિલક્ષણ કાર્યરીતિનું નિદર્શન કરે છે. એ અધ્યાયમાં સ્વાર્થ એના ઉચ્ચતમ અર્થમાં પ્રયોજાયો છે. 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા', 'ભાવ', 'કૃપા', જેવાં પુસ્તકોમાં જે રીતનું નિરૂપણ કર્યું છે, એ રીતે 'સ્વાર્થ'માં પણ થયું છે. આ રીતે આ પ્રકારના પુસ્તકના સર્જક અમૂર્ત શક્તિ સાથેનું તાદાત્મ્ય વ્યક્ત કરે છે, તેમ છતાં એના આ પ્રકારના નિરૂપણથી સ્વયં નિગૂઢ પણ બને છે. પૂજ્ય શ્રીમોટાની લેખનકળાની આ વિશિષ્ટતા છે.

## ૩૬. 'કર્મઉપાસના'

**શ્રી હરિ હસમુખભાઈ મહેતા**

'કર્મ' શબ્દમાં કર્મફળ કે વ્યાવસાયિક પ્રવૃત્તિઓ એવો જ માત્ર અર્થ કર્તાને અભિપ્રેત નથી. તેઓશ્રી તો 'કર્મ' શબ્દને વ્યાપક અર્થમાં દૈનિક જીવનની દરેક પ્રવૃત્તિને લાગુ પાડે છે. તેઓ ઈચ્છે છે કે આપણા દરેક કાર્યમાં આપણે યાંત્રિક રીતે નહિ પરંતુ હેતુની સંપૂર્ણ સભાનતા સાથે પરોવાઈએ, કારણ કે દરેક કર્મને તેના હેતુ દ્વારા જ મૂલવી શકાય છે.

ઉપાસના કોઈ નક્કર પ્રાપ્તિ માટે જ હોય. એટલે કર્મઉપાસના શીર્ષક અત્યંત સૂચક છે. અને અહીંયાં તો સત્ત્વના આત્મિક વિકાસ માટે માનવચેતનાનું ઉત્થાન અને ભાવની ભરતી એ પરમ આવશ્યકતા છે. પોતાની જાતને સભાન પ્રવૃત્તિ સાથે બંધબેસતી કરી ધ્યેયપ્રાપ્તિ કરવી એ આ પુસ્તકનો એકમાત્ર હેતુ છે :-

*ભાવથી કર્મનું માપ જણાશે આપમેળ તે,*
*પોતે સુધારી પોતાને, શકે એ રીત નિશ્ચયે.*
*(૨-૨ : ૧૮)*

દરેક વ્યક્તિ જન્મથી મૃત્યુ પર્યંત કોઈ ને કોઈ પ્રવૃત્તિમાં ગૂંથાયેલી છે. એ સાર્વત્રિક રીતે સ્વીકૃત સત્ય છે. આપણી આસપાસની કુદરત પણ પોતાનાં સર્જન, પ્રજનન, વિકૃતિ અને સંહારમાં સક્રિય રીતે પરોવાયેલી છે. આમ, એ સતત પ્રવૃત્ત છે. કોઈ પણ વ્યક્તિ કર્મથી વિચ્છિન્ન નથી. તો શા માટે કર્મનો હૃદયથી સંપૂર્ણ સ્વીકાર ન કરવો ? એવો પડકાર વંદનીય રચયિતા આપે છે અને કહે છે કે એ કર્મોને સભાનતાપૂર્વક આચરવા બહિર્હેતુની પાછળની ઊર્ધ્વભૂમિકા શોધવાનો પ્રયત્ન કરો.

પૂજ્ય શ્રીમોટાની દૃષ્ટિએ જીવન એ ખાલી સ્વપ્ન નથી. જીવન અર્થયુક્ત છે. જીવન એ તો પૃથ્વી ઉપરના દૈવીશાસનની ઘોષણા છે. એ તો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અહમ્ કેંદ્રિત વ્યક્તિઓને પરમ તત્ત્વ તરફ પ્રેરવા માટે છે. પ્રભુપ્રીત્યર્થે કર્મ કરીને એ ધ્યેયને હાંસલ કરી શકાય એવો એમનો મત છે.

આ પુસ્તકના રચયિતાને કયા વૈયક્તિક પ્રસંગો, અનુભવો અને નિમિત્તોને કારણે આ શ્લોકો સહજ રીતે રચવાની સ્ફુરણા થઈ તેનાથી છેલ્લો સર્ગ **‘કૃપાકર્મ’** ભરપૂર છે. અને વચ્ચે વચ્ચે કેટલાક શ્લોકોમાં લેખકના નિરભિમાનતા, નમ્રતા, આત્મિક સ્વજનો પ્રત્યેનો પ્રેમ વગેરે સ્પષ્ટ રીતે વહેતા અનુભવાય છે.

*યોગ્ય જો કૈં લખાયું હો કૃપા કૌશલ્ય સર્વ તે,*
*મારું જો કાંઈ તેમાં હો, જે જે અયોગ્ય સર્વ તે.*
*(૧૨-૧ : ૧૨)*

*સદ્‌ભાવી સજ્જનો જે છે તેમને મુજ પ્રાર્થના,*
*'ગ્રહી સાર, નકામાં જે ફેંકી દેજો જ ફોતરાં.'*
*(૧૨-૧ : ૧૧)*

શૈલી અંગેનાં કેટલાંક લક્ષણો ધ્યાનપાત્ર છે. પૂજ્ય શ્રીમોટા એમના સાહિત્યિક મિત્રોને સતત જણાવતા રહે છે કે એમને જે કંઈ કહેવાનું છે, તે તો સામાન્ય જનને માટે છે. એટલે જ ભાષા સ્પષ્ટ, સરળ અને ઘરગથ્થુ શબ્દોના ઉપયોગવાળી છે. એમનાં પુસ્તકો બૌદ્ધિક વર્ગના 'શો કેસ'ને શોભાવવા માટે નહિ, પરંતુ સામાન્ય જનના હાથમાં જઈ વંચાય એમ તેઓ ઇચ્છે છે. કેટલાક લાક્ષણિક શ્લોકો વાંચતાં વાંચતાં અમને ખાતરી થઈ છે કે એમની રચના સાદી અને અસરકારક છે. ગુજરાતીમાં સામાન્યતઃ વપરાતા અન્યભાષી શબ્દોનો પણ તેની વિચારપ્રસારની યોગ્યતા પુરવાર કરવા પૂજ્ય શ્રીમોટા દ્વારા છૂટથી ઉપયોગ કરવામાં આવ્યો છે.

*બૅટરીને થતાં ખાલી ફરીથી ભરવી પડે,*
*ક્રિયા તે ભરવા એવી સાધના જાણવી હૃદે.*
*(૮-૨ : ૧૯)*

એ સાથે જ પૂજ્ય શ્રીમોટા પોતે વિચારોમાં પ્રગતિશીલ છે એમ પ્રતીતિ કરાવે છે. તદુપરાંત કેટલાક અમૂર્ત વિચારો, સિદ્ધાંતો અને કાર્યોને પ્રતિપાદિત કરવા યોજાયેલ ઉપમાઓ અને દૃષ્ટાંતો પણ યથાયોગ્ય અને અસરકારક છે.

*કાંટો ખૂંચે પગે જેમ વધુ ને વધુ જોરથી,*
*તેમ તે કાઢવા ઈચ્છા થાય છે મનને નકી,*
*સ્વભાવ ખૂંચશે તેવો જ્યારે સાધકને હૃદે,*
*આણી ઉકેલ તે વેળા શકે પોતાની મેળ તે.*

હું સમાપન કરું તે પહેલાં આ ‘કર્મઉપાસના’ના વૈજ્ઞાનિક અભિગમ વિશે થોડાક શબ્દો ઉમેરું છું. માનવીય અભિગમના આધુનિક વલણને ખ્યાલમાં રાખીને પૂજ્ય શ્રીમોટાએ માનવચેતનાના ઊર્ધ્વસ્તર ઉપરની કેટલીક ઘટનાઓ માનવ વ્યવહારના ઉષ્માહીન શબ્દો દ્વારા તાર્કિક રીતે પ્રતિપાદન કર્યું છે.

*માત્ર જે કોઈ સંસારી નિમિત્ત કર્મ સ્થૂળ છે,*
*શ્રેયાર્થી હોય તેવાને કર્મ છે સ્થૂળ, સૂક્ષ્મ તે,*
*ને અનુભવી જે માત્ર કારણનું નિમિત્ત છે,*
*કારણમાંહી આકાશતત્ત્વ તે મોખરે જ છે.*
*અનંતાનંત આકાશ મર્યાદાતીત તે ખરે,*
*તેથી અનુભવી જ્યાં ત્યાં વિચરતો જ કારણે.*
*આકાશ કારણે તેવો કાળાતીત, સ્થળાતીત,*
*દ્વંદ્વાતીત, ગુણાતીત, ભૂમિકાતીત ચેતન.*
*(૧૧-૨ : ૨૧-૨૨-૨૩-૨૪)*

## ૩૭. ‘કૃપા’

**શ્રી રમેશ મ. ભટ્ટ**

સંવત ૨૦૨૮નો અષાઢ સુદ પૂનમ-ગુરુપૂર્ણિમાનો દિવસ છે.

‘કૃપા’ના આ અવતરણ કાજે પૂજ્ય શ્રીમોટા હૃદયમાં, હૃદયથી હૃદયને પ્રાર્થના કરે છે. ગદ્‌ગદભાવથી પ્રાર્થના થયે જ જાય છે. તેથી, ભાવમસ્તીનો એક પ્રબળ વેગ પ્રગટે છે.

એ સાથે જ અનેક રોગોથી ભરેલા પૂજ્ય શ્રીમોટાના શરીરમાં ઍસિડિટીની તીવ્ર બળતરાનો આરંભ થાય છે. એને

શમાવવા જે કંઈ દવા લેવામાં આવી એથી એલર્જી થાય છે. હાથપગ પર સખત ખંજવાળ આવે છે.

શરીરના આવા પ્રબળ વિરોધની પળે જ 'કૃપા' લેખનની ભાવમસ્તી કલમ પકડાવે છે અને સડસડાટ ચાલતી કલમ ચાર દિવસમાં તો કૃપા વિશે સમજાવા જેટલું લખી દે છે.

આથી કૃપા વિષયક **આ** નિરૂપણ જ પ્રત્યક્ષ કૃપાઅંશ છે.

* * *

ઉપરની આ વિગત સહેતુક લખી છે, કેમ કે પૂજ્ય શ્રીમોટાએ કૃપાનાં સ્વરૂપની અને કાર્યની જે ઝાંખી આ પુસ્તક દ્વારા કરાવી છે, એનાં પ્રગટ રૂપોનો સંકેત ઉપરની હકીકતમાં છે.

કૃપા એ આત્મશક્તિ છે. **હરિ**ની લાડલી શક્તિ છે. આથી સર્વત્ર છે. વળી, એ શક્તિ પ્રગટ થઈ સક્રિય બને છે ત્યારે તે સાથે **હરિ** પણ અનુસ્યૂત હોય છે. એ કૃપાશક્તિનો ઉપયોગ આત્મકલાના વિકાસ કાજે જ થઈ શકે. કૃપાની આ કાજેની સહાય માટેનું સાધન પ્રાર્થના છે. પ્રાર્થનામાં આર્તતા અને આર્દ્રતાનું સાતત્ય જોઈએ. આવું સાતત્ય ઊંડી લગની કે રસ વિના આવી પણ ના શકે.

પૂજ્ય શ્રીમોટાએ કૃપા વિષયક વિવરણ લખવાનું સ્વીકાર્યું, પછી જેને વિશે લખવાનું હતું તે શક્તિ માટે પ્રાર્થના કરી. પૂજ્ય શ્રીમોટાના પરમ અનુભવના અખંડિતપણાને બુદ્ધિથી સમજી કે સમજાવી શકાય નહિ, તો પછી એવા અનુભવમાં કૃપાની સક્રિયતાને સમજવી આપણે માટે મુશ્કેલ છે. આમ છતાં પૂજ્ય શ્રીમોટા પ્રાર્થના બાબત જ્યારે પણ લખે છે ત્યારે

એ પ્રાર્થના 'હૃદયમાં' થતી હોય છે. વળી, એ પ્રાર્થના પૂજ્ય શ્રીમોટા મોઢેથી-માત્ર શબ્દોથી કરતા દેખાતા નથી. પ્રાર્થના પણ 'હૃદયથી' થાય છે. તેમ જ એ પ્રાર્થના 'હૃદય'ને થાય છે. જે ભાવ પરમ કોટિએ પહોંચીને અખંડ બન્યો છે, એવા પરમ ભાવાનુભાવમાં પ્રતિષ્ઠિત આત્મનિષ્ઠની અભિવ્યક્તિ માટે 'શબ્દ' પોતે હંમેશાં ભાષારૂપ જ બની રહેતો નથી. એ 'વાણી'ને વ્યક્ત કરવા મથતો હોય છે. પૂજ્ય શ્રીમોટા જે 'હૃદય'ને પ્રાર્થના કરે છે, એ હૃદય પ્રભુના પરમ અનુભવથી રસાયેલું છે. એટલું જ માત્ર નહિ, પણ પ્રભુરૂપ બનેલું છે. એને જે 'હૃદય'થી પ્રાર્થના થાય છે, એ 'હૃદય' પણ પ્રભુનું છે. એમ હોવાથી જ પ્રાર્થના શક્ય બને છે. 'હૃદય'થી 'હૃદય'નો થતો પ્રાર્થના વહેવાર શબ્દાતીત જ હોય ! એથી એ 'હૃદય'માં જ શક્ય બને છે. પૂજ્ય શ્રીમોટાની લેખનરીતિમાં 'હૃદયને, હૃદયથી, હૃદયમાં' એ જે શબ્દગુચ્છ આવે છે, એમાં પ્રત્યેક શબ્દ एक હોવા છતાં કક્ષાભેદે એ ત્રણેયના અર્થો ભિન્ન છે, એવી પ્રતીતિ કરવાની રહે છે.

આવા પ્રકારની પ્રાર્થનાના પ્રભાવથી કૃપાવિષયક જે વિવરણ થયું છે, એમાં પણ કક્ષાભેદે 'કૃપા' શબ્દ ભિન્ન ભિન્ન અર્થ છાયાઓ પ્રગટ કરે છે. 'કૃપા' શબ્દશક્તિનું પ્રાગટ્ય છે. એ વિષય કેટલો બધો અમૂર્ત છે, એ 'કૃપા' શબ્દ બોલનાર સૌ કોઈ બુદ્ધિથી સમજી શકે છે. એની એ અમૂર્તતાનું જે અનુભવદર્શન પૂજ્ય શ્રીમોટાને થયેલું એનું આમ શબ્દરૂપ આપવું – એ વિરલ ઘટના – પ્રાર્થના વિના કેવી રીતે અવતરી શકે ? પ્રાર્થનાના સાધનનો ઉપયોગ કૃપા પ્રાપ્તિ કાજે જરૂરી

છે, પણ એ કૃપાશક્તિ આત્મકલાની આવી વિરલ અભિવ્યક્તિ કાજે જ અવતારી શકાય. કૃપા વિશેનો પાયાનો મુખ્ય વિચાર પૂજ્ય શ્રીમોટાએ આ સર્જન પ્રક્રિયાના પરિબળના આલેખન દ્વારા વાચક સમક્ષ મૂક્યો છે.

વળી, પૂજ્ય શ્રીમોટા કહે છે, કે કૃપા કોના પર રીઝે છે એનું ધોરણ પ્રાકૃતિક ભૂમિકાથી નક્કી ના થઈ શકે, કેમ કે એ તો આત્મશક્તિ છે. એનાં ધારાધોરણો પ્રકૃતિની ભૂમિકાથી ના સમજી શકાય. પોતાના જીવનધ્યેયને પામવા જેણે સતત પુરુષાર્થ કર્યો હોય, મથામણો અનુભવી હોય, સાહસો આદર્યા હોય, — આ બધું કરતાં કરતાં પણ વિકાસનો અનુભવ ખોટકાતો જણાય ત્યારે હરિની કૃપા માટે ધા નંખાય છે. કૃપાશક્તિ આવા વિરલાને જ વરે છે. પૂજ્ય શ્રીમોટાએ 'કૃપા' લેખન કાજે પ્રાર્થના ભાવથી આવી પરમ શક્તિનું અવતરણ કરાવ્યું છે. આથી, 'કૃપા' વિષયક આ પ્રકારની સમજૂતી શક્ય બની છે.

કૃપા ભૂમિકા જોયા વિના અવરતી નથી. પૂજ્ય શ્રીમોટાએ કૃપાનાં અનેક લક્ષણો વર્ણવ્યાં છે. કૃપાશક્તિ પોતાને વિશિષ્ટ અને અલૌકિક રીતિથી પાત્રની ભૂમિકાને પારખીને અવતરે છે. આથી, કૃપાભાજન બનનાર વ્યક્તિને જીવદશાના માણસો એના યથાર્થરૂપમાં ઓળખી ના શકે, કેમ કે કૃપાભાજન થનાર વ્યક્તિ સંસારની વચ્ચે રહેતી હોવા છતાં સંસારનાં સર્વમાન્ય લક્ષણોથી અતીત રહીને પણ વર્તતી હોય છે. એના અંતરને-એની ભૂમિકાને-એના આધારને-માત્ર હરિ જ જાણે છે. આથી જ એવો માણસ હરિની શક્તિનો સ્પર્શ પામવાને યોગ્ય અધિકારી બને છે. આથી, દુન્યવી દૃષ્ટિએ પુણ્યશાળી વ્યક્તિ  જ કૃપા પ્રાપ્ત

કરે અને પાપી નહિ, એવી સીમારેખા કૃપાપાત્રતા નક્કી ના કરે, કેમ કે કૃપા પોતે જ અસીમ છે. પૂજ્ય શ્રીમોટા આ વિચાર સમજાવવા ધર્મરાજાનું ઉદાહરણ આપે છે. પ્રભુના વિરાટ અને વ્યાપક સ્વરૂપનાં દર્શન માટેની કૃપા ધર્મરાજા પર ના ઊતરી, કિંતુ અર્જુન એ કૃપાપાત્ર બન્યો !

જીવનધ્યેયની પ્રાપ્તિ કાજે કૃપાશક્તિની સહાય વિના ડગલું પણ ભરાતું નથી, પણ એ કૃપા સર્વપ્રકારના પુરુષાર્થ-શક્તિનો ઉપયોગ કર્યા પછી– 'નિર્બળ' બનાય ત્યારે કાર્ય કરે છે. પૂજ્ય શ્રીમોટા પારમાર્થિક વિકાસ કાજે સાધનાદિના અભ્યાસના સાતત્યનો પુરુષાર્થ સૂચવતા જ હોય છે, તો પછી સાંસારિક મનોદશામાં જીવતા અને પાર્થિવ સુખાનંદમાં રાચવા ઈચ્છનાર માટે 'કૃપા'ની માગણી એ કેવી રીતે યથાર્થ ગણાય ? हरिની શક્તિનો ઉપયોગ 'हरि'ને પામવા જ થઈ શકે. આથી, સંસારીઓના કૃપા વિશેનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણને 'શાક લેવા જતાં હીરો વેચે' એવા દૃષ્ટાંતથી તેઓશ્રી ઉપહસે છે. કૃપા વિશેની સામાન્યજનની માન્યતાનું નિરસન આથી વધુ બીજી કઈ સમર્થ રીતે થઈ શકે ?

'કૃપા' વિષયક આ પ્રકારનું લખવાનું કામ એ દેખીતી રીતે તો અક્ષરકાર્ય હતું, પણ જે વિષયની ગહનતાને સમજણની કક્ષાએ અવતારવાની હતી, એ કલાકાર્ય હતું. વળી, એ ગહન વિષય પણ આ ભાષા બોલનાર બહુજન સમાજની સમજણ સુધી પહોંચે એવી સરળ ભાષામાં અવતારવાનો હતો. પરમ અનુભવના ગૌરીશિખરે રહેલ આત્મનિષ્ઠને પ્રાકૃતિક જીવન જીવી રહેલા જીવદશાના લોકોની બૌદ્ધિક કક્ષાએ ઊતરવાનું

હતું. અને એ પણ જીવોની હરિ પરત્વેની અભિમુખતા થાય એવા પરમ હેતુ ખાતર. એટલે જ 'કૃપા' લખવા કૃપા અવતારવા પૂજ્ય શ્રીમોટાએ પ્રાર્થનાનો આશ્રય લઈ કૃપા અવતારી.

પૂજ્ય શ્રીમોટાએ કૃપાનાં કાર્યની વિરલતાની અને લાક્ષણિકતાની કેટલીક રેખાઓ આ પુસ્તકમાં દોરી છે, પણ પૂજ્ય શ્રીમોટાના ભાંગી પડેલા શરીરથી, અને તે પણ એલર્જીથી હાથપગમાં સતત ખંજવાળ આવતી હતી તેવી સંપૂર્ણ વિરોધી દેખાતી પરિસ્થિતિમાં 'કૃપા' પુસ્તક લખાયું છે, એ જ કૃપાનાં કાર્યનું પ્રત્યક્ષ દર્શન છે.

કૃપાનાં પ્રત્યક્ષ દર્શનને માણવા માટે શ્રદ્ધાનું મહત્ત્વ પૂજ્ય શ્રીમોટા સ્વીકારે છે. આ પુસ્તકના અધ્યાય ૧૫ના ૬૦ થી ૭૩ સુધીના શ્લોકોમાં શ્રદ્ધા અને કૃપાનો સંબંધ કયા પ્રકારનો છે, એ પૂજ્ય શ્રીમોટાએ સમજાવ્યું છે. કૃપા અને શ્રદ્ધા વિષયની રૂઢિગત સમજમાં આટલું મિતાક્ષરી પણ વિશદ વિવરણ અવશ્ય પ્રકાશ પાડશે.

પૂજ્ય શ્રીમોટા કહે છે કૃપાપાત્ર થવા કાજે અભિમુખતા, અભીપ્સા થવી જોઈએ. એ માટે ગરજ, રસ અને લગની હોવાં જોઈએ. એ ખાતર સાધનાભ્યાસમાં સતત, નિરંતર લાગેલા રહેવું જોઈએ, પણ આ સર્વ સાથે જો હ્દયમાં પ્રેમ ના હોય તો કશું જ બની શકતું નથી. પ્રાર્થનાભાવ પ્રેમ વિના કેવી રીતે સંભવી શકે ? પ્રેમ એ જ કૃપાદાન થવા કાજેની ભૂમિકા છે. પૂજ્ય શ્રીમોટાએ હરિદર્શનની પાત્રતા દર્શાવવા અર્જુનનું દૃષ્ટાંત આપ્યું, એ પાછળ પણ અર્જુનનો હરિ સાથેનો પ્રેમભર્યો સખાભાવ હતો એ જ સૂચવ્યું છે.

કૃપાપાત્રતાની ભૂમિકા પકવવા સત્સંગ, સત્પુરુષોની સોબત અને હૈયાના ભક્તિભાવથી કૃપાપાત્ર થયેલા એવા લોકની સેવાનું મહત્ત્વ દર્શાવાયું છે. આ પણ જીવનવિકાસના હેતુથી અને હૃદયના પૂરા ઉમળકાથી અને ભક્તિથી થવું જરૂરી છે. (અધ્યાય : ૧૪ શ્લોક : ૧૦૮ થી ૧૧૨)

પૂજ્ય શ્રીમોટાએ 'કૃપા'ના અવતરણ કાજે કૃપાને પ્રેમભાવથી પ્રાર્થના કરી છે. હરિની એ લાડલી શક્તિનું તેઓશ્રીએ ગીત ગાયું છે. એ પરમ શક્તિનું સ્તવન-ગાન બાલભાવથી ગવાયું છે :-

'કૃપાનો નાનલો સાવ સંપૂર્ણ બાળ તુચ્છ જે
—કૃપા વર્ણવવા ક્યાંથી એને તાકાત હોય તે ?'

પૂજ્ય શ્રીમોટાનો 'કૃપા' વર્ણવતાં જાગેલો બાલભાવ 'નાનલો' હોવા છતાં 'સંપૂર્ણ' છે. આ ઉલ્લેખ ખૂબ નોંધપાત્ર અને સૂચક છે. પૂજ્યશ્રીએ 'કૃપા' વર્ણવતાં કૃપાને ચાહવાની અને વહાલ કરવાની મસ્તીનો અણસાર કરેલો છે. 'સંપૂર્ણ નાનલા બાળ'ને મા સાથે ગેલ કરવામાં જ કૃતાર્થતા હોય. એ પ્રકારનો ભાવ શબ્દાતીત છે. પ્રેમભાવ અને એનું ગીત એ તો હૃદયનું જ ગુંજન હોય. એને શબ્દથી અજીઠું ના કરાય !

આમ છતાં 'કૃપા'ના ભાવને શબ્દમાં અવતાર્યો છે, એ કૃપાઅંશની ઝાંખી નથી શું ?

પૂજ્ય શ્રીમોટાના આ પ્રકારનાં લખાણમાંની ભાષાશૈલીની નોંધ લેવી જરૂરી છે. પૂજ્ય શ્રીમોટાએ જ કહ્યું છે, કે કાવ્ય લખવું એ એમનું પ્રયોજન નથી. અનુષ્ટુપ છંદ એમની વાણીને આકારી શકે એટલો સાધ્ય હોવાથી, અનુષ્ટુપની છંદોલયતા

આવે એવાં આ તો 'જોડકણાં' છે, પણ આ જોડકણાંમાં આયાસવૃત્તિ નથી, તો પછી ભાષાની કોઈ સાહિત્યિક છટા પણ નથી, છટા ના હોવાથી એ ભાષાનું સાહિત્ય બનતું નથી એમ તો ના જ કહેવાય, પણ પૂજ્ય શ્રીમોટા પ્રયોજે છે એ પરંપરિત સાહિત્યની ભાષા નથી. જો કશી પણ પરંપરામાં રહેવું એ આત્મનિષ્ઠનાં લક્ષણનો વિરોધ હોય તો ભાષાની બાબતમાં એમ બને એમાં કોઈ પણ તદ્વિદ-(તજ્જ્ઞ)ને વાંધો ના હોવો ઘટે.

પૂજ્ય શ્રીમોટાની ભાષાશૈલીને સાહિત્યિક છટાવાળી ભાષા ભલે ના ગણીએ, કેમ કે એમની ભાષાશૈલીને ભાષા બોલતા-સમજતા સમાજના સમગ્ર વર્ગને સ્પર્શ કરવો છે. આથી, એમની ભાષા, શિષ્ટ-માન્ય સાહિત્યિક ભાષા ના બનતાં, જનસમાજની ભાષા બને છે. પૂજ્ય શ્રીમોટાની આ, તેમ જ અન્ય પદ્યકૃતિઓ ઝીણવટથી વાંચનાર પરખી શકશે કે પૂજ્ય શ્રીમોટાની 'વાત' જ અનુષ્ટુપનાં ચરણમાં સ્વાભાવિક રીતે જ – સહજ રીતે જ ઢળતી આવે છે. આથી, એમની ભાષાશૈલીને 'વાણી' કહેવામાં જ વધુ યથાર્થતા છે.

હવે, એ વાણી, ભાવપ્રદેશમાંથી આવે છે. વળી, આ કૃતિમાં તો સંપૂર્ણ 'નાનલા બાળ'ની વાણી છે. એવી સ્મૃતિભાવની અભિવ્યક્તિ વેળાએ જે બાલ-ભાવસહજ શબ્દો આવે છે, એમાં કોઈ સૂગ સેવે તો એ મૂળ ભાવને સ્પર્શવાનું ચૂકી જાય !

પૂજ્ય શ્રીમોટાનાં પદ્યલખાણોની મને તો આ વિશિષ્ટતા લાગે છે. અનુભવીના શબ્દો તો માત્ર એમના ભાવનું વાહન

બને છે. એ ભાવના સંદર્ભમાં 'શબ્દો' માત્ર એના વાચ્યાર્થમાં જ ટકી રહેતા નથી. અન્ય કવિઓની જેમ કલ્પનાની ભાવાનુભૂતિમાં અભિવ્યક્તિ હોતી નથી, પણ પરમ ભાવાનુભાવનો અંશ માત્ર જ શબ્દમાં ગોપાઈને—છુપાઈને વ્યક્ત થતો હોય છે. અનુભવીની કળા આ પ્રકારની પણ હોઈ શકે.

## ૩૮. પૂજ્યશ્રીનો કવિતાપ્રસાદ

**પ્રા. હેમંત દેસાઈ**

અધ્યાત્મના ક્ષેત્રે મૌનના ભારે હિમાયતી છતાં શ્રીમોટાએ વાણીની શક્તિની, તેની ઉપયોગિતાની અવજ્ઞા કરી નથી. લોકકલ્યાણપ્રવૃત્ત મરમી સંતને એવી અવજ્ઞા પરવડે પણ નહિ. એમને જ્યારે જ્યારે લખવું પ્રાપ્ત થયું છે ત્યારે ત્યારે એમણે સીધી સરળ વાણીમાં એમનું વક્તવ્ય રજૂ કર્યું છે. ગદ્યમાં તેમ જ પદ્યમાં, પૂજ્ય શ્રીમોટાએ આજલગીમાં પુષ્કળ લખ્યું છે. એ સઘળું લખાણ, મને લાગે છે, લેખક કે કવિ તરીકેની સભાનતાથી નહિ, પણ સ્વાભાવિક-સ્વયંભૂ રૂપે જ પ્રગટ્યું છે. એનું પ્રેરક બળ લોકકલ્યાણની ભાવના અર્થાત્ સર્વહિતચિંતન કે જીવમાત્ર પ્રત્યેની સ્વાભાવિક પ્રીતિ જ હોવું જોઈએ. અને એટલે જ એમના સર્જનનું પ્રયોજન પણ અધ્યાત્મજ્ઞાનબોધ સિવાય અન્ય કશું જ ન હોઈ શકે. મોટાનો ભાવિકવર્ગ ખાસ્સો મોટો છે, વિવિધ પ્રકૃતિ, રસ, વૃત્તિ અને કક્ષા ધરાવનારો છે. એમાં શ્રેયાર્થી સાધકોની સંખ્યાય નાનીસૂની નથી. એ સહુના લાભાર્થે એમણે જે વિપુલ વાઙ્મય-સર્જન કર્યું છે તેમાંની કવિતા વિશે થોડીક વિચારણા અત્રે પ્રસ્તુત કરવાનો આશય છે.

આપણે ત્યાંની મધ્યકાલની ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યની કવિતાની પરંપરા કોઈ ને કોઈરૂપે અર્વાચીનકાલમાં પણ જળવાઈ રહી છે. એવી કવિતામાં કર્તાના સ્વાનુભવની અભિવ્યક્તિ ઉપરાંત, વાચક માટે પ્રેરણા અને બોધનું તત્ત્વ પણ મોજૂદ હોય છે. બલકે સ્વાનુભવ પણ અન્યને એ પ્રદેશમાં કે એ માર્ગે પ્રેરવા-અભિમુખ કરવા માટે જ વ્યક્ત થતો હોય છે. શ્રીમોટાની કવિતા પ્રસ્તુત પરંપરાના અનુસંધાન રૂપે હોવા છતાં સ્વકીય લાક્ષણિકતાથી અંકિત થયેલી છે. મોટાને પક્ષે કવિતાનું સર્જન અનાયાસ સ્વયંસ્ફુર્ત છે. પણ વાચકોને પક્ષે એનું વાચન સભાન-જ્ઞાનપૂર્વકનું જ રહેવાનું. એથી એને સમજાવવાના પ્રયત્નો પણ થયા છે.

એ કવિતા વિશે કશુંક કહેતાં પહેલાં એની ભૂમિકારૂપે થોડુંક કહીશ :-

સંતવાણીરૂપે પ્રગટતી આ કવિતા યશઃકાંક્ષી રસસિદ્ધ કવિની કવિતાથી કાંઈક જુદી છે. મને લાગે છે કે અનુભવી એટલે પરમ તત્ત્વ સાથે અનુસંધાન પામેલ કે પરમ તત્ત્વસ્વરૂપ, સ્વયંજ્ઞાનસ્વરૂપ, પુરુષના સર્જન (કાવ્ય કે ઈતર) અને સંસારી પુરુષના સર્જનમાં પાયાનો એક ભેદ છે. અને તે જ એ બેઉનાં સર્જનોની ભિન્નતા માટે જવાબદાર જણાય છે. સર્જક માત્ર સૂક્ષ્મ આંતરઅનુભૂતિને ભાષાનાં સ્થૂળ માધ્યમ દ્વારા વ્યક્ત કરે છે. અને તે એવી રીતે કે વાચકને તેનો (કવિનો) અનુભવ યથાતથ પહોંચે. પરંતુ હમણાં જણાવ્યા તે બંને સર્જકોના આંતરઅનુભવનાં સ્વરૂપો જ તત્ત્વતઃ ભિન્ન હોય છે. એ અનુભવોની કોટિ, કક્ષા જ જુદી હોય છે.

સાહિત્યનાં સર્જન-આસ્વાદનની સમસ્યા એ છે કે એક વ્યક્તિના આગવા અનુભવથી અનભિજ્ઞ માણસને (વાચકને) તે અભિવ્યક્તિ દ્વારા વ્યક્ત થયેલ અનુભવને પામવાનો હોય છે. ભાષાનું માધ્યમ સ્થૂળ-ભૌતિક છે અને અનુભવ સૂક્ષ્મ હોય છે. એટલે લેખક-વાચક વચ્ચે સેતુ બાંધવા બંધાવાનું કાર્ય મુશ્કેલ બને છે. આ મુશ્કેલી સંસારી સર્જક અને તેના સર્જન પરત્વે થોડીક હળવી થાય છે. કારણ કે તેના અનુભવો, તેના વાચકના હૃદયમાં પણ સંચિત સંસ્કારોની વાસનારૂપે રહેલા હોય છે, જેને ઉદ્‌બોધતાં વાચક રસાનુભવ કરી શકે છે. સર્જકના વક્તવ્યને પામી શકે છે. જ્યારે અનુભવીના અનુભવો આગવા હોવા ઉપરાંત વિરલ છે. તે અલૌકિક હોય છે. અને તેથી લૌકિક જનોના અનુભવપ્રદેશમાં કે વાસના-સંસ્કાર વર્તુળમાં તે આવતા નથી. કોઈ કોઈ સંસારીજનોના આત્મામાં પૂર્વપુણ્યને કારણે, અનુભવીના એવા અનુભવો ક્યાંક ખૂબખૂબ ઊંડા, સ્વલ્પરૂપે રહેલા હોય છે. એને એવા વાચકો અનુભવી-મરમીના બોલને યત્કિંચિત્ પામી શકે છે. તેમ છતાં સર્જક તરીકેની મરમી કવિની મુશ્કેલી તો રહે છે જ. અને તે સમજીને જ એવો કવિ પુનરાવર્તનનો આશ્રય લે છે. જેથી તેનું વક્તવ્ય વારંવાર દૃઢાવીને એ વાચકના ચિત્તમાં સ્થાપી શકે. આમ, કવિતામાં કલાદૃષ્ટિએ આવશ્યક ન હોય તેવી પુનરુક્તિ વર્જ્ય ગણાતી હોવા છતાં મરમીની કવિતામાં તે સહ્ય છે, એટલું જ નહિ અનિવાર્ય પણ છે.

બીજી એક મુશ્કેલી પણ છે. સંસારી કવિના કાવ્યનો વાચક રસથી આર્દ્ર થાય છે. અને તેની આર્દ્ર થયેલી મનોભૂમિમાં તે

કવિ સદ્‌વસ્તુનાં બીજ તેને ખબર ન પડે તે તે રીતે વાવી દે છે. જ્યારે મરમીની કવિતાનો વાચક રસાનુભવ (વધુ ચોકસાઈથી કહીએ તો ભક્તિ કે શાન્ત સિવાયના રસનો અનુભવ) તો કરી શકતો જ નથી. એ ભાવાનુભવ કરી શકે, જો તેનામાં સંસ્કારગત આકાંક્ષા-જિજ્ઞાસા મોટા કહે છે તે પૂર્વ ‘નિમિત્ત’ને કારણે જાગેલી હોય છે તો. એટલે રુક્ષ ભૂમિમાં જ મરમીએ તો ખૂબ મૂલ્યવાન જ્ઞાનબીજ રોપવાનાં છે, જે કઠિન કાર્ય છે. આથી, એ મરમી કવિ ભાષાની ટાપટીપ, અલંકાર, શૈલીલટકાં કે સંમાર્જિત શબ્દની ઉપાધિમાં નહિ જ પડે, એમ કરવું તેને પરવડે પણ નહિ. કારણ, તો તો વાચક એ પ્રપંચમાં જ અટવાઈ જાય અને ‘અમૂલખ વસ્તુ’ તરફનું અવધાન ખોઈ બેસે. આથી, કલાકસબીની ઝીણવટ, બારીક નકશીકામ કે સુરેખ રૂપવિધાનની અપેક્ષા મરમીની આવી કવિતા પાસે રાખી શકાય નહિ.

કવિતા લાગણી સહજ ઉદ્‌ગાર છે તેટલી જ તે પરિશ્રમસાધ્ય કલારચના પણ છે. કલાકાર કવિને પોતાની કવિતા મઠારવી પડે છે કારણ એ પોતાની અભિવ્યક્તિને અસરકારક ચોટદાર સદ્યોવેધી બનાવવા ઇચ્છતો હોય છે. આકર્ષક બન્યા વિના કવિતા વાચકનું ચિત્ત હરી ન શકે. પણ હરિએ જેનું ચિત્ત હર્યું છે એવા મરમીની કવિતાનો વાચક એવાં આકર્ષણ શોધવા જતો નથી. એ તો એ કવિતામાં પ્રગટેલાં તત્ત્વને પ્રયત્નપૂર્વક પામવા જાય છે. વાચકની એવી તત્પરતાની ખાતરી હોવાથી જ અથવા એવી તત્પરતા વિનાના વાચકની ખેવના ન હોવાથી જ કદાચ મરમી કવિ પોતાની કવિતાને મઠારતો નથી. મરમીને કવિ એ સાધન છે, સિદ્ધિ નથી.

એટલે જ એ એવી પળોજણમાં નથી પડતો. વળી, એને મન સહજોદ્ગારનું મહત્ત્વ હોય છે. એ જ એને માટે તો પૂર્ણ અભિવ્યક્તિ, પૂર્ણ કાવ્ય છે.

તેના વક્તવ્યની વિશેષતાને કારણે ભિન્ન એવી મરમીની કવિતાનું સ્તર એકંદરે ઊંચું હોય છે અને તેને પામવા માટે, હું માનું છું કે યોગ્યતા જોઈએ, પાત્રતા જોઈએ. સર્વસામાન્ય કવિતાના ભાવન માટેની ભાવક તરીકેની કેળવણી એમાં કામ નહિ લાગે. આધ્યાત્મિક ઉદ્યુક્તતા એને પામવા માટેની પહેલી શરત છે. મરમીની કવિતા કેવળ જ્ઞાનમય, બોધરૂપ કે શુષ્ક હોતી નથી. એમાં ભાવાર્દ્રતા, ભાવના જરાય અલ્પ હોતી નથી. પરંતુ એ ભાવ અને ભાવનાને સંસારીને એ વસ્તુ દુર્લભ-અલભ્ય જ રહેવાની. આમ છતાં પોતાનું વક્તવ્ય, કોઈ ને કોઈ રીતે, કોઈ ને કોઈ જીવાત્માને, ક્યારેક ને ક્યારેક સ્પર્શી જવાનું છે, યત્કિંચિત્ અસર કરવાનું છે અને તેનામાં રહેલ દૈવી અંશને-સદ્અંશને જગાડી, તેને ઈશ્વરાભિમુખ થવામાં સહાયકારક બનવાનું છે. એવી કોઈ અપૂર્વ શ્રદ્ધાથી મરમી મહાત્માઓ સર્જન કરતા હોય છે. આથી, એને પામવી દુષ્કર હોવાથી કાંઈ એ કવિતા નિરર્થક બનતી નથી.

અધ્યાત્મમાર્ગી કવિતાના સર્જકમાં પણ, અલબત્ત, સર્જક માત્રમાં હોય છે તેવી આત્માભિવ્યક્તિની વૃત્તિ તો ઊંડે ઊંડેય હોય છે ખરી. પરંતુ તે ગૌણરૂપે જ રહે છે. મુખ્યત્વે તો એ કવિતાનું સર્જન અન્યલક્ષી હોઈ તટસ્થભાવે જ થતું હોય છે. અને એટલે જ એની પ્રકૃતિ અભિવ્યક્તિપ્રધાન છે, ઝાઝાં અલંકરણો નહિ અને બહુધા ઉપમા દૃષ્ટાંતનો જ આશ્રય લેતી

એ કવિતાનું લક્ષ્ય વસ્તુના વિશદ નિરૂપણનું હોય છે તેટલું તેનું સૌંદર્ય સિદ્ધ કરવાનું હોતું નથી, એટલે જ એ મનહર નહિ, મનભર હોય છે.

હજુ બેએક વાત રહી જાય છે. મરમીની કવિતામાં અક્ષય અર્થક્ષમતા હોય છે. ઉપરાંત, એમાં મંત્રશક્તિ પણ હોય છે. (આ બેઉ વાનાં, કહે છે કે 'શ્રીમદ્‌ભગવદ્‌ ગીતા' અને 'રામચરિતમાનસ'માં રહેલાં છે.) આથી, એ કવિતાનું વારંવારનું થતું પઠન નવા નવા અર્થો આપતું છેવટે કોઈ ધન્ય વિરલ ક્ષણે અપૂર્વ અનુભૂત-અલૌકિક આનંદનો અનુભવ કરાવી જાય અથવા સમજ્યા વિના પણ કરેલું તેનું પઠન કે સતત થતું રટણ, મંત્રના બળથી આંતરચેતના જગાડી જાય, કદાચ આ અને આ જ એ કવિતાનો ખરો મહિમા છે.

હવે, પૂજ્ય શ્રીમોટાની કવિતા વિશે :-

એ સંત ભક્તહૃદય સહુ પ્રથમ લયબદ્ધ શબ્દમાં જ પ્રગટ થયું છે. એટલે કે મોટાએ જ્યારે શબ્દની શોધ આદરી-શબ્દને સાધવા માંડ્યો ત્યારે તે કવિતાનો શબ્દ હતો, વ્યવહારના ગદ્યનો નહિ. આ નોંધપાત્ર ઘટના છે. 'હરિઃૐ' એ શબ્દનું પ્રગટ ઉચ્ચારણ-સતત જપ કરતાં પૂજ્ય મોટા આત્માને-આત્મસ્વરૂપ બ્રહ્મને પામ્યા છે. પણ એ પ્રાપ્તિની પ્રક્રિયા દરમિયાન અને એ પછી પણ વાઙ્મય શબ્દને વીસર્યા નથી, બલકે તેને સાધતા રહ્યા છે. શબ્દની ઉપાસના એક રીતે તો બ્રહ્મની જ ઉપાસના છે એમ આપણે ત્યાં મનાયું છે. પૂર્વ સૂરિઓએ શબ્દને બ્રહ્મ-બ્રહ્મસ્વરૂપ કહ્યો છે એટલે બ્રહ્મનો ઉપાસક શબ્દોનોય ઉપાસક બને એ સ્વાભાવિક અને ઉચિત છે.

શબ્દની પાસે જઈ મોટાએ શબ્દમાં જે વ્યક્ત કરવાનું હતું તે અનાયાસપણે વ્યક્ત કરવા માંડ્યું. પણ સર્જક તરીકેની કોઈ સભાનતા એમણે દાખવી નથી. અને એટલે જ કાવ્યોને મઠારવા કે કલાકસબની દૃષ્ટિએ અલંકાર, શૈલી આદિ અંગે પૃથક્ યત્નો કરવા તરફ એમણે લક્ષ્ય આપ્યું નથી. અલબત્ત, એનો અર્થ એવો નથી કે ભાષાની છંદલયની શુદ્ધિ અને ચોકસાઈ અંગે એ દુર્લક્ષ સેવે છે. ઊલટું, એ બાબતોમાં એમનો ભારે આગ્રહ રહ્યો છે. પરંતુ એમને મન કવિતા પોતે જ એક સાધન હોઈ કવિતામાં અન્ય સાધનો શબ્દ, છંદ અલંકારાદિનું સ્વાભાવિક રીતે જ તેઓ બહુ ઊંચું મૂલ્ય આંકતા નથી. પોતાના વક્તવ્યને યથાતથ વ્યક્ત કરવા તરફ જ કેંદ્રિત એવું તેમનું સર્જક ચિત્ત અર્થ અને તેની પાછળના મર્મને જ હંમેશાં તાકે છે. કવિતાને સિદ્ધિ તરીકે ન લેખતાં હોવાથી આમ બન્યું છે તેમ-એ જ કારણે, કવિયશની બાબતમાં એ કેવળ ઉદાસીન રહ્યા છે. પ્રારંભના એમનાં કાવ્યો તો નામ વિના જ પ્રગટ થવા દીધેલા અને પછીથી નામ સહિત જે પ્રગટ્યાં છે તેમાંય પોતે તો પ્રકાશન અંગેની કોઈ આળપંપાળ કે જવાબદારી રાખેલી નથી. એમનો વાચકવર્ગ પણ જાણે છે કે પૂજ્ય શ્રીમોટાનું તમામ સાહિત્ય અન્યને હાથે સંપાદિત થઈ પ્રસિદ્ધિ પામેલું છે.

આમ છતાં, કાવ્યરચનાના કૌશલથી એ અજ્ઞ નથી. એટલે કાવ્યકલાની દૃષ્ટિએ એમના સર્જનનું મૂલ્ય આંકવા ન જઈએ કે કાવ્યતત્ત્વની શોધ એમાં ન કરીએ તોપણ કાવ્યરચનાના નિયમોનું પાલન અને કાવ્યનું ઔચિત્ય એમાં અવશ્ય જોવા

મળશે. આ સંબંધમાં પ્રો. અનંતરાય રાવળે નોંધ્યું છે તે યથાર્થ છે. 'એમણે પોતે કવિયશ પ્રાર્થ્યો નથી કે કવિ તરીકે પોતાને માન્યા કે ગણાવ્યા નથી...એમ છતાં શિખરિણી-મંદાક્રાંતાના મિશ્રણનો એમણે પોતાના ભાવકથનને માટે કરેલો પ્રયોગ નોંધપાત્ર ગણાય તેવો છે. છંદ કર્તાને અનાયાસ સિદ્ધ છે. અને તજ્જ્ઞ એ નથી એમ ભલે કહેવાયું, પદ્યરચના પર એમનો કાબૂ ઘણો અને સારો છે...આ કાવ્યના ૧૦૯ શ્લોકોની પદ્યરચના સરળ અને પ્રવાહી છે, અને તે સારા એવા પ્રમાણમાં. શબ્દો જરૂરી તેટલા જ અને સાદા તેમ જ વિશદાર્થ છે, અને વાક્યાન્વય ક્યાંય સંકુલ કે ક્લિષ્ટ નથી.' 'શ્રીગંગાચરણે'ની પ્રસ્તાવનામાં વર્ષો પૂર્વે લખાયેલા આ શબ્દો મોટાની બધી કવિતાને આજે પણ લાગુ પાડી શકાય એવા છે.

રાવળસાહેબની વાતની પૂર્તિરૂપે થોડુંક અત્રે કહેવાનું છે :- છંદ પૂજ્ય મોટાને સિદ્ધ છે અને તે સિદ્ધિના પુરાવારૂપ વિવિધ છંદો-સંસ્કૃતવૃત્તો, માત્રામેળ છંદો અને છંદો-મિશ્રણની એમની રચનાઓ મોજૂદ છે. છેલ્લાં વર્ષોમાં એમણે અનુષ્ટુપ સારા પ્રમાણમાં લખ્યો છે. આ અતિ સરળ જણાતો છંદ ખરેખર તો લખવો ઘણો અઘરો છે. એની સરળતા છેતરામણી છે અને એ ભલભલા કવિઓની કસોટી કરી નાંખે છે. સંસ્કૃતમાં વ્યાસ, વાલ્મીકિ, કાલિદાસ અને ભવભૂતિના અનુષ્ટુપ શ્લોકો ચિરસ્મરણીય છે. આપણે ત્યાં નાનાલાલે 'પિતૃતર્પણ'માં યાદગાર અનુષ્ટુપ આપ્યો છે. બધા પ્રકારના વિષયને-શાસ્ત્રીય નિરૂપણને સુધ્ધાં, અનુરૂપ-અનુકૂળ એવો છંદ પૂજ્ય મોટાએ ખૂબ આસાનાથી લખ્યો છે. ઉપરાંત, હમણાંથી હરિગીતના લયની

ગઝલ રચનાઓ પણ એમણે એવી જ સરળ અને છતાં આકર્ષક રૂપની આપી છે.

છંદ જેટલી જ, બલકે એથી વધુ સરળતા અને સાહજિકતા એમના વક્તવ્યમાં તેમ જ ભાવ કે અનુભવમાં છે અને એટલે જ એમનું સર્વ કાવ્યસર્જન અનાયાસ છે. શ્રીમોટાની સર્જનપ્રક્રિયા પણ સહજ-નૈસર્ગિક છે. મનમાં કાંઈ પણ સ્ફુરે કે તરત જ તેને પોતે ટપકાવી લેતા હોય છે. અને એમાં ખાસ છેકછાક કે સુધારા-વધારાની ભાગ્યે જ જરૂર પડે છે. ઘણીવાર પોતે બોલીને બીજા પાસે લખાવે છે અને તેમાં પણ અસ્ખલિત પ્રવાહરૂપે શ્લોક પ્રતિ શ્લોક ઊતર્યે જાય છે.

ભક્તિભાવ અને જ્ઞાનબોધ એ મોટાની કવિતાના મુખ્ય વિષયો છે. અને તે ઉપરાંત, પોતાના સ્વાનુભવો, જીવનના તેમ જ આધ્યાત્મિક ક્ષેત્રના પણ, તેમણે કવિતામાં વ્યક્ત કર્યા છે. ભાવ અભિવ્યક્તિમાં જેવો ઉત્કટતાનો થાય છે તેવો જ જ્ઞાનચર્ચામાં વિશદતાનો અનુભવ એમની કવિતાના વાચકને થાય છે.

કેટલુંક તો પૂજ્ય શ્રીમોટાએ ભક્તોની વિનંતીથી લખ્યું છે અને તેમાં તત્ત્વજ્ઞાન-અધ્યાત્મવિદ્યા અને સાધનમાર્ગની ખૂબ સમર્થ અને મૂલ્યવાન સામગ્રી પ્રાપ્ત થઈ છે. અને એટલે જ એમની કવિતા તે કવિતા નહિ પણ પોતાના ભાવિકોને એમણે ભાવથી અર્પેલ પ્રસાદ છે. એ પ્રસાદ કાવ્યરૂપે હોઈ એમાં કાવ્યની પ્રાસાદિકતા અને સૌંદર્ય છે તેમ પ્રસાદરૂપે મળેલ એ કવિતા આનંદ-રસ-કલ્યાણપ્રદ પણ છે.

છેલ્લે સમાપનમાં એક બે વાત નોંધી વિરમીશ :- પૂજ્ય મોટા ખૂબ ત્વરાથી ખૂબ પ્રમાણમાં લખી રહ્યા હોય એમ

હમણાંનું લાગે છે. તેમાં પોતાની પાસે જે પડ્યું છે તે નિઃસંકોચ અને નિર્ભેળપણે જેમને જરૂર છે તેમને આપી છૂટવાની વૃત્તિ હોવી જોઈએ. એમના ભાવિકોને ઘટે કે એમના એ અનુગ્રહનો પૂરેપૂરો લાભ ઉઠાવે અને એ લખાતાં તેમ જ લખાયેલા સાહિત્યનું ચોકસાઈપૂર્વકનું વ્યવસ્થિત સંપાદન-પુનઃ સંપાદન પણ થતું રહે, જેથી એ અમૂલ્ય સામગ્રી ચિરકાલ જળવાઈ રહે અને ભાવિના શ્રેયાર્થીઓને પણ પથદર્શક બની રહે.

## ૩૯. જીવનવિકાસની મીમાંસા

**શ્રી 'પ્રાસન્નેય'**

પૂજ્ય શ્રીમોટા અર્વાચીન ગુજરાતના, પ્રજાશીલ ઘડતરની ક્રિયાશીલ ખેવના ધરાવતા અને તેથી એક જુદી જ કોટિના સંત છે. ગુજરાતની પ્રજાને સાહસિક તથા જ્ઞાનગંગોત્રીથી જ્ઞાનસમૃદ્ધ બનાવવા માટે તેમણે જે પ્રવૃત્તિઓ શરૂ કરાવી છે, તે આપણા સાંસ્કૃતિક ઈતિહાસમાં અવિસ્મરણીય રહેશે.

આ જ રીતે વ્યક્તિના શીલવિધાનને માટે પણ એમણે જે કાર્ય કર્યું છે તે એથીયે વધુ બેનમૂન છે. શ્રી હેમંતકુમાર નીલકંઠ અને શ્રી નંદુભાઈ શાહે તેમના પત્રોનાં જે સંપાદનો કર્યાં છે તે પરથી તેમના આ કાર્ય વિશે ખ્યાલ પામી શકાય છે.

જીવનના ધ્યેય પરત્વે જાગી ગયેલા સાધકોને માર્ગદર્શનાર્થે એક સિદ્ધધ્યેય સંતે કાર્યની પૂરી સમજ અને નિષ્ઠાથી લખેલા એ પત્રો છે. સિદ્ધ ગુરુ અને જાગૃત શિષ્ય વચ્ચે લોહીના સંબંધથી પણ વધુ પાકો ઉચ્ચ અને સૂક્ષ્મ સંબંધ સિદ્ધ થયે જતો હોય છે. એ સંબંધમાં પ્રગટતી નિકટતા-આત્મીયતા એ પત્રોમાં વરતાય છે. આમ છતાં, સંબોધાયેલી વ્યક્તિને જ એના પોતાના

જ વૈયક્તિક સંદર્ભમાં સમજાય અને અંગત રીતે કાર્યકારી નીવડે તેટલી બધી Subjectivity વાળા એ પત્રો નથી. એ પત્રો વ્યક્તિ વિકાસાર્થે લખાયેલા હોવા છતાં વ્યક્તિગતતાની સંકુચિતતાને ઓળંગી ગયેલા છે. તેથી કોઈ પણ અધિકારી વ્યક્તિ એ પત્રોનું વાંચન કરતાં, એ પત્રો પોતાને સંબોધાયેલા હોય એવી લાગણી અનુભવી શકે છે.

આનું કારણ એ છે કે પત્રોમાં થયેલી છણાવટ ઘણી જ વ્યાપક અને ઊંડાણવાળી છે. યોગ, ભક્તિ, કર્મ અને જ્ઞાનની ઘણી મીમાંસાઓ આપણે ત્યાં થઈ છે. ઘણાંઓએ શાસ્ત્રોનાં દોહનોને સરળ ભાષામાં સુલભ કરી આપ્યાં છે. પરંતુ ઉત્કંઠા અને નિષ્ઠાથી જીવનવિકાસના માર્ગે ચઢેલા સાધકને પંડિતોની યુક્તિજટિલ વાદાવાદી ઝાઝી ખપ નથી લાગતી. એમને કામ આવે છે સાદું રૂપ પામીને રજૂ થતી આધ્યાત્મિક વિષયોની માર્ગદર્શિકાઓ. સાધનામાં માણસને ડગલે અને પગલે પોતાની અંદર અને પોતાની બહાર અનેકાનેક સ્થૂળ-સૂક્ષ્મ બાબતો વિશે વિશિષ્ટ ઊર્ધ્વવિધાયક રીતે વર્તવાની સૂઝ કેળવવી પડે છે. પોતાનાં જ વ્યક્તિ વિશિષ્ટ સ્વભાવ-સંસ્કારો, આપણી આસપાસનાં બીજાંઓના વ્યક્તિવિશિષ્ટ વિચારવલણો, બીજાઓ વિશેની આપણી તથા આપણા વિશેની બીજાંની ક્રિયા-પ્રતિક્રિયાઓ, વ્યવસાય, કુટુંબ, સમાજ સાથેની આપણી સંપ્રક્તિ અને એમાંથી ઊભાં થતાં આપણાં ઉત્તરદાયિત્વો, અભિગ્રહો-પૂર્વગ્રહો-ગ્રંથિઓ-સંજોગો-પ્રસંગો-અનુભવો પ્રતિભાવોમાંથી રચાતા જીવનસંદર્ભો, જાગૃતાવસ્થા અને નિદ્રાવસ્થામાં ચાલતો મનોવ્યાપાર, આપણા વાગ્વ્યવહારો અને

વર્તનવ્યવહારો : દરેક વ્યક્તિ સાથે આ અને આવી બીજી કેટલીયે બાબતોનું એક જટિલ સંકુલ વળગેલું હોય છે. વ્યક્તિ જ્યારે સાધનાને પંથે વળે છે ત્યારે તેને આ અને આવી બીજી કેટલીય બાબતોના પેટામાં આવતી પળેપળે નવાંનવાં રૂપે સામે આવીને ઊભી રહેતી અનેકાનેક ઝીણીઝીણી બાબતો વિશે સમુચિત ચોક્કસ અભિજ્ઞતા અને સાવધતા કેળવવાની રહે છે. અને સામાન્ય વ્યાવહારિક દૃષ્ટિકોણને વિષમ અને વિરોધી લાગતી એવી અસંખ્ય બાબતોને એકસાથે સાધનામાર્ગમાં આગળ વધવાના નિમિત્ત અને સાધન તરીકે ક્ષમતાપૂર્વક પ્રયોજવાની રહે છે.

આ ભગીરથ કાર્યને પાર પાડવા નિરંતરની 'સાચાં જ્ઞાનભાન પ્રેમભક્તિ'પૂર્વકની ક્રિયાત્મક સૂઝ રજેરજ બાબતને માટે પૂરી પાડતી છણાવટ પૂજ્ય શ્રીમોટાના પત્રસંચયોમાં થયેલી જણાય છે.

આ સૃષ્ટિમાં ઈશ્વરથી અલગ કશું નથી. તેથી ઈશ્વરને પ્રાપ્ત કરવા માટે સંજોગપ્રાપ્ત સંસાર સંદર્ભમાંથી અળગા થઈ જવાનો કશો અર્થ નથી. એવી બાદબાકીથી જ અંતિમ હેતુ સરે એવી કશી ખાતરી હોતી નથી. તેથી સંજોગપ્રાપ્ત સાંસારિક જીવનસંદર્ભમાં ઊભાં થતાં ઉત્તરદાયિત્વોને નિભાવતા રહીને જ, એ રીતે એ સંદર્ભને જ સાધનનાં ભૂમિકા-નિમિત્ત અને સાધન તરીકે પ્રયોજીને એ સંદર્ભમાંની પૃથગ્જન જેવી સંકળામણમાંથી સ્વને પ્રભુભાવમાં નિરંતર ઊંચકતા-ઓગાળતા રહેવાનો સાધનાક્રમ અન્ય ક્રમો કરતાં વધુ મુશ્કેલ અને તેથી વધુ પુરુષાર્થ માગી લે તેવો છે. આવા પુરુષાર્થ અંગે પૂજ્ય

શ્રીમોટાએ આપ્યું છે તેવું માર્ગદર્શન કદાચિત્ અન્યત્ર ક્યાંય નહિ મળે.

સાધના એ કોઈ એકાંગી પ્રવૃત્તિ નથી. જીવનના અણુએ અણુમાં વ્યાપી રહેતી પ્રક્રિયા છે. જીવનનાં નાનાં મોટાં સ્થૂળ-સૂક્ષ્મ તમામ પાસાંઓનું પણ આધ્યાત્મિકતા સાથે સંકલિત અને સંવાદી બની રહે તેવી રીતે રૂપાંતર કરી રહેતી ચૈતન્યોપાસના છે. આથી, પૂજ્ય શ્રીમોટાએ આધ્યાત્મિક વિકાસ માટે ‘આત્મજ્ઞાન’, ‘સાક્ષાત્કાર’, ‘સ્વરૂપાનુભૂતિ’, ‘આત્માનુભવ’નો માર્ગ જેવા રૂઢ ચલણી શબ્દને સ્થાને યોગ્ય રીતે, પોતાના આગવા દૃષ્ટિકોણને અનુલક્ષીને ‘જીવનવિકાસ’ શબ્દ બહુધા પ્રયોજ્યો છે. એમનાં ઘણાં પુસ્તકોનાં નામાભિધાનમાં પણ આ શબ્દ અગ્રિમ બનીને આવ્યો છે.

શ્રીઅરવિંદે બૌદ્ધિકો પણ પ્રભાવિત થાય તેવી રીતે સાધનાના નિગૂઢ અનુભવો વિશે વિગતે, વિસ્તારથી છણાવટ કરી છે, સમજૂતીઓ આપી છે. પૂજ્ય શ્રીમોટાએ સાધનાના આ પાસાં પરત્વે ખાસ કશો ઝોક આપ્યો નથી. એવા અનુભવો एના અનુગ્રહનો વિષય છે, एના અનુગ્રહથી ‘એવું બન્યું’ એની મેળે થશે, સાધકે એની તથામાં પડવાની-‘એવા બધા’લક્ષી બનવાની કશી જરૂર નથી. સાધકનો પુરુષાર્થ एના અનુગ્રહની યોગ્યતાને પોતાનામાં પ્રગટાવવાનો જ હોવો જોઈએ. એ શી રીતે થઈ શકે તે સમજાવવાનું કામ પૂજ્ય શ્રીમોટાએ જીવનવિકાસ મીમાંસાએ કર્યું છે.

અધ્યાત્મજીવન વિશે લખાયેલી Oversimplified માર્ગદર્શિકાઓમાં ઘણીવાર લેખક સાધકને પ્રોત્સાહિત કરવાને માટે સાંસારિક તેમ જ સંસારેતર પ્રકારનાં પ્રલોભનો પર ભાર

મૂકે છે. અધ્યાત્મમાર્ગનાં થોડાં ભયસ્થાનો પ્રત્યે ઉપરછલ્લો અંગુલિનિર્દેશ કરે છે અને અંતે સંસારની બીજી કોઈ પણ ચીજ કરતાં 'પ્રભુનો માર્ગ' જેવી ચીજ કેવી તો 'સરલ-સહજ' છે તેવો રૂપકડો વિશ્વાસ અપાવી દે છે. એનાથી દોરાયેલો જિજ્ઞાસુ જરાતરા આગળ વધે ન વધે ત્યાં તો એની સામે કંઈ જાતજાતની ભ્રમણાઓ, દ્વિધાઓ, ઝીણી ઝીણી બાબતો અંગે ગૂંચવણો, તર્કવિતર્કો વગેરે આવીને ઊભાં રહે છે. એ સર્વના સમાધાન માટે તેને કશી સહાય પછી પેલી માર્ગદર્શિકાઓમાંથી મળતી નથી. પૂજ્ય શ્રીમોટા એવી અનેક બાબતો માટે અધિકૃત વિશ્વસનીય પ્રતીતિકર સ્પષ્ટતાઓ આપે છે. સાધકના ઉન્નયનને માટે કડવાં સત્ય ઉચ્ચારતાં એ ક્યારેય અચકાતા નથી. અખાની પ્રહારક તીખાશ એમનામાં નથી પણ અખાની અસંદિગ્ધ સ્પષ્ટવક્તૃતા એમનામાં છે. એમના પત્રો માર્ગદર્શનાર્થે લખાયેલા હોવા છતાં એમનામાં આદેશોની આતશબાજી કે ઉપદેશખોરી દેખાતી નથી. છતાં દિશાનિદર્શનનો નિષ્ઠાવંત ભાવ સળંગપણે વહેતો અનુભવાય છે.

એમનાં લખાણમાં સ્વાનુભવે પ્રગટેલી સૂઝની પ્રતીતિકરતાની આબોહવા હોય છે. એ આબોહવામાં કશી ગૂંગળામણ નથી રહેતી. બલકે એમાં એક પ્રકારની મોકળાશ, કશાક વિશ્વસનીય આધારની-કોઈક શ્રદ્ધેય સહારાની હૂંફ અને રાહત અનુભવાય છે. પૂજ્ય શ્રીમોટા એ લખાણોમાં પોતાને બહુ વચ્ચે લાવતા નથી. આખા વક્તવ્યને પોતાના જીવનની વૈયક્તિકતાના પરિઘમાંથી ઊંચકીને વા અંગત અનુભવોના વર્તુળમાંથી ઉપાડીને અભીપ્સુ બહુજનસમુદાય માટેના

સાધારણીકૃત દિગ્દર્શનના વિશાળ ફલક પર મૂકવાના આશયથી તેમણે આમ કર્યું હોવું જોઈએ. આમ છતાં, અનુભવસિદ્ધ પ્રમાણિકતા લાવવા માટે તેઓશ્રી તેમના અંગત અનુભવોનું બયાન ક્યારેક કરે છે ખરા. પરંતુ એવા પ્રસંગોએ પણ એ અનુભવો પત્રમાં સંબોધાયેલી વ્યક્તિને પહેલેથી અન્યથા વિદિત હોય તેવા પ્રકારના જ હોય છે, સંદર્ભમાં એ વાત તરત સ્પષ્ટ કરી દેવાયેલી જણાય છે. એથી એમાં કશુંક નવું ચમત્કારિક ભાથું પીરસીને સામાને સ્વપ્રભાવે આંજવાનો શોખ પ્રવર્ત્યો જણાતો નથી. એમના પત્રોમાં જે કંઈ આત્મકથન છે તે અન્ય અંશોના મુકાબલે બહુ ઓછા પ્રમાણમાં, પૂરતા સંયમથી, સંકોચનો લવલેશ દંભ આણ્યા વિના, સરળ ભાવે રજૂ થયેલું છે. એવાં કથનસ્થાનો સમગ્ર માર્ગદર્શન ફલકમાં જીવતીજાગતી પ્રમાણિતતાનાં તથા સંનિકટ અને સમુત્કટ (Intimate and Intense) પ્રેરણાનાં પ્રોદ્ભાવકો બની રહે છે.

પૂજ્ય શ્રીમોટાના વિચારોની જેમ તેમની ભાષા પણ પારદર્શક છે. એમની વાણી ઝીણામાં ઝીણી વિગતને અસંદિગ્ધ ચોકસાઈ અને સ્પષ્ટતાથી વ્યક્ત કરી દે છે. એમાં કોઈક ગહન તત્ત્વના ઊહાપોહનો કશો વાગાડંબર દેખાતો નથી. ગૌરવને લેશ પણ ગુમાવ્યા વિના તે લક્ષ્યવેધી છતાં સરળ પ્રાસાદિક રહી શકે છે. એ જોઈને, ગાંધીગદ્ય શૈલીના વર્તુળમાં આવતા આપણા ગદ્યકારોની સાથે પૂજ્ય શ્રીમોટાને સ્થાન આપવાનું મન થાય છે. એમનો ગદ્યખંડ એમના નામ વિના છપાયો હોય તોય, એમના ગદ્યથી પરિચિત તેવા વાચકને તે તરત પરખાઈ જાય એવી એક આગવી મુદ્રા તેમના ગદ્યની છે.

દેહાધ્યાસથી કે પાર્થિવ પ્રકારના અહંભાવનાં વળગણોથી પર ઊઠેલા મહાત્માઓ પોતાની એવી સતત અનુભવાતી મુક્તદશાના અનુલક્ષમાં પોતાને માટે પ્રથમ પુરુષ સર્વનામનો ઉપયોગ કરવાને બદલે બીજો કોઈ અસંગદર્શક સંકેત પ્રયોજે છે. પૂજ્ય શ્રીમોટા પોતાને આ જીવ કહીને ઉલ્લેખે છે.

પ્રભુને કોઈ પણ નામ કે વિશેષણોથી ઉલ્લેખતાં તો એ નામાદિથી વ્યક્ત થતી વિભાવનાઓમાં પુરાઈ જાય છે. પરંતુ તે એવો પરિમિત નથી. એની અપરિમેય પરાત્પરતા દર્શાવવા યોગ્ય રીતે જ પૂજ્ય શ્રીમોટા ઘણી વાર એને માત્ર ए સર્વનામે ઉલ્લેખે છે.

અમુક વસ્તુ 'દિલથી દિલમાં દિલ વડે' કરવી જોઈએ એમ તેઓશ્રી ઘણી વાર કહે છે, ત્યારે તેઓ 'દિલ' શબ્દના એકાધિક યુગપત્ પ્રયોગો વડે જ તેની જુદી જુદી અર્થછાયાઓને તરત વાચકના મનમાં ખડી કરી દે છે. આ એમનો એક આગવો લાક્ષણિક પ્રયોગ છે.

તેઓશ્રી ક્રિયાપદોને પણ કેટલીક વાર આગવી રીતે પ્રયોજે છે. 'થવાવું' જેવો પ્રયોગ બનતાં સુધી બીજા કોઈના લખાણમાં આવતો નથી. પૂજ્ય શ્રીમોટામાં નરી અધીનતા-શરણાગતિ-વિનીતતાના સહૃદય ભાવે પોતાની અભિવ્યક્તિ માટે આ પ્રયોગ નિપજાવી લીધો છે. સાધનામાર્ગમાં જાગૃત જીવ દરેક પળે ઉત્તરોત્તર વધુ ને વધુ ઊંચી ભૂમિકાએ પોતાને ઉત્ક્રાંત થતો લહે છે. આમ, પોતાને સતત ઉત્ક્રાંત કરતા જવાની પ્રક્રિયા એ પોતાને નિત્ય નિરંતર નવાભિનવ સ્વરૂપે પ્રગટાવ્યે જવાની પ્રક્રિયા છે. સાધના એટલે જ પ્રગટ્યે જવું, જીવનના દરેક

પેહલૂમાં ઉત્તરોત્તર ઊંચે ને ઊંચે પ્રગટ્યે જવું. આવા કોઈ સર્વાશ્લેષી મનોભાવ કે વિચારવ્યાપારની પૃષ્ઠભૂ પર પૂજ્ય શ્રીમોટાએ તેમનાં લખાણોમાં જુદા જુદા અનેક અર્થસંદર્ભો અને ભાવસંદર્ભોમાં 'પ્રગટવું' ક્રિયાપદનો પ્રયોગ કર્યો છે.

જપ, ગુરુ, દાન, દયા, હૃદય જેવા અનેક પરંપરાચર્ચિત વિષયો પર તેમણે મૌલિક અભિગમથી તદ્દન નવાં મંતવ્યો આપ્યાં છે. એ મંતવ્યોની અભિવ્યક્તિ ક્યારેક વ્યાખ્યા કે સુક્તિની કોટિએ પણ પહોંચી જાય છે.

જીવનમાં પરમોચ્ચ હેતુ અર્થે જે કંઈ પમાય, અનુભવાય, વિચારાય, સમજાય, વિનિયોજાય, અનુવર્તાય તે બધા પાછળ ધ્યેય વિશેની અપ્રમાદી જીવતીજાગતી સભાનતા, અનુભવપ્રણિત પોતીકી જીવંત સૂઝસમજ, બિનશરતી અવિકલ્પ લગની, હૃદયની સચ્ચાઈ પ્રગટી ન હોય તો કંઈ દહાડો વળે નહિ. આ સત્ય સાધનાનાં બધાં અંગોનો પ્રાણવાયુ છે. આ ફરી ફરીને ટકોરવાને પૂજ્ય શ્રીમોટા એમનાં લખાણમાં જુદી જુદી બાબતો વિશે બોલતાં વારંવાર 'સાચાં જ્ઞાનભાન પ્રેમભક્તિ' શબ્દગુચ્છને પ્રયોજે છે.

## ૪૦. 'જીવન પ્રભાત'

**શ્રી રમાકાંત પ્રહ્લાદજી જોશી**

'જીવન પ્રભાત' ના પ્રકાશકના બે બોલ લખતાં પૂજ્યશ્રી સાથેનો જૂનો પરિચય અને સંસ્મરણો યાદ આવે છે. આજથી સાડાત્રણ દસકા પહેલાંની વાત છે. ત્યારે તેમનું ખાસ કોઈ સાહિત્ય પ્રસિદ્ધ થયેલું નહિ. માત્ર 'તુજ ચરણે' અને 'મનને' એ બે નાનકડી પુસ્તિકાઓ પ્રસિદ્ધ થયેલી. તે ઉપરથી આપણને

એમ થાય કે કોઈ ઈશ્વરની ખોજમાં નીકળેલો આ માણસ છે.

તેઓ ત્યારે અમદાવાદમાં હરિજન આશ્રમમાં રહેતા હતા અને ગુજરાત હરિજન સેવક સંઘના સહમંત્રી તરીકે શ્રી પરીક્ષિતલાલ મજમુદારની સાથે કામ કરતા હતા. આશ્રમમાં ત્યારે રાષ્ટ્રીય શાળાના ધોરણે એક શાળા ચાલતી હતી. તેના આચાર્ય શ્રી વજુભાઈ જાની હતા.

શ્રીમોટા અને તેઓ બાજુ બાજુમાં જ રહેતા હતા, એટલે અવારનવાર તેમને મળવાનું અને વાતચીત કરવાનું બનતું, તે ઉપરથી શ્રીમોટા સાધનાની ગડમથલ કરે છે, તેવું તેમને જાણવા મળ્યું. શ્રી વજુભાઈને પણ આવાં સાધનોમાં રસ હતો. એટલે તેમણે શ્રીમોટાનું માર્ગદર્શન માગ્યું. શ્રી વજુભાઈને ત્યાં શ્રી પ્રભાબહેન કરીને એક બહેન આવતાં. તેમને પણ શ્રીમોટાની હરિનામની વાતોમાં રસ પડ્યો એટલે તેઓ પણ શ્રીમોટાના પરિચયમાં આવ્યાં. આ લોકોને લીધે હું પણ શ્રીમોટાના સંસર્ગમાં આવ્યો. ધીમે ધીમે તેમણે મને એવું સાંનિધ્ય આપ્યું કે જાણે મને કોઈની ઓથ મળી હોય એમ લાગ્યું.

માબાપ ત્રણ બાળકોને મૂકીને અવસાન પામેલાં. સૌથી મોટો હું. એટલે મારાથી નાનાં બંને ભાઈબહેનની જવાબદારી મારી, પરંતુ ઈશ્વરકૃપાથી મારા કુટુંબની બધી જવાબદારી અદા કરીને હસતાં રમતાં ઝરણાંની જેમ મારું જીવન આજે હું ગુજારી રહ્યો છું. આ બધું સરળતાથી કેવી રીતે પાર પડ્યું ? તે વિશે વિચાર કરું છું ત્યારે પૂજ્યશ્રીની કૃપા શું કામ કરે છે, તેનો મને ખ્યાલ આવે છે. એકવાર નડિયાદના આશ્રમમાં મૌનમાં હતો ત્યારે પણ જે ઓટલા ઉપર બેસીને સ્મરણ કરતો હતો, તે

ઓટલો હાલી ઊઠેલો. હું વિજ્ઞાનનો ગ્રેજ્યુએટ એટલે સાચી વાત હોય તો જ માનું. ઓટલો ઘણા સમય સુધી હાલેલો. એટલે મારાથી તે વિશે ના પાડી શકાય તેમ હતું નહિ, પણ હવાની લહરીઓ જેમ પસાર થઈ જાય છે તેમ આ ચમત્કારને પણ મેં પસાર થઈ જવા દીધો અને તેમાં હું ઊંડો ઊતર્યો નથી, પરંતુ આજે હવે મને સમજાય છે કે હરિશક્તિ કેવી જબ્બર છે, તે બતાવવા માટે ભગવાને એ ચમત્કાર મને બતાવ્યો હશે, પરંતુ આ ચમત્કાર પ્રસાદી પામ્યા છતાં પણ ભગવાનનું નામ જેટલા જોરશોરથી લેવાવું જોઈએ તેટલું લઈ શક્યો નથી. પૂજ્યશ્રીના બધા હુકમો—સ્મશાનમાં સૂવાના, આશ્રમ માટે ભીખ માગવાના અને બીજું જે કંઈ કામ બતાવ્યું તે બધા માન્યા છે, પણ ભગવાનનું નામ લેવા બાબતમાં મેં એક પ્રમાદ સેવ્યો છે એમ કહી શકાય. આ માટે પૂજ્યશ્રીએ મને ઘણી વાર ઘણાંની વચ્ચે ટકોર્યો છે, તેમ છતાં મારો માંહ્યલો જાગતો નથી અને મને ભગવાનનું નામ લેવાનું શૂર ચઢ્યું નથી. પ્રભુ કરે અને એ સમય આવે એ જ પ્રાર્થના.

## ૪૧. 'જીવન કથની'

**ઈંદ્રવદન શૅરદલાલ**

પૂજ્ય શ્રીમોટા સાથે રહી શકવાનું અને તેઓશ્રીની યત્કિંચિત્ સેવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. તેઓશ્રીની સાથે રહેતાં રહેતાં મારા દિલમાં જે જે પ્રકારના ભાવ જાગ્યા છે અને મારા જીવનના સ્વરૂપે જે પલટા લીધા છે, એ 'કથની' કહેવાનું આ સ્થાન નથી. પણ **'જીવન કથની'** એ પુસ્તકના

સંપાદક તરીકે મારું નામ મુકાયું છે. આથી, આ બધી બાબતોનું સહજ સ્મરણ થાય છે.

પૂજ્ય શ્રીમોટા અને એમનું શરીર તદ્દન ભિન્ન છે. એનો અનુભવ આપણને એમને જોતાં અને મળતાં થાય છે. આપણે લોકો 'પૂજ્ય શ્રીમોટાનાં દર્શન કરીએ છીએ' એવું જે મોઢેથી બોલીએ છીએ એનો કશો વાસ્તવિક અર્થ આપણા ખ્યાલમાં નથી, કેમ કે 'દર્શન' થવાં એ કંઈ સ્થૂળ ઇંદ્રિય માટે સહેલ નથી. આથી, મેં એમ જણાવ્યું કે આપણે પૂજ્ય શ્રીમોટાને 'જોઈએ છીએ' - 'મળીએ છીએ' - ત્યારે આપણે એમના શરીરને જોઈએ છીએ અને મળીએ છીએ, એ 'મોટા' શરીરધારી હોવા છતાં તે 'ए' નથી. આવું આપણને એ ઉપરથી સમજાય છે કે એમના શરીરને આટલા બધા અસહ્ય પીડાકારી રોગો હોવા છતાં એમની આપણને સૌને મળવાની અને આપણી સૌની સાથે વાતચીત દ્વારા પ્રેમ કરવાની લાક્ષણિકતા કેવી ફોરી ઊઠે છે ! જો શરીરના રોગ આટલા બધા પીડાકારી હોય તો કોઈ પણ શરીરધારી જીવ અવિરતપણે આવા પ્રકારનું વલણ દાખવી કે દર્શાવી ન શકે. તીવ્ર સંકલ્પ કે મનોબળથી અમુક ક્ષણો રોગની પીડાને વિસારી શકાય, પણ આટલું બધું સાતત્યપૂર્ણ પ્રેમભર્યું પ્રસન્ન વલણ ટકતું આપણે જોઈ-માણી શકીએ છીએ, એ જ દર્શાવે છે કે પૂજ્ય શ્રીમોટા અને એમનું શરીર અભિન્ન નથી.

વળી, આ પળે બીજી એક વાત પણ કહી દઉં. પૂજ્ય શ્રીમોટાએ આપણી સાથે સંબંધ બાંધ્યો છે અને એ જ એ સંબંધ નિભાવે છે - બઢાવે છે એવું પણ મને લાગ્યા કરે છે.

એ સંબંધ માટે આપણો પુરુષાર્થ નથી. પૂજ્ય શ્રીમોટાની આ કરુણા ખૂબ જ નોંધપાત્ર છે.

પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકમાં ગઝલો પ્રકાશિત થવા દીધી છે, એ તેઓશ્રી કહે છે તે મુજબના અર્થમાં 'ભજનો' છે. પૂજ્ય શ્રીમોટાને ઘણું ફરવાનું રહે છે. આથી, તેઓ જ્યાં જ્યાં જાય ત્યાં સતત આ 'ભજનો' લખ્યા જ કરે. એમની કલમ અટક્યા વિના ચાલ્યા જ કરે. આ ભજનોમાં એમની પ્રભુ પરત્વેની ભાવનાની ભક્તિજ્વાળાનો પ્રકાશ છે અને સાથે સાથે એ બધું કેવી રીતે બની શક્યું એના ગૂઢ ઈતિહાસનો અણસાર છે.

આ પુસ્તકના સંપાદક તરીકે મારું નામ પ્રકાશિત કરીને પૂજ્ય શ્રીમોટાએ મને માન આપ્યું છે. એ માટેની મારી કશી જ પાત્રતા નથી એમ મારે કહેવું જોઈએ. તેમ છતાં પૂજ્ય શ્રીમોટાના અનુગ્રહનો અનાદર પણ મારાથી ન જ કરાય એ પણ એટલું જ સાચું છે.

પૂજ્યશ્રીની આ રચનાઓ કોઈ પણ શ્રેયાર્થીને ઘણી રીતે માર્ગદર્શક બની રહેશે.

## ૪૨. 'જીવન રંગત'

**શ્રી કાંતિભાઈ કાંટાવાળા**

આ 'જીવન રંગત' પ્રગટ થાય છે, એમાં મારે નિમિત્ત બનવાનું થયું એ મારું સદ્ભાગ્ય છે. પૂજ્ય શ્રીમોટાના આ પુસ્તકમાંની ગઝલો હરહંમેશ મને પોસ્ટકાર્ડ દ્વારા મળતી હતી. હું એ વાંચતો અને એથી રાજીપો થતો હતો. હવે એ ગઝલો-

ભજનો પુસ્તકાકારે પ્રગટ થાય છે ત્યારે મારા દિલમાંની કેટલીક વાતો કહેવાનું મન થાય છે.

મનુષ્યનું જે જીવદશાનું જીવન છે, એમાંથી શિવદશામાં ઊંચે લઈ જવા માટે અનેક પ્રકારની વિચારણા છે. પણ પૂજ્ય શ્રીમોટા જીવનવિકાસ માટે એક નોંધપાત્ર વિચાર રજૂ કરે છે કે આ માર્ગમાં જરાય ‘Short cut’ નથી. પ્રભુનો ભાવ એમ કંઈ સહેલાઈથી પ્રાપ્ત થઈ શકતો નથી. વળી, એ આશીર્વાદ કે કૃપા યાચવાથી પણ મળતો નથી. એ માટે જેણે એ અનુભવવું હોય એણે જાતે જ મથવું રહ્યું. જાતે મથ્યા વિના, મહેનત વિના પ્રગતિ થઈ શકતી નથી. જીવનવિકાસ માટેની આ વાત મને ઘણી જ ઉત્સાહપ્રેરક લાગી છે. અને આ વાત ઘણી જ સરળ લાગતી હોવા છતાં કેટલાક ભ્રમોને ભાંગી પણ નાખે છે.

પૂજ્ય શ્રીમોટાએ જીવનવિકાસના આ માર્ગ માટે સ્મરણનો મહિમા ગાયો છે. ભગવાનના નામનું સ્મરણ પણ ભગવાનનો ભાવ અનુભવવાના હેતુ સાથે લેવાવું જોઈએ. અને એ હેતુની સભાનતાથી એ સ્મરણ અખંડ થવું જોઈએ. જો ભગવાનનો ભાવ અનુભવવા માટેની ‘ધગધગતા જ્વાળામુખી જેવી તમન્ના’ જાગે નહિ ત્યાં સુધી સ્મરણના સાધનમાં અખંડિતતા પ્રગટતી નથી. અને અખંડ સ્મરણ વિના પ્રભુનો અનુભવ પણ થતો નથી. પૂજ્ય શ્રીમોટાનો આ વિચારભાવ મારા દિલમાં વજ્રલેપ જેવો થઈ ગયો છે. પૂજ્ય શ્રીમોટાની સાધનામાં સ્મરણ મોખરે હતું. અને આજે પણ કેવા સ્વરૂપે છે એનું દર્શન મને થયું એનો ઉલ્લેખ કરવો મને યથાર્થ લાગે છે.

તા. ૨૭મી જાન્યુઆરી, ૧૯૭૩ના રોજ પૂજ્ય શ્રીમોટાનાં આંતરડાંમાં ગંભીર અને અસહ્ય વેદના થવા લાગી. પરિસ્થિતિ એવી કક્ષાએ પહોંચી કે તેઓશ્રીને હૉસ્પિટલમાં ખસેડવામાં આવેલા. ડૉક્ટરો એમના પેટ ઉપર શસ્ત્રક્રિયા કરવાનો વિચાર કરી રહ્યા હતા, એ વેળાની શરીરની વિષમ અને અસહ્ય પીડાકારી સ્થિતિમાં પણ તેઓશ્રીના ચિત્તમાંથી 'શ્રીસદ્‌ગુરુ' વિશે શ્લોકો સ્ફુરતા હતા. એક શ્લોક દૃષ્ટાંત તરીકે નીચે જણાવવાની રજા લઉં છું.

(અનુષ્ટુપ)

'શ્રીસદ્‌ગુરુતણા જેવી ના કોઈની બિરાદરી,
સાથ આપ્યો, દીધો કૉલ, વજ્રલેપ બરાબરી !
છેડો તો ફાડી નાખીએ એનો તો આપણે કદી,
કિંતુ ફાડી ન નાખે છે છેડો તે આપણો કદી !'

મને તેઓએ એ શ્લોકો પૂરી સ્વસ્થતા અને પ્રસન્નતાથી ઊતરાવેલા. હું આ દૃશ્ય જોઈ દિંગ થઈ ગયો. અખંડ સ્મરણના પ્રભાવથી અને સ્મરણસાધનાની એ અખંડિતતાથી પ્રભુભાવ જાગે છે, ત્યારે શરીર અને આત્મતત્ત્વની ભિન્નતાની સાક્ષીરૂપ સ્થિતિ પ્રાપ્ત થઈ શકે છે. આ પ્રત્યક્ષ દૃષ્ટાંત મારે માટે ખૂબ જ પ્રેરક બની રહ્યું.

પૂજ્ય શ્રીમોટા પોતાના શરીરની આવી વેદનાભરી સ્થિતિમાં જે સર્જન કરે છે, એ એમનાં સ્વજનો પરત્વેનો એમનો એક પ્રકારનો અનુગ્રહ છે, એમ મને લાગે છે. પૂજ્ય શ્રીમોટાના અનુગ્રહની વાત આવતાં મને અંગત સ્મરણ થઈ આવે છે. સૌ. નર્મદાબહેનના અવસાનના સમાચાર પૂજ્ય શ્રીમોટાએ

જાણ્યા કે તરત જ નડિયાદથી તેઓશ્રી મારે ત્યાં પધારેલા અને સ્વ. નર્મદાબહેનના મૃતદેહની નનામીને પોતાનો ખભો આપેલો અને સ્મશાનભૂમિ ઉપર અગ્નિસંસ્કાર વેળાએ પણ તેઓશ્રી ઉપસ્થિત રહેલા. આવે પ્રસંગે પૂજ્ય શ્રીમોટાના આગમનથી નામસ્મરણને એક જબ્બર વેગ પ્રગટેલો. એથી કરીને મૃત્યુના પ્રસંગે દિલમાં શોકનો જે ભાર હોય છે, એ હળવો બનીને, સહ્ય બની શકેલો, એટલું જ નહિ પણ આખીય ઘટના જાણે એક પસાર થતી લાગણી હોય એવાં તટસ્થતા અને સાક્ષીપણું અનુભવાતાં હતાં. આ સ્થિતિનો અનુભવ એ પૂજ્ય શ્રીમોટાની કૃપાનું પ્રત્યક્ષ પરિણામ સમજાયું છે. ત્યાર બાદ ૧૩ દિવસ લગી નીચે મુજબની પ્રાર્થના કરવાનું તેઓશ્રીએ શ્રી નંદુભાઈને મારી પાસે મોકલીને જણાવેલું :-

'ગયેલા આત્માને મનહૃદયથી, આપજે શાંતિ પૂરી,
બધી રીતે એનું પ્રભુ, કરવજે સર્વ કલ્યાણ શ્રીજી,
બધા જીવો સાથે ગત જીવનમાં જે થયેલો સંબંધ,
કરાવી દ્યો એને સહુ તરફથી સાવ નિશ્ચિંત મુક્ત.'

પૂજ્ય શ્રીમોટાનો આ નિરપેક્ષ પ્રેમ અવિસ્મરણીય છે. તેમની સ્વજનો પ્રત્યેની ચાહના અને માર્ગદર્શનની રીત અનોખી છે.

આવા નિરપેક્ષ અકારણ કરુણાભાવ-સ્નેહભાવમાંથી આ 'ભજનો'-ગઝલો પ્રગટી રહી છે અને એ સ્વજનો માટે પૂજ્ય શ્રીમોટાની પ્રેમપ્રસાદીરૂપ છે.

(ગઝલ)

'સ્મરણથી ભાવ ગંગા જે વહેતી શી થયેલી છે !
પવિત્ર જ સર્વ જીવનને કરી શી દેતી ગંગા તે !'

પૂજ્યશ્રીએ સ્મરણ સાધનાથી જે ભાવગંગા વહાવી છે, એ સકળ જીવનને પવિત્ર કરી દે છે. એ સ્મરણ સાધનાનો અભ્યાસ કરતાં કરતાં પૂજ્યશ્રીએ પોતે જે જે અનુભવ્યું છે, એનાં ઘણાં જ સૂચનો આ પુસ્તકની ગઝલોમાં છે. એનો હેતુ એ છે કે જો કોઈ જિજ્ઞાસુ શ્રેયાર્થી આ સાધન કર્યાં કરે તો ચડતીપડતી છતાં પ્રગતિ માટે પ્રેરણા અને હૂંફ મળ્યા કરે. સ્મરણ આમ તો સાવ જ સામાન્ય સાધન જણાય છે, પરંતુ -

'ભલે નાનકડું સાધન હો, સ્મરણ ને સ્તવન આદિ જે
-પરંતુ આચરાતાં તે, મહાશક્તિ બનેલાં છે.'

સ્મરણ એ જ મહાશક્તિ બની રહે છે એટલું જ નહિ, પણ જીવન પણ શક્તિ અનુભવે છે.

'હરિ ભજવાનું દિલ ઊગ્યું', સ્મરણના તે પ્રભાવેથી,
સ્મરણથી કેટલી મોટી, જીવનમાં તો મળી શક્તિ !'

પણ એ શક્તિનો અનુભવ થતાં પહેલાં જોકે કેટલી મથામણો થતી હોય છે, એ તો જે કરે તે જ અનુભવે. પા પા પગલી કરતાં શરૂઆત થાય છે. છતાં :-

'કદીક ગબડી પડાયું છે, કદીક લથડાયું છે પંથે,
કદીક પડતાં જ વાગ્યું છે, છતાં ના યત્ન મૂક્યા છે.'

ગમે તેવી સ્થિતિમાં પણ હેતુને પામવા કાજેની તમન્ના કેવી પ્રજ્વલતી રહેવી જોઈએ એનો ખ્યાલ આપણને આ ઉપરથી આવી શકશે. જીવનવિકાસની ઊંચી ભૂમિકામાં તો એથીય વધુ વિઘ્નો આવતાં હોય છે.

'મથાયું જેમ નીકળવા, જવાયું તેમ ઊંડું જે,
કળણમાં શું જવાયું છે, મણા જેની ન બાકી છે.'

'છતાં હિંમત ન હાર્યો છું, પ્રયુક્તિ યુક્તિ સઘળીએ
-જીવન અજમાવી જોઈને લડ્યો કિસ્મતની સંગાથે.'

પૂજ્ય શ્રીમોટાની સાધનાની આ વિશેષતા જીવનમાં બળ પ્રેરે એવી છે. પુરુષાર્થને મોખરે રાખીને સતત સંગ્રામ ખેલવો અને પ્રારબ્ધને પણ પલટવાનો દૃઢ નિર્ણય રાખવો એ સંકલ્પબળની પ્રતીતિ આમાં થાય છે.

પૂજ્ય શ્રીમોટાએ સ્મરણની આ સાધના દ્વારા સ્મરણ-ભાવની તેમ જ એ પ્રભુભાવની નિરંતરતા સાધવા માટે ગુણ શક્તિની જે સાધના કરી છે, એમાં પણ એમણે કરેલી સમન્વયકલા તદ્દન મૌલિક અને વિલક્ષણ છે. સાધન કર્યાં કરવાથી દિલમાં જે ભાવ ઊછળતો, એ જ ભાવને પાછો સાધનમાં ધાર્યા કરવો પછી :-

'બઢંતાં ભાવ જીવનમાં, બઢ્યાં છે ગુણ ને શક્તિ,
નિરંતરનો થવા ભાવ, શું વપરાયાં જ ગુણ શક્તિ.'

અને આવો ભાવ નિરંતર બને છે, ત્યારે એ પ્રભુભાવ બની રહે છે અને એ પ્રેમભાવે કરુણાભાવે નિકટમાં આવનારને સ્પર્શ કરે છે.

આ દૃષ્ટિએ પૂજ્યશ્રીની આ રચનાઓ એમની પ્રેમ-પ્રસાદીરૂપ જણાઈ છે. પૂજ્ય શ્રીમોટાનાં અક્ષરસ્વરૂપમાં જો આવો ભાવ ગૂઢ રહેલો પ્રતીત થાય છે, તો પછી એમનાં જાહેર સમાજોત્થાનનાં કાર્યો પાછળ પણ એવા જ પ્રેમભાવનો સંકેત વાંચી શકાય એવો છે.

જીવમાત્ર પ્રભુનો અંશ છે, એમ આપણે સ્વીકારીએ છીએ, એ અંશ જ્યારે પ્રભુનું કાર્ય કરવા તત્પર બને છે, ત્યારે એ

પ્રભુના હાથરૂપે વ્યક્ત થાય છે. પૂજ્ય શ્રીમોટા કહે છે, 'મારો હજાર હાથવાળો ભગવાન આ રીતે દર્શન આપે છે.' પૂજ્ય શ્રીમોટા જે જે કાર્યો માટેના સંકલ્પો કરે છે, એ એક પછી એક પૂરા થાય છે. એ જ શ્રદ્ધાની ગતિશીલતા સૂચવે છે. આ રીતે શ્રદ્ધા સંકલ્પોની સક્રિયતાથી જ્ઞાનશીલ બની રહે છે. પૂજ્ય શ્રીમોટાએ શ્રદ્ધાનાં લક્ષણો વર્ણવતાં કહ્યું છે કે 'શ્રદ્ધા ગતિશીલ, ક્રિયાશીલ અને જ્ઞાનશીલ છે.' સાચું જ્ઞાન તો અનુભવનું જ્ઞાન છે, પણ જો પૂજ્ય શ્રીમોટાની આ પ્રવૃત્તિ પાછળના સંકલ્પના બળને ઓળખી શકીએ, તો શ્રદ્ધાની ગતિશીલતા સમજાશે. અને એ શ્રદ્ધાનો વેગ 'હજાર હાથ'માંનો કોક એકાદ હાથ આપણને બનાવીને જ્યારે સક્રિયતા પ્રેરે છે ત્યારે પૂજ્ય શ્રીમોટાની ભાવગંગાની ભીનાશ અનુભવાય છે. આવા અનુભવની સભાનતા જો રહ્યા કરે, તો એવી શ્રદ્ધા પરમ જ્ઞાનમાં પ્રવેશાવવા માટે મહાશક્તિનું કાર્ય કરે. પૂજ્ય શ્રીમોટાની શ્રદ્ધાવિષયક આ પ્રકારની વિચારણા પણ એમના આ લૌકિક દેખાતા છતાં અલૌકિક કાર્યની પાછળ રહેલી છે.

પૂજ્યશ્રીનો આ પરમાર્થ જે રીતનો દેખાય છે, એ કરતાં એની ભીતરમાંની પ્રક્રિયા કેટલી ગૂઢ છે, એ નીચેની પંક્તિઓમાંથી પ્રતીત થશે :-

'જીવનમાં યજ્ઞ, તપ, દાન સતત ચાલુ રહેલાં છે,
સમાયેલાં જ પરમાર્થો બધાં પ્રત્યક્ષ સંગાથે,
થયેલી એકઠી શક્તિ બધે વહેંચાયેલી રહેવા,
તહીં વિકસાવવા પ્રાણ ખરો તે યજ્ઞ જીવનમાં.

બધું તે જ્ઞાનપૂર્વક દિલ થતું રહેતાં, ખરું તપ છે,
જીવન વહેંચાતી જે શક્તિ, જીવનનું દાન સાચું તે.
કૃપાથી પ્રક્રિયા એવી જીવનની શી રહેલી છે !
હરિની તે કૃપા કેવી સતત વર્ષ્યાં કરેલી છે !'

આ આઠ પંક્તિની ગઝલમાં પ્રત્યેક શબ્દ ખૂબ જ મહત્ત્વનો અને સૂચક છે. 'જીવન', 'યજ્ઞ', 'તપ' અને 'દાન'ના તેઓશ્રીએ કરેલા અર્થો એમનાં આ બાહ્ય કાર્યો દ્વારા સૂક્ષ્મ રીતે સાર્થક થઈ રહ્યા છે. એ પરમાર્થનું મૂલ્ય કઈ રીતે આંકી શકાય ?

આ અંગેની મારી સમજ અધૂરી છે, એટલે ખોટી પણ હોવાનો સંભવ ખરો, પણ મને પૂજ્યશ્રીની આ 'રંગત'થી જે રાજીપો થયો એ એ જ ભાવે વ્યક્ત કરવો ઠીક લાગ્યો હોવાથી આટલું લખ્યું છે. આ લખવા પાછળનો હેતુ દરેક ભાવ, કે આમ જ સમજવું એવો નથી, પણ પૂજ્ય શ્રીમોટાના શબ્દો ખૂબ જ ઊંડી અર્થ છાયાઓ લઈને આવ્યા છે. એટલી જાગૃતિથી વંચાય અને એમાંથી જીવનનો ઉઠાવ આપવા મથાય તેવા હેતુથી આટલું લખ્યું છે.

મને આશા છે કે પૂજ્ય શ્રીમોટાની આ પ્રકારની ગઝલ રચનાઓનાં આ પુસ્તકો શ્રેયાર્થીઓ માટે ખરા અર્થમાં પ્રેમપ્રસાદી બની રહેશે.

પૂજ્ય શ્રીમોટાને આવા પ્રેમપ્રસાદ બદલ પ્રણામ કરી હું વિરમું છું.

# ૪૩. ‘જીવન સ્પંદન’

**અરુણાબહેન આર. ભટ્ટ**

પૂજ્ય શ્રીમોટાએ ‘જીવન અનુભવ ગીત’ રચ્યા પછી, જીવનના અનુભવનાં વિવિધ પાસાંઓને સ્પર્શતી સંખ્યાબંધ રચનાઓ રચાયે જ જાય છે. ‘જીવન સ્પંદન’માં જે રચનાઓ ગ્રંથસ્થ થઈ છે, એમાં તેઓશ્રીના જીવનનાં અનેક સ્પંદનો આસ્વાદ્ય બની શક્યાં છે.

આ પુસ્તકની એક વિશેષતા છે. એમાં તેઓશ્રીએ ‘જીવદશાના વમળમાં’ એ મથાળાવાળા વિભાગમાં મુકાયેલી ગઝલો રચી છે, એની પાછળનો ઘણો જ ગહન ગૂઢ મર્મ રહેલો છે. તેઓશ્રીએ આ પુસ્તકના ‘લેખકના બે બોલ’ના મથાળે લખેલા લખાણમાં એ વાત સ્પષ્ટ કરી છે. પૂજ્ય શ્રીમોટાએ આ ખૂબ જ ગૂઢ અને ગહન વાતને આટલી પણ સ્પષ્ટ કરી એથી અનુભવીના ‘નિમિત્ત’ને અને અનુભવીની ‘સકળવ્યાપી’ અનુભવ લીલાને સંકેતથી પણ યત્કિંચિત્ સમજી શકાય એવું લાગે છે ખરું.

અનુભવી પુરુષ ‘નિમિત્તયોગે’ જે જે જીવો સાથે સંકળાય છે, એની પાછળની કાર્યકારણની સાંકળ કેવી સૂક્ષ્મ હોઈ શકે એનો ખુલાસો પ્રતીતિકર બની શક્યો છે. વળી, આવા અનુભવી પુરુષ પ્રત્યેના આકર્ષણ પાછળ પણ एवानुं જ પૂર્વના અનંત જન્મોનું આકર્ષણબળ જ ગૂઢ રીતે કાર્ય કરતું હોય છે, એની પ્રતીતિ પણ પૂજ્યશ્રીના લખેલા ‘લેખકના બે બોલ’માંથી મળી રહે છે.

પણ આ બધી પ્રતીતિ ઉપરથી આપણે સમજવાનું એ છે કે આવા પુરુષનો સંપર્ક પામ્યા પછી આપણું જીવન અને આપણો વ્યવહાર, ગમે તેવાં વિચ્છિન્ન અને આદર્શવિરોધી ન હોવો જોઈએ, કેમ કે સર્વમાં રહેલા ચેતનતત્ત્વ સાથે एकरुप થયેલો હોવાથી, ए અનુભવી, નિમિત્તે મળેલાં સ્વજનોની પ્રકૃતિ સાથે ખેલતો હોય છે. આથી, एના ખેલને સાથ આપીને આપણી જીવકક્ષાને ઊંચે લાવવા આપણે જાગૃતિપૂર્વક, પ્રેમભક્તિથી તેમ જ જીવનવિકાસના હેતુના જ્ઞાન સાથે મથવું જ રહ્યું. તો જ આવા અનુભવી સાથે મળ્યાની સાર્થકતા સિદ્ધ થઈ શકે.

પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકના પ્રકાશન સાથે મારું નામ મુકાવીને મને જે માન આપ્યું છે, એ માટે મારી કશી જ યોગ્યતા નથી. એમના પરિચય અને સંપર્કથી જે જે સમજ ઊગે છે, એ જીવનના વ્યવહારમાં ઊતરે નહિ ત્યાં લગી કશી રીતે પણ હું યોગ્ય ન લેખાઉં.

પૂજ્ય શ્રીમોટા આ પુસ્તકમાં ‘સ્વજનને’ સંબોધીને જે જે કહે છે, એ યથાર્થતામાં જીવવા માટે મથવાની શક્તિ, બળ આપે એવી પ્રાર્થના કરી વિરમું છું.

## ૪૪. ‘જીવન ઘડતર’

**શ્રી હરિ ઉર્ફે દિલીપભાઈ હસમુખભાઈ મહેતા**

ગાંધીજી જેમ સાધારણ મનુષ્યમાંથી જીવનના વિધવિધ ક્ષેત્રમાં પુરુષાર્થ કરીને જે તે ક્ષેત્ર સાથે આત્મસાત્ થઈ એકાત્મભાવ કેળવીને મહાત્મા ગાંધી બન્યા, એવી જ રીતે પૂજ્ય શ્રીમોટા પણ એક સામાન્ય માણસ જ હતા. ગરીબમાં ગરીબ કુટુંબમાં જન્મેલા. એવો એક સામાન્ય કુટુંબમાં જન્મેલો

ગરીબમાં ગરીબ માણસ સંતકોટિએ પહોંચશે એવું કોણ કહી શકે ? પરંતુ દરેક મહાન માણસ શરૂઆતમાં તો નાના જ હોય છે. લોકોને ખબર પણ નહિ પડે કે આ માણસ એક મહાન માણસ બનશે. બીજને ખબર હશે કે એક દિવસ તે છોડ થઈને તેની ઉપર સુવાસિત ફૂલો ખીલશે અને કેટલાયને તે સુવાસ આપશે ! એવી રીતે પૂજ્ય શ્રીમોટા જન્મ્યા હશે ત્યારે કોઈને ખ્યાલ પણ નહિ હોય કે તેઓ એક સંત બનશે અને તેમની પાસે નાનાંમોટાં કેટલાંય માણસો પોતાના જીવનમાં શાતા પામવા માટે તેમનું માર્ગદર્શન માગશે.

આ 'જીવન ઘડતર' પુસ્તક પૂજ્ય શ્રીમોટા, નાના હતા ત્યારે કેવા હતા અને શું શું કરીને તેઓ 'મોટા' બન્યા, તેની યોગ્ય હકીકત વાચકને પૂરી પાડે છે. દરેક માણસ ગુણઅવગુણથી ભરેલો છે, પરંતુ જે અવગુણનો ત્યાગ કરીને ગુણને વધારવાનો પ્રયત્ન કરે તે જ ગુણવિકાસને પંથે પળે. જેઓ મર્મી હશે એમને 'જીવન ઘડતર'નાં ભજનો વાંચીને અવગુણરહિત થઈને ગુણવિકાસનો ભાવ કેમ સધાય તેનું નિર્દેશન પણ મળી રહેશે. જેમને સાધનામાર્ગને રસ્તે જવું છે, તેમને માટે પૂજ્ય શ્રીમોટાએ યોગ્ય જ કહ્યું છે કે :-

'થયા વિના પૂરા સ્વચ્છ પૂરેપૂરા બધી રીતે,
જીવનપથમાં ધપાવાને કશી ના પાત્રતા કંઈ છે.'

પૂજ્ય શ્રીમોટાનું આ 'જીવન ઘડતર' પુસ્તક વાંચી ગયા પછી આધ્યાત્મિક માર્ગે જનારને માટે એક હકીકત ચોક્કસ થાય છે કે જિજ્ઞાસુને માત્ર ઇચ્છા થઈ કે વિચાર થયો તેથી કશું નહિ વળે. જેમ બાળકને ભણાવવો હોય તો તેને નિશાળે

બેસાડવો પડે છે. તે પછી જ તે વાંચતોલખતો થાય છે અને બી.એ. કે એમ.એ. સારા નંબરે પાસ થવું હોય, તો દિવસો સુધીના સતત અભ્યાસને અંતે જ તે તે પ્રમાણે ઉત્તીર્ણ થાય છે. એ રીતે જિજ્ઞાસુએ સાધનામાં પણ પોતાનું જીવનધ્યેય લક્ષમાં રાખીને સતત અને સખત મહેનત કરવી પડે છે. પૂજ્ય શ્રીમોટા કહે છે કે દૃઢ નિરધાર થયા વિના અને તે પ્રમાણેનું આચરણ કર્યા વિના કંઈ કશું પ્રાપ્ત થતું નથી. જીવનમાં કોઈ પણ વસ્તુ પામવા માટે :-

'મરણિયો દિલ નિશ્ચય જે ઊતરતો કર્મ વિશે છે,
જીવનના ધ્યેયના ફળને કરી સાકાર તે દે છે.'

કોઈ પણ કાર્ય એકદમ સિદ્ધ થઈ જતું નથી. તે સિદ્ધ કરવા માટે માણસે તેમાં રસ લેવો પડે છે. કોઈ પણ બાબતમાં રસ પડે એટલે તે કરવાનું માણસને મન થાય છે અને એકવાર રસ પડ્યા પછી અને મન લાગ્યા પછી માણસ તે પૂરું કરીને જ છોડે છે. આ અંગે પૂજ્ય શ્રીમોટા ખરું જ કહે છે કે :-

'જહીં રસવાળું મન બનતું વળગતું મન સહજમેળે,
પછીથી તો વળગી વળગી હૃદય તારતમ્ય પામે છે.'

અને એમાંથી કાર્ય પાર પાડવા માટેનાં નવાં નવાં સત્યો જિજ્ઞાસુને હાથ આવે છે. તેનો ઉલ્લેખ પૂજ્ય શ્રીમોટાએ નીચે મુજબ કર્યો છે :-

'સતત એકીટશે મથતા રહેવાથી જીવન વિશે
-સમજ અંતરની ગઈ ઊગતી પથે તેથી ધપાયું છે.

• • •

જીવનમાં કર્મમાં ભાવ નિરંતરનો થતો રહે છે,
જીવનનું મહત્ત્વ કર્મ શું સંપૂર્ણ થતું ત્યાં છે !

• • •

ભલે હો સંકડામણની દશા તેવી વિશે પણ જે,
સતત એકીટશે મથતો રહે, તે લહાણ પામે છે.

પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધના જે રીતે કરેલી છે, તેનો ઉલ્લેખ તેમનાં પુસ્તકોમાં તેમણે કરેલો છે. સ્મરણ, ચરણ, કૃપા, પુરુષાર્થ, ગરજ, હુકમ આદિ દ્વારા તેમની સાધનામાં જે વિકાસ થતો ગયો છે, તેનું તેમાં વર્ણન આપવામાં આવ્યું છે. પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધનામાં નામસ્મરણનો મહિમા ખાસ ગાયો છે. સ્મરણ વિશે તેઓ લખે છે કે :-

'સ્મરણ નાનકડું સાધન છે, છતાં ઉપયોગનું કેવું !
કરી જુએ હૃદયભાવે પડે તેને સમજ દિલ શું !

• • •

'સ્મરણ એ **શ્રીહરિ**ની શી પ્રતીકાત્મક પ્રતિભા છે !
સ્મરણથી **શ્રીહરિ**કેરું જીવનમાં નૂર ઝળકે છે.'

• • •

સ્મરણ એ **શ્રીહરિ**ને પામવાનું પ્રથમ પગથિયું છે. સ્મરણથી હૈયું દ્રવે છે, અંતર ઋજુ થાય છે અને પરમાત્માને જાણવા માટેની કંઈક તાલાવેલી જાગે છે. એટલા માટે જ સ્મરણનો પરિચય કરાવતાં પૂજ્ય શ્રીમોટાએ લખ્યું છે કે :-

'સ્મરણ ના માત્ર શબ્દ જ છે, જીવનમાં કિંતુ ગર્ભિત જે
-**હરિ**-સ્ફુલિંગ વસેલાનું નિદર્શન જે ખરેખર છે.'

આ રીતે જિજ્ઞાસુ જ્યારે સ્મરણ, ચરણ, ગરજ, હુકમ અને મથામણ દ્વારા ભગવાનનું નામ સહજ અને સતત લેતો થઈ જાય છે, ત્યારે એને ઈશ્વરી કૃપા અને સહાયનાં દર્શનની કંઈક ઝાંખી થતી હોય છે. એટલા માટે જ સાધનામાં કૃપાને ઘણી જરૂરી ગણી છે. કૃપા વિશે લખતાં પૂજ્ય શ્રીમોટા કહે છે કે :-

'સીધેસીધું ઉપર ઝટપટ ચઢી જાવું સરળ ના તે,
પથે ચઢતાં, વળી પડતાં, કૃપાથી સ્થિર થવાયું છે.

● ● ●

કૃપા સહાય વિના જીવન **હરિ**ના ભાવમાં ટકવું
-કદાપિ શક્ય તે ના છે, બધું બળ તે કૃપાનું છે.

● ● ●

કૃપા તો શી સ્વયંભૂ ને સહજ, સ્વતંત્ર રીતે તે
-અહેતુકી વિના માગ્યા શી પોતામેળ વહેતી છે !'

પરંતુ ભગવાનનો માર્ગ આપણે ધારીએ છીએ એટલો સરળ હોતો નથી. એમાં અનેક અંતરાયો આવતા હોય છે. કોઈ વાર નામસ્મરણની ગાડી દિવસો સુધી એટલી સડસડાટ ચાલે છે કે આપણે આનંદિત, આનંદિત રહીએ છીએ, પરંતુ તેવામાં એવો અકસ્માત આવી જાય કે દિવસો સુધી ઈશ્વરનું નામ લઈ ન શકાય. કોઈ વાર નિરાશાનો ગાળો એવો આવે કે ભગવાનનું નામ લેવાની આપણી રુચિ ઊડી જાય. ઘણી વાર વર્ષો સુધી પ્રભુમાર્ગે વળેલા જીવોને એવી નિરાશા સાંપડે છે કે તેઓ સાધના કરવાનું છોડી દઈને પાછા સંસારમાં આવીને પોતાનું કામ કરતા હોય છે. મનુષ્યના જીવનમાં પ્રકૃતિ કેવો ભાગ ભજવે છે, તેનું આલેખન પૂજ્ય શ્રીમોટાએ નીચેની બે લીટીમાં સુંદર રીતે કર્યું છે :-

'જીવનમાં કેટલો મોટો સ્વભાવ ભાગ ભજવે છે !
સ્વભાવ મિત્ર ને શત્રુ જીવનમાં શો ઉભય તે છે !'

જીવનમાં ઘણી વાર આપણા જ વિચારો આપણને તારે છે, તો ઘણી વાર આપણા જ વિચારો આપણને મારે છે, એવું પણ બનતું હોય છે. એટલે માણસે જો ચેતવાનું હોય તો પોતાની જાતથી ચેતવાનું છે. સામાન્ય માણસોને જીવન સમજવા માટે સૂચક કડીઓ પૂજ્ય શ્રીમોટાએ લખી છે, તે પ્રેરણાત્મક હોઈને નીચે આપી છે :-

'મળે તક આજ જીવન જે' કદાપિ કાલ ના મળશે,
વધાવી આજની તક લઈ, કરી ઉપયોગ લો આજે.

● ● ●

મળેલું માનવી જીવન વૃથા જે વેડફી દે છે,
શરીરે માનવી છો હો, છતાં તે માનવી ના છે.

● ● ●

જીવન જીવવાતણો જેને કશો આદર્શ દિલ ના છે,
જીવન તે ચીંથરા જેવું શું તેનાથીય બદતર છે !

● ● ●

શું ગાડરિયા પ્રવાહે સૌ જીવન એળે ગુમાવે છે !
પછી તેવા કરે જ્ઞાનતણી વાતો શી ફોગટ તે !

● ● ●

બધાંયે જાગતાં છો હો, છતાં તે જાગતાં ના છે,
નર્યાં ઘોર્યાં કરે છે તે, છતાં તેયે ન જાણે છે.'

જેમને જીવનમાં કંઈક કરવું છે, તેમને ઉપરની કડીઓ ઘણું ઘણું કહી જાય છે. સમજુને સાનમાં જેવી ઉપરની કડીઓ

જો મનુષ્યને સ્પર્શે નહિ તો પછી એ જીવનને સમજવા જ માગતો નથી અને ગતાનુગતિક રીતે જ જીવવા માગે છે એમ માનવું રહ્યું. બાકી, સમાજને જો સમજવું હોય તો શ્રીમોટાએ તો સૌને ખુલ્લંખુલ્લા કહ્યું છે કે :-

'જીવનને જો ન સમજ્યા તો બધુંયે ધૂળધાણી છે,
જીવનનો હેતુ ના જાણ્યો પછી ડહાપણ નકામું છે.

• • •

ભલે ડહાપણનો દરિયો છે, છતાં જીવનને અનુભવવા
-ન ખપ લાગ્યો પૂરો જો તે, ખરે ! તે જાણી લો મિથ્યા.'

ભગવાનને સમજવો ભાવ વિના મિથ્યા છે. કોઈ પણ વસ્તુ પામવી હોય તો તેના વિશે યોગ્ય આદર થાય તો જ તે પમાય છે. ભાવના પ્રાગટ્ય પછી આદર જાગે છે. એટલા માટે જ સંતજનોએ ભાવનો મહિમા ગાયો છે. પૂજ્ય શ્રીમોટા ભાવ વિશે કહે છે કે :-

'જીવનમાં ભાવનો કીમિયો શું સૂક્ષ્મ ગૂઢ કીમિયો છે !
જીવન જે પ્રકૃતિકેરું શું કીમિયાથી રસાતું છે !

• • •

**હરિ**ના ભાવનું જ્યારે જીવન સામ્રાજ્ય વ્યાપે છે,
સમયનું ભાન ત્યારે તો જરાસરખું ન લાગે છે.

• • •

**હરિ**ને જીવતો હૃદયે પળેપળ રાખવાનું જે
-કરે છે ભક્તિથી પૂર્ણ, **હરિ** તેને સજીવન છે.'

• • •

અને એકવાર **હરિ** જેને સજીવન થાય છે, પછીથી તો તેના જીવનમાં અખંડ ભાવ જાગે છે અને પૂજ્ય શ્રીમોટાએ વર્ણવ્યું છે તેમ :-

'નિરંતરનો થતાં ભાવ, મજા આનંદ કેવાં છે !
અણુ, અણુ, રોમેરોમમાં પ્રસરતો ભાવ રસ શો છે !

અવકાશની બહાર જતાં જેમ વાહનને સ્વયંશક્તિ આવે છે, એમ ભગવાનના ભક્તને પણ ભગવાનમય થઈ જતાં સ્વયંશક્તિ પ્રગટ થાય છે, એનું બ્યાન પૂજ્ય શ્રીમોટાએ નીચેની બે લીટીમાં યોગ્ય રીતે વ્યક્ત કર્યું છે :-

'**હરિ**ની યાદથી જીવન ભર્યું ભર્યું દિલ લાગે છે,
**હરિ**ની યાદથી જીવન નશીલું ને રસીલું છે.'

**'જીવન ઘડતર'**નું કથન આ રીતે સંપૂર્ણ થાય છે. આજે તો પૂજ્ય શ્રીમોટા ઘણા જાણીતા છે અને તેમને મળવા આવનારાં પણ અનેક હોય છે, પરંતુ જ્યારે તેઓ ખાસ જાણીતા ન હતા અને કુંભકોણમ્ આશ્રમે એકલા રહેતા હતા, ત્યારથી એમના સહવાસ અને સમાગમમાં આવવાનું સદ્ભાગ્ય અમારા કુટુંબને સાંપડ્યું છે. અમારા કુટુંબને એમણે જે પ્રેમ બક્ષ્યો છે, તે અમારા જીવનનું એક મોંઘામૂલું સંભારણું બની રહેશે. તેઓ કુંભકોણમ્થી દૂર દૂર આજે ભલે નડિયાદમાં કે સુરતમાં હોય, પરંતુ તેમની અમીદૃષ્ટિ સદાય અમારી પ્રતિ હોય છે, તેનો અનુભવ અમને અનેક વાર થયો છે અને થતો રહો એ જ પ્રાર્થના.

પૂજ્યશ્રીના આ પ્રકાશનમાં મને જે નિમિત્ત બનવાની તક મળી છે, તેને મારા જીવનમાં સાંકળી લઈને તેમણે આ

પુસ્તકમાં આપેલા આદેશો અને ઉપદેશો અમારા જીવનમાં ઉતારવાની તક મળો એ જ અભ્યર્થના.

## ૪૫. 'જીવન તપ'

**- કાંતાબહેન ચીમનલાલ શાહ**

પૂજ્ય શ્રીમોટા હમણાં હમણાં તેમની જીવન સાધનાની સ્વાનુભવની ગઝલો લખે છે અને **'જીવન અનુભવ ગીત'**થી માંડીને અત્યાર સુધીમાં તેવાં આઠેક પુસ્તકો પ્રસિદ્ધ થઈ ગયાં છે. આ બધાં પુસ્તકોનું પ્રકાશન ખર્ચ તેમનાં સ્વજનોએ આપ્યું છે. અમે પણ પૂજ્ય શ્રીમોટાને તેમના સ્વાનુભવની ગઝલોનું એક પુસ્તક અમને છાપવા આપે તેવી વિનંતી કરી. તેમણે અમારી માગણી સહર્ષ સ્વીકારી અને તેના પરિણામરૂપ આ **'જીવન તપ'** પુસ્તક વાચકોના હાથમાં રજૂ કરતાં ખુશી થાય છે.

આ **'જીવન તપ'**માં પૂજ્ય શ્રીમોટાએ તેમની જીવન સાધનાની જે ગઝલો ગાઈ છે, તે ઉપરથી તેમણે કરેલ સાધના કયા કયા પ્રકારે થઈ, તે આપણને જોવા મળે છે. સાધના સહજ અને સરળ નથી. ગુલાબનું ફૂલ કેવું સુંદર છે ? સુંદરતાની સાથે સાથે તે સુવાસ પણ અર્પે છે, પણ એ ગુલાબ ઉગાડનારને કાંટા પણ ખમવા પડે છે. તે રીતે આ ચેતન પ્રાપ્તિની લીલા પણ એવી જ છે. પ્રભુને પામનાર ભક્તોનાં દર્શનથી આપણે ધન્યતા અનુભવીએ છીએ અને ભક્તોએ પ્રભુ પ્રાપ્તિને માટે કેવાં કેવાં કઠોર તપ કરેલાં છે, ત્યારે તેઓ પરમાત્માની પ્રાપ્તિ કરી શક્યા છે, તેની વાતો પણ આપણે ઘણાંયે ઘણી વાંચી હશે, પણ એ તો ભૂતકાળની વાતો થઈ. કદાચ તે વાંચીને કોઈને શંકાકુશંકા પણ થાય, પણ અહીં તો

એક જીવંત સંત તેમના સાક્ષાત્કારની વાતો તેમના સ્વાનુભવ સાથે કહે છે. અને તેમાં કોઈને શંકાકુશંકા થાય તો તેઓ જવાબ આપવા પણ તત્પર છે, પરંતુ કોઈકે કહ્યું છે તે સાચું જ છે કે **સમાજ જીવતા સંતને પૂજવા કરતાં મરેલા સંતને પૂજવાનું જ પસંદ કરે છે.**

ખેર, જે હો તે, પરંતુ પૂજ્ય શ્રીમોટાના જે સહવાસ-સંપર્કમાં મારાથી આવવાનું બન્યું છે અને તેમનો જે સમાગમ થયો છે અને તેમણે તેમનાં સ્વજનોને કોઈ વાર સ્નેહ નીતરતી આંખે ગદ્ગદ ભાવે તો કોઈ વાર કઠોર વાણીમાં સ્પષ્ટ શબ્દોમાં સાધનામાર્ગમાં આગળ વધવા સાધકે શું કરવું જોઈએ, તે અંગે તેઓ જે કહે છે તે સાંભળવાનો લાભ મને મળ્યો છે અને તે ઉપરથી જ મને તેમનું સાહિત્ય પ્રસિદ્ધ કરવાનું મન થયેલું અને હવે તે અમલમાં મુકાયું. તેથી, મને ઘણી ખુશી થાય છે.

**'જીવન તપ'**ની ગઝલો ઉપરથી વાચકો જોઈ શકશે કે પૂજ્ય શ્રીમોટાએ તેમનાં હૃદયનાં દ્વાર બંધ રાખેલાં નથી. સંતો તો ચોવીસે કલાક હરહંમેશ સૌને માટે તેમનાં દ્વાર ખુલ્લાં જ રાખે છે. તેઓ તો તેમના અંતરતમને પામવા માટે કોઈ વિરલો આવે તેમ ઝંખતા હોય છે અને એવા વિરલાને તે બધુંય આપવા તત્પર હોય છે, પણ એવો વિરલો ક્યાં છે ?

પૂજ્ય શ્રીમોટાએ આ **'જીવન તપ'**ના પ્રકાશનનું કાર્ય અમને સોંપીને અમારી ઉપર ઘણો ઉપકાર કર્યો છે. તેમના આદેશને અનુસરવા અમે લાયક બનીએ એ જ પ્રાર્થના.

## ૪૬. 'જીવન લહરિ'

**- ડૉ. કાંતાબહેન રામભાઈ પટેલ**

**'જીવન લહરિ'**ની ગઝલોમાં પૂજ્ય શ્રીમોટાને વ્યક્ત થવાને હું નિમિત્ત બની છું, તેનો મને ઘણો આનંદ થાય છે. એ આનંદ મારા સામાન્ય જીવનને ઉન્નત થવાને પ્રેરણાપદ બનો એવી પ્રાર્થના છે.

પૂજ્ય શ્રીમોટા સાથેનો હૃદયનો સંબંધ બાંધવાનો હેતુ આ સંસારી જીવનમાંથી ઊંચે આવવાનો છે, એવી બુદ્ધિની સમજણ હોવા છતાં, તેવી સમજણ ઘણી વખત ઊડી જતી હોય છે. એવી વેળાએ જો તેઓશ્રીનાં ચરણે હૃદયનો ભાવ અને દર્દભર્યો આર્તપોકાર પડ્યા કરતો રહે તો કાંઈક સફળતા મળે, પણ તે થવું સહેલું નથી અને તેમ થઈ શકતું નથી તેનો મને જરૂર અફસોસ છે. સાથે સાથે હાથ જોડી બેસી રહીને નિરાશામાં ડૂબી જવાનું બને તો તો પૂજ્ય શ્રીમોટાને લજવ્યા ગણાય.

સ્મરણ, પ્રાર્થના, ભજન, કીર્તન, આત્મનિવેદન, આત્મસમર્પણ અને પૂજ્ય શ્રીમોટાની જીવંત સન્મુખતા, આટલાં અને આવાં સાધનો અખંડપણે કર્યા કરવાનું બને તો સારું, એમ હૃદયથી સમજાયું તો છે, પરંતુ તે હજી પૂરેપૂરું અમલમાં મૂકી શકાયું નથી. તે બતાવે છે કે હજી મને ઊર્ધ્વ જીવનની ઊંડી ઉત્કટ ભૂખ લાગી નથી.

પરંતુ સાથે સાથે એ પણ સાચું છે કે તેઓશ્રી સાથેના સંપર્કથી હાલના આવા જીવનમાં પણ એવા ઊર્ધ્વ જીવન અંગેના સંસ્કાર કેળવાયે જાય તોપણ એવો સંપર્ક જીવનવિકાસ થવા માટે ઉપયોગનો છે જ. અને એવા સંપર્કથી જો ઉત્સાહ,

ખંત, ઉદ્યમ, ત્યાગ, ધીરજ આદિ ગુણો કેળવાયે જાય તો તે પણ એક મોટી મદદ છે. એ પણ મને સમજાય તો છે જ કે શ્રીમોટા પરત્વે પ્રબળ અનુરાગ, સ્વાર્થ કે ગરજ, હજુ પૂરેપૂરી પ્રગટેલી નથી, તે પણ મારે કબૂલ કરવી ઘટે.

અંતમાં પૂજ્ય શ્રીમોટામાં મારું દિલ રમ્યા કરે. મારું મન, દિલ, બુદ્ધિ, પ્રાણ, અહમ્ અને ચિત્ત એ બધાં જ પૂજ્ય શ્રીમોટામાં સતત રહ્યા અને રમ્યા કરે તથા મારા હૃદયનો અનુરાગ તેમનામાં પ્રબળપણે જીવતો થાય એવી મારી હૃદયની પ્રાર્થના છે.

તેમના પ્રતિ મારામાં અનુરાગ જીવતો થાય એવા મારા પ્રયત્નો શ્રીપ્રભુ આ જીવનમાં પ્રેરાવ્યા કરે એવી મારી અભિલાષા છે. પૂજ્ય શ્રીમોટાને આ રીતે વ્યક્ત થવાને પ્રભુએ મને કૃપા કરી નિમિત્ત બનાવી તે મારા જીવનનો એક અણમૂલો લહાવો ગણું છું.

## ૪૭. 'જીવન કેડી'

**શ્રી રતિલાલ ગિરધરલાલ રંગૂનવાળા**
**શ્રી ચૂનીલાલ મોતીરામ તમાકુવાળા**
**શ્રી ધનસુખલાલ ગાંડાભાઈ ઘડિયાળી**
**શ્રી અરવિંદભાઈ ચૂનીલાલ ચશ્માંવાળા**

માણસને જ્યારે મનગમતું મળે છે, ત્યારે એને ઘણી ખુશી થાય છે. આ કથન જેમ સંસારવહેવારને લાગુ પડે છે, તેમ જીવનની અન્ય બાબતોને પણ લાગુ પડે છે.

સુરતમાં રાંદેરના કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમ થતાં અમને પૂજ્ય શ્રીમોટાનો ભેટો થયો. માથે ફાળિયું, ખભે ખેસ, ખુલ્લું

શરીર અને લુંગી જેવું પહેરેલું. આવા સાદાસીધા તે સંતો હોતા હશે ? એવું એમનાં પ્રથમ દર્શને ત્યારે અમને થયેલું, પરંતુ જેમ જેમ અમે એમની સમીપમાં આવતા ગયા તેમ તેમ અમને ગમવા માંડ્યું અને એમની ખૂબી સમજાવા લાગી. પછી તો અમે એમના અને તેઓ અમારા બની ગયા.

એમની સૌને મળવાની ઢબછબ, બહેનોને ઘરની વાતો પૂછે, પુરુષોને વેપારની વાતો પૂછે અને બાળકોને તેઓ શું ભણે છે, વાંચે છે કે નથી વાંચતા, વર્ગમાં કેટલામો નંબર છે, વગેરે પ્રશ્નો પૂછે અને જો તેઓ પહેલે નંબરે પાસ થશે તો પોતા તરફથી ઈનામ આપશે એમ કહીને બાળકોને ભણવાનું શૂર ચઢાવે. સાથે સાથે બાળકોને ઘરમાં કોઈ લડે છે, મારે છે, વગેરે વિશે પણ પૂછે અને કોઈ બાળકોને લડતું કે મારતું હોય, તો તેને તેમ કરવા ના પાડે. આ રીતે ઘરનાં નાનાંથી માંડીને મોટાં સુધી બધાંયમાં તેઓ રસ લે.

એટલે જ્યારે જ્યારે પૂજ્ય શ્રીમોટા, સુરત આશ્રમે આવે ત્યારે ત્યારે ઘરનાં નાનાંમોટાં બધાં એમને મળવા જઈએ અને અમારાં ઘરની, વેપારની, છૈયાંછોકરાંના ભણતરની બધી વાત તેમને કહીએ. તેઓ અમારી વાતમાં એટલો બધો રસ લે કે બધીય વાત તેમને કહી દેવાય અને જે બાબતની અમને મૂંઝવણ થતી હોય તેનો ઉકેલ પણ તેઓ બતાવે. આ રીતે અમારું તેમની સાથેનું મિલન એટલું સહજપણે થતું ગયું કે પછી તો તેમને મળ્યા વિના અમને ચેન ના પડે અને નડિયાદથી 'મોટા' ક્યારે આવવાના છે, તે વિશે શ્રી ભીખુકાકા મળતા ત્યારે તુરત તેમને પૂછી લેતાં. કોઈ વાર તેમના કાર્યક્રમમાં

સંજોગવશાત્ કોઈ કામને કારણે એકાદ બે દિવસ આવવાનું લંબાય તો અમારા દિલમાં ઊંડે ઊંડે ત્યારે રંજ થાય અને તેઓ વહેલા આવે તો કેવું સારું ! એવા વિચારો આવે.

આ રીતે પૂજ્ય શ્રીમોટા સાથેનો અમારો સંબંધ ગાઢ થતો ગયો અને ધીમે ધીમે અમે અમારા સંસારવહેવારની, વેપારવણજની, છોકરા-છોકરીઓનાં વિવાહ અને લગ્ન સંબંધી એમ બધી વાતો એમને પૂછતા થયા અને તેઓ દરેક બાબતમાં યોગ્ય ઉકેલ આપીને અમારી મુશ્કેલીઓમાં મદદરૂપ થતા. તેથી, અમારા દિલમાં તેમને માટે એક પ્રકારનો અહોભાવ ઉત્પન્ન થયો અને તેમની ચાહનાના રંગે રંગાયા.

હમણાં હમણાં પૂજ્ય શ્રીમોટા તેમની સાધનાના સાહિત્યસર્જન તરફ વળ્યા છે. એટલે તે જાણવાની ઉત્કંઠા થાય તે સ્વાભાવિક છે. પૂજ્ય શ્રીમોટા જ્યારે સુરત આશ્રમે હોય ત્યારે, રાતે પોણાત્રણ-ત્રણ વાગ્યે ઊઠીને સ્નાનાદિથી પરવારી સુરતથી ઓલપાડ જતી વહેલી સવારની ૪-૧૦ની બસમાં બેસી સાડાચાર પહેલાં તેમની પાસે પહોંચી જઈએ અને તેઓ જે ભજનો બોલતા જાય તે અમે લખવા માંડીએ. લખાઈ જાય એટલે અમારામાંના ભાઈ ચૂની તે તેમને વાંચી સંભળાવે અને ભજનમાં કોઈ શબ્દફેર કરવા જેવો હોય તો થાય અને આ રીતે ભજનની સર્જનધારા સતત સાડા છ વાગ્યા સુધી ચાલે. એ રીતે આ **'જીવન કેડી'**નાં ભજનસર્જનના અમે સાક્ષી છીએ, એટલું જ નહિ પણ તેની સર્જનધારામાં નાહવાનું અમને સદ્ભાગ્ય સાંપડ્યું, તેને અમારા જીવનની ધન્ય ઘડી ગણીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાએ જે સાધના કરી તેનાં ભજનો આ **'જીવન**

**કેડી'**માં આપવામાં આવ્યાં છે. સાધના જે જે ક્રમે થઈ તેનાં ભજનો પણ તે તે ક્રમે રજૂ થયાં છે. એટલે જેમને સાધનામાં રસ હશે તેમને આ ભજનો માર્ગદર્શક થશે. **હરિ**રસનો આનંદ સૌને ગમે છે અને તેનો લહાવો લેવાનું સૌને મન થાય છે. કેટલાક લોકો દેવદર્શન, કથાવાર્તા, ભૂખ્યાંને ભોજન અને નાગાંને વસ્ત્ર આપીને તેવો આનંદ પામ્યાનું માને છે, પરંતુ એ આનંદ ક્ષણિક અને ઉપરછલ્લો હોય છે. **હરિ**રસનો આનંદ કશુંક આપવાથી પ્રાપ્ત થતો નથી, પરંતુ તે માટે તપ કરવું પડે અને સતત એકધારા સાધનાયજ્ઞમાં શ્રેયાર્થી જ્યારે મંડ્યો રહે છે ત્યારે **હરિ**રસમાં તેની પા પા પગલી મંડાય છે. આ માટે પૂજ્ય શ્રીમોટાએ લખેલી નીચેની કડીઓ શ્રેયાર્થીને યોગ્ય આદેશ આપી જાય છે :-

જીવનઆદર્શનો ઊર્ધ્વ જવાનો પથ તમારો જો,
જવો જોઈશે છૂટી તમ તે, સ્વભાવ ગણતરીવાળો.

• • •

પ્રકૃતિનો પડેલો હો સ્વભાવ જ જે પૂરેપૂરો
-જવો બદલાઈ સંપૂર્ણ, ખરેખર જોઈશે પૂરો.

હિમાલયની યાત્રાનું વર્ણન વાંચતાં વાચકને તેનાં સ્થળોની માહિતી મળે અને લેખકે જો તેનું રસિક બયાન કર્યું હોય તો તેના તરફ આપણે આકર્ષાઈએ, પરંતુ હિમાલયનો ખરેખરો અનુભવ તો તેની યાત્રા કરીએ ત્યારે જ થાય, એવું આ સાધનાને વિશે પણ છે. સાધનામાં અનુભવને ગુરુ ગણ્યો છે. એ વિશે પૂજ્ય શ્રીમોટાએ લખેલી નીચેની કડીઓ સમજવા જેવી છે :-

વિના અનુભવ કશી સમજણ, પૂરી ના પાર ઊતરે છે,
ખરે ટાણે જ અધવચમાં, પથે લટકાવી મારે તે.

● ● ●

હૃદયની શક્તિ વિના તો અનુભવવું ન શક્ય જ છે,
**હરિ**ની ભક્તિથી શક્તિ શી પાંગરવા જ માંડી છે !

પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધનામાં ઈશ્વરસ્મરણને ખૂબ મહત્ત્વ આપ્યું છે, તે તેમની નીચેની કડીઓ ઉપરથી આપણને જાણવા મળે છે :-

સ્મરણની ભક્તિથી કેવાં જીવનબીજ વવાયાં છે !
કૃપાની હેલી વર્ષંતાં બધાં તે ઊગી નીકળ્યાં છે.

● ● ●

સ્મરણ અભ્યાસથી લાગ્યું **હરિ**નું નામ મોટું છે,
સ્મરણનો મહાવરો પડતાં સ્મરણથી ભક્તિ જાગી છે.

ઈશ્વરપ્રાપ્તિ કોને નથી ગમતી ? પરંતુ ઈશ્વરપ્રાપ્તિને માર્ગે જતાં કેવી કેવી કઠણાઈઓ, મુશ્કેલીઓ, સંકટો વગેરે આવે છે અને સાધકે પોતાની જાત સાથે પણ કેટલી અને કેવી કડકાઈ રાખવી પડે છે, તેનો અંગુલિનિર્દેશ કરતાં પૂજ્ય શ્રીમોટા લખે છે :-

મને સંસારમાં ભારે શી ગમ ખાવી પડેલી છે !
ન ગળવા યોગ્ય પણ તેને હૃદય ગળવું પડેલું છે.

● ● ●

બહુ જ કઠણાઈ, કડકાઈ કરેલી મેં શી મુજ સાથે !
ન લાપરવાપણું ક્યાંયે દીધેલું ચાલવા સહેજે.

● ● ●

જીવનપથ ચાલતાં મારી દયા મેં તો ન ખાધી છે,
સતત ચાનક શી સંપૂર્ણ જીવનમાં ચાલવા ધરી છે !

• • •

કુટાતાં ને કુટાતાંમાં શરીર તૂટી પડેલું છે,
થયેલો ખોખરો કેવો ! બધું **આ** દિલ જાણે તે.

• • •

અનેકે વાર હાર્યો છું, પીછેહઠ પણ થયેલી છે,
પડેલું ભાગવું મારે બહુ વેળા થયેલું છે.

કેટલાક સંતમહાત્માઓ પાસે જતાં આપણે જાણે આનંદના વાતાવરણમાં પ્રવેશ્યા હોઈએ એવો ભાસ થાય છે. તેમની વાણી નીતર્યા પાણી જેવી હોય છે અને તે આપણા હૃદયને સ્પર્શે છે. તપ્ત મુસાફર જ્યારે વૃક્ષ નીચે જાય છે ત્યારે એની છાયાથી એને કેવી હાશ વળે છે ! આ સંસારના આપણે બળ્યાંઝળ્યાં માનવી આવા સંતમહાત્માઓ પાસે જતાં બધાં દુઃખદર્દો વીસરી જઈએ છીએ, એ જ એમની ખૂબી છે, પરંતુ તેમને સાધના કરતાં શું શું વીતી હશે તેની કંઈક ઝાંખી પૂજ્ય શ્રીમોટાની ઉપરની પંક્તિઓ ઉપરથી આપણને સમજાય છે.

સાધનાને માર્ગે જતાં જતાં કેટલીક મર્યાદાપાળો પણ ઓળંગવી પડે છે, તે ઉપરથી પૂજ્ય શ્રીમોટાએ કેટલાંક સત્યો તારવ્યાં છે, તે પણ સમજવા જેવાં છે.

નયનમાં મોતિયા લીધે ન દેખાતું નયનથી તે
-નીરખવાની છતાં દૃષ્ટિ ન કંઈ અંતરની ઘટતી છે.

• • •

જીવનમાં જાણવા કરતાં સમજવું યોગ્ય માન્યું છે,
હૃદય સમજી અનુભવવા પરે મેં ઝોક દીધો છે.
મીઠાની પૂતળી દરિયે સમાઈ શી જતી તે છે !
હૃદયની ભક્તિથી તેમ **हरि**રસમાં ભળાતું છે.

• • •

દિશા ચારેતરફથી જ્યાં નર્યાં વસ્ત્ર જ પીંખાતાં છે,
સમય તે સુજ્ઞ પુરુષે તો ઘટે છે મૌન ધરવું તે.
બધો જ્યાં મેળ મનનો ના, નરી ત્યાં ભાંજગડ રહે છે,
મળેલા તાર સૌ જ્યાં છે, સુરીલું યંત્ર વાગે છે.

પર્વતની તળેટીમાં ઊભા રહીને તેનું અંતિમ શિખર જોઈએ, તો એટલું સમીપમાં દેખાય કે જાણે હમણાં પહોંચી જઈશું એમ યાત્રીને લાગે, પરંતુ જેમ જેમ યાત્રી ચઢે છે, તેમ તેમ નવી નવી ટૂકો આવતી જાય છે અને અંતિમ શિખર જાણે દૂરનું દૂર જતું જાય છે. હમણાં જવાશે એવી આશાએ ચઢેલો યાત્રી કેટલેય સ્થળે વિસામા લેતો લેતો આખરે અંતિમ શિખર ઉપર પહોંચે છે. આ સાધનામાર્ગનું પણ એવું જ છે. શ્રેયાર્થીને સાધનાને પંથે જતાં અનેક અંતરાયો આવે છે. આ અંતરાયો એક પ્રકારના હોતા નથી, પરંતુ અનેક પ્રકારના હોય છે. ઘણી વાર તો શ્રેયાર્થીને એવું પણ થઈ જાય છે કે ચાલો એક અંતરાયમાંથી પસાર થયા, હવે આગળ સડસડાટ જવાશે, પરંતુ ત્યાં જ બીજો અંતરાય આવીને ઊભો રહે છે અને તેની સાધનાકૂચ થંભી જાય છે અને પાછો શ્રેયાર્થી માટે સાધનાસંગ્રામ આવીને ઊભો રહે છે. આ રીતે અનેક સંગ્રામો લડતો જ્યારે અંતિમ તબક્કે પહોંચે છે, ત્યારે તે સાધનાપદ પામે છે અને તેણે કરેલ સાધનાની કંઈક

ઝાંખી થાય છે, પરંતુ આ સ્થિતિએ પહોંચતાં અગાઉ તેના શિરે કેવી સાતપાંચ વીતી હોય છે, તે તો તેનું મન જ જાણતું હોય છે. આ સાધનાકૂચનાં કેટલાંક રહસ્યો પૂજ્ય શ્રીમોટાની નીચેની કેટલીક ઉક્તિઓમાંથી મળી રહે છે :-

વિના હેતુ જીવન જીવવું, જીવન મૃત્યુ બરાબર છે,
ઊંડો નિશ્ચય થતાં એવો અમલ જે તે થયેલો છે.

• • •

સતત બસ એક ને એક જ વિશે રમમાણ જીવતો જે
-રહેલો છે લગાતાર, **हरि** તેને મદદ દે છે.

• • •

પળેપળનો જ ઉપયોગ થવાને જ્ઞાનપૂર્વક તે
-જીવનના ધ્યેયને અર્થે કૃપાથી તો મથાયું છે.

• • •

સ્મરણ ને પ્રાર્થના, કીર્તન, નિવેદન ને સમર્પણ જે
-નિદિધ્યાસનની પ્રક્રિયા વડે શી ભક્તિ જાગી છે !
જીવનમાં હાર ને જીતની પરંપરા મળેલી છે,
ઉભયમાંથી અનુભવનું જીવનશિક્ષણ મળેલું છે.
જીવનનો ધ્યેય આધારે પ્રતિષ્ઠિત જ્યાં થતો રહે છે,
સમન્વય શો બધો ત્યારે કૃપાથી દિલ થતો રહે છે !

અને એ રીતે શ્રેયાર્થી જ્યારે સાધનાની જુદી જુદી સ્થિતિમાંથી પસાર થાય છે, તેનાં ઊલટસૂલટ પાસાંઓનું દર્શન અને તેનો પોતાની સાધનાની સાથે મેળ બેસાડે છે અને અનેક વિસંવાદિતામાંથી સંપૂર્ણ સંવાદિતામાં પ્રગટીને ઊર્ધ્વ તરફ ગતિમાન થાય છે, ત્યારે જાણે એ મનથી અને શરીરથી હળવો

ફૂલ બન્યો હોય તેવો તેને અનુભવ થાય છે, અને પંખી જેમ સહજપણે ઊડવા માંડે છે, તેમ ઊર્ધ્વ તરફનું એનું આરોહણ આપોઆપ થતું જાય છે અને જાણે એના ધ્યેયને એણે હાંસલ કર્યું હોય તેવું તેને લાગે છે. પૂજ્ય શ્રીમોટાએ તેમની **'જીવન કેડી'**માં આ સ્થિતિને નીચે મુજબ આલેખી છે :-

નીરખવું એકનું એક જ, તલસવું એકને માટે,
તલસવાનો હૃદયમાંનો ઊંડો ઉન્માદ અદ્‌ભુત છે.

● ● ●

અનુભવતાં, અનુભવતાં, પ્રકૃતિના પ્રદેશે જે,
પ્રકૃતિમાં શક્તિ જુદા જુદા પ્રવેશાતું નૂતન ક્ષેત્રે.

● ● ●

જીવનમાં શક્તિકેરાયે જુદા જુદા પ્રકારો છે,
જીવનના ઊર્ધ્વને છેડે **હરિ**શક્તિનું દર્શન છે.

આ રીતે શ્રેયાર્થીને ધ્યેયની ઝાંખી થાય છે અને પછી તો તેનો આત્મા **શ્રીહરિ**માં જ રાચે છે, તેનું વર્ણન પૂજ્ય શ્રીમોટાએ નીચે મુજબ કર્યું છે :-

**હરિ**ના ભાવમાં જીવવું જીવન તે સાચું જીવન છે,
પ્રતીતિની પ્રતિષ્ઠા શી જીવન મારે થયેલી છે !

● ● ●

અમે **एना** પૂરા યંત્ર, બજાવે જે રીતે અમને,
અમે તે રીત વાગીશું, ન અમને કોઈ પણ રીત છે.

પછી શ્રેયાર્થીને પોતાપણા જેવું રહેતું નથી, સમગ્ર સૃષ્ટિ સાથે તેનું સંધાન થાય છે અને સાકર જેમ દૂધમાં ભળી જઈને

એકરસ થઈ જાય છે, તે રીતે શ્રેયાર્થી **હરિ**રસમાં વિલીન થઈ જાય છે. એને પૂજ્ય શ્રીમોટા નીચેના શબ્દોમાં આલેખે છે :-

**હરિ**અસ્તિત્વની ઝાંખી હૃદય ત્યારે થયેલી છે,
ગહન, ગૂઢ, કળા સૂક્ષ્મ શી વર્તાઈ **હરિ**ની તે !

• • •

આ છે પૂજ્ય શ્રીમોટાની સાધનાની કેડીની કામણકથા.

**'જીવન કેડી'**નાં ભજનોનું શ્રવણ કરતાં કરતાં જ્યારે જ્યારે ભજનોનો વિષય બદલાતો હોય ત્યારે ત્યારે પૂજ્ય શ્રીમોટા તે વિશે ટૂંકમાં તેનો ઈશારો કરતા કે સમજાવતા ત્યારે તેનો ગૂઢાર્થ સમજવાનું અમારે માટે સરળ થતું. આ **'જીવન કેડી'**નાં ભજનો થોડા દિવસમાં જ આલેખાયાં છે, તેના અમે સાક્ષી છીએ અને તે દિવસો દરમિયાન તેનું રટણ અમારા દિલમાં થયા કરેલું, તે ઉપરથી આ કેડીની કામણકથા અમે લખી છે. બાકી, **'જીવન કેડી'**ને આલેખવાનું અમારું શું ગજું !

પૂજ્ય શ્રીમોટાએ **'જીવન કેડી'**ના સંપાદકો તરીકેનું બિરુદ આપીને અમને અમારી લાયકાત કરતાં ઘણું મોટું પદ આપ્યું છે, પરંતુ અમે તો અમારી જાતને આ **'જીવન કેડી'**નાં ભજનો સાંભળવાની અને સમજવાની જે તક મળી, તેને અમારું સદ્ભાગ્ય લેખીએ છીએ. આ **'જીવન કેડી'**નાં ભજનો જે રીતે અમે સમજ્યા તે રીતે આલોચવાનો અમે નમ્ર પ્રયાસ કર્યો છે. તેમાં કોઈ ક્ષતિ જણાય તો સુજ્ઞ વાચકો અમને માફ કરશે એવી આશા છે. પૂજ્ય શ્રીમોટાને અમારા અનેકાનેક પ્રણામ હો !

## ૪૮. 'જીવન પગદંડી'

**(૧) શ્રી કાંતિભાઈ કાંટાવાળા**

પૂજ્ય શ્રીમોટા વિરચિત **'જીવન સ્મરણ'** અને **'જીવન રંગત'** પછી આ **'જીવન પગદંડી'**ના સંપાદક તરીકે મારા જેવા નબળા મન અને અપંગ હૃદયવાળા અલ્પ જીવનું નામ રાખવામાં પૂજ્ય શ્રીમોટાની અપાર કરુણાનું એક પ્રત્યક્ષ દર્શન છે. તેઓશ્રીનો ભક્તિ-પ્રેમ-ગંગાનો અસ્ખલિત પ્રવાહ એકધારો ચાલ્યા કરે છે, તેને હું મારું સદ્ભાગ્ય સમજું છું અને આ પ્રવાહમાં તરવાની શક્તિ મળે તે માટે પ્રભુને પ્રાર્થના કરું છું. આ પુસ્તકમાંનાં ભજનોની રચના પાછળ મારે જે રીતે નિમિત્ત થવાનું બન્યું છે, એની ભૂમિકા સૌથી જુદા પ્રકારની છે. એનું સૂચન પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકના 'લેખકના બે બોલ'માં કર્યું છે. આથી, જે ઉજાસ આ ભજનો દ્વારા કળાયો એનું નમ્ર નિવેદન મારે કરવું છે.

આમ તો મારા અભ્યાસકાળથી કુટુંબના પરંપરિત સંસ્કારને લીધે, એક પ્રકારના ઉન્નત જીવન પરત્વેની ગતિ તો હતી જ, પણ ૧૯૬૭માં પૂજ્ય શ્રીમોટા સાથે સંબંધ થયો પછી એ ભૂમિકાનો એક નવો જ પટ રચાયો અને વેગ પણ મળ્યો. ૧૯૭૧ સુધી એકધારું સુખી, સફળ અને ઉત્સાહી જીવન જીવવાની કૃપા પ્રભુની મળેલી, ત્યાર પછી જીવનમાં અનેક પ્રકારની સાંસારિક, આર્થિક અને વ્યાવહારિક મુશ્કેલીઓ, મુસીબતો અને આફતોનું એકસામટું આક્રમણ શરૂ થયું. મારા માટે આ સૌથી પહેલી અઘરી પરીક્ષા હતી. ભક્તિના ભાવના વેગમાં જે વિધેયાત્મક વલણ હતું એમાં અનેક અવરોધો

અનુભવાવા લાગ્યા અને કસોટીઓમાં નાપાસ થવાનું વારંવાર બનવા મંડ્યું. પત્તાનો મહેલ કડડભૂસ થઈ તૂટવા મંડ્યો.

'જીવનના કંઈ પ્રસંગોમાં જીવનમાં કેટલું બળ તે
-ખરું પ્રત્યક્ષ જીવંતું મળેલું જાણવા ત્યારે.'
'પથે ભાંગી પડાતું જ્યાં, ખરી આપત્તિ વેળાએ,
હરિનો આશરો જે લે હરિ તેને ઉગારે છે.'

અનેક નકારાત્મક વિચારો જીવનની ઉન્નત ગતિને રોકતા હોય એવા અનુભવાયા. વ્યવહારમાં રાગદ્વેષની તીવ્રતા, માનહાનિ, જૂઠાણું, છળકપટ, પ્રપંચ અને વિશ્વાસઘાતના આઘાતો અનુભવાતાં, સંસારમાંનાં આવાં વલણોનું પ્રાબલ્ય અનુભવવા મળ્યું અને જોવા પણ મળ્યું. આ બધાં વલણોએ મારી ચિત્તસૃષ્ટિને વિક્ષુબ્ધ કરી નાખી. હું અકળાઈ ઊઠતો. પૂજ્ય શ્રીમોટાએ આવે ટાણે પ્રાર્થના કરવાની શીખ આપેલી. આથી, પ્રાર્થના કરતાં કરતાં પણ અંતરમાં એક જબ્બર સંઘર્ષ અનુભવતો હતો. આ દશામાં આ પુસ્તકમાં તેમનું માર્ગદર્શન મારાં જેવાં સ્વજનોને ઘણું ઉપયોગી બને તેમ નમ્ર મંતવ્ય છે.

'જીવન હેરાનગતિ વિશે પરેશાન થયેલું છે,
વિના હાર્યા છતાં હિંમત ઉભય કર પકડી રાખી છે,
શું ઝંઝાવાતને ઝોલે ચઢી જીવન ચૂકેલું છે !
છતાં નિશાન પ્રત્યેની નજરચૂક ના થયેલી છે.
શરમ, સંકોચ, મર્યાદા અને ઈજ્જતતણોયે તે
-બધાયે ખ્યાલ જીવનમાં ખરી કેવા ગયેલા છે !
મમત્વ ને મતાગ્રહ સૌ બધી સમજણ પડેલી જે,
બધું ઊલટાયું છે કેવું કૃપાબળના તપસથી જે !'

તેઓશ્રીએ રચેલી એક આરતીમાંની નીચેની પંક્તિઓ હું પ્રાર્થનારૂપે ગાતો.

'સર્વ મળેલાં સાથે દિલ સદ્ભાવ ઊગો,
છો અપમાન થયાં હો ત્યાંયે ભાવ બઢો.

તેમ જ

'દિલમાં કૈંક ભર્યું હો તે થકી બીજું ઊલટું,
કદી પણ મુજથી ન બનજો એવી મતિ દેજો.'

પ્રાર્થના દરમિયાનના સંઘર્ષ ટાણે ઘણાં જ નકારાત્મક વલણો જામતાં હતાં. તેથી, પૂજ્ય શ્રીમોટા જ્યારે ઉપલબ્ધ છે, તો શા માટે તેઓશ્રીને દિલની વાત ન કરવી ?- એમ વિચારીને બધું જ નિવેદન કર્યું.

પૂજ્ય શ્રીમોટા પાસે અનેક સ્વજનો પોત પોતાની અનેક પ્રકારની આશા, અપેક્ષાઓ સાથે આવે છે. અનેક પ્રકારના ભૌતિક તેમ જ દુન્યવી હેતુથી પણ પૂજ્યશ્રી પાસે લોકો આવે છે. વળી, કોક જીવ પોતાના વિકાસના હેતુથી પણ આવતા હશે ! છતાં પૂજ્ય શ્રીમોટા સૌ પ્રત્યે એક જ સરખો પ્રેમભાવ દર્શાવી સૌને તેમની તેમની પ્રકૃતિને અનુરૂપ સાધનથી જાગ્રત કરી જીવનના વિકાસનો માર્ગ જ ચીંધે છે.

મારી મુશ્કેલીઓના નિવેદનના પ્રત્યુત્તરરૂપે તેઓશ્રીએ **'જીવન પગદંડી'**માંનાં જે ભજનો લખી મોકલાવ્યાં એથી કંઈ મારી મુશ્કેલીઓ કે આફતો ઓછી થઈ નહિ, પણ મારા અંતરમાં એક શાંતિકારક સમાધાન થયું. મારી નિરાશાની પળે તેઓશ્રીના જીવનની અમુક અવસ્થાના વર્ણનવાળા પત્રોમાંની આ બે પંક્તિઓએ મને અંતર્મુખ કર્યો.

'જીવન જ્યાં થાક લાગ્યો છે' જીવનશક્તિ પરત્વેનું
-ખરું પ્રત્યક્ષ લક્ષણ તે હૃદયભાવ ઘટેલાનું.'

મને મારી નિરાશાનું, મારી વ્યથાનું, મારી અકળામણનું કારણ આમાં મળી ગયું. આથી, હૃદયભાવને વધારવા નિવેદન અને સમર્પણનાં સાધનનો સ્વીકાર કરવાનું આ પંક્તિમાંથી સૂઝ્યું.

'સ્વજનનાં પ્રશ્ન, મુશ્કેલી, ગૂંચો, આફત, વિવિધ જે છે,
ચરણમાં તે નિવેદીને સમર્પી તે અમે દઈએ.
કશી પરિણામની ચિંતા નથી ધરતા પછીથી તે
-હવાલો જે તે સોંપીને નિરાંતે સોડતાણીએ.'

પૂજ્ય શ્રીમોટા જે રીતે પરિણામની સ્પૃહા વિના પ્રભુને પ્રાર્થના કરી નિરાંતે સોડ તાણે છે, એવી શ્રદ્ધાનું બળ હૈયામાં જાગવું જોઈએ.

પૂજ્ય શ્રીમોટાએ પોતાના આ ભજન-પત્રોમાં સંસારમાંની મુશ્કેલીઓની સહજતા અને સ્વાભાવિકતાની પ્રતીતિ કરાવી છે. છેલ્લાં ચાર વર્ષ દરમિયાન જે મુશ્કેલીઓ આવી એ કસોટીરૂપે હતી. શ્રદ્ધા કેટલી ટકેલી છે અને અંતરભક્તિ-ભાવની અવસ્થા કેવી છે એની એ કસોટીરૂપ હતી. મુસીબતોની આવી સહજતાનો સ્વીકાર કરી ઊર્ધ્વગતિ પરત્વેની અભીપ્સામાં ઓટ ન આવે અને હરિના આશ્રયમાં જ નિરાંત છે, એવું બળ અને શ્રદ્ધા પ્રાપ્ત થાય એ આ 'પગદંડી'માંથી પ્રાપ્ત થતો ઉજાસ છે.

'હરિ સંભારવાથી શો હૃદય ઉત્સાહ પ્રગટે જે,
જીવનને આંટીઘૂંટીથી તરાવી પાર તે દે છે.
હૃદય વિશ્વાસ ને શ્રદ્ધા સ્મરણમાંથી ઊગે છે જે,

જીવનને તે ખરાબેથી ઉતારી પાર પણ દે છે.
સ્મરણમાં ભાવ જેનો છે, સ્મરણ તેને જીવનકેરો
-થઈને સદ્‌ગુરુ યોગ્ય નવું નવું શીખવે છે શો !'

આ ભજન-પત્રો વાંચતાં વાંચતાં જીવનવિકાસ પરત્વેની જે સૂઝ પ્રગટે છે, એથી જીવનમાં હજુ કેટલું બધું કરવાનું બાકી છે એનું પણ ભાન જાગે છે. અને આપણી પોતાની ન્યૂનતાની પ્રતીતિ થતાં પુરુષાર્થ કરવામાં (અલબત્ત, પારમાર્થિક) એક જુસ્સો પણ પ્રગટે છે. આ ભજન-પત્રો એ આંતરિક સ્થિતિનું સંશોધન કરવા પ્રેરે છે અને નિમ્ન ભાવો સામે લડવાનું બળ બક્ષે છે, એ એની નાનીસૂની ઉપકારકતા નથી. પૂજ્ય શ્રીમોટા આ ભજન-પત્રોમાં પોતાના જીવનની હકીકતના આલેખન દ્વારા આપણી પ્રકૃતિનાં વલણો સાથે કેવું લાક્ષણિક તાદાત્મ્ય સાધે છે અને આપણી અવસ્થાનું ભાન પ્રેરીને કેવાં હિંમત અને બળ આપે છે એ જ પ્રસાદી છે.

'ચમત્કારિક ભંડાર હૃદયના પ્રેમનો શો છે !
પૂરેપૂરો ન કોઈ તેને હજી ઓળખી શકેલું છે.'

પૂજ્ય શ્રીમોટાની દોરવણી આપવાની રીત તદ્દન ભિન્ન અને મૌલિક છે. દરેક સ્વજનને સ્મરણની પ્રેરણા મળ્યા કરે અને ગોથાં ખાવાં ન પડે તે માટે પુરુષાર્થની ભાવનાને મહત્ત્વ આપ્યું છે. નબળાઈ દૂર થાય અને પ્રયત્નો પ્રબળ થાય એવી એમના અનુભવની વાણી નીચેનાં ભજનોમાં વ્યક્ત થાય છે.

'હરિને શોધવા માટે ખરે પોતા વિના ક્યાંયે
-ન કોઈ યોગ્ય પાત્ર જ છે, ભલે શ્રીસદ્‌ગુરુ પણ હો.
સતત જાતે મથ્યા વિના ન ઊકલે કોયડો કદી તે

-મર્યા વિના કદી સ્વર્ગે ન કોઈથી જવાતું છે.
નિવેદન ને સમર્પણ ને ભજનકીર્તન, સ્મરણસાધન
-ગ્રહેલું પ્રાર્થનાસાધન, થયેલું છે નિદિધ્યાસન.
અભય ને મૌન, એકાંત, હૃદયથી નમ્રતાનું જે
-જીવનમાં તે બધાં સાધન હૃદયથી કેળવેલાં છે.'

પૂજ્ય શ્રીમોટાનો સંપર્ક અને સત્સંગ મારા જેવા અલ્પ જીવને મળ્યો છે, એ મારું અહોભાગ્ય છે. એમની આવી અપાર અને અકારણ કરુણા હોવા છતાં પ્રત્યક્ષ કે પરોક્ષ વર્તનથી કોક વાર એમને નારાજ કરવાનું અકસ્માતે બની જાય છે, તેની મને પાછળથી વેદના થાય છે. તેઓશ્રી આવા મારા જાણેઅજાણે થતા દોષો માટે ક્ષમા બક્ષ્યા કરે એવી અંતરની યાચના છે. તેઓશ્રી પ્રેમમૂર્તિ છે એથી જીવનવિકાસના એમના ગૂઢ અને સૂક્ષ્મ કાર્યમાં એ કદી ન્યૂનતા આવવા દેતા નથી, એમના આવા પ્રેમકાર્યને કોટિ પ્રણામ પાઠવું છું અને એમની દ્વારા વહેલી આ અમૃતવાણીની ધારામાંથી ગ્રહણ કરવાની સદ્‌બુદ્ધિ, શ્રદ્ધા અને પ્રભુસ્મરણનો પંથ લેવાની શક્તિ માટે તેમ જ મારાં જેવાં અન્ય સ્વજનોને જેમને નાનીમોટી મુશ્કેલીઓ હોય તેમને સહન કરવાને આમાંથી પ્રેરણા મળે અને હરિસ્મરણનો આશરો લેવાની ભાવના થાય તેવી પ્રાર્થના સાથે વિરમું છું.

**(૨) શ્રી રમાકાંત પ્ર. જોષી**

પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકના 'લેખકના બે બોલ'માં મારા વિશે લખ્યું છે અને આ પુસ્તકના પ્રકાશક તરીકે મારું

નામ મૂક્યું છે, આથી, ‘બે બોલ’ રૂપે મારે પણ કંઈક લખવું એમ થતાં આ લખું છું.

હું મૅટ્રિક પાસ થયો તે સમયથી પૂજ્ય શ્રીમોટાની મને પ્રત્યક્ષ તેમ જ પરોક્ષ અનેક પ્રકારની સહાય મળી છે. હું એમના નિકટ સંપર્કમાં રહું છું, એટલે મને કંઈ ને કંઈ કામ સોંપે અને તે હું કેવી રીતે કરું છું તે જોઈ, તપાસી મારા સ્વભાવનું ઘડતર કરે. આ એમની આગવી લાક્ષણિકતા છે અને મને તેની ખબર પણ છે. આથી, એઓ મને કોઈ પણ રીતે વઢે કરે એવી એમને તક ન મળે એવી ચોકસાઈ રાખવા પ્રયત્ન કરું પણ ખરો, પરંતુ તેવી સતત જાગૃતિ રાખી શકું નહિ. સોંપેલ કર્મમાં ક્યાંક ભૂલ કરું જ અને તેમને તક અપાઈ જાય. પછી તેઓશ્રી મને લડે કરે તો ખાસ ખરાબ લાગે નહિ, કારણ ક્યાં કેવી ભૂલ કરી છે, તેનું ભાન તો તે પછી તુરત જ થઈ જતું, પણ તેને તો સુધારવાની તક મળતી નહિ. પણ આવા અનુભવે બીજાં કાર્યોમાં વધુ ચોકસાઈ, વધુ જાગૃતિ રહેતી.

પ્રિય પૂજ્યના પ્રત્યક્ષ સંપર્ક અને સ્નેહ ઉપરાંત તેઓશ્રીના પરમ ચેતના સાથેના અદ્વૈતાનુભવને લીધે મને પરોક્ષ સ્પર્શ અને પારલૌકિક અનુભવો થયા છે. એની વિગતમાં ઊતરવું એ અત્રે પ્રસ્તુત નથી. તેમ છતાં, આવા અનુભવો થતા હોવા છતાં મારા અંતરમાં તેઓશ્રી કહે છે એવી ભક્તિ જાગી નથી. જાગતી નથી એનો એકરાર કરવા આટલો ઉલ્લેખ કરું છું. મને જ્યારે જ્યારે એવા ચમત્કારિક અનુભવો થયા છે ત્યારે ત્યારે જાણે કે એ બધું મેં જોયેલું છે, અનુભવેલું છે, એવા સંસ્કારો મારા સચેતન માનસમાંથી પ્રગટ થાય- એવું મને લાગ્યા કરે

કે આમાં કશું નવું નથી. ક્યાંક ક્યારેક અનુભવેલું છે. વળી, સત્પુરુષોની સોબતથી આવું તો અનુભવાય એમ બુદ્ધિ સ્વીકાર કરે, એથી આવા નક્કર અને જીવંત અનુભવોએ પણ મને પરમ ચેતના પરત્વેના અહોભાવમાં ડુબાડેલો નથી અને ભક્તિનો ઉદ્રેક અનુભવતો નથી. આ પ્રકારની સમજ પૂરતી મારી ભ્રમણા કે જડતા અથવા ઘોર તામસ પણ હોઈ શકે.

છતાં પણ ચિત્તના બંધારણમાં કર્મ પરત્વેની નિષ્ઠા અને પ્રમાણિકતાને લીધે ખંત, ઉદ્યમ અને ઉમળકો રહ્યા કરે. પહેલાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ સંપૂર્ણપણે સાંસારિક હતાં. છતાં એ મોળાં પડીને આધ્યાત્મિક માર્ગની આછી સમજ ચિત્તમાં અંકાઈ રહી છે, એનું કારણ પ્રિય પૂજ્યની સપ્રેમ કૃપા છે, એમ હું બુદ્ધિપુરઃસર સ્વીકારું છું. બુદ્ધિનો આવો સ્વીકાર હોવા છતાં ભાવ-ભક્તિનો ઉદ્રેક અનુભવાતો નથી એનો પણ હું સ્વીકાર કરું છું. પ્રિય પૂજ્યની અપાર કૃપાનો હું ભાજન બનેલો છું. મને પારલૌકિક શક્તિના અનેક પ્રકારના અનુભવો પણ થયા છે. અંતરમાં જન્મેલી આધ્યાત્મિક જીવન પરત્વેની સૂઝને લીધે હું એ માર્ગ ઉપર આગળ વધવાના પ્રયત્નો પણ કૃપામદદ માગી માગી કરું છું. છતાં હજી ભક્તિભાવમાં વેગ આવતો નથી એનો એકરાર પણ કરું છું.

**'જીવન પગદંડી'** પુસ્તકના પ્રકાશક તરીકે 'બે બોલ' દ્વારા મારા અંતરભાવની અભિવ્યક્તિને આ તક મળી છે ત્યારે મને એવી કશી પણ ભૂમિકા ન હતી, છતાં જે પ્રેમભાવ અને કૃપાને લીધે ચઢાણના આ માર્ગની સૂઝ પ્રગટી છે, એમાં પ્રેમભક્તિ ભાવભર્યો વેગ પ્રાપ્ત થાય એવી પ્રિય પૂજ્યને પ્રાર્થના કરી વિરમું છું.

## ૪૯. ‘જીવન સ્મરણ સાધના’

**શ્રી જ્યોતિબહેન રોહિતભાઈ ગાંધી**

પૂજ્ય શ્રીમોટાએ તેમની જીવનસાધનાની શરૂઆત નામસ્મરણથી કરેલી, એથી જ એમની ગઝલોના દરેક સંગ્રહમાં સ્મરણને તેમણે પ્રથમ સ્થાન આપ્યું છે.

ઈશ્વરનો મહિમા અપાર છે અને એને સમજવો હોય તો ભગવાનના નામસ્મરણ દ્વારા જ તેની કંઈક ઝાંખી આપણને થઈ શકે. સંસારવહેવારમાં રચ્યાપચ્યા રહેતા સામાન્ય માણસને આ જ ઉપાય માફક આવે એવો છે, અને તે તદ્દન સરળ અને નિર્દોષ હોઈને નુકસાનકર્તા નથી. તેથી, દરેક સંતમહાત્માઓ પણ ભગવાનનું નામ લેવાનો જ આદેશ આપતા હોય છે.

પરંતુ ભગવાનના માત્ર નામસ્મરણથી જ ઈશ્વરની અકળ લીલા સમજાઈ જાય છે એવું નથી. નામસ્મરણ તો ભગવાનને સમજવાનું પ્રવેશદ્વાર જ માત્ર છે, અને એક વખત તેમાં પ્રવેશ કર્યા પછી ઈશ્વરની અકળ લીલાને પામવા માટે શું શું કરવું તેની ગડમથલ થતાં જો શ્રેયાર્થી સાચી રીતે મથતો થશે, તો તેને બીજી બાબતો સમજાયા જશે અને તે તે પ્રમાણે આગળ વર્તવાનું પણ થશે જ.

સ્મરણ દ્વારા પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધના કેવી રીતે કરી અને નામસ્મરણ કરતાં કરતાં તેમને કયા કયા પ્રકારની મુશ્કેલીઓ આવી અને તેનું નિરાકરણ પણ કેવી રીતે થયું તેની બધી વાત તેમણે **‘જીવન સ્મરણ સાધના’**માં ગાઈ છે.

પૂજ્ય શ્રીમોટાનાં અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયેલાં સ્વાનુભવ શ્રેણીની ગઝલોનાં પુસ્તકોમાં સ્મરણ ઉપર થોડી થોડી ગઝલો

આપવામાં આવી છે. જ્યારે આ પુસ્તક આખું માત્ર સ્મરણની ગઝલોનું છે. એટલે જેમને સાધનામાં રસ છે તેમને સ્મરણનું મહત્ત્વ અને એનાં જાણવાં જેવાં બધાં પાસાંઓનું દર્શન થશે અને એ રીતે જેઓ સ્મરણ કરતાં હશે તેમને માર્ગદર્શન પણ મળશે.

સાધનાની કેડી જ્યાં સુધી આપણને હાથ આવી નથી ત્યાં સુધી આપણે એમાં અટવાઈ પણ જવાનાં અને કોઈ વાર ગોથાં ખાવાનું પણ બનવાનું. એવે સમયે પૂજ્ય શ્રીમોટાએ લખેલી ગઝલો જ આપણને એક અનુભવીની ગરજ સારશે અને ઓથ આપશે. તે રીતે, પૂજ્ય શ્રીમોટાએ આ રીતે વ્યક્ત થઈને આપણને હૂંફ આપી છે, તે માટે આપણે તેમના ઘણા ઘણા આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાની આ **'જીવન સ્મરણ સાધના'**ની ગઝલો છપાવવામાં અમે નિમિત્ત થયા છીએ તેને અમે અમારું સદ્‌ભાગ્ય માનીએ છીએ. તેમના ઉપદેશ અને આદેશ અનુસાર અમારાથી વર્તવાનું બનો એ જ અભિલાષા.

## ૫૦. 'જીવન રસાયણ'

**શ્રી જીવણલાલ ચતુરદાસ ચૌહાણ**

છેલ્લાં બે એક વર્ષથી પૂજ્ય શ્રીમોટા તેમની અનુભવ-દશાનાં ભજનો વિવિધ પ્રકારે લખતા રહ્યા છે. અને તેનું પુસ્તક પ્રસિદ્ધિનું કાર્ય તેમનાં સ્વજનો ઉપાડી લે છે. અમે પણ પૂજ્ય શ્રીમોટાને તેમનાં ભજનોના એક પુસ્તકની પ્રસિદ્ધિનું કામ સોંપવા માગણી કરી અને તેની ફળશ્રુતિ તે આ **'જીવન રસાયણ'**.

પૂજ્ય શ્રીમોટાનાં આ **'જીવન રસાયણ'**માં છપાયેલાં ભજનોનું આચમન સૌ કોઈ કરી શકે છે.-જેમ સરિતાનાં જળનું આચમન સૌ કોઈ કરી શકે છે. એને કોઈ ભેદ હોતો નથી. પંખી, પશુ, પ્રાણી, જીવજંતુ, માણસ સૌ કોઈ તેનાં પાણી પીવે છે. સરિતા તો માત્ર આપવાનો આનંદ-લહાવો જ માણે છે.

તે પ્રમાણે આપણા સંતભક્તોને પણ કશાના ભેદ હોતા નથી. તેમની પાસે પુણ્યશાળી કે પાપી, સારા કે ખરાબ, ઊંચ કે નીચ, ધનવાન કે ગરીબ, અભણ કે વિદ્વાન, શહેરી કે ગામડિયો, સ્ત્રીઓ, પુરુષો કે બાળકો સૌ કોઈ જઈ શકે છે, અને તેઓ જગતના શીતળ છાંયડે તેમને વિસામો આપે છે. સરિતાની જેમ તેઓ તો માત્ર આપવાનો આનંદ-લહાવો જ માણતા હોય છે.

જીવનમાં આનંદ તો સૌને જોઈએ છે, પરંતુ એ આનંદ મેળવવા માટે આપણે કેટલો પુરુષાર્થ કરીએ છીએ ? આનંદ મેળવવો હોય કે કંઈ કશાની પ્રાપ્તિ કરવી હોય, તો કેટલો અને કેવો પુરુષાર્થ કરવો પડે છે, તેનું દર્શન આ પુસ્તકોનાં ભજનો વાંચતાં વાચકને થશે.

ગુણોનાં નામ આપણે જાણીએ છીએ ખરાં, પરંતુ તે મેળવવા માટે આપણે શું કરીએ છીએ ? જીવનમાં **गुणप्राप्ति** અને એ દ્વારા **साधनाविकास**ને પંથે પળવા ઈચ્છતાં ભાઈબહેનો માટે આ પુસ્તક એક ભોમિયાની ગરજ સારશે. વાચકો વાંચે અને તેનો અનુભવ કરે એ જ વિનંતી.

પૂજ્ય શ્રીમોટાના આ પુસ્તકમાંથી જીવનવિકાસના મુમુક્ષુઓને સામગ્રી મળે છે. શું કરીએ તો જીવન પલ્લવિત થાય અને નવજીવનને પામે, તેનો સાર જેઓ શોધશે, તેને આ પુસ્તકમાંથી જરૂર મળી રહેશે.

આધ્યાત્મિક માર્ગનું શિખર સર કરવા માટે કેટકેટલાં પગથિયાં ચડવાં પડે છે ! અને ક્યાં ક્યાં સીધાં, આકરાં અને દુર્ગમ ચઢાણ આવે છે, તે આ પુસ્તકનાં ભજનો વાંચતાં સહેજે સમજાશે, અને **आ** માર્ગ કેવો ગહન છે, તેનો પણ સૌને ખ્યાલ આવશે.

દરેક વિષયને તેની ક્રિયા પ્રક્રિયાઓમાંથી પાર પડાય તો જ તેના વિજયને પમાય છે. તેવું જ **आ** આધ્યાત્મિક માર્ગને વિશે પણ છે.

પૂજ્ય શ્રીમોટાએ તેમની જીવનસાધનામાં કેટકેટલાં કષ્ટો સહન કર્યાં છે, તે આ પુસ્તકનાં ભજનો વાંચતાં વાચકોને જાણવા મળશે. અને જેઓ આધ્યાત્મિક માર્ગમાં આગેકૂચ કરવા ઈચ્છતા હશે તેમને તેમાંથી સ્પષ્ટ માર્ગદર્શન મળી રહેશે.

આ રીતે આવું ઉત્તમ પુસ્તક પ્રસિદ્ધ કરવાની પૂજ્ય શ્રીમોટાએ અમને અનુમતિ આપી, તે માટે અમે તેમના ઘણા ઘણા આભારી છીએ. પૂજ્ય શ્રીમોટા, તેમના દરેક પુસ્તકના વેચાણની રકમ સમાજ- પરમાર્થનાં કાર્યોમાં જ વાપરતા હોય છે. તે રીતે જેઓ આ પુસ્તક ખરીદીને વાંચશે તેમને જીવન ઉપયોગી સાચું વાંચન વાંચવા મળશે જ, તેની સાથે સમાજ-પરમાર્થનાં કાર્યોમાં મદદ કરવાનું શ્રેય મળશે તે તો વધારામાં. ગુજરાતની પ્રભુપ્રેમી જનતા આ પુસ્તકને સત્કારશે એવી આશા છે.

## ૫૧. 'જીવન પ્રવાહ'

**શ્રી રામજીભાઈ જીવરાજભાઈ પટેલ**

સુરતમાં રાંદેરની પાસે કુરુક્ષેત્રમાં એક હરિઃૐ આશ્રમ આવેલો છે અને તેમાં પૂજ્ય શ્રીમોટા નામે એક સંત રહે છે. એવી વાત ઘણી વાર સાંભળેલી, પરંતુ ત્યાં ગયેલા નહિ કે પૂજ્ય શ્રીમોટાને જોયેલા પણ નહિ.

થોડા દિવસ પહેલાં મનમાં થઈ આવ્યું કે ચાલો, આશ્રમમાં ફરવા જઈએ અને પૂજ્ય શ્રીમોટાનાં દર્શન કરી આવીએ. સદ્‌ભાગ્યે અમે ગયા ત્યારે પૂજ્ય શ્રીમોટા આશ્રમમાં જ હતા, એટલે દર્શન કરીને તેમની પાસે બેઠા. તેમણે અમારાં નામ, ઠામ, વ્યવસાય વગેરે બાબતે પૂછ્યું. ત્યાં એમના ફરવા જવાનો સમય થયો એટલે સૌ ઊઠ્યાં.

તેમને બેસવાની એક હાથગાડી આવી, તેમાં તેઓશ્રી બેઠા અને હાથગાડી ચાલી અને અમો સૌ પણ તેમની પાછળ ચાલ્યાં. રસ્તામાં પૂજ્ય શ્રીમોટા ભજનો બોલતા હતા અને ભાઈ ચૂનીભાઈ તમાકુવાળા તે લખી લેતા હતા. આવી રીતે આખે રસ્તે જતાં અને આવતાં પૂજ્ય શ્રીમોટા ભજનો બોલ્યે ગયા અને ભાઈ ચૂનીભાઈ તે લખતા ગયા. અમને આ ભજનો સાંભળવાની બહુ મજા આવી. ભગવાનના ભક્તને મોંએથી આવાં ભજનો સાંભળવાની તક મળી, તેથી અંતરમાં અમે ઘણા રાજી થયા અને બીજે દિવસે પણ આવવાનું નક્કી કર્યું.

બીજે દિવસે સમયસર અમે આશ્રમમાં પહોંચી ગયા. પૂજ્યશ્રીએ અમારા ખબરઅંતર પૂછ્યા અને ફરવાનો સમય થતાં અમે પણ સૌની સાથમાં જોડાયા. ગઈકાલની જેમ રસ્તે

પૂજ્ય શ્રીમોટા ભજનો બોલતા ગયા અને ભાઈ ચૂનીભાઈ તમાકુવાળા તે લખતા ગયા. પૂજ્યશ્રીના સ્વમુખેથી અમને ભજનો સાંભળવાનાં મળ્યાં તેથી અમને ઘણો આનંદ થયો. પછી તો પૂજ્યશ્રી પાસે દરરોજ જવાનું અમને મન થવા માંડ્યું અને એ રીતે અમો તેમની પાસે દરરોજ જતા અને ભજનો સાંભળવાનો લહાવો લેતા.

પૂજ્યશ્રીનાં ભજનો સાંભળવાનો જેમ એક લહાવો છે તેમ તેમને મળવાનો પણ એક લહાવો છે. સ્વજનને બોલાવવા, તેમના ખબરઅંતર પૂછવા, તેમના સંસારવહેવારની બાબતોમાં રસ લેવો, તેમના વેપાર વાણિજ્ય વિશે સલાહ આપવી, આ બધું તેઓશ્રી એવી અનોખી રીતે કરતા હોય છે કે તેઓ જાણે અંતરમાં વસી જાય અને આપણા લાગે. આ પ્રપંચકાળમાં જ્યારે કોઈ કોઈનું નથી ત્યારે સામેથી આવીને એક સંત આપણો હાથ પકડે છે તે એક ભગવાનની કૃપા નહિ તો બીજું શું ? અમને પૂજ્ય શ્રીમોટાની વાતોમાં અને ભજનોમાં ઘણો રસ પડવા માંડ્યો.

આ **'જીવન પ્રવાહ'** પુસ્તકમાં પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધના કેવી રીતે કરી તેને ભજનોમાં આલેખી છે. પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધનાની શરૂઆત સ્મરણથી કરેલી છે. સ્મરણને તેઓ અગત્યનું ગણે છે અને તેથી જ તેઓ સ્મરણ ઉપર વિશેષ ઝોક આપે છે અને તેથી જ સ્મરણ વિશે સ્ફોટ કરતાં તેઓ લખે છે :-

***'નમાલું ના સ્મરણ કિંતુ સ્મરણ તાકાતવાળું છે,***
***ન ખાલી વાત ફોકટ આ, અનુભવીને જ ગાયું છે.'***

જે સ્મરણથી નરસિંહ મહેતા, મીરાં જેવાં ભક્તો તરી ગયાં અને બીજાને તાર્યાં તે કોના બળે ? ભગવાનના સ્મરણના બળે. આ વાતો કોણ નથી જાણતું ? કેટલાય ક્ષુદ્ર માણસો ભગવાનના નામના બળે કેટલા મહાન થઈ ગયા છે તેની વાતો જાણીતી છે. સ્મરણનું મહત્ત્વ ગાતાં પૂજ્ય શ્રીમોટાએ યોગ્ય જ લખ્યું છે કે :-

***'સ્મરણથી માતબર જીવન કૃપાથી તો થયેલું છે,***
***જીવન જીવવાની જડીબુટ્ટી સ્મરણમાંથી મળેલી છે.'***

આમ, સાધનામાં સ્મરણ કેટલું મદદકર્તા છે, તે આના ઉપરથી સમજી શકાશે. શ્રેયાર્થી જેમ જેમ સ્મરણ કરતો જાય છે અને તેનું સ્મરણ જેમ જેમ દૃઢ થતું જાય છે તેમ તેમ એને હવે આગળ શું કરવું તેની કંઈક સ્ફુરણા અને પ્રેરણા થતી જાય છે.

આ રીતે સાધનાપથમાં ભગવાન કોઈને અધવચ રાખતો નથી. પરંતુ જેવી જેની મહત્ત્વાકાંક્ષા, મથામણ અને પુરુષાર્થ તેવો તેને માર્ગ કરી આપે છે. ખરી રીતે તો શ્રેયાર્થીની તમન્ના અને તેનો અનુભવ જ તેને સાધનાને માર્ગે આગળ દોરી જાય છે. તે વિશે પોતાનો અનુભવ ટાંકતાં પૂજ્ય શ્રીમોટા લખે છે કે :-

***'જીવનપથની કશી નહોતી સમજદારી હૃદય મુજને,***
***ચલાયું જેમ આગળ છે, છતી સમજણ થઈ ત્યારે.'***

કારણ કે સાધના વિશે શ્રેયાર્થી જે જે સાધનો કરતો હોય છે તેનાં ખ્યાલો, સમજણ વગેરે આપોઆપ તેનામાં છતા થાય છે. અને તેમ થતાં-

*'સમજ ધ્યેય પરત્વેની ન ખાલી તે પડી રહે છે,*
*ક્રિયાવંત થતી રહેતી સમજનું એ જ લક્ષણ છે.'*

જગતમાં બધાં જ બધું જ યોગ્ય રીતે જ કરતાં હોય છે એવું બનતું હોતું નથી, જો તેમ થતું હોય તો તેનું પરિણામ પણ તેવું જ આવે. આ હકીકત શ્રેયાર્થીને પૂજ્ય શ્રીમોટાની નીચેની બે પંક્તિઓ વાંચતાં તુરત સમજાશે.

*'થયા વિના પૂરેપૂરું, બધી રીત પોલું સંપૂર્ણ,*
*કદી પણ વાંસળીથી તો શકે ના નીકળી સૂર.'*

શ્રેયાર્થીએ સાધનામાર્ગમાં તેની સમજણો, માન્યતાઓ, આગ્રહો આ બધાંયને દેશવટો દેવો પડશે. એક માણસ જીવન એક રીતે જીવે છે તો બીજો બીજી રીતે જીવે છે, એવું પણ જગતમાં આપણે જોઈએ છીએ અને તેઓ બંને તેમની રીતે સાચા હોય છે. એટલે શ્રેયાર્થી જો જીવનને પોતાની સમજણનાં બીબામાં જ ઢાળશે તો તે ખોટે માર્ગે દોરવાશે, કારણ કે :-

*'જીવન ના સાંકડું ક્યાંયે સમુદ્રથીય મોટું છે,*
*મપાયું તો જીવન કદી પણ મપાવાનું જરી ના છે.'*

ઉપરની પંક્તિઓ જીવનને સમજવા માટે કેટલી યથાર્થ છે, એ જો શ્રેયાર્થી સમજે તો તેની સાધનાકૂચમાં તે આડેઅવળે ન રોકાતાં તેને જે સ્ટેશને પહોંચવું છે, તે જ સ્ટેશને જઈને તે ઊભો રહેશે, કારણ કે :-

*'પ્રગટતો ભાવ જો રહે છે, વળી જો ચેતનાત્મક તે,*
*અસર તેની ફરી વળીને રૂપાંતર તે કરાવે છે.'*
*'જીવનમાં ભાવ પ્રત્યક્ષ થતો સાકાર જ્યાં રહે છે,*
*જીવનનું નવજીવન થાતાં પછી ના વાર લાગે છે.'*

આ **'જીવન પ્રવાહ'**માં આવાં ભાવનાત્મક અને પ્રેરણાત્મક લખાણો શ્રેયાર્થીને તેની સાધનામાં માર્ગદર્શક થઈ પડશે.

સંસારવહેવારમાં ઘણા લોકો ભગવાનના ભક્તને વિશે એવું કહેતા સાંભળવામાં આવ્યા છે કે ભગવાનના ભક્તને તો ભગવાનનું નામ લીધા કરવાનું. એને ઓછી કાંઈ બીજી જવાબદારી છે ? આવા લોકોને કઈ રીતે સમજાવવું કે ભગવાનના ભક્તને જેટલી જવાબદારી છે એટલી જવાબદારી બીજા કોઈને હોતી નથી. પણ એટલું ખરું કે સામાન્ય માણસને તેની જવાબદારીનો મન ઉપર જે બોજો રહે તેવો બોજો ભગવાનના ભક્તના મન ઉપર રહેતો નથી. આ બાબતને પૂજ્ય શ્રીમોટાએ નીચેની બે પંક્તિઓમાં વ્યક્ત કરી છે :-

***'કશી ના જવાબદારી છે, છતાં પણ જવાબદારી છે,***
***શી માથાભારે જીવનની કથની મુજ સૂક્ષ્મ એવી છે !'***

પૂજ્ય શ્રીમોટાના સ્વમુખેથી આ **'જીવન પ્રવાહ'**નાં કેટલાંય ભજનો અમે સાંભળ્યાં છે અને તેનો આસ્વાદ લીધેલો છે. પૂજ્ય શ્રીમોટાનાં ભજનોની ખરી ખૂબી તો એ છે કે તે બોલતાં વાર જ સમજાઈ જાય છે. આથી જ તેમનાં ભજનોમાં અમને વધુ રસ પડ્યો અને આ ભજનો દ્વારા જ તેમની નજીકમાં અવાયું. જેમ અમને આ ભજનોમાં રસ પડ્યો તેમ સૌને તેમાં રસ પડશે એવી આશા છે.

પૂજ્ય શ્રીમોટા સાથે અમારી આત્મીયતાની જે ગાંઠ બંધાઈ છે, તે દિવસે દિવસે મજબૂત બનો અને તેમના સાંનિધ્યમાં રહેવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાવ એ જ પ્રાર્થના.

## ૫૨. 'જીવન ચણતર'

**શ્રી શિવાભાઈ માધાભાઈ પટેલ**

પૂજ્ય શ્રીમોટાનું નામ તો છાપાંઓ દ્વારા તથા ચીખોદરાના મેસર્સ અંબાલાલ આશાભાઈની કંપનીવાળા સ્નેહી શ્રી ઈશ્વરભાઈ તથા મેસર્સ એમ. બી. પેટલની કંપનીવાળા શ્રીયુત બેચરભાઈ મારફત ઘણી વાર સાંભળેલું અને એકબે વાર એમનાં દર્શન કર્યાંનું પણ યાદ છે, પરંતુ એમની સેવાનું ખરું સદ્‌ભાગ્ય તો ગયે વર્ષે મે માસમાં માઉન્ટ આબુ ખાતે મેસર્સ એમ. બી. પટેલની કંપનીવાળા શ્રીયુત બેચરભાઈના તેઓ મહેમાન બન્યા ત્યારે મળ્યું.

શ્રીયુત બેચરભાઈને તેમના ભાઈ શ્રી વાઘજીભાઈની દીકરીનાં લગ્ન અંગે એકાદ દિવસ વધુ રોકાવું પડે એવા સંજોગો આવ્યા. એટલે તેમણે મને અને મારાં પત્નીને પૂજ્ય શ્રીમોટાના સત્કાર અને રહેવાની તથા ખાવાપીવાની ગોઠવણ અને વ્યવસ્થા માટે મોકલ્યાં. સદ્‌ભાગ્યે પૂજ્ય શ્રીમોટા માઉન્ટ આબુ પધારવાના હતા, તેના એકાદ દિવસ અગાઉ અમે પહોંચી ગયાં હતાં. એટલે તેઓ જ્યારે પધાર્યા, ત્યારે તેમનું સ્વાગત અને રહેવાકરવાની સુવિધા સારી રીતે થઈ. કુંજરાવવાળા શ્રી પી.ટી. પટેલ પણ ત્યારે માઉન્ટ આબુ ખાતે હતા. તેઓ પણ અમને મદદરૂપ થયા. બીજે દિવસે તો શ્રીયુત બેચરભાઈ અને તેમનાં ધર્મપત્ની શ્રી ગંગાબા આવી ગયાં અને પૂજ્ય શ્રીમોટાને કશી અગવડ પડી નથી અને બધી ગોઠવણ સારી રીતે થઈ છે, જાણીને ખુશી થયાં.

આમ, પૂજ્ય શ્રીમોટા જેટલા દિવસ માઉન્ટ આબુ ખાતે રહ્યા, તેટલા દિવસ તેમની સેવા, સહવાસ અને સમાગમમાં આવવાનું બન્યું, તે અમારે માટે સેવાના સદ્‌ભાગ્યના ધન્ય દિવસો તરીકે બની ગયા. પૂજ્ય શ્રીમોટાના સાથી શ્રી નંદુભાઈ તથા તેમની સેવા અર્થે આવેલાં શ્રીમતી જયશ્રીબહેન અને શ્રી ઈંદ્રવદન શૅરદલાલ સૌ એવાં આનંદી હતાં કે અમે તેમની સાથે કુટુંબવત્ બની ગયાં અને પૂજ્ય શ્રીમોટાની તથા તેમની સાથે આવેલ મંડળીની યથાયોગ્ય સેવા કરવાની તક મળી, તે અમારા જીવનનું એક પુણ્ય સ્મરણ બની ગયું.

આ પછી શ્રીયુત બેચરભાઈના સુપુત્ર શ્રી મગનભાઈની દીકરીનાં લગ્ન પ્રસંગે તથા મેસર્સ અંબાલાલ આશાભાઈવાળા શ્રી જશભાઈ પટેલની દીકરીનાં લગ્ન પ્રસંગે ચીખોદરા મુકામે મળવાનું બન્યું. વાતોવાત ત્યારે **'જીવનગીતા'**ની ચોથી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાની વાત નીકળી અને શ્રીયુત બેચરભાઈએ તેની છપામણીનો તમામ ખર્ચ આપવાનું સ્વીકાર્યું. ત્યાર બાદ તે અરસામાં રચાતાં **'જીવન ચણતર'**નાં ભજનોના પુસ્તકની વાત નીકળી ત્યારે મને સહજ રીતે જ મનમાં ઉદ્‌ભવ્યું કે તેના ખર્ચ પેટે રૂ. ૩૦૦૦/- હું આપું તો કેવું ! અને પૂજ્ય શ્રીમોટાને મેં આ વાત કરી અને તેનો તેમણે પ્રેમપૂર્વક સ્વીકાર કર્યો અને આ રીતે પૂજ્ય શ્રીમોટાના સેવાકાર્યના સદ્‌ભાગ્યની અમને બીજી તક મળી, તેને અમે અમારું ગૌરવ ગણીએ છીએ.

સંતોના પ્રભાવની વાતો વાંચી છે અને જાણી છે, પરંતુ તાજેતરમાં રાજપીપળા અમારે મુકામે પૂજ્ય શ્રીમોટા પધાર્યા ત્યારે તેનો તેવો પ્રત્યક્ષ પ્રસંગ જોવા મળ્યો. એક મિત્રના

કારખાનાના ઉદ્‌ઘાટન નિમિત્તે પૂજ્ય શ્રીમોટાને એમને ત્યાં લઈ ગયા હતા. ત્યાં કારખાનામાં ઉદ્‌ઘાટન પ્રસંગને નિમિત્તે કેટલાક ભાઈઓ આવ્યા હતા. ઉદ્‌ઘાટનવિધિ પત્યા બાદ એકત્ર થયેલ સૌને હરિઃૐ આશ્રમે ઉપાડેલ પરમાર્થનાં કાર્યોની વાત પૂજ્યશ્રીએ કરી, તે ઉપરથી પ્રભાવિત થઈને એક સદ્‌ગૃહસ્થે આવીને રૂપિયા પાંચ હજારની રકમ પૂજ્ય શ્રીમોટાને ધરી. ખૂબીની વાત તો એ હતી કે આ સજ્જન આ અગાઉ કોઈ દિવસ પૂજ્ય શ્રીમોટાને મળ્યા ન હતા કે તેમના વિશે કે તેમણે ઉપાડેલ જનતા જનાર્દનનાં પરમાર્થનાં કાર્યો વિશે પણ ખાસ કાંઈ જાણતા ન હતા. પૂજ્ય શ્રીમોટાના સ્વમુખે વાતો સાંભળી, તે ઉપરથી જ તેમને રૂપિયા પાંચ હજારની રકમ આપવાનું મન થયું. બીજા ભાઈએ પણ રૂપિયા એક હજાર આપ્યા. લક્ષ્મી તો આજે છે અને કાલે નહિ હોય એવું પણ બને, પરંતુ જે લક્ષ્મી સન્માર્ગે ખર્ચાઈ છે, તેની પુનિત યાદ તો સદાય આપણા જીવનને પ્લાવિત કરી જવાની.

પૂજ્ય શ્રીમોટાએ ઉપાડેલાં કાર્યોની વિશેષતા એ છે કે સમસ્ત સમાજને સ્પર્શે એવાં કાર્યો એમણે હાથ ધર્યાં છે. છોકરાં-છોકરીઓ હિંમતવાન થાય તે માટે તરણસ્પર્ધા, સાઇકલસ્પર્ધા, તરણકુંડો, હોડીસ્પર્ધા યોગ્ય રીતે અને આયોજનપૂર્વક થાય તે માટે વિચારપૂર્વક નાણાં આપેલાં છે. સમાજમાં સાહસ કરી હિંમત દાખવે, આગમાંથી કોઈને બચાવે, ડૂબતાને કોઈ બચાવે, વાઘ-સિંહનો સામનો કરે કે અન્ય કોઈ મર્દાનગી અને પ્રમાણિકતાનું કાર્ય કરે તેની કદર માટે **'પુરાણી પારિતોષિક'** દર વર્ષે **'ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ'** તરફથી આપવામાં

આવે છે. આ સિવાય બાળકો જ્ઞાનાભિમુખ થાય તે માટે બાળપુસ્તક શ્રેણીઓ, કિશોર-કિશોરીઓ, કુમાર-કુમારીઓ માટે **'કિશોરભારતી'** પુસ્તકમાળા, યુવક-યુવતીઓ માટે **'જ્ઞાનગંગોત્રી'**નાં જ્ઞાનદાયક પુસ્તકો, સામાન્ય માણસને વેદોની જાણકારી મળે તે માટે **'વેદ પરિચય'** પુસ્તિકાઓ અને આ સિવાય ખેતીવાડી રિસર્ચમાં, વિજ્ઞાનના રિસર્ચમાં, દવાઓના સંશોધનમાં વગેરે માટે પણ લાખોનાં દાન આપેલાં છે. પૂજ્ય શ્રીમોટાએ ઉપાડેલાં આવાં પ્રજાહિતનાં કાર્યોનું મહત્ત્વ સમજીને ઈશ્વરે જેમને લક્ષ્મી આપેલી છે, તેઓ તેમની લક્ષ્મીનો સદુપયોગ તેમને આપીને કરાવે એવો અંગુલિનિર્દેશ આ પ્રસંગે કરું તો તે અયોગ્ય નહિ લેખાય.

આજના અશાંત કાળમાં જ્યારે લોકોને શાંતિની ખરેખરી જરૂર છે, ત્યારે ગરીબ, તવંગર જે જે તેમની પાસે જાય છે, તેમને શાંતિ અને આનંદ તેઓ બક્ષે છે. નાનાંમોટાં સૌનાં જીવનમાં તેઓ રસ લે છે અને જે કોઈ એકવાર તેમના સમાગમમાં આવ્યું, તેઓ તેમના આગમનની જાણ થતાં તેમને મળવાનું નહિ ચૂકવાના એવી એમની ચાહના છે. એમની આ ખાસ વિશેષતા છે અને અમે તે માણેલી છે. તેમને ઘણાં દર્દો છે અને આવાં દર્દોવાળો અન્ય કોઈ હોય તો તે ઘરની બહાર જ ન નીકળે, પરંતુ જો કોઈ તેમને પરમાર્થના કાર્ય માટે નાણાં ઉઘરાવી આપવાની વાત કરે તો ગમે તેટલી અગવડ વેઠીને પણ ત્યાં જવાનું ચૂકે નહિ એવી પરમાર્થનાં કાર્યો માટે તેમને લગની લાગેલી છે. તેમણે પ્રજાને એક જ વાક્યમાં તેમનો જીવનસંદેશો આપ્યો છે અને તે એ છે કે **'મારે સમાજને બેઠો કરવો છે.'** પ્રભુ આ માટે તેમને અનેક વર્ષોનું આયુષ્ય બક્ષે એ જ પ્રાર્થના.

# ૫૩. 'ભાવ પુષ્પ'

**શ્રી રતિલાલ મહેતા**

૧૯ જુલાઈ, ૧૯૭૪ના રોજ પૂજ્યશ્રીએ મુંબઈથી સુરત જતાં સૂચવ્યું કે '૨૦૮ પાનાંમાં લગભગ દરેક પાના ઉપર લખેલાં બબ્બે પુષ્પોનું સંપાદન તારે કરવું.' મારા માટે તે જરા આશ્ચર્યરૂપ હતું. એવા કાર્યથી તદ્દન અપરિચિત, બિનઅનુભવી એટલે પ્રશ્નાર્થરૂપ પણ. પરંતુ પૂજ્યશ્રીની મમતાળુ આજ્ઞા આગળ બોલવાનું હોય નહિ, કેમ કે ए જ કરતો-કરાવનારો છે, 'પીછે કાહે કો ગભરાના ?' એવા વિચારથી તે કામ સ્વીકારી લીધું. પૂજ્યશ્રીની એવી અનેરી કળા છે કે તેઓશ્રી તેમના પ્રત્યેક સ્વજનને અનેક રીતે 'મઠારતા' હોય છે.

જેને ઉદ્દેશીને આ પુષ્પ-મૌક્તિક-મોતી જેવાં વચનો-લખાયાં છે, તેના જીવનમાં ચેતનનિષ્ઠાનો જીવતોજાગતો ચમત્કાર સર્જાયો છે, એ તો પ્રથમ ખંડનાં શરૂનાં પાનાં ઉપર નજર ફેંકતાં જ સમજાઈ જશે. એ સર્વ હકીકતના અમે સાક્ષી છીએ, પરંતુ તે પહેલાંની સ્થિતિનો ઉલ્લેખ ટૂંકમાં કરવો જરૂરી છે.

જ્યારે તેની નૌકા કાળમીંઢ ખડકની સાથે કુટાઈ તૂટીફૂટી જવાની અણી ઉપર હતી ત્યારે અમારાથી મોહવશ થઈ જઈને લોકોત્તર પુરુષને પ્રશ્ન પૂછવાનું બની ગયું કે 'શું એનામાં જરાયે સાચી પ્રેમભક્તિ નથી કે તેના માટે કશું કરી શકો નહિ ?' અને જેમ પિતા ઉદ્ધત પુત્રને ઠપકારે તેમ તેમણે અમને નીચેનાં વાક્યોથી ઠપકાર્યા :

(અનુષ્ટુપ)

જે લોકોત્તર છે તેનાં મન પારખવા ખરું
તર્ક-દલીલ તે અર્થે શાં ટૂંકાંટચ સૌ પડે !
વિચાર કરવા તેથી શા વાહિયાત અર્થ તે !
અટપટા બધા પ્રશ્નો જીવને ઊપજ્યા કરે,
તો પછી ડો'ળવા યોગ્ય ત્યાં ડહાપણ કેટલું ?
-તે શક્તિમાન છે કોણ ? માનવીનું નથી ગજું.
જીવદશાની બુદ્ધિ તો તે અર્થે વામણી શી છે !
બુદ્ધિ તે અર્થ સંપૂર્ણ છે નાલાયક નિશ્ચયે.
ઉકેલી શકવા તેને પૂરેપૂરા, ન શક્તિ છે,
મેળે વિચારી, પોતાનો તોળવો ન્યાય યોગ્ય શો !

તેથી, કંઈક નિરાશ થતાંમાં જ, ઈશ્વરની લીલા કહો કે એ જીવનાં સત્કર્મનું પરિણામ કહો, કે પૂજ્યશ્રીની 'પ્રાર્થના'નું પરિણામ કહો : પરમાશ્ચર્ય થયું ! જોતજોતામાં બાજી પલટાઈ ગઈ ! તોફાન શમી ગયું ! દિશા બદલાઈ ગઈ ! સુખ, સુમેળ અને સંવાદની સ્થાપના પ્રભુકૃપાથી થઈ ગઈ !

આ ઉપરથી પૂજ્યશ્રીએ એક ઠેકાણે લખેલું યાદ કરવાનું મન થાય છે : 'સંતસમાગમ કદી એળે જતો નથી.... સંતસમાગમના સંસ્કારો નવા હોવા છતાં તેના બળમાં અને શક્તિમાં પેલા (રાગદ્વેષાત્મક જીવનના) સંસ્કારો કરતાં વધુ બળવાન હોય છે.... જેમ જૂના સંસ્કારો ક્રિયમાણ થતા રહેશે તેમ આ નવા સંસ્કારો પણ ઓછાવત્તા અંશે સાથે સાથે ક્રિયમાણ થવાના, અને જો સંતનો સંપર્ક ગાઢ થતો આવ્યો તો વિશેષ ને વિશેષ આ નવા જોરદાર સંસ્કારો પડ્યે જવાના અને તે

જીવનમાં વ્યક્ત થયા વિના નહિ રહેવાના.' તે જીવના સંબંધે આ લખાણની યથાર્થતા પૂરેપૂરી જોવામાં આવે છે. તે જ હકીકત પૂજ્યશ્રીએ 'મૌક્તિક'માં ગાઈ છે.

**સોબત હરિની જેને, હરિનો સંગ જેહને,**
**હરિને નિત્ય સાથે ને સાથે રાખ્યા કરે જ જે,**
**તેવાને હરિની ઓથ, હૂંફ, સ્હાય મળ્યા કરે.**
**ઊંધા સંજોગમાંયે શી એને નિશ્ચિંતતા જ છે !**

**(પૃ. ૧૫)**

માર્ગ ભૂલેલા, પડેલા અને દર્દી જેવાને માટે સંત એ દવાખાનું છે, એમ શ્રીરામકૃષ્ણ પરમહંસ અનેક વાર કહેતા. ગિરીશ ઘોષ જેવા તરફથી મળેલાં અપમાનો સહીને પણ તેમણે તેના પ્રત્યે પ્રેમવર્ષા કરી હતી એ જાણીતી વાત છે. પૂજ્યશ્રી તેમ કરતાં હોય છે ત્યારે ઘણા નાકનું ટીચકું ચડાવતા હોય છે. તે સંબંધે તેઓશ્રીનું કહેવું છે કે :-

**ગાંડાઘેલાં ભલે કર્મ કોઈકનાં હશે જગે,**
**કોઈકના ભલામાં શો જેનો ઉમંગ દિલ છે !**
**જે પરમાર્થમાં રાચે, પ્રભુમાં અભિરુચિ છે,**
**એવા સંસારી છો લાગે છતાં સંસારી તે ન છે.**

**(પૃ. ૫)**

પૂજ્યશ્રીએ તેમના એ સ્વજનને લખેલાં મોતી શાં વચનો આપણ સર્વને પ્રેરણાદાયી થઈ પડશે. હૂંફ અને આશ્વાસન આપશે.

વહાલાજીએ આટલું પ્રેમથી પ્રેરાવ્યું છે એમ માનવું. બાકી, અમારું ગજું નહિ. તેમને વારંવાર પ્રણામ હો !

## ૫૪. 'ભાવ હર્ષા'

**શ્રી લક્ષ્મણભાઈ આર. ગાંધી ઉર્ફે બચુભાઈ**

જગતમાં જ્યારે સર્વત્ર જોરશોરથી ગરીબી વિશેના પોકારો પડી રહ્યા છે ત્યારે પૂજ્ય શ્રીમોટાના ગરીબી વિશેના વિચારો જાણવા અને સમજવા સમયસરના છે, એમ માનીને તે નીચે ટાંક્યા છે. ગરીબી વિશે તેઓ લખે છે કે :-

**'ગરીબીમાં અમીરી છે' એવું અનુભવેલ છે,**
**દાંડી પીટી પીટી હું તો સર્વને કથું લક્ષ લો.'**

એક રીતે જોઈએ તો પૂજ્ય શ્રીમોટાના ગરીબી વિશેના વિચારો અત્યંત સૂચક છે. માણસમાં ભાવ હોય છે તો તેને કોઈ કાર્ય કઠિન લાગતું નથી. ભાવથી માણસમાં એવી શક્તિ પ્રગટે છે કે ગમે તેવું કઠિન કાર્ય પણ સરળતાથી પાર પાડી શકે છે. પુરુષાર્થ શું કરી શકે છે એ વાત જો આપણા સમજવામાં આવે તો જરૂર આપણે ગરીબીને હઠાવી શકીએ છીએ. તેનો પ્રત્યક્ષ દાખલો આપતાં પૂજ્ય શ્રીમોટા પોતાને જ વિશે કહે છે કે :-

**'ગરીબી હતી તેથી તો ઉપર આવવાતણું**
**જોમ કેવું હતું તેની જાણ આજે હજીય છે!**
**ઉત્સાહ કેટલો મોટો દરજ્જે આવીને ઊંચે**
**-હામ દર્શાવવા ભીડી ગરીબની શી શક્તિ તે !'** (પૃ. ૩)

અને સમાજમાં પણ ગરીબીમાંથી ઊંચે આવીને કેટલાય ઉદ્યોગપતિઓ નામાંકિત નથી થઈ ગયા ? તેઓ ગરીબીમાંથી ઊંચે કેવી રીતે આવ્યા ? તે વિશે જરા ઊંડે ઊતરીને જોઈશું

તો જણાશે કે ગરીબી કાઢવાની તેમને ગરજ જાગી હતી અને કોઈ પણ કાર્ય માટે જો ગરજ જાગે છે તો :-

**'ગરજ લાગેલ છે જેને નિરાંતે સૂઈ ના શકે,**
**સતત શું મથ્યા વિના રે'વાય ના કદીય તે !**
**એકધારું જ ચોંટેલું એનું નિશાન હોય છે,**
**નજર આડીતેડી ના એની કદીય જાય છે.'** (પૃ. ૭)

અને સાધન દ્વારા જ્યારે સાધ્ય સધાય છે ત્યારે જ તે ઝંપે છે. પછી તે સાંસારિક કર્મને વિશે હો કે આધ્યાત્મિક કર્મને વિશે. પૂજ્ય શ્રીમોટાની સાધના પણ આ રીતેં જ થયેલી છે. એમ આ ચોપડીનાં લખાણો વાંચતાં સમજાય છે. માણસમાં ભાવ જાગૃત થતાં દિલ જાગે છે અને દિલ અંતરને સ્પર્શતાં શું થાય છે ?

**'જરીક જેટલો સ્પર્શ અંતરે દિલનો થતો,**
**કર્મ તે કરતાં ત્યારે કેવો આનંદ સ્ફુરતો !**
**કર્મકેરી દીવાલોને કુદાવા શક્તિ પ્રેરીને**
**-પ્રિછાવી કર્મનું હાર્દ કર્મ પાર કરાવશે.'** (પૃ. ૧૨)

આપણે ઉપર જોયું કે ભાવ જાગે છે એટલે દિલ જાગે છે અને દિલ જાગતાં માણસ કામ કરતો થાય છે. એ રીતે દિલથી કામ કરતાં કરતાં :-

**'ખંત, ધીરજ, ઉત્સાહ, સાહસ, હામ સૌ ગુણો,**
**લાગણી, ભાવના, ભાવ જેમાંથી પ્રેરણા ફૂટે.'**

આમ, કર્મની એક ગૂંચ ઉકેલતાં, બીજી ગૂંચો ઊકલવા માંડે છે અને સાધક ધ્યેયની પ્રતિ આગેકૂચ કરે છે. આધ્યાત્મિક માર્ગમાં 'દિલ'ને મહત્ત્વનું ગણ્યું છે અને વાત પણ સાચી છે કે 'દિલ છે તો બધું છે અને દિલ નથી તો કંઈ નથી.' પૂજ્ય

શ્રીમોટાએ દિલને બિરદાવતાં યોગ્ય જ લખ્યું છે કે :-

**'દિલની વાત ન્યારી છે, દિલ જેમાં પ્રવેશશે,**
**તેના તે મર્મનું ઊંડું, સાચું જ્ઞાન કરાવશે,**
**તેવું તે જ્ઞાન તો કર્મે પાછું છતું કરાવીને,**
**ને ભગવાનનો ભાવ હૈયે અનુભવાવશે.'** (પૃ. ૧૮)

આમ, સાધનામાર્ગમાં દિલ કેવું ઉપયોગી છે તેની પૂજ્ય શ્રીમોટા, શ્રેયાર્થીને સારી સમજણ આપે છે, પરંતુ સાધનામાર્ગમાં માત્ર સમજણ અને દૃષ્ટિ કાંઈ કામમાં આવતી નથી, પરંતુ તપ, ત્યાગ, બલિદાન, સહનશીલતા, ધીરજ, સાહસ, હિંમત આદિ ગુણો કેળવીને સતત અવિરતપણે જ્યારે શ્રેયાર્થી સાધના કરતો થાય છે ત્યારે જ એનો કંઈક પત્તો ખાય છે અને એમાં પણ કોઈક વાર :-

**'હાથની મુઠ્ઠીમાં આવી ગયું, હોવા કદી છતાં**
**નાસી જતું શું લાગ્યું છે ! ગ્રહાયું તે ગ્રહાય ના,**
**ફરી ફરી થતાં હાર, નાસીપાસ થયો ન છું,**
**હામ ભીડી લીધેલી જે કર્મે શો વળગેલ હું !'** (પૃ. ૩૪)

આવા અનુભવો શ્રેયાર્થીને થતા હોય છે. આવી છે પૂજ્ય શ્રીમોટાની સાધનામાર્ગની વાતો. જેમને ભગવદ્પ્રાપ્તિ કરવી છે તેમને ઉદ્દેશીને પૂજ્ય શ્રીમોટા લખે છે કે :-

**'છૂટવી દુન્યવી માયા મહામુશ્કેલ કેવી છે !**
**તે કાજે એકલો માત્ર ઉપાય ભક્તિમાર્ગ છે,**
**ભજતાં ભજતાં ભાવે જ્યાં એકાગ્ર થવાય છે,**
**સંપૂર્ણતા થતાં તેમાં માયાનો લય થાય છે.'** (પૃ. ૫૩)

સામાન્ય સંસારીઓ માટે માયા છોડવી મુશ્કેલ હોય છે.

એટલા માટે માયા છોડવા સારુ એમણે ભક્તિનો માર્ગ સૂચવ્યો છે, પરંતુ ભક્તિ લાગવી પણ એમ સહેલી નથી. આથી, ભક્તિ વિશે લાલબત્તી ધરતાં તેઓશ્રી લખે છે કે :-

**'ભક્તિનો પંથ ના ટૂંકો, સ્હેલોસટ ન તે ભલા.'** (પૃ. ૬૭)

• • •

**'દલીલ, તર્ક, શંકા ના શમ્યાં સંપૂર્ણ જ્યાં સુધી,**
**ભક્તિનો રસ સંપૂર્ણ પાકો જામે ન ત્યાં સુધી.'** (પૃ.૬૮)

આમ, જેમને પ્રભુપંથે વળવું છે તેમને સામાન્ય જનને સમજાય એવી સરળ ભાષામાં પૂજ્યશ્રીએ માર્ગદર્શન કરાવ્યું છે.

અત્યારના આ આપદકાળમાં જ્યારે લોકોનાં દિલ સાંકડાં બન્યાં છે અને મન માંકડાં બન્યાં છે. ત્યારે સુખેથી રહેવાય એવી સ્થિતિ રહી નથી એને નાની નાની ખોલકીમાં સાંકડે માંકડે સૌ રહે છે એવી પરિસ્થિતિ સર્જાઈ છે ત્યાં શાંતિથી ભગવાનનું નામ કેવી રીતે લેવાય ? એટલા માટે જ પૂજ્ય શ્રીમોટાએ નડિયાદ, સુરતમાં એકાંતમાં સુખ અને શાંતિથી ભગવાનનું નામ લઈ શકાય તે માટે મૌનમંદિરોની સ્થાપના કરી છે. ભાવિ પેઢી હિંમતવાન, સાહસિક, સહનશીલ, નીડર, નિર્ભય થાય તે માટે તેમને તેવું પથ્ય વાંચન મળે તે માટે તેમણે યોજાનાઓ કરી છે. યુવાનોનાં શરીર સુદઢ બને તે માટે સ્નાનાગાર, દોડ, સમુદ્રતરણ સ્પર્ધાઓની યોજનાઓ કરી છે. કન્યાઓને તાલીમાર્થે 'મહાજન શક્તિદળ'ની યોજના કરી છે. આ ઉપરાંત, લોકકલ્યાણાર્થે જીવનવિકાસલક્ષી અન્ય યોજનાઓ માટે પણ લાખો રૂપિયાનાં દાન તેમણે કર્યાં છે, જેથી કરીને સમાજ બેઠો

થાય. 'મારે સમાજને બેઠો કરવો છે' એવું તેમનું જીવનસ્વપ્ન છે અને એ માટે તેઓ શરીરના ભોગે પણ સખત જહેમત ઉઠાવી રહ્યા છે. તેમણે ઉઠાવેલું કામ તેમના એકલાનું કામ નથી, પરંતુ આખા સમાજ માટેનું કામ છે. એટલે સમાજના સદ્‌ભાવી સુખી ગૃહસ્થો તેમને ઉદાર હાથે નાણાં આપે એવી વિજ્ઞપ્તિ અસ્થાને નહિ ગણાય. પૂજ્યશ્રીને અત્યાર સુધીમાં જે કાંઈ નાણાં મળેલાં છે, તે તથા તેમનાં પુસ્તકોમાંથી થતી બધી આવક તેમણે લોકભલાઈ માટે સમાજને ચરણે ધરી છે. એટલે એમની ઝોળી છલકાવી દેવી એ હવે સમાજની ફરજ થઈ પડે છે. ગોકુળનાં પ્રત્યેક જનની સહાયથી કૃષ્ણ ભગવાને ગોવર્ધન તોળ્યો હતો. એ વાત જો સમાજ લક્ષમાં લે અને સમાજના દરેક જણ લોકભલાઈને માટે કંઈ ને કંઈ દાન આપે તો લોકભલાઈનું કેવું ભગીરથ કાર્ય થાય ? પૂજ્ય શ્રીમોટાને તેમના જીવનસ્વપ્ન-સમાજને બેઠો કરવા માટે તેમની મનવાંછિત રકમ તેમને મળો એ જ પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે. તેમણે અમને તેમના કાર્યમાં નિમિત્ત બનાવી આ પુસ્તક પ્રકાશનના કાર્યમાં સાંકળ્યાં છે, તે માટે અમે તેમના ઘણા ઋણી છીએ. પરમાત્મા તેમને દીર્ઘાયુ બક્ષો અને તેમના હાથે લોકભલાઈનાં અનેક કાર્યો થાય એવી હૃદયની સદ્‌ભાવના સાથે આ 'ભાવહર્ષા' પુસ્તક વાચકોને સમર્પિત કરીએ છીએ.

## ૫૫. 'ભાવ કણિકા'

**શ્રી ચંદુલાલ મણિલાલ પટેલ**

પૂજ્ય શ્રીમોટાનું આ ૬૪મું પુસ્તક મા ગુર્જરીને ચરણે ધરતાં આનંદ થાય છે. આટલું બધું સાહિત્ય અને તે માત્ર એક

જ વિષયની, સાધનાની છણાવટ કરતું સાહિત્ય એમના શબ્દોમાં કહીએ તો 'વિરલ વીર' તરફથી જ સર્જાય અને જનતા જનાર્દનને ચરણે અર્પણ થાય.

આ સાહિત્યમાંયે ગદ્ય અને પદ્ય લગભગ સરખે ભાગે વહેંચાય છે, એ પણ પૂજ્ય શ્રીમોટાની લાક્ષણિકતા છે. સાધારણ ગુજરાતીને ગદ્યસાહિત્ય, એનો વિશેષ પરિચય હોવાથી કદાચ વધારે ફાવતું હોય, તોપણ પૂજ્ય શ્રીમોટાનું હૃદય તો વિશેષપણે પદ્યસાહિત્યમાં પ્રગટ થાય છે અને જેમાં હૃદય વિશેષપણે પ્રગટ થાય તે જ સાહિત્ય જીવનનો ઉઠાવ વધારે કરી શકે.

જેને 'શીઘ્ર કવિત્વ' કહી શકાય એટલા વેગથી પૂજ્ય શ્રીમોટા પોતાના હૃદયના ઉદ્‌ગારો પદ્યમાં પ્રગટ કરી શકે છે, એ એમની પાસે રહેનાર હરકોઈનો, આજનો નહિ, પણ ઘણા કાળનો અનુભવ છે. આ પુસ્તક એવી રીતે હૃદયના ઉદ્‌ગારો જ છે.

સામાન્ય માનવીના હૃદયના ઉદ્‌ગાર, કોઈ સિદ્ધહસ્ત લેખકના હૃદયના ઉદ્‌ગાર અને સંતપુરુષના હૃદયના ઉદ્‌ગાર એ ત્રણેમાં આસમાન જમીનના ફેરફારનો ક્રમ છે. પહેલાના એટલે કે સામાન્ય માનવીના ઉદ્‌ગારમાં, હૃદયમાં રાગદ્વેષ ભરેલા હોય અને તેથી, તેના સાહિત્યમાં પણ કદાચ તેવું જ પ્રગટ થાય, માટે તે સાહિત્ય છેક ગૌણ ગણાય. બીજાના એટલે કે સિદ્ધહસ્ત લેખકના હૃદયના ઉદ્‌ગારમાં તે કવિ હોવાને લીધે સત્યનાં કદી કદી દર્શન પણ થાય, કંઈ નહિ તો ઝાંખી થાય, પણ ત્રીજાના એટલે કે સંતપુરુષના હૃદયના ઉદ્‌ગારમાં તો અનુભવનો જ પ્રકાશ પ્રગટેલો હોય. એટલે તેવું પુસ્તક પ્રગટ થવામાં ભાગ લેનાર ધન્યભાગી બને છે.

આ પુસ્તક પણ 'અનુભવીની વાણી' છે એમ હવે જણાવવાની ભાગ્યે જ જરૂર ગણાય. અનુભવીની વાણી પ્રજાહૃદય ઉપર જેટલી ઊંડી અસર કરે છે, તેટલી કોઈ બીજી વાણી કરતી નથી, કરી શકે પણ નહિ. નરસિંહ-મીરાંનાં ભજનોની ચાલુ રહેલી લોકપ્રિયતા એનો પુરાવો છે. ૬૦ પુસ્તકો જેનાં પ્રસિદ્ધ થયાં હોય, એ ૬૦માંથી બીજી ત્રીજી આવૃત્તિઓ પણ થઈ હોય અને બાકીનાં વેચાઈ જવાથી હાલ મળી શકતાં ન હોય એટલી હકીકત તરફ આંગળી ચીંધવી એ આ બાબતમાં પૂરતી છે.

જેને પદ્યસાહિત્યમાં શરૂઆતમાં ફાવતું નથી, તેઓ પણ થોડીઘણી ટેવ પડતાં તે માણી શકે છે, એવો અનુભવ પણ છે. વળી, પૂજ્ય શ્રીમોટાનું પદ્ય એટલે સાદામાં સાદી ભાષામાં લખાયેલું પદ્ય. સાહિત્યકાર કે કવિ તરીકે કીર્તિ મેળવવાનો હેતુ જ ન હોવાથી અને તેને બદલે એકમાત્ર હેતુ આમજનતાનું જીવન ઊંચું થાય એવી જાતની સેવા કરવાનો હોવાથી પૂજ્ય શ્રીમોટાનું બધું સાહિત્ય સાદામાં સાદી જ ભાષામાં અનુભવનો પ્રકાશ પાડે છે અને એ જ કુદરતી તથા યોગ્ય છે. આથી, આ પુસ્તક આમજનતા-થોડું ભણેલી પણ વિશાળ સંખ્યાની જનતા-આગળ મૂકતાં કશો પણ સંકોચ થવાને બદલે ઊલટો આનંદ જ થાય છે.

આ પુસ્તક એમનાં એક જ ઘાટીનાં પ્રગટ થનારાં પાંચ પુસ્તકોમાંનું પહેલું છે. નિમિત્ત મળ્યા વિના તેઓ લખતા નથી. અને લખવાનું પણ ત્યારે જ શરૂ કરે છે કે જ્યારે પુસ્તકના પ્રકાશન માટેની બધી જ જરૂરિયાતો અગાઉથી પૂરી પાડવાની

ભૂમિકા તૈયાર થઈ હોય. આ વખતે કોઈએ એમને અજબ રીતે નિમિત્ત આપ્યું. એમનાં પુસ્તકોમાંથી કેટલાંક મુક્તકોનું સુશોભન કરી એના ફોટા પડાવ્યા અને એ રીતે આવાં મુક્તકોની સુયોગ્યતા બતાવી. તે ઉપરથી તેઓશ્રીનું પહેલું પુસ્તક 'ભાવકણિકા' પ્રગટ થાય છે. મૌક્તિક અને કણિકા બંને શબ્દો ઉપરથી જ સમજાય છે કે આમાં લાંબાં કાવ્યો નથી કે નથી વિચારોની પરંપરા. આમાં તો એક જ વિચાર સાધારણ રીતે ચાર અને કદી કદી છ કે આઠ લીટીમાં પ્રગટ થયેલો છે. એટલે જ એને અનુભવનો નિચોડ એ શબ્દોથી નવાજવાનું યોગ્ય છે.

આમાં કેટલીકવાર એકનું એક ફરી ફરીને આવતું લાગે. એમ હોય તોપણ એમાં પૂરેપૂરી યોગ્યતા છે. એક સાદા ભોળા સંતે કહેલું કે ભગવાનના માર્ગે જવું હોય તો જીવનમાં, આચરણમાં વણાઈ જવા માટે એક એક સદ્‌વિચારને વાગોળવાની ખાસ જરૂર છે. જીવન સાધનાના પંથે થોડો પણ અનુભવ હશે તે આ સંતની વાણીને ટેકો જ આપશે, પણ આ કણિકાઓનો જરા વધારે ઊંડો અભ્યાસ થતાં એવા વાચકને પણ આ કણિકાઓ ઘણી વાર એક મૂળ વિચારને જુદાં જુદાં સ્વરૂપે અને જુદાં જુદાં પાસાંમાં રજૂ કરે છે અને એ રીતે એના પ્રકાશનમાં વિવિધતા આણે છે, એમ પણ લાગવાનો પૂરો સંભવ છે. આમ, વિવિધતા અને એકતા એટલે કે એક સદ્‌વિચારનો વારંવાર અભ્યાસ એ બંને હેતુ આમાં સધાય છે.

બાકી તો શું ? સાહિત્યના રસાસ્વાદ તરીકે આવાં પુસ્તકો વાંચવાનાં હોય જ નહિ. એ પુસ્તકોનો એક જ હેતુ ચેતનનો

પ્રકાશ વાંચનારમાં વધતો જાય એ હોવાથી એ દૃષ્ટિએ વાંચીને આ પુસ્તકમાંથી 'સાહિત્યનો રસાસ્વાદ' નહિ, પણ અનુભવનો રસાસ્વાદ માણવાની વાંચનારને વિનંતી છે. સંપાદક પોતે પણ ઉપરની ભલામણ પોતાના જીવનમાં ઊતરે એવા પ્રાર્થનાભાવ સાથે અહીં જ અટકે છે.

## ૫૬. 'ભાવ જ્યોતિ'

**શ્રી ડૉ. નિરંજનભાઈ આર. રંગૂનવાળા**

ભલેને ગમે તેટલો ગાઢ અંધકાર હોય તેમ છતાં પ્રકાશનું એક નાનકડું કિરણમાત્ર અંધકારને ભેદીને પ્રકાશ પ્રસરાવે છે. તે રીતે માણસ ગમે તેટલો દુષ્ટ કે દુરાચારી હોય પણ એકવાર એનામાં ભાવનું કિરણ પ્રગટ થયું તો પછી ધીમે ધીમે એ ઊંચે આવવાનો છે એ નિઃશંક છે. સૂર્ય ઊગ્યો એટલે અંધારું નાસી જવાનું જ છે, એમ જ સારા થવાની સદ્‌ભાવના પ્રગટી એટલે નઠારાપણું આપોઆપ ભાગી જશે. આ કુદરતનો જ એક ક્રમ છે.

ઈશ્વર કદી કોઈને કહેતો નથી કે તમે સારું કરો કે ખોટું કરો. ખરી રીતે જે કંઈ કરીએ છીએ તે આપણે જ કરીએ છીએ, પરંતુ તેનું અવળું પરિણામ આવે છે ત્યારે તે ઈશ્વર ઉપર આપણે ઢોળી દઈએ છીએ. ગતાનુગતિક રીતે ચાલી આવતી આપણી આ સમજણ કેવી છે એ બાબતમાં નીચેની કડી સારો પ્રકાશ ફેંકે છે :-

**'ઓઢાડે છે હરિમાથે જે જે જીવનમાં બને,**
**નર્યું અજ્ઞાન તેમાં છે, એને ના વળગે કશું,**

**કર્મનું છે પરિણામ, તેમાંથી છૂટી ના શકે**
**-કોઈયે કોઈ ઉપાયે ભાગી તેથી ન કો શકે.'** (પૃ. ૩૮)

સંસારમાં આપણાં જ કર્મનાં ફળ આપણે ભોગવતાં હોઈએ છીએ, પરંતુ પરિણામ ધાર્યું આવવાને બદલે અવળું આવે છે ત્યારે બીજા ઉપર દોષારોપણ કરીએ છીએ. અને દોષારોપણ માટે બીજું કોઈ ન મળે તો છેવટે ઈશ્વરને માથે બધું નાખી દઈએ છીએ. બાકી ઈશ્વર તો -

**'હરિ કદી ન કહે પોતે 'મને ભજો તમે બધાં',**
**ગરજ જો તમારી હો તો તો તમે ભજો સદા,**
**તે આવે છે કહેવા ના કે મારી પ્રાર્થના કરો,**
**તમારી દિલ-સ્વેચ્છાએ જે હો કરવું તે કરો.'** (પૃ. ૭)

આમ, પરમાત્મા પોતે સંસારને સ્વાતંત્ર્ય બક્ષે છે, પરંતુ સંસારને તે બંધાયેલો રહે છે. ભગવાનની કેવી અકળ ગતિ છે? જેઓ ભગવાનની અકળ ગતિને પામ્યા છે તેમની વાણીનો રણકાર જ કંઈક ઑર હોય છે. તેઓ તેમની વાતો એટલી અસરકારક રીતે રજૂ કરતા હોય છે કે તે વિશે આપણે વિચાર કરવો જ પડે.

**'વગાડી ઢોલથી જોરે જગતલોકને કહ્યું,**
**મૃત્યુ ટાણે તમો પાદે સંદેશો મૂકતો જઉં,**
**શો કેટકેટલો લાભ સ્મરણથી મળી શકે !**
**જાતે અનુભવી ઊંડા સાદે પોકારું લોકને.'** (પૃ. ૧૬)

પૂજ્ય શ્રીમોટાએ તેમની જીવનસાધનાનાં જે જે સીમાંકનો કર્યાં તેમાં સ્મરણને તેઓ પાયાનું અને મહત્ત્વનું ગણે છે. ભગવાનની ભક્તિમાં સ્થિર અને દૃઢ થવા માટે આજના

અરાજકતા અને અસ્થિરતાના કાળમાં માત્ર પરમાત્માનું નામ જ એક ખરું સાધન છે, જે જિજ્ઞાસુને સાચે પંથે લઈ જાય છે. આમ 'ભાવજ્યોતિ' પુસ્તકમાં ઈશ્વરનું વર્ણન કરતાં તેઓ લખે છે :-

**'સર્વોત્કૃષ્ટ હરિ કેવો જેમાં તેમાં બધાં વિશે !.**
**કોઈનીયે હરિ સાથે તુલના ના થઈ શકે,**
**શો અદ્વિતીય એવો તે કલ્પનાનીય પાર તે !**
**ભક્તિના ભાવમાં માત્ર એની ઝાંખી શી થાય છે !'** (પૃ. ૩૧)

આવો પરમાત્મા એમ ને એમ કાંઈ ઓછો મળે છે ? એને પામવા માટે તો પૂજ્ય શ્રીમોટા લખે છે તેમ :-

**'જિજ્ઞાસા તે વિના જાગ્યા જીવન ખીલતું ન છે,**
**જિજ્ઞાસા જેવીતેવીથી હરિ તે મળતો ન છે,**
**જ્વાળામુખી સમી જ્યારે જિજ્ઞાસા જ્યાં ભભૂકતી,**
**ત્યારે જીવનનો થાય મેળે વિકાસ ભાવથી.'** (પૃ. ૪૯)

અને જીવનમાં જિજ્ઞાસા સ્વયં જાગતી નથી. જેઓ સતત પુરુષાર્થી અને કર્મશીલ હોય છે. તેમને જીવનમાં કંઈક કરવાના અને પામવાના ઓરતા જાગે છે. સાધન વિના સાધ્ય પમાતું નથી. એથી જ સંસારમાં કર્મને પૂજ્ય શ્રીમોટાએ મહત્ત્વનું ગણ્યું છે અને એથી જ તેઓ કર્મને બિરદાવતાં કહે છે કે :-

**'શક્તિ કેળવવા કર્મ કેવાં મહત્ત્વનાં જ છે !**
**શક્તિ દાખવવા કર્મ કેવાં મહત્ત્વનાં જ છે !**
**શક્તિ પ્રેરાવવા કર્મ કેવાં મહત્ત્વનાં જ છે !**
**શક્તિ ઉદ્‌ભાવવા કર્મ કેવાં મહત્ત્વનાં જ છે !'** (પૃ. ૩૮)

આમ, જિજ્ઞાસા, કર્મ અને ભક્તિનો જ્યારે ત્રિવેણી સંગમ

થાય છે ત્યારે જીવનમાં કોઈ જુદો ભાવ જાગે છે. તેને પૂજ્ય શ્રીમોટા નીચેની કડીમાં આલેખે છે :-

**'સ્મરણથી ભાવ મોરી, ઊંડો અવતરે હૃદે,**
**ત્યારે ભક્તિતણી કેવી જામે ફોરમ જીવને !**
**હરિની ગોદમાં છીએ 'છત્રછાયા હરિતણી**
**-તળે'શા પૂર્ણ નિશ્ચિંત, જાગે શી એવી ભાવના !'** (પૃ. ૪૮)

પરંતુ હરિમાર્ગે જવું એમ કાંઈ સહજ અને સરળ નથી. પૂજ્ય શ્રીમોટા કહે છે કે હરિમાર્ગે જવા માટે મોટામાં મોટો શત્રુ પ્રમાદ છે અને તેનું વર્ણન તેઓ નીચે પ્રમાણે કરે છે :-

**'હરિમાર્ગે જવા કાજે મોટો શત્રુ પ્રમાદ છે,**
**ગતિ થવા જતાં કેવો તે અટકાવનાર છે !**
**પ્રમાદ જ્યાં છીએ ત્યાંના ત્યાં જ સ્થિર રખાવશે,**
**જેને પ્રમાદ છે તેવા પ્રગતિ કરી ના શકે.'** (પૃ. ૬૩)

આમ, આ 'ભાવજ્યોતિ' પુસ્તકમાં જિજ્ઞાસુ વાચકને ઉચ્ચ જીવનને ગતિ આપનાર ઘણાં પ્રેરણાપ્રદ લખાણો વાંચવા મળશે. પૂજ્ય શ્રીમોટાએ મને આ પુસ્તકનો સંપાદક બનાવીને તેમનાં લખાણોના વાંચનનો જે લહાવો આપ્યો છે તે મારા જીવનમાં યાદગાર બની રહેશે. પૂજ્યશ્રીની અમારી ઉપર કૃપા ઊતરો અને તેમનાં સત્કાર્યોમાં નિમિત્ત બનવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય એ જ પ્રાર્થના.

## ૫૭. 'ભાવ રેણુ'

### (૧) શ્રી કાંતિલાલ જગજીવનદાસ પટેલ

'ભાવરેણુ' એ પૂજ્ય શ્રીમોટાની ભાવશ્રેણીનું બીજું પુસ્તક છે. આ પુસ્તકના સંપાદક તરીકે મારું નામ મૂકીને પૂજ્ય

શ્રીમોટાએ મારા પરત્વેનો એમનો પ્રેમભાવ વ્યક્ત કર્યો છે. આવી ધન્યતાની પળે મારો આ અંગેનો અધિકાર કેટલો એવો પ્રશ્ન પણ મથામણ કરાવે છે.

આ પુસ્તકમાં જે શબ્દો છે એ તો ભાવનિષ્ઠામાંથી નીપજેલી પ્રસાદી છે. પૂજ્ય શ્રીમોટા જે ભાવાનુભવમાં નિરંતર પ્રતિષ્ઠિત છે, એ ભાવગંગાનું આ તો માત્ર એક નાનકડું ઝરણ છે. પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકનું નામ 'ભાવરેણુ' આપ્યું છે, એ યથાયોગ્ય જ છે.

પૂજ્ય શ્રીમોટાએ સાધનાકાળ દરમિયાન કેવી મથામણ અનુભવેલી એનો આછો આલેખ આ પુસ્તકમાં છે. દિવ્ય જીવન માટે ગરજ, લગની, જાગૃતિ વગેરે ટકાવી રાખવા અને વધારવા તેઓશ્રીએ કેવી ભારે જહેમત ઉઠાવેલી એનો યથાર્થ ખ્યાલ આમાંથી મળે છે. જીવનવિકાસના સાધક માટે પૂજ્ય શ્રીમોટાનું આ આત્મકથાત્મક વર્ણન પ્રેરક તેમ જ માર્ગદર્શક બની રહે એવું છે. તેઓશ્રીએ વિકાસની કેડી ઉપર કેવી ગૂઢ અને ભયંકર આપત્તિઓનો ખુમારી અને શહૂરથી મુકાબલો કરેલો તેનું તથા આંતરિક કક્ષાઓ પ્રાપ્ત કરવામાં કૃપાનું બળ અનુભવેલું તેનું સાંકેતિક છતાં ઘણી જ સ્પષ્ટ રીતે આલેખન કર્યું છે.

આ 'ભાવરેણુ' પુસ્તકના ભક્તિ વિષયક ખંડમાં ભક્તિ વિશે પૂજ્ય શ્રીમોટાએ તદ્દન મૌલિક અને પ્રકાશક નિરૂપણ કર્યું છે. પૂજ્ય શ્રીમોટાએ પ્રભુપ્રીત્યર્થ કર્મોને ભક્તિના સાકાર સ્વરૂપે સ્વીકાર્યા છે. જીવનવિકાસના સાધકે આત્મનિવેદન વગેરે સાધનો દ્વારા પ્રભુ સાથે સંબંધ દૃઢ કરવાનો હોય છે, પરંતુ એવા સંબંધમાંથી નીપજતો ભાવ જો કર્મ કરતી પળે કર્મમાં

સાકાર ન થાય તો એ ભક્તિ જ નથી એવો અર્થ પૂજ્ય શ્રીમોટાના આ નિરૂપણમાંથી સમજાય છે.

વળી, શ્રીહરિનો ભાવ કેવો હોય એનાં સ્વરૂપ-લક્ષણ પણ આ 'ભાવરેણુ'ના છેલ્લા ખંડમાંથી સમજાય છે. આપણા સમાજમાં ભક્તિને લગભગ ઘેલછાના સ્વરૂપમાં વ્યક્ત થતી જોઈએ છીએ. નિષ્ક્રિયતામાં રહેલાને એ નિશ્ચિંત છે એમ માનીને ભક્ત તરીકે પણ ઓળખાવી દેવાય છે. આ સમજ એ કેવળ ભ્રમણા છે, એનો ખ્યાલ પૂજ્ય શ્રીમોટાના આ પુસ્તકમાંથી જન્મે છે. ભક્તિ અને ભક્તિ વિશે અત્યંત સ્પષ્ટતાપૂર્વકની સમજથી આપણો સમાજ ઘેલછા અને દંભથી દૂર થાય તો વ્યવહાર અને ભક્તિ એના શુદ્ધ સ્વરૂપમાં પ્રકાશી ઊઠે. પૂજ્ય શ્રીમોટાની આ પ્રકારની ભાવધારાની શ્રેણીઓ આપણી સમજને પ્રકાશિત કરવાનું કામ અવશ્ય બજાવશે એવી મને શ્રદ્ધા છે.

**(૨) રમેશ મ. ભટ્ટ**

પૂજ્ય શ્રીમોટાનાં પદ્યપુસ્તકોમાં આ પાંચ પુસ્તકો* અનોખા છે. 'જીવનઅનુભવગીત' તથા એ શ્રેણીનાં પુસ્તકોમાં તેઓશ્રીએ ગઝલરૂપમાં પોતાના સાધનામય જીવનનો ઈતિહાસ વ્યક્ત કર્યો છે. જ્યારે આ પુસ્તકોમાં પોતે કરેલાં સાધનોને પરિણામે થયેલા અનુભવોનો અણસાર આપ્યો છે. પૂજ્ય શ્રીમોટાએ જીવનની સાધના દરમિયાન અનેક સાધનોનો ઉપયોગ કરેલો. એમાંથી તેઓશ્રીએ માત્ર નામસ્મરણ, પ્રાર્થના, આત્મનિવેદન, સત્સંગ, સન્મુખતા વગેરે જેવાં સાધનો વિશે લખ્યું છે. એ સિવાયનાં સાધનો વિશે ઉલ્લેખ પણ કર્યો નથી. એ સાધનો વિશે ગુપ્તતા રાખવા પાછળનો હેતુ કલ્યાણકારી

જ હતો, કેમ કે તેઓશ્રી પરમાત્મરૂપ પામ્યા પછી સંસારમાં સંસારી વેશે વિચર્યા તથા એ રીતે વ્યક્ત થયા. સંસારી રીતરસમમાં જીવતા લોકો પાત્રતા કેળવ્યા વિના ગૂઢ કે સૂક્ષ્મ સાધનનો જો પ્રયોગ પણ કરે તો એવી વ્યક્તિનાં અંતઃકરણોને ભારે નુકસાન પહોંચે. આ નુકસાનમાંથી ઉગારવા જ તેઓશ્રીએ એવાં સાધનો વિશે કશું પણ લખ્યું નથી, પણ જે સાધનો દર્શાવ્યાં છે, એ સાધનોનો ભાવનાથી અભ્યાસ કરીને જો જીવાત્મા વિકસતો જાય તો તેને અન્ય જરૂરી સાધનોની પ્રેરણા મળ્યાં જ કરે એવી ખાતરી પણ તેઓશ્રીએ આપી છે.

આ પુસ્તકોમાં અનુષ્ટુપ છંદમાં પોતાનો અનુભવ ટૂંકમાં અને સચોટ રીતે રજૂ કર્યો છે. આ પાંચેય પુસ્તકોમાં ૪, ૬ કે ૮ લીટીમાં વ્યક્ત થયેલા અનુભવના અણસારને તેઓશ્રીએ શ્રીહરિકીર્તનના પ્રસાદરૂપે ઓળખાવ્યો છે. પૂજ્ય શ્રીમોટાએ ખૂબ સૂચક રીતે માર્મિક રીતે પોતાના પરમ અનુભવની હકીકત આ શબ્દો દ્વારા વ્યક્ત કરી છે. ભગવાનની કીર્તિ ગાવી એનું નામ કીર્તન. જેણે ભગવાનનો અનુભવ કર્યો હોય અને 'પોતે' સ્વરૂપે શ્રીહરિના ગુણધર્મોને સહજ રીતે વ્યક્ત થવા દેતા હોય એવા જ કોક 'વિરલા વીર' આવું હરિકીર્તન કરી શકે. આવું હરિકીર્તન આ પુસ્તકોમાં વ્યક્ત થયું છે. 'પોતે' હરિરૂપ છે. છતાં તે પોતાના 'સ્વ' રૂપનું કીર્તન કરે છે -એ લાક્ષણિકતાનો અનુભવ આપણને-વાચકને થયા જ કરે છે. પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકોમાં શબ્દ દ્વારા વ્યક્ત થયેલા આવા કીર્તનભાવનો પ્રસાદ આપણને સૌને વહેંચ્યો છે. પ્રસાદ એટલે આનંદ. તેઓશ્રીના હૃદયમાં પૂર્ણરૂપે પ્રગટેલ પરમાત્માના આનંદરૂપના

ઊછળતા ઉદધિના અનંત જળરાશિમાંથી થતો આ માત્ર છંટકાવ છે.

પૂજ્ય શ્રીમોટા દ્વારા આ પુસ્તકોમાં જે શબ્દો પ્રગટ થયા છે એ 'હરિવાણી' છે, કેમ કે એ મનના વિચારોમાંથી કે ચિત્તની કલ્પનાશક્તિથી વ્યક્ત થયેલા નથી, પરંતુ પોતાના હૃદયમાં પ્રગટેલા અનુભવને વ્યક્ત કરતી શબ્દરૂપ પામતી વાણી છે. એનો પ્રત્યક્ષ પુરાવો એ છે કે આ બધી જ રચનાઓ પૂજ્ય શ્રીમોટાના શરીરના અનેક રોગોની વેદનાકારી સ્થિતિમાં વ્યક્ત થઈ છે. આટલી ભૂમિકાનો વિચાર કરવાથી આ વાણીનું મૂલ્ય આપણે સમજી શકીશું. આ પાંચેય ગ્રંથોમાંનું પ્રત્યેક પુસ્તક મનનીય-ચિંતનીય છે. માત્ર એક જ બેઠકે વાંચી જવા માટે આ પુસ્તકો નથી. એ શબ્દોના હાર્દમાં મનનચિંતવન દ્વારા પ્રવેશવાથી જિજ્ઞાસુની મતિમાં પરમાત્માનો પ્રકાશ અનુભવાય છે અને એ સાથે પૂજ્ય શ્રીમોટાના પરમાત્મરૂપ સાથે તત્ક્ષણ એકરૂપતા સધાય છે. તેઓશ્રીના દેહત્યાગ પૂર્વેનાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલી આ રચનાઓનું અનેક વખત પરિશીલન કરતાં અનુભવેલી હકીકત છે. વીસ વર્ષ પછી નવી આવૃત્તિ માટે પરામર્શ કરતાં પણ નૂતન અર્થબોધ પામી શકાયો છે.

આ પાંચેય પુસ્તકની પહેલી આવૃત્તિ પ્રગટ થઈ એ પૂજ્ય શ્રીમોટાના વિપુલ આધ્યાત્મિક સાહિત્યનાં પ્રકાશનોમાં નિર્માણની-સજાવટની-દૃષ્ટિએ પણ અનોખી હતી. ક્રાઉન સાઈઝમાં, હાથ બનાવટના ઊંચી ગુણવત્તાવાળા કાગળો ઉપર ખાસ પ્રકારની સાઈઝવાળા ટાઈપમાં લીલી શાહીથી આ પુસ્તકો

છપાયેલાં હતાં. દરેક પાના ઉપર માત્ર એક જ કડી હતી. આ આવૃત્તિમાં એક પાના ઉપર ત્રણ કડીઓ સમાવી છે. અને ૧૬ પેજી ક્રાઉન સાઈઝ પસંદ કરી છે. પૂજ્ય શ્રીમોટાની વાણી પડતર કરતાં પણ ઓછી કિંમતે બહોળા જનસમાજ સુધી પહોંચે એવા આશયથી પુસ્તક નિર્માણમાં આટલો ફેરફાર કર્યો છે.

બે દાયકા પછી પૂજ્ય શ્રીમોટાના આ પ્રકારના પદ્યગ્રંથોનું પુનર્મુદ્રણ આજની પેઢી માટે તો તદ્દન નવું જ બની રહેવાનું. પૂજ્ય શ્રીમોટા કહેતા હતા કે 'આ પ્રકારની ચોપડીઓનું મૂલ્ય તો હવે પછીનાં પચીસ વર્ષ પછી થશે !'

સાહિત્ય મુદ્રણાલયના સંચાલકો શ્રી શ્રેયસભાઈ તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યા આજની પેઢી માટે જે મૂલ્યવાન સામગ્રી પ્રગટ કરવાના નિમિત્ત બન્યા છે, એ બદલ એમને ધન્યવાદ ઘટે છે. આ બંને યુવાન ભાઈઓની પૂજ્ય શ્રીમોટાની સેવા કરવાની તત્પરતા હું સતત અનુભવું છું. જે ઉત્સાહ, ઉમંગ અને ખંતથી મારા સદ્‌ગત મિત્ર વિષ્ણુભાઈ, પારમાર્થિક કામ કરતા હતા, એ જ રીતે આ બંને ભાઈઓ કામ કરી રહ્યા છે, એ જોઈને હું ગર્વ અનુભવું છું. પૂજ્ય શ્રીમોટાના કામને, પોતાના વ્યવસાયના ઘણા દબાણ વચ્ચે પણ, અગ્રતા આપવાની એમની તત્પરતામાં જ એમનો ભક્તિભાવ મેં પ્રમાણ્યો છે. પૂજ્ય શ્રીમોટાનું જન્મશતાબ્દી વર્ષ ૧૯૯૮ના સપ્ટેમ્બરથી શરૂ થશે. એ પહેલાં તેઓશ્રીનું અલૌકિક પદ્યસાહિત્ય પુનર્મુદ્રણ પામવાનું છે. એ કાર્યના શ્રીગણેશ સાહિત્ય મુદ્રણાલયના આ કાર્યથી થાય છે એ આનંદદાયક ઘટના છે.

હરિઃૐ આશ્રમો (નડિયાદ, સુરત)ના ટ્રસ્ટીઓ પૂજ્ય

શ્રીમોટાના ગ્રંથપ્રકાશનના કાર્યમાં મને સામેલ કરે છે, એ બદલ એમનો આભારી છું.

**(૩) શ્રી શ્રેયસભાઈ વિ. પંડ્યા**
**યજ્ઞેશભાઈ વિ. પંડ્યા**
**હિમાદ્રી વિ. પંડ્યા**

પૂજ્ય શ્રીમોટાનાં પાંચ પુસ્તકોની શ્રેણીનું નવા સ્વરૂપે પુનર્મુદ્રણ કરી આપવાનું અમને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે, એ પ્રસંગે અમે કૃતજ્ઞતાની અને ધન્યતાની લાગણી વ્યક્ત કરીએ છીએ.

આમ તો દર વર્ષે પૂજ્ય શ્રીમોટાનું એકાદ દળદાર પુસ્તક છાપી આપવાની પ્રવૃત્તિ સાહિત્ય મુદ્રણાલય તરફથી છેલ્લાં વીસ વર્ષથી થાય છે. અમારા સદ્‌ગત પિતાશ્રી વિષ્ણુભાઈ, પૂજ્ય શ્રીમોટાના પરિચયમાં આવ્યા ત્યારથી (૧૯૬૮) આજ સુધી પૂજ્ય શ્રીમોટાની પ્રેરણાશક્તિનો અમને અમારાં કાર્યમાં તથા એનાં પરિણામમાં પરિચય મળતો રહ્યો છે. સાહિત્ય મુદ્રણાલયની સ્થાપનાના આરંભનાં વર્ષોમાં જે આકરી પરિસ્થિતિ અને સંજોગોમાંથી અમારા પરિવારને તથા સાહિત્ય મુદ્રણાલયને પસાર થવાનું થયેલું એવી જ પળે અમને પૂજ્ય શ્રીમોટાનો સહારો પ્રાપ્ત થયેલો. સાહિત્ય મુદ્રણાલય દ્વારા અમારા પિતા જે અવિરત પરિશ્રમમાં, ઉદ્યમમાં રહેતા હતા તથા અમારાં સદ્‌ગત માતુશ્રી ભગવતીબહેન પણ પિતાના ખંત ઉદ્યમને વેગ આપવા-પરિવારની જવાબદારી સંભાળવા-જે અથાગ મહેનત કરતાં હતાં એનું પણ આ પળે સ્મરણ થાય છે. સદ્‌ગત ભગવતીબહેનના જીવનની કટોકટીભરી અંતિમ ક્ષણોમાં પૂજ્ય

શ્રીમોટાએ જાતે વા. સા. હૉસ્પિટલમાં પધારીને એમનાં મસ્તક પાસે ગુલાબનાં ફૂલો મૂકેલાં-એ ઘટના પણ અવિસ્મરણીય છે. અમારા પરિવારનો ઉત્કર્ષ તથા અમારા વ્યવસાયનો વિકાસ એ પૂજ્ય શ્રીમોટાની પરમ કરુણાને લીધે છે, એનું અમને સ્મરણ રહ્યા કરે છે, એ અમારા જીવનની ધન્યતા છે.

સાહિત્ય મુદ્રણાલય દ્વારા પૂજ્ય શ્રીમોટાનાં આ પાંચ પુસ્તકોની શ્રેણીનું પ્રકાશન એ તો અમારા દ્વારા તેઓશ્રીનાં ચરણકમળની આ પંચપાત્ર દ્વારા થતી પૂજનવિધિનો એક પ્રકાર અમે સમજીએ છીએ. તેઓશ્રીએ પ્રત્યક્ષ રીતે અમારા વ્યવસાયના વિકાસમાં જે રસ લીધેલો તથા આજે પણ તેઓશ્રી ચેતનરૂપે અમારાં કાર્યમાં પ્રેરણા આપે છે. એમના પ્રત્યેનો કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરવાની આ તો એક પ્રતીકાત્મક પુષ્પાંજલિ છે.

પાંચ વર્ષ પછી પૂજ્ય શ્રીમોટાની જન્મશતાબ્દીનું વર્ષ આવી રહ્યું છે. આ પહેલાં પૂજ્ય શ્રીમોટાના સાધનામય જીવનને વ્યક્ત કરતાં પદ્યપુસ્તકોનું પ્રકાશન થઈ જાય એવી ભાવના મુ. રમેશભાઈએ અમારી સમક્ષ વ્યક્ત કરી અને આ શ્રેણીનાં પાંચ પુસ્તકોથી એનો આરંભ થાય એવું સૂચન કર્યું. હરિઃૐ આશ્રમે આ શ્રેણીનાં પ્રકાશનનો આરંભ કરવાની અમને તક આપી, એ બદલ અમે એમના આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયમાં અમારા સદ્‌ગત પિતાશ્રી વિષ્ણુભાઈએ જે ઊજળી પરંપરા ઊભી કરી છે એને અમારાથી અનુસરી શકાય છે, એ જ તેઓશ્રીનું તર્પણ છે એમ અમે સમજીએ છીએ. એવી પરંપરાના એક ભાગરૂપે પૂજ્ય શ્રીમોટાના ગ્રંથો પૈકી આ પંચપાત્રના નવનિર્માણને તેઓશ્રીનાં ચરણે સમર્પિત કરીને અમે ધન્યતા અનુભવીએ છીએ.

## ૫૮. 'જીવન સ્મરણ'

**શ્રી કાંતિભાઈ કાંટાવાળા**

પૂજ્ય શ્રીમોટા રચિત **'જીવન સ્મરણ'** ગઝલસંગ્રહ પ્રગટ થાય છે, એ મારે માટે એક ઘણી જ મહત્ત્વની ઘટના છે.પૂજ્ય શ્રીમોટાએ સહજપણે-**લીલયા** જ, આ ગઝલો રોજની એક હિસાબે મને લખી મોકલાવી એમાં, મારી એ અંગેની માગણી તો નિમિત્તમાત્ર છે, પણ એમાં એમનો અનુગ્રહ જ વિશેષ છે.

પૂજ્ય શ્રીમોટાના આ પ્રકારના અનુગ્રહનું સ્મરણ થયા જ કરે છે. આ પળે એ પ્રકારનું સ્મરણ થતાં મને મારા જીવનનાં પાછલાં વર્ષોની સંસ્કાર પરંપરાનુંય સ્મરણ થાય છે, કેમ કે પૂજ્ય શ્રીમોટાના સંસર્ગ પછી મારી સમગ્ર ધર્મવિષયક સમજણમાં જબ્બર પરિવર્તન થયું છે અને એ પરિવર્તનનું વિશેષ મહત્ત્વ છે.

આપણા સરેરાશ પરિવારોમાં ધર્મનીતિની એક સંસ્કાર પરંપરા રહેલી છે. એમાં સેવાપૂજા, કથાકીર્તન વગેરે આચારો રૂઢિગત બનીને આપણને ધર્મપરાયણ રખાયાનો આપણામાં સંતોષ રખાવે છે. હું પણ મારી ૫૭ વર્ષની વય લગી આવી એક પરંપરાગત ધર્મરૂઢિમાં રહ્યા કર્યો, પણ ૧૯૬૭ની આખરમાં પૂજ્ય શ્રીમોટાના સંસર્ગમાં આવવાનું બન્યું, એ પછી એમની સાથેની પ્રશ્નોત્તરીમાંની અને ક્વચિત્ એમનાં પ્રવચનોમાંની જે ભાવભરી વાણી મને સમજાતી ગઈ, ત્યારથી એમ સમજાયું કે રાગદ્વેષાદિ પ્રાકૃતિક વલણોને મોળાં પાડવાં એ ધાર્મિક કે નૈતિક વલણ માટે સૌથી પ્રાથમિક આવશ્યકતા છે. રાગદ્વેષાદિ મોળા પડે એ માટે, એવા જ હેતુ માટે

ભગવાનના નામનું સ્મરણ એ એક મુખ્ય સાધન છે. આ બાબત ઘણી જ સરળ લાગતી હોવા છતાં, હું એની પ્રતીતિ કરી શક્યો ન હતો, એ એક હકીકત છે.

સેવાપૂજા આદિ ધાર્મિક ચેષ્ટાઓ પાછળનો હેતુ સ્પષ્ટ થતો ગયો અને જીવન વિશેની એક લાક્ષણિક સભાનતા પ્રગટવા લાગી. આમ થવાનું મુખ્ય કારણ એ પૂજ્ય શ્રીમોટા સાથેનો સંસર્ગ છે, એ મારે નમ્રભાવે જણાવવું રહ્યું. હું 'હરિઃૐ'નું સ્મરણ-જપ કર્યે જવા લાગ્યો, કેમ કે પૂજ્ય શ્રીમોટાએ મને એક પત્રમાં સ્પષ્ટ સમજાવ્યું કે,

'સ્મરણ, પ્રાર્થનાદિ ને કીર્તનો ભજનોતણો
-શો રાજમાર્ગ છે ! પોતે સહેજે જે આચરાય છે!
બીજાં જે સાધનો હો, છો શીઘ્રતા બતલાવતાં,
ભૂમિકા કિંતુ તે કાજે સર્વની યોગ્ય ના સદા.
જપાદિ સાધને તેથી મંડ્યા જવું નિરંતરે,
વધારે કાળ તો ગાળ્યા, તેમાં કરો જ નિશ્ચયે.'

'ભગવદ્‌ગીતા'માં યજ્ઞોમાં **'જપયજ્ઞ'**ને જ શ્રેષ્ઠ ગણ્યો છે. ભગવાન શ્રીકૃષ્ણની જ વાણીનો જાણે ગુજરાતી ભાષામાં અવતાર હોય એવી એક પંક્તિ પૂજ્ય શ્રીમોટાએ એમના એક ફોટા હેઠળ મને લખી આપી. એ પંક્તિએ પણ મને ખૂબ અસર કરી.

**'સ્મરે જે કો મને જેમ, તેને સ્મરું હું તે રીતે.'**

આમ, સ્મરણનો મહિમા મારા અંતરમાં સમજાતો જતો હતો, પણ આ સમજનો મુખ્ય આધાર પૂજ્ય શ્રીમોટાની ચેતનાશક્તિ જ હતી, એ પણ મને સાથે જ સમજાયા કરાતું

હતું. સ્મરણ કરતાં કરતાં જીવનની સભાનતા પ્રગટતી જતી હતી. પૂજ્ય શ્રીમોટાએ બીજી એક જે પંક્તિ મને લખી આપી, એ પણ ખૂબ સૂચક છે.

**'મહત્ત્વ પ્રભુને આપ્યા ભાવથી કરજો તમે,**
**પ્રભુને ઘડવા દેજો ઘાટ એને ગમે હદે.'**

આથી, આ જે લખું છું, એ સંપાદક તરીકેના મારા નિવેદન નિમિત્તે પ્રભુભાવનું મહત્ત્વ વ્યક્ત કરવાના આશયથી જ, એ મારે હૃદયના ખરા ભાવથી કહી દેવું રહ્યું. સભાનતા-જાગૃતિ અને કર્મનો આખો પટ બદલાયા કરે છે. એમાં વ્યક્તિ તરીકે મારું કશું જ મહત્ત્વ નથી. મહત્ત્વ પ્રભુનું જ છે. એના સ્મરણથી કેવી કેવી બાબતો પ્રગટે છે, એનો અનુભવ એનું સ્મરણ કરનારને થાય છે.

મેં કદી કાવ્ય સાહિત્ય વાંચ્યું નથી અને જે કંઈ લખ્યું છે, એ પણ મારા ધંધાને લગતું જ. કાવ્ય અંગે મને લેશ પણ ખ્યાલ નથી. આમ છતાં પ્રભુનું નામસ્મરણ મારા હૃદયમાં એક પ્રબળ ઊર્મિ જન્માવે છે અને મારો હૃદયભાવ ભજનની લયબદ્ધ પંક્તિઓમાં અભિવ્યક્ત થાય છે.આ સહજ ઘટના મારે માટે ખૂબ મહત્ત્વની બની રહી. આ પ્રકારનાં ભજનો સ્ફુરે, એ દ્વારા જે સ્તુતિ થાય અને આત્મનિવેદન થાય, એથી દિલ ખૂબ હળવું બને અને આનંદિત થાય. વળી, આવાં ભજનો ભાવ પણ ટકાવી રખાવે. પ્રભુસ્મરણનો મહિમા વ્યક્ત કરવા મેં આ વાત અહીં વ્યક્ત કરી, એમાં મેં વ્યક્તિગત કશી પ્રગતિ કરી દીધી છે, એવું વાચક લેશ પણ ન માને, પણ મારા જેવા આધ્યાત્મિક વિષય અને માર્ગના છેક અનભિજ્ઞ માણસ માટે આ અનુભવ મહત્ત્વનો છે.

આમ થવાનું કારણ પૂજ્ય શ્રીમોટાનો પ્રેમભાવ છે. પૂજ્ય શ્રીમોટા ઘણાં જ કાર્યોમાં રોકાયેલા હોવા છતાં, સૌ સ્વજનોને કેવો એકસરખી રીતે પ્રેમ કરે છે, એ સૌના અનુભવની વાત છે. એ પ્રેમ જ આપણને સૌને પ્રેરે છે અને બધી રીતે માર્ગદર્શક બને છે.

પૂજ્ય શ્રીમોટાએ યોજેલી ગુણભાવવિકાસક યોજનામાં સક્રિયપણે સહાયભૂત થવામાં પણ આવા વિલક્ષણ પ્રેમભાવનો અનુભવ થાય છે અને એ પ્રેમ જીવનને ઘડવામાં માર્ગદર્શક બની રહે છે. આ જમાનાની આ એક અદ્‌ભુત ઘટના છે.

પૂજ્ય શ્રીમોટાએ મારી વિનંતીને માન આપી રોજ એક એક ગઝલ લખી મોકલવાનું સ્વીકાર્યું. હું રોજ એમની ટપાલની આતુરતા અને ઉત્કટતાપૂર્વક રાહ જોઉં. અને એક ગઝલ લખેલું પોસ્ટકાર્ડ આવે એટલે તરત જ એમાં લખેલી ગઝલ વાંચું. એ વાંચતાં મને અવર્ણનીય આનંદ થતો અને એ આનંદ ઉમળકો હરિસ્મરણમાં વળી જતો. પૂજ્ય શ્રીમોટાએ એમની આ ગઝલોમાં હરિસ્મરણ, ચરણ, શરણ અને હુકમપાલન જેવાં સાધનોનો ભાવાત્મક ખ્યાલ આપ્યો છે. આ ગઝલોને મેં જે રીતે માણી છે અને જે ભાવ અનુભવ્યો છે, એવો ભાવ સૌ કોઈ અનુભવે અને પોતાના જીવનને અજવાળવા માટે સભાન થાય એવા ઉદ્દેશથી આટલી અંગત વાત વિગતે લખી છે અને આ ગઝલોનું પ્રકાશન કર્યું છે.

પૂજ્ય શ્રીમોટાએ લખેલી ગઝલોનું સંપાદન કરવામાં મને નિમિત્ત બનાવ્યો, એ બદલ નમ્રભાવે એમને પ્રણામ કરું છું. અને આ ગઝલોનું વાંચન વાંચનારાઓમાં જીવનની સભાનતા,

સાધનની નિરંતરતા અને પ્રભુ પ્રત્યેની પ્રેમભાવના પ્રેરે અને પ્રગટાવે એવી શ્રીપ્રભુને ચરણે પ્રાર્થના કરી વિરમું છું.

## ૫૯. 'જીવન મથામણ'

**શ્રી જ્યોત્સ્નાબહેન જાની**

જગતમાં કોઈ પણ કામ મથામણ વિના સિદ્ધ થઈ શકતું નથી. પછી તે કામ ભલે સાંસારિક હોય, સામાજિક હોય કે આધ્યાત્મિક હોય. દરેક કામમાં મથામણની આવશ્યકતા તો રહેવાની જ.

એ રીતે જોઈએ છીએ તો ભગવાને જ મનુષ્યના દિલમાં, તે જન્મે છે ત્યારથી જ, મથામણનું સૂક્ષ્મ બીજ મૂકી દીધેલું હોય છે. બાળક જન્મતાંની સાથે જ ઊંવાં ઊંવાં કરીને રુદન દ્વારા તેના અવાજનો વિકાસ કરે છે. શરીરના અવયવોના હલનચલન દ્વારા તેના અંગોનો વિકાસ કરે છે અને જરાક મોટું થયા પછીથી એટલે કે સાત આઠ માસ પછી તો સુવાડ્યું હોય ત્યાંથી ખસવા માંડે છે, વસ્તુઓની લેમૂક કરતું હોય છે અને ધીમે ધીમે બોલતું ચાલતું થાય છે. માબાપ, બાળકોને તેના વિકાસની દરેક બાબતમાં મદદ કરતાં હોય છે એ ખરું છે, પરંતુ માબાપની મદદ સ્વીકારીને બાળક મથામણ ન કરે તો આપેલી મદદ નિષ્ફળ જાય અને તેનો વિકાસ ન થઈ શકે. આમ, કુદરતે જ આપણા વિકાસ માટે મથામણની વૃત્તિ આપણને આપેલી છે. આ બાબતમાં  જરા આગળ દૃષ્ટિ દોડાવીએ તો માત્ર માણસને જ કુદરતે મથામણની શક્તિ આપી છે એમ નથી, પરંતુ કુદરતે તો જગતનાં પશુ, પંખી અને અન્ય જીવસૃષ્ટિ તથા તરણાથી માંડીને છોડ, વૃક્ષ વગેરે સર્વને

મથામણની શક્તિ બક્ષેલી છે અને આ મથામણ-શક્તિના પ્રતાપે જ જગત આજે આટલું રળિયામણું લાગે છે.

પરંતુ કુદરતે બક્ષેલી આ મથામણશક્તિનો ઉપયોગ આજે તો આપણે માત્ર આપણા સંસારવહેવારનાં કાર્યો પાર પાડવામાં જ કરતા હોઈએ છીએ, કારણ કે આપણે જીવદશાના માણસો છીએ. એટલે સંસારવહેવાર સિવાયનું બીજું જગત આપણને દેખાતું જ નથી. અને દેખાય છે તો તેને પામવા માટે એટલો બધો પુરુષાર્થ કરવાનો હોય છે કે તે આપણાથી થઈ શકશે નહિ તેમ માનીને તે પરત્વે ડગલું પણ માંડતાં નથી. તેમ છતાં મનુષ્યમાં દૈવી શક્તિના આવિર્ભાવની ઝંખના તો સદાય રહેતી જ હોય છે અને તેથી તે દેવદર્શન, સંતસમાગમ અને સદ્‌વાંચન દ્વારા જાણેઅજાણે ઈશ્વરાભિમુખ થવા પ્રયત્ન કરતો હોય છે.

પણ જેમ સાચો રસ્તો હાથ આવ્યા વિના નિયત સ્થળે જઈ શકાતું નથી, તેમ સાચા પ્રયત્ન વિના ઈશ્વરીમાર્ગમાં પણ આગળ વધી શકાતું નથી. દરેક કામમાં જેમ ભય, સંકટ, મુશ્કેલી, અડચણો વગેરે હોય છે, એ બધુંય વેઠીને જે આગળ જાય છે, તે સફળતાને પામે છે, તેમ આ ઈશ્વરીમાર્ગમાં પણ ભય, સંકટ, મુશ્કેલી, અડચણો વગેરે બધું જ હોય છે અને તે બધુંય વેઠીને જે પોતાના ધ્યેયને વળગીને પ્રયત્નશીલ રહે છે, તેને જ પરમાત્માનો દિવ્ય પ્રકાશ સાંપડે છે.

આ **'જીવન મથામણ'**માં પૂજ્ય શ્રીમોટાએ તેમના સાધનામાર્ગમાં કેવી કેવી જીવન મથામણો વેઠેલી છે, તેનો ખ્યાલ જેઓ જિજ્ઞાસુભાવે વાંચશે તેમને જરૂર મળશે.

વેપારવણજમાં જેમ નફોનુકસાન હોય જ છે અને ધંધાનો ખ્યાલ બરાબર ન રાખ્યો અને જેમ ફાવે તેમ કર્યે રાખ્યું હોય તો એટલી બધી નુકસાનીમાં ઊતરી જવાય છે કે વેપારીને દેવાળું કાઢવાનો વખત આવે છે. એ જ પ્રમાણે આ સાધનામાર્ગમાં પણ બનતું હોય છે. એટલે સાધકે કેવી કેવી મથામણોમાંથી પોતાનો માર્ગ કાઢવાનો છે, તે કોઈ અનુભવી પુરુષ આપણને હકીકતરૂપે કહે ત્યારે જ ખબર પડે છે.

એ રીતે પૂજ્ય શ્રીમોટાનું આ **'જીવન મથામણ'** પુસ્તક સાધનામાર્ગના શ્રેયાર્થીને પથપ્રેરક થઈ પડશે એવી આશા છે. અંધ મનુષ્યોને સાચો રસ્તો મેળવવા જેમ ફાંફાં મારવાં પડે છે, તેમ સાધનામાર્ગના આરંભકાળમાં શ્રેયાર્થીની આવી જ સ્થિતિ હોય છે. તે વેળાએ આવી સચોટ અને સાચી અનુભવવાણી જ શ્રેયાર્થીને સાચી દિશા તરફ દોરી જશે અને આધ્યાત્મિક માર્ગમાં આવતા ખાડાટેકરાને પાર કરીને સિદ્ધિની મંજિલે પહોંચવામાં મદદરૂપ થશે.

પૂજ્ય શ્રીમોટાએ એ રીતે **'જીવન અનુભવ ગીત'**થી માંડીને આ **'જીવન મથામણ'** સુધીની પુસ્તકશ્રેણીમાં તેમના સાધનાપંથની જે વિવિધ ગઝલો આલેખેલી છે, તેમાંથી શ્રેયાર્થીને તેના સાધનામાર્ગ માટે ઘણું ભાથું મળી રહે તેમ છે. સાધનામાર્ગના શ્રેયાર્થીઓ માટે પૂજ્ય શ્રીમોટાએ આ રીતે જે આધ્યાત્મિક ગંગા વહેવરાવી છે, તે માટે સૌ તેમના ઋણી રહેશે.

પૂજ્ય શ્રીમોટાએ તેમના પુસ્તક પ્રકાશનમાં અમને નિમિત્ત બનાવ્યાં છે, તે પૂજ્યશ્રીનો અનુગ્રહ છે અને તે માટે અમો તેમના ઘણા ઘણા આભારી છીએ. પ્રભુ તેમને દીર્ઘાયુષ્ય બક્ષો

અને તેમની કલમે આવાં અનેક પુસ્તકો લખાય એવી પરમ કૃપાળુ પરમાત્માને અમારી પ્રાર્થના છે.

## ૬૦. 'જીવન મંડાણ'

**શ્રી હેમંતકુમાર નીલકંઠ**

**શ્રી નંદુભાઈ શાહ**

અમે પૂછ્યું, 'તમે આ લેખકના પરિચયમાં કેવી રીતે આવ્યાં? તમે તો એમને મુદ્દલે ઓળખતાં ન હતાં અને કોઈ પૂર્વાપરનો સંબંધ પણ ન હતો !'

તે બહેને કહ્યું, 'જુઓ, ત્યારે તમને વિગતથી વાત કરું. મારી એક મોટી દીકરી છે. તે તેની બહેનપણીને ત્યાંથી કવિતાની એક ચોપડી વાંચવાને લાવેલી અને તે મારા ઓરડામાં કેટલાય દિવસ સુધી પડી રહી. એક દિવસ હું મારા ઓરડામાં સૂતી હતી, ત્યાં ઓચિંતો પવનનો ઝપાટો આવ્યો અને પેલી ચોપડી જે બારી ઉપર હતી ત્યાંથી ઊડીને મારા શરીર ઉપર પડી અને જે ઉઘાડું પાનું હતું, તેમાં જે પ્રાર્થનાંકાવ્યો હતાં, તે મારા વાંચવામાં આવ્યાં. તે સમયની મારી માનસિક દશા આબેહૂબ તે પ્રાર્થનાંકાવ્યોમાં આલેખાયેલી તાદૃશ્યપણે અનુભવી. ત્યારથી એ **'હૃદયપોકાર'**ની પ્રાર્થનાઓ હું વાંચવા લાગી અને એના લેખક કોણ હશે એ પણ જાણવાની મરજી થયેલી. એમ કરતાં કરતાં તો સમય વીતી ગયો. દક્ષિણમાં મારાં સગાંસંબંધીઓ સાથે યાત્રાએ જવાનું થતાં, આડફંટે ફંટાઈને- જ્યાં જવાનું ન હતું ત્યાં જવાનું થયું, તે કુંભકોણમ્‌માં, ઝવેરાતની એક પેઢીને ત્યાં અમને જમવા નોતરેલાં. પેઢીના ભાગીદારનાં પત્ની અમદાવાદનાં છે અને તેમને હું આમ તો ઓળખતી. તેમના

ઓરડામાં હું બેઠી હતી ત્યાં પેલી જ 'હૃદયપોકાર'ની ચોપડી પણ જોઈ. એટલે મને નવાઈ લાગી. મેં તેમને પૂછ્યું, 'તમારી કને આ ચોપડી ક્યાંથી ?' તે બહેને કહ્યું, 'કેમ ના હોય ? તેના લેખક જ અમારે ત્યાં રહે છેને ?' 'એમ! તે અહીં રહે છે ? મારે તેમને જોવા છે અને કંઈક વાત કરવી છે.' પછી તે બહેને આ લખાણના લેખકને બોલાવ્યા. ત્યારથી તેમના પરિચયમાં આવી. તે પછી પત્રવહેવાર શરૂ કર્યો અને તે પત્રવહેવાર આ ચોપડીમાં છપાયો છે. ભક્તિ, શ્રદ્ધા વગેરેની સમાજમાં જે ઘરેડયુક્ત સમજણ છે, તેના કરતાં આમાં કોઈ જુદા જ પ્રકારની જીવનને ઘડવાની તેમની અનોખી સમજણ છે. જીવનમાં કર્મની સાથે અથવા તો મળતા પ્રસંગોની સાથે સાધનાની ભાવનાનો કેવી રીતે મેળ ખવડાવવો એની સમજણ એમના જે પત્રવહેવારમાંથી પડી છે, તે લખાણની એમની શૈલી ઘણી સરળ, અદ્‌ભુત અને અનોખી મને લાગેલી છે. હિંદુસમાજમાં સંયુક્ત કુટુંબની ભાવનામાં પહેલાં જે સુમેળ હતો, એકબીજાને માટે સહન કરવાની જે સહનશક્તિ અને સહાનુભૂતિ હતી અને પરસ્પરને માટે ઘસાવાની જે હાર્દિક ઉદારતા અને બહોળાં મન હતાં, તે સંયુક્ત કુટુંબની ભાવના આજે ઓસરતી જાય છે, તેવી વેળાએ જીવનમાં બધાંની સાથે સુમેળ પ્રગટાવવાના યજ્ઞની સમજણ જે તેમણે મારે ગળે ઉતારી, તે અદ્‌ભુત બોધપાઠ જોકે હજુ હું સાંગોપાંગ હૃદયમાં ઉતારી શકી નથી, પરંતુ તે પ્રમાણે વર્તવાની આંખ કંઈક ખૂલી છે અને ખાસ કરીને તેમના પત્રો દ્વારા હું વિશેષ પરિચયમાં આવી છું. તેમના વિશેના પરિચયની આટલી મારી હકીકત છે.'

ત્યાર પછી અમે એમને પૂછ્યું, 'એમની ભક્તિની સમજણમાં તમને જે અનોખી રીત લાગી તે કેવી રીતે ?' તેમણે જવાબ આપ્યો, 'મળેલા જીવન અને મળેલી પરિસ્થિતિથી કોઈ જુદી રીતે ક્યાંય ભક્તિ નથી. કર્મ એ ભાવનાને આકાર આપવાનો સમર્પણયજ્ઞ છે, અને જીવનમાં મળતા પ્રસંગો જીવનવિકાસને માટે ઘડતરરૂપ છે. જો હૃદયમાં જ્ઞાનની ભાવનાની જ્યોત જલતી રહે તો પ્રત્યેક પ્રસંગ ગુરુરૂપ બની જાય છે. ક્યાંય વિસંવાદ નથી. વિરોધ કે વિસંવાદ લાગે છે તેનું મૂળ આપણામાં છે. વળી, ભાવના, ઊર્મિ, વૃત્તિ અને વિચારનાં પૃથક્કરણ વિશે જાગૃત થવાનું તો મને કદી ભાન પણ ન હતું. પ્રત્યેક કર્મ, પ્રસંગ કે મેળાપ સમયે કે વાતચીત સમયે આપણાં મનની ભાવના, ઊર્મિ, વૃત્તિ, વિચાર વગેરે કેવાં કેવાં રહે છે, તેના ઉપરથી આપણને આપણી કક્ષાની ખબર પડી જવી જોઈએ એવું પ્રત્યક્ષ જ્ઞાન મને તેમના તરફથી મળ્યું. ભક્તિ એ વહેવારમાં જ્ઞાનની ભાવનાથી વર્તવાની ઉત્તમમાં ઉત્તમ રીત છે અને જીવનની સાથે ઓતપ્રોત વણાયેલી છે એ મને પ્રત્યક્ષ સમજાયું. એવી જ્ઞાનપૂર્વકની ભક્તિ કરવાથી જીવનમાં મળતો પ્રત્યેક પ્રસંગ, સંબંધ, વર્તનવહેવાર વગેરેમાં શાંતિ, સમતા, તટસ્થતા, ઉદારતા, સહિષ્ણુતા, સહનશીલતા વગેરે ગુણોનો તે તે અનુભવ થતો જાય અને આપણા જીવ સ્વભાવની પ્રકૃતિનો રંગ બદલાતો જાય એનું નામ ખરું ભક્તિનું સ્વરૂપ અને એનાથી પણ આગળનાં પગથિયાં છે, પણ હાલમાં તો મને આટલું સમજાયું છે.'

અમે કહ્યું, 'ઓહો! તમે બહુ સરસ ભક્તિ

વિશેની સમજણ આપી ત્યારે હવે તમારો ગુરુ વિશેનો શો ખ્યાલ છે ?'

તેમણે જવાબ આપ્યો, 'ભાઈ ! મને હજુ એની શી ગતાગમ પડે ? અને તે વિશે બોલવું એ કદાચ મારે માટે યોગ્ય પણ ન ગણાય, પરંતુ એટલું સમજાય છે કે બાળકને ચાલવાની સહજ તમન્ના પ્રગટતાં તેને આંગળી આપીને કે દેખાડીને તેની ચાલવાની વૃત્તિને માબાપ પોષણ આપ્યાં કરે છે, તેવી રીતે ગુરુ, સાધકના જીવનને ઘડતો હોય છે. ગુરુ એ સ્થૂળ નથી, પણ ગુરુની ભાવનાનો વિસ્તાર જીવનના જુદાં જુદાં કર્મનાં ક્ષેત્રોમાં પ્રત્યક્ષ થતો આપણાથી જ્ઞાનપૂર્વક અનુભવાય અને ગુરુની ભાવનાથી ઉત્કટતા હ્રદયમાં જીવતી થતાં તે આપણો જાગૃત ચોકીદાર પ્રત્યેક પળે રહ્યા કરતો હોય છે, એવું પણ આગળ જતાં અનુભવાય છે. આ તો બધી હજી મારી કોરી સમજણ છે. અનુભવની સમજણ નથી. આનાથી વિશેષ તો શું કહી શકું ? પણ ગુરુ, મારે મન ખાલી પૂતળું નથી, જેમ નિશાળમાં આગળ શીખવાને માટે શિક્ષક હોય અને જે જે કંઈ શીખવાનું હોય છે, તે કોઈ ને કોઈ કનેથી શીખવાનું રહે છે, તેમ ગુરુ પણ શીખવા માટે છે, પણ એની હ્રદયમાં ગરજ જાગ્યા વિના ભાવનાથી સતત એકધારું પળેપળ તેને જ્ઞાનપૂર્વક વળગી રહેવું એ લગભગ અશક્ય ઘટના છે. જેમ જેમ શીખવાની ઉત્કટ ગરજ જાગે અને તેમાં સાચો સ્વાર્થ આપણને સમજાય, ત્યારે જ ગુરુનું મૂલ્યાંકન આપણાથી થાય.'

મેં પૂછ્યું, 'ત્યારે સાધના કરવાની વિધિ બિધિ ખરી કે નહિ ?' એમણે કહ્યું, 'એમની સાધનાની રીત તો એ પ્રકારની

છે કે સકળ કંઈ કર્મ કરતાં કરતાં તેમાં પ્રભુના નામસ્મરણની ભાવના જીવતી રહ્યા કરે, કર્મથી કરીને હૃદયની ભાવના આકાર પામે અને કર્મ ઘડાવાને માટે છે એવા હેતુનું જ્ઞાનભાન રહ્યા કરે, અને તે સકળ કર્મ શ્રીપ્રભુપ્રીત્યર્થે યજ્ઞભાવાર્થે કરવાનાં હોય અને એવી જ્ઞાનપૂર્વકની ભાવનાથી મળતા પ્રત્યેક કર્મમાં મનાદિ કરણોનો જીવનવિકાસના જ્ઞાનની સાથે સુમેળ જામતો રહે, એને તેઓ સાધના કહે છે અને એ જ સાધનાની વિધિ છે. જીવનથી અતિરિક્તપણે નિરાળી એવી કોઈ સાધના નથી. આટલું હું તો ટૂંકામાં ટૂંકું સમજી છું.'

'મારા ઉપર તેમણે જે કાગળો લખેલા છે, તેનો પૂરેપૂરો બધો ભાગ આ ચોપડીમાં છપાઈ ગયેલો નથી. હજી અધૂરો છે. તથા, જીવનના શાસ્ત્ર વિશેની સમજણ અને જ્ઞાન તેમાં પૂરેપૂરાં અપાયેલાં નથી, કારણ કે એક તો મારી કક્ષા એવી અને મને પચે એટલું જ તે આપે અને મને જે બધું લખેલું છે, તે બધું પૂરું આમાં છપાયું નથી. એટલે વાચકને એ લખાણ ઘણું અધૂરું લાગે એવો પૂરો સંભવ છે, પરંતુ જેમ જેમ સગવડ મળતી જશે તેમ તેમ હવે પછીના કાગળો છપાશે એમ લાગે છે ખરું.'

અમારી વચ્ચે થયેલી આ વાતચીત એ જ આ સંપાદકના બે બોલ તરીકે પૂરતી છે.

## ૬૧. 'ગુણવિમર્શ'

**ધીરેશભાઈ હસમુખરાય જોગી**

આપણા જીવનમાં ગુણવિમર્શ એ મહત્ત્વનો ભાગ ભજવે છે. આપણામાં કહેવત છેને કે 'જેવી સંગત તેવી રંગત' અથવા 'જેવી સોબત તેવી અસર.'

એક વખત પૂજ્ય શ્રીમોટાને મેં વિનંતી કરી કે 'મોટા, તમે મને 'ગુણ ઉપર થોડું થોડું લખવાની કૃપા કરો તો જીવનના સુવિચારનું ભાથું મને મળ્યા કરે અને તેના વાંચનથી જીવન જીવવાની મને પ્રેરણા મળે.''

પૂજ્યશ્રીએ મારી વિનંતી સહર્ષ સ્વીકારી અને ગુણ ઉપર ચાર ચાર, છ છ લીટીઓનાં લખાણ એક પોસ્ટકાર્ડમાં મારી ઉપર આવતાં થયાં. દરેક પોસ્ટકાર્ડમાં ચાર ચાર, છ છ લીટીનું લખાણ આવતું એટલે લખાણનું પોસ્ટકાર્ડ આવતાં જ તુરંત તે વાંચી જતો અને મારું અંતર આનંદથી ઊભરાતું. આ વેળા જો મારી સાથે કોઈ બેઠા હોય તો તેમને પણ તે વાંચવા આપતો અને તેઓ પણ તે વાંચીને રાજી થતા.

પછી તો જેમણે જેમણે આ પોસ્ટકાર્ડમાં લખાણો વાંચેલાં તેઓ અવારનવાર મળે ત્યારે પૂછતા કે 'ધીરેશભાઈ, પૂજ્ય શ્રીમોટાનાં વધુ લખાણો આવ્યાં કે ?' હું, તેમને તેમણે ના વાંચ્યાં હોય તે પોસ્ટકાર્ડો આપતો. અને આ રીતે 'ગુણવિમર્શ'નું વાચકવૃંદ ધીમે ધીમે વધતું ગયું અને સૌને તેમાં રસ પડવા લાગ્યો. પછી તો 'સાંઈસુમન'માં આ 'ગુણવિમર્શ'નાં લખાણો પ્રસિદ્ધ થયાં અને સૌને તે ગમવા લાગ્યાં.

આ ઉપરથી મને થયું કે જે લખાણો મને એકલાને જ નહિ પણ સૌને ગમ્યાં છે, તે લખાણો એકાદ નાનકડી પુસ્તિકારૂપે પ્રસિદ્ધ થાય તો જીવન જીવવા બાબતમાં સૌને તે પ્રેરણારૂપ બને. તેથી, પૂજ્ય શ્રીમોટાને મેં પુસ્તિકા છપાવવા માટે વિનંતી કરી અને તેના પરિણામરૂપે **'ગુણવિમર્શ'**ની આ

પુસ્તિકા આજે આપના હાથમાં આવે છે. પૂજ્યશ્રીનાં આ લખાણોએ જેવી મને પ્રેરણા આપી છે તેવી પ્રેરણા જે કોઈ આ 'ગુણવિમર્શ'નાં લખાણો વાંચશે તેને મળશે તેવી મારી ખાતરી છે. પૂજ્યશ્રીએ જે ઉમળકાથી આ 'ગુણવિમર્શ'નાં લખાણના પત્રો લખ્યા છે, તે માટે તેમનો હું ખરેખરો આભારી અને ઋણી છું.

## ૬૨. 'જીવન સૌરભ'

**શ્રી કલ્પનાબહેન કે. જીવરાજાણી**

જગતમાં ભગવદ્‌પ્રાપ્તિ કોને નથી કરવી ? દરેક માણસ સંસારવહેવારમાં રચ્યોપચ્યો રહે છે અને તેનું સુખ પણ પામતો હોય છે, વેપાર-વણજમાં પડે છે અને ધનદોલત પણ કમાય છે, અને તેથી આગળ જઈને સમાજકલ્યાણનાં કાર્યો કરી જનસેવા દ્વારા જીવનમાં સંતોષ પણ મેળવે છે, તેમ છતાં તેને તેથી તૃપ્તિ મળતી નથી અને હજીયે તેને કંઈક મેળવવાનું બાકી રહે છે એમ લાગ્યા કરે છે. અને આ માટે દરેક દેવદર્શન દ્વારા, સાધુસમાગમ કરીને કે કથાકીર્તનો સાંભળીને તે મેળવવાનો પ્રયત્ન કરે છે.

વર્ષોથી ચાલી આવતી સમાજની આ રૂઢિગત પ્રણાલિકામાં જ માણસ એવો અટવાઈ જાય છે કે તેને જ તે ઈતિઅલમ્ માનીને અટકી જાય છે અને જગતમાંથી વિદાય લેતો હોય છે.

જીવન જોઈએ છીએ એટલું સરળ નથી. એમાં પણ અનેક સંઘર્ષો આવતા હોય છે અને તેમાંથી પાર પડવા માટે દરેક માણસને અથાગ પુરુષાર્થ અને શ્રમ કરવો પડતો હોય છે, એ

સુવિદિત હકીકત છે. સંસારવહેવારમાં કે વેપાર-વણજમાં પણ કોઈ વાર એવી વિષમ પરિસ્થિતિ આવે છે કે માણસ સાવચેતી ન રાખે તો ડૂલી જાય છે, તેના સત્ય ઘટનાત્મક પ્રસંગો આપણા સૌના જાણવામાં અને જોવામાંય આવ્યા હશે. જો સ્થૂળ મેળવવા માટે દરેક કંઈક કરે તો જ તે પામે છે તો પછી સૂક્ષ્મ મેળવવા માટે એને કેટકેટલું કરવું પડતું હશે તેનો વિચાર કરવો ઘટે છે.

આ પુસ્તકના કર્તા પૂજ્ય શ્રીમોટા એક સામાન્ય માણસ જ હતા. તેમણે એટલી બધી ગરીબી વેઠેલી છે કે જે આજના માણસના માન્યામાં ન આવે. તેમણે વેઠેલી ગરીબી માટે જાણવું હોય તો તેમનાં 'જીવન દર્શન', 'જીવન રસાયણ', 'જીવન તપ', 'જીવન કથની' વગેરે પુસ્તકો વાંચીએ, ત્યારે જ આપણને ખ્યાલ આવે.

જીવનમાં મળેલી ગરીબી અને દુઃખને પણ તેમણે પ્રભુનો પ્રસાદ માની આનંદથી સ્વીકારી અને જીવનઉન્નતિના માર્ગમાં જ્ઞાનપૂર્વક સદુપયોગ કર્યો. તેઓ કહે છે કે જીવનમાં મને આટલી બધી ગરીબી અને દુઃખ મળ્યાં તે માટે ભગવાનનો પાડ માનું છું, નહિ તો મને ઊંચે આવવાનું મન જ ન થાત. જ્ઞાનની જેને તરસ લાગે છે, તેને દુઃખ કઠતાં નથી પણ માર્ગપ્રેરક બને છે, તે આ ઉપરથી જોઈ શકાય છે.

આપણા સમાજમાં સામાન્ય માણસ ઊંચે આવી ન શકે તેવી પ્રચલિત માન્યતા છે. તેમ છતાં ગાંધીજી એક સામાન્ય માણસમાંથી જ દેવકોટિ સુધી પહોંચ્યાનો દાખલો આપણને જોવા મળે છે. પૂજ્ય શ્રીમોટાએ પણ તેમની જીવંત ઉન્નતિ આ જ પ્રકારે સાધેલી છે અને આજે તેઓ પોતે જે રીતે ઉન્નત

બન્યા તે રીતે સમાજને ઉન્નત બનાવવા અનેક લોકકલ્યાણનાં કાર્યો તેમણે હાથ ધર્યાં છે અને મૌનએકાંતના સાધન દ્વારા જીવનમાં સર્વને શાંતિ મળે તે માટે તેમના આશ્રમોમાં યોજના કરી છે. તેનો લાભ ઘણાં ભાઈબહેનો લઈ રહ્યાં છે.

આ **'જીવન સૌરભ'** પુસ્તકમાં પૂજ્ય શ્રીમોટાએ તેમની જીવનસાધના કયા પ્રકારે કરી તેનાં ગીતો આપવામાં આવ્યાં છે. તે ઉપરથી આપણને જણાશે કે સાધનાસિદ્ધિ માટે સાધકે કેટકેટલી મથામણ કરવી પડે છે.

પૂજ્ય શ્રીમોટાની જીવનસાધનાની સ્વાનુભવવાણીનાં પુસ્તકો એક પછી એક તૈયાર થયે જતાં હતાં અને છપાયે જતાં હતાં, ત્યારે જ અમને પણ થયેલું કે તેમના આવા એકાદ પુસ્તકને છપાવવાનો લાભ અમને પણ મળે તો સારું.

આ બાબતમાં અમે પૂજ્ય શ્રીમોટાને વિનંતી કરતાં તેમણે તે માન્ય રાખી અને અમને આ **'જીવન સૌરભ'** પુસ્તક છપાવવાની તક મળી, તે માટે અમે તેમના ઘણા ઘણા આભારી છીએ.

પૂજ્યશ્રીની કલમે આવાં અનેક પુસ્તકો લખાય અને તેના રસપાનનો લાભ સૌને મળો એ જ પ્રાર્થના.

## ૬૩. 'મોહ'

**શ્રી ઈલાબહેન સિદ્ધાર્થભાઈ શાહ**

સંસારમાં જોઈશું તો ડગલે ને પગલે મોહનાં દર્શન થશે. માબાપને સંતાન ઉપર, શિક્ષકને વિદ્યાર્થી ઉપર, ગુરુને શિષ્ય ઉપર, મિત્રને મિત્ર ઉપર, સ્ત્રીને પતિ ઉપર-એમ સમાજમાં એકબીજાની ઉપર સૌને મોહની માયા લાગેલી છે. જીવનમાંથી

જો મોહને બાદ કરવામાં આવે તો જીવન શુષ્ક થઈ જાય એ વાત ખરી છે.

એ રીતે જીવનમાં મોહ કેટલો ઉપયોગી છે તે આપણે જોઈ શકીએ છીએ. પણ મોહ જેમ મદદરૂપ છે તેમ અવરોધકર્તા પણ છે.

પૂજ્ય શ્રીમોટાએ નિમિત્ત, રાગદ્વેષ, કર્મોપાસના, કૃપા, સ્વાર્થ, શ્રીસદ્‌ગુરુ વગેરે ઉપર જેમ પુસ્તકો લખ્યાં છે તેવી રીતે તેઓ 'મોહ' ઉપર પુસ્તક લખીને તેનાં યથાયોગ્ય દર્શન કરાવે તો કેવું સારું ! આથી પૂજ્ય શ્રીમોટાને અમે 'મોહ' ઉપર પુસ્તક લખવા વિનંતી કરી અને તેના પરિણામે 'મોહ' પુસ્તક આપના હાથમાં આવે છે.

જીવનમાં કેવો કેવો મોહ થાય છે, ક્યાં ક્યાં અટવાઈ જવાય છે, કેવી અટપટી તેની ગલીકૂંચીઓ હોય છે અને તેની ભુલભુલામણીમાં કેવા ખોવાઈ જવાય છે, તેની સામે ગમે તેવા મોહમાં ફસાઈ ગયા હોવા છતાં પણ જો તેમાંથી આપણે બહાર નીકળવાનો દૃઢ અને મક્કમ નિરધાર કર્યો હોય, તો કેવી રીતે બહાર નીકળાય છે તેનું વર્ણન પૂજ્ય શ્રીમોટાએ સુંદર રીતે કરેલું છે.

આ 'મોહ' પુસ્તકનું વાચન કરતાં તેમાં મોહ પરત્વેનાં જે જુદાં જુદાં વર્ણનો આવે છે તે વાંચતાં ક્ષણિક તો આપણને એમ પણ થઈ જાય છે કે જાણે પૂજ્ય શ્રીમોટાએ આપણા જીવનમાં મોહને જેવો અનુભવ્યો છે તેવો જ તેને પુસ્તકમાં કેવી રીતે રજૂ કર્યો હશે !

કાળું કૂબડું બાળક હોવા છતાં માતા તેને ફેંકી દેતી નથી.

તે મોટું થઈને ઘરને ઉજાળશે એ આશાએ જ તેને જતનપૂર્વક ઉછેરે છે અને તેના બધા લાડકોડ પૂરા કરે છે. જીવન પણ રૂપ-કુરૂપતાથી જ ભરેલું છે. એટલે કોઈક વાર મોહવશ થઈ જતાં તેવી પરિસ્થિતિમાં આવી પડાય ત્યારે હતાશ કે નિરાશ ન થતા જીવન-ઉન્નતિનું શિખર સામે રાખી કેમ આગળ વધવું તેનું માર્ગદર્શન પણ આ પુસ્તકમાંથી સારી રીતે મળે છે.

પૂજ્ય શ્રીમોટાએ અમારી વિનંતીને માન આપી મોહ ઉપર આવું સુંદર પુસ્તક લખી આપ્યું તે માટે અમે તેમના ખરેખરા આભારી છીએ. તેમના હાથે આવાં જીવન-ઉપયોગી અનેક પુસ્તકો લખાય એવી પ્રાર્થના છે.

# પરિશિષ્ટ-૧
# પ્રકાશન-વિગત

(૧) **મનને :** (પદ્ય) સંપાદકો : પ્રથમ આવૃત્તિ : શ્રી હેમંતકુમાર ગુણાભાઈ નીલકંઠ, શ્રી નંદલાલ ભોગીલાલ શાહ, છઠ્ઠી આવૃત્તિ : શ્રી ભીખુભાઈ હરિભાઈ પટેલ, પ્રકાશક : પહેલી આવૃત્તિ : શ્રી હેમંતકુમાર નીલકંઠ-૧૯૪૦, બીજી અને ત્રીજી સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ૧૯૪૫-૧૯૪૮, ચોથી આવૃત્તિ : મહાજન પબ્લિશિંગ હાઉસ-૧૯૫૬, પાંચમી-છઠ્ઠી આવૃત્તિ : હરિઃૐ આશ્રમ, નડિયાદ-૧૯૬૭-૧૯૬૮, કુલ પ્રત : ૧૪,૨૫૦. પ્રસ્તાવના : બીજી આવૃત્તિ શ્રી મનુ સૂબેદાર, છઠ્ઠી આવૃત્તિ : શ્રી ઉમાશંકર જોશી.

પૂજ્ય શ્રીમોટાએ જીવનવિકાસની સાધનાના પ્રારંભમાં (૧૯૨૨)માં મનને મઠારવા ભુંજગી છંદમાં આ રચના કરી છે. ૧૧૨ કડીનું આ પુસ્તક મનના સ્વરૂપને, તેના કાર્યને અને એમાંથી નીપજી શકતી શક્યતાને સરળ ભાષામાં સમજાવે છે.

(૨) **તુજચરણે :** (પદ્ય) સંપાદકો : શ્રી હેમંતકુમાર નીલકંઠ અને શ્રી નંદલાલ શાહ, પ્રકાશક : પહેલી-બીજી આવૃત્તિ : રામકૃષ્ણ સેવા સમિતિ-૧૯૪૪, ત્રીજી આવૃત્તિ : સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય-૧૯૫૦, ચોથી-પાંચમી આવૃત્તિ : મહાજન પબ્લિશિંગ હાઉસ-૧૯૫૬, ૧૯૬૨, છઠ્ઠી આવૃત્તિ : એસ. એમ. ભાવસારની કંપની-૧૯૬૭, કુલ પ્રત : ૧૨,૧૦૩, પ્રસ્તાવના : શ્રી ગૌરીશંકર ભટ્ટ, શ્રી કિશનસિંહ ચાવડા.

‘હિંદુ ધર્મમાં ઈશ્વરના તેમ જ ધર્મનાં સ્વરૂપ અંગે કોઈ ચોક્કસ સમજૂતી નથી.’ એક ખ્રિસ્તી મિશનરી પાદરીએ શ્રીમોટાને ૧૯૨૨માં

એમના સાધનાકાળમાં આવો પડકાર સંભળાવ્યો ! શ્રીમોટાએ વસંતતિલકા છંદમાં સરળ ભાષામાં હિંદુ ધર્મ અને ઈશ્વરના સ્વરૂપ અંગે સ્પષ્ટતા કરતી આ રચના કરીને પડકારને ઝીલ્યો, અને એ રીતે પડકારને રચનાત્મક રૂપ આપ્યું. ૧૧૨ કડીનું આ પુસ્તક ઈશ્વરનું કીર્તન અને ઈશ્વર પ્રત્યેની પ્રાર્થનાનો ભાવ વ્યક્ત કરે છે.

(૩) **હૃદય પોકાર :** (પદ્ય) સંપાદક : શ્રી નંદલાલ ભોગીલાલ શાહ, પ્રકાશક : રામકૃષ્ણ સેવા સમિતિ, આમુખ : શ્રી ડોલરરાય, ર. માંકડ, પ્રસ્તાવના : શ્રી હેમંતકુમાર ગુણાભાઈ નીલકંઠ પાનાં-૯૮

૨૭૭ કડીઓનું શિખરિણી છંદમાં રચાયેલું આ કાવ્ય પુસ્તક છે. સાધના દરમિયાન અંતરની અનેક ગૂઢ મથામણો વેળાએ તેમ જ સંઘર્ષ ટાણે પ્રભુ પ્રત્યે કરેલો આ હૃદય પોકાર શ્રીમોટાની તે કાળની આંતરિક મથામણોને વ્યક્ત કરે છે, તેમ જ તેમના હૃદયની ભાવનાને સ્પષ્ટ કરે છે.

(૪) **જીવન પગલે :** (પદ્ય) સંપાદકો : પ્રથમ આવૃત્તિ : શ્રી નંદલાલ ભોગીલાલ શાહ, બીજી આવૃત્તિ : શ્રી સોમાભાઈ ભાવસાર, પ્રકાશક : પ્રથમ આવૃત્તિ : સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય-૧૯૪૪, બીજી આવૃત્તિ : રમેશભાઈ મોહનલાલ શાહ-૧૯૭૧, કુલ પ્રત ૨૦૦૦, બે બોલ : શ્રી હેમંતકુમાર ગુણાભાઈ નીલકંઠ, પાનાં : ૧૧૨, કિંમત. રૂ. ૩/-

પૂજ્ય શ્રીમોટાએ સાધક સ્વજનોને પદ્યમાં પત્રો લખેલા એનો આ સંગ્રહ છે. એમની 'નિશ્ચિત જ્ઞાનદૃષ્ટિ અને જીવનફિલસૂફી'નો લાભ આ પુસ્તકમાં પમાય છે. સાચી ઈશ્વરભક્તિ, સાધકનું જીવન અને તેનાં વલણો, જીવનસાધનાના વિચાર, સાધનાની પારાશીશી, શક્તિનાં રમકડાં, દુઃખનો મર્મ, શરણભાવ, પુરુષાર્થ, પ્રભુપ્રેમ અને સહજ કર્મ, જ્ઞાનમય જીવનની ઝાંખી અને ગૂઢ તત્ત્વ વગેરે વિચારસામગ્રીવાળું જીવનપંથ ઉજાળનાર આ પુસ્તક છે.

(૫) **ગંગાચરણે :** (પદ્ય) સંપાદક : શ્રી નંદલાલ ભોગીલાલ શાહ, પ્રકાશક : શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ-૧૯૪૫, પ્રસ્તાવના : શ્રી અનંતરાય મ. રાવળ, કુલપ્રત : ૧૦૦૦.

૧૧૪ કડીનું આ કાવ્ય પુસ્તક શ્રીમોટાની ગંગા પ્રત્યેની ભક્તિભાવનાને વ્યક્ત કરે છે. શ્રીમોટાએ ગંગાના મહિમા સાથે વિશ્વજનની માનો તથા તેના શરણનો મહિમા ગાયો છે. કાવ્યમાં આવો ગૂઢ અર્થ હોવાથી જ્ઞાનનો પ્રસાદ પમાય છે. શિખરિણી-મંદાક્રાંતા એ છંદોનું પ્રત્યેક પંક્તિમાં લાક્ષણિક સંમિશ્રણ થયું છે.

(૬) **કેશવચરણકમળે :** (પદ્ય) સંપાદક : શ્રી નંદલાલ ભોગીદાલ શાહ, પ્રકાશક : શ્રી મૂળજીભાઈ ભક્ત, વસ્તુપરિચય : શ્રી હેમંતકુમાર નીલકંઠ, પાનાં : ૬૪

પૂજ્ય શ્રીમોટાના ગુરુમહારાજ પૂજ્ય શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદાજી હતા. એમનાં ચરણકમળે શ્રીમોટાએ પોતાના સાધનાકાળ દરમિયાન નિવેદન રૂપે જે રચનાઓ કરેલી (તા. ૮-૭-૧૯૨૭ થી) તેમાંથી ૧૨૩ રચનાઓ  આ પુસ્તકમાં છે. એમાં ગઝલ પણ છે અને ગેય પદ પણ છે.

(૭) **કર્મગાથા :** (પદ્ય) સંપાદક : શ્રી નંદલાલ ભોગીલાલ શાહ, પ્રકાશક : સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય-સંવત ૨૦૦૩-ઈ.સ. ૧૯૪૭, બે બોલ : પૂજ્ય ઠક્કર બાપા, પ્રસ્તાવના : શ્રી રવિશંકર વ્યાસ (રવિશંકર મહારાજ), કુલ પ્રત ૧૧૦૦, પાનાં : ૨૧૬

પોતાનાં સ્વજનોને કર્મનો મહિમા, કર્મની સાધના, કર્મનું સ્વરૂપ, કર્મની ગતિ, કર્મનો હેતુ વગેરે સમજાવવા માટે પૂજ્ય શ્રીમોટાએ પદ્યમાં જે પત્રો લખેલા તે આ પુસ્તકમાં છે. કર્મનું રહસ્ય અને ગૂઢ કર્મ સમજવા માટે આ પુસ્તક ઘણું જ ઉપયોગી બને તેવું છે. કર્મને લગતાં ૮૯ જેટલાં પાસાંનું આ પુસ્તકમાં સરળ ભાષામાં સમજૂતી આપવામાં આવી છે.

(૮) **પ્રણામ પ્રલાપ :** (પદ્ય) સંપાદક : શ્રી નંદલાલ ભોગીલાલ શાહ, પ્રકાશક : શ્રી વજુભાઈ જાની-૧૯૪૭, બે બોલ : શ્રી રમણલાલ વ. દેસાઈ, કુલ પ્રત : ૬૦૦, પાનાં : ૧૫૬

સ્વજનોને જીવનવિકાસ પરત્વે જાગ્રત કરવા, અને ચેતના પ્રતિ અભિમુખ કરવા ગઝલના ઢાળમાં કરેલી રચનાઓનો આ સંગ્રહ છે.

(૯) **પુનિત પ્રેમગાથા :** (પદ્ય) સંપાદક : શ્રી નંદલાલ ભોગીલાલ શાહ, પ્રકાશક : શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય-સંવત ૨૦૦૩, ઈ.સ. ૧૯૪૭, આમુખ : રૈહાના તૈયબજી અને ગુરુદયાલ મલ્લિક, કુલ પ્રત : ૧૦૦૦, પાનાં : ૨૮૪

પૂજ્ય શ્રીમોટાએ સ્વજનોને પ્રેમ વિશે સમજૂતી આપતા પત્રો પદ્યમાં લખેલા તેનો આ સંગ્રહ છે. ૧૨૬ જેટલા પત્રો દ્વારા પ્રેમનાં ભિન્ન ભિન્ન પાસાંઓમાં વિવિધ ભાવોને એમણે આલેખ્યા છે.

(૧૦) **જીવન સંગ્રામ :** (ગદ્ય) પ્રથમ આવૃત્તિ : સંપાદક : શ્રી નંદલાલ ભોગીલાલ શાહ, પ્રકાશક : સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, સંવત : ૨૦૦૪, ઈ.સ. ૧૯૪૮, પ્રસ્તાવના : 'અભ્યાસી' (રમણાશ્રમ તીરૂવણ્ણમલૈ), કુલ પ્રત : ૧૧૫૦, પાનાં : ૭૦, બીજી આવૃત્તિ : સંપાદક : શ્રી શંકરલાલ મોતીલાલ મિસ્ત્રી, ઈ.સ. ૧૯૭૬ પ્રત : ૧૦૦૦ કિંમત ૨-૫૦/-

જીવન એ એક કેવા પ્રકારનો સંગ્રામ છે અને એમાં કોની વચ્ચે યુદ્ધ ખેલાય છે વગેરેની સમજૂતી શ્રીમદ્‌ભગવદ્‌ગીતાની ભૂમિકાનો આશ્રય લઈને પૂજ્ય શ્રીમોટાએ આ એક સળંગ નિબંધાત્મક પત્રસ્વરૂપમાં આપી છે.

(૧૧) **જીવન સંદેશ :** સંપાદકો : શ્રી નંદલાલ ભોગીલાલ શાહ, શ્રી હેમંતકુમાર નીલકંઠ, પ્રકાશક : (પ્રથમ આવૃત્તિ) ધી સંદેશ લિમિટેડ, બીજી આવૃત્તિ : હરિઃૐ આશ્રમ, નડિયાદ,

આમુખ : (પ્રથમ આવૃત્તિ ) શ્રી સંતબાલજી, (બીજી આવૃત્તિ) શ્રી ગુલાબરાય મંકોડી, પાનાં : ૩૩૮, કિંમત : રૂ. ૪/- બંને આવૃત્તિ : કુલ પ્રત : ૨૫૦૦.

પૂજ્ય શ્રીમોટાના નિબંધાત્મક પત્રોનો આ સંગ્રહ છે. એમાં 'સલામત સ્થિતિ', 'આઘાત પ્રત્યાઘાત', 'વિવેકશક્તિ', 'વાતાવરણ', 'જીવન્મુક્ત' અને 'પુણ્યપુરુષ' જેવા વિશિષ્ટ વિષયને સ્ફૂટ કરનારા લેખો છે.

(૧૨) **જીવન પાથેય :** સંપાદકો : શ્રી નંદલાલ ભોગીલાલ શાહ, શ્રી હેમંતકુમાર નીલકંઠ, પ્રકાશકો : પ્રથમ આવૃત્તિ : શ્રી મૂળજીભાઈ ભક્ત-૧૯૪૯, બીજી આવૃત્તિ : શ્રી ભગવતી પ્રકાશન-૧૯૬૯, પ્રસ્તાવના : પ્રથમ આવૃત્તિ : શ્રી શાંતિલાલ ઠાકર, બીજી આવૃત્તિ : શ્રી વિમલાતાઈ ઠકાર, પાનાં : ૧૮૪, કિંમત રૂ. ૨-૫૦/-.

૧૯૪૨-૧૯૪૩ દરમિયાન લખાયેલાં પત્રોનો આ સંગ્રહ છે. એમાં કાવ્યો પણ સામેલ કરવામાં આવ્યાં છે. આ પુસ્તકમાં શ્રીગુરુચરણમહિમા, વૈરાગ્ય, અંધશ્રદ્ધા વગેરે વિશે તદ્દન નવો જ પ્રકાશ મળે છે. શ્રીમોટાનાં પ્રેમભર્યાં ઉદ્‌બોધનો પણ આપ્યાં છે.

(૧૩) **At Thy Lotus Feet :** By Shri Mota. Translated by Shri Hemantkumar Nilkanth, Published by : HariOm Ashram, Forword by : Ramdas, First Edition : 1948, Second : 1958, Page : 48, Price Rs. 1/-

પૂજ્ય શ્રીમોટાના 'તુજચરણે' એ કાવ્ય પુસ્તકનો આ અંગ્રેજી પદ્યાનુવાદ છે.

(૧૪) **જીવન પ્રેરણા :** (ગદ્ય) સંપાદકો : શ્રી નંદલાલ ભોગીલાલ શાહ અને શ્રી હેમંતકુમાર નીલકંઠ, પ્રથમ આવૃત્તિ :

પ્રકાશક : ધી સંદેશ લિમિટેડ વતી શ્રી નંદલાલ ચૂનીલાલ બોડીવાલા, ઘી કાંટા, અમદાવાદ, કિંમત રૂ. ૧-૫૦/-, પ્રકાશન : ૧૯૫૦, પાનાં : ૧૮૦

૧૯૩૯ થી ૧૯૪૮ દરમિયાન લખાયેલા પત્રોમાંથી તત્ત્વ વિષયક વિચારણાવાળા લખાણો, પૂજ્ય શ્રીમોટાની ચેતનનિષ્ઠ અવસ્થા વિશેનાં લખાણો તથા અનુભવીના ગૂઢકાર્ય વિશેના સંકેતો આ પુસ્તકમાં લેવાયાં છે. ગુરુ અને ચેતન વિશેની કેટલીક ગૂઢ વાતોની સમજૂતી પણ આ પુસ્તકમાંથી મળે છે.

(૧૫) **To The Mind :** By Shri Mota. Published by : Ramkrishna Seva Samiti, Foreword : Shri Narayana Swami

'મનને' એ પુસ્તકનો અંગ્રેજી પદ્યમાં અનુવાદ.

(૧૬) **જીવન પગરણ :** સંપાદકો : પ્રથમ આવૃત્તિ : શ્રી નંદલાલ ભોગીલાલ શાહ, શ્રી હેમંતકુમાર નીલકંઠ, બીજી આવૃત્તિ : શ્રી ઈંદ્ર વસાવડા, પ્રકાશક : પ્રથમ આવૃત્તિ : ધી સંદેશ લિમિટેડ-૧૯૫૧, પ્રત : ૧૨૫૦, બીજી આવૃત્તિ : શ્રી પ્રભુદાસ ડાહ્યાભાઈ જાની-૧૯૭૦, પ્રત : ૧૨૫૦, પ્રસ્તાવના : પ્રથમ આવૃત્તિ : શ્રી પરીક્ષિતલાલ મજમુદાર, કુલ પ્રત : ૨૫૦૦, પાનાં : ૧૯૬

ઈ.સ. ૧૯૪૦ દરમિયાન લખાયેલા પત્રોનો આ સંગ્રહ છે. સાધકને પોતાની સાધનામાં સહાયરૂપ થઈ શકે એવાં ધ્યાન અને ત્રાટક જેવાં સાધનોનો વિગતે પરિચય કરાવવામાં આવ્યો છે.

(૧૭) **જીવન પગથી :** પ્રથમ આવૃત્તિ : સંપાદકો અને પ્રકાશકો : શ્રી હેમંતકુમાર નીલકંઠ, શ્રી નંદલાલ શાહ, બીજી આવૃત્તિ : પ્રસ્તાવના : શ્રી પી. એન. ભગવતી ૧૯૭૦-પ્રત-૧૨૫૦, પાનાં : ૨૩૩ કિંમત રૂ. ૪/-.

ઈ.સ. ૧૯૪૧-૧૯૪૨ દરમિયાન લખાયેલા પત્રોનો આ સંગ્રહ છે. રોજિંદા જીવનમાં સાધનામય જીવન કેવી રીતે જીવવું એનું વ્યવહારુ માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

(૧૮) **જીવન મંડાણ :** સંપાદકો અને પ્રકાશકો : શ્રી હેમંતકુમાર નીલકંઠ, શ્રી નંદલાલ શાહ, પ્રથમ આવૃત્તિ : પાનાં : ૨૩૨

ઈ.સ. ૧૯૫૦-૧૯૫૧ દરમિયાન લખેલા પત્રોનો આ સંગ્રહ છે. દરેક પૃષ્ઠ ઉપર પદ્યની એક એક પંક્તિ છાપવામાં આવી છે. સંયુક્ત કુટુંબમાં સુમેળ પ્રગટાવવાની ભાવના પ્રેરતા, તેમ જ વ્યવહારુ જીવનમાં પ્રભુભાવનાં વ્યક્ત લક્ષણોની સમજણ આપતા પત્રો એક બહેનને લખાયેલા છે, છતાં એ પત્રો સર્વ કોઈ જીવનસાધકને જીવનવ્યવહારમાં ઘણા જ ઉપકારક નીવડે એવા છે.

(૧૯) **જીવન સોપાન :** સંપાદકો : પ્રથમ આવૃત્તિ : શ્રી હેમંતકુમાર નીલકંઠ, શ્રી નંદલાલ ભોગીલાલ શાહ,બીજી આવૃત્તિ : શ્રીમતી ડાહીબહેન ચીમનભાઈ પટેલ, પ્રકાશકો : પ્રથમ આવૃત્તિ : શ્રી ચીમનલાલ માણેકલાલ શાહ ૧૯૫૨, બીજી આવૃત્તિ : શ્રી ચીમનભાઈ બબલભાઈ પટેલ ૧૯૭૩, કુલ પ્રત : ૨૫૦૦, પ્રસ્તાવના : પ્રથમ આવૃત્તિ : મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ-બીજી આવૃત્તિ : ડૉ. અરુણોદય જાની, પાનાં : ૩૮૪, કિંમત રૂ. ૬/-

ઈ.સ. ૧૯૫૧-૧૯૫૨ દરમિયાન લખાયેલા પત્રોનો આ સંગ્રહ છે. 'જીવન મંડાણ'ના પત્રોના અનુસંધાનમાં જ એ જ વ્યક્તિને લખાયેલા પત્રો આ પુસ્તકમાં છે. આ પુસ્તકમાં પૂજ્ય શ્રીમોટાએ પોતાના અંતરભાવોના સ્ફુલ્લિંગ વ્યક્ત કર્યાં છે.

(૨૦) **જીવન પ્રવેશ :** સંપાદકો : શ્રી હેમંતકુમાર નીલકંઠ, શ્રી નંદલાલ શાહ, પ્રકાશક : શ્રી ચીમનલાલ માણેકલાલ શાહ, પ્રથમ આવૃત્તિ : ૧૯૫૩, પાનાં : ૨૩૪.

આ પુસ્તકમાં ૧૯૫૨માં લખાયેલા પત્રો ઉપરાંત, ૧૯૪૪ થી ૧૯૪૯ દરમિયાન લખાયેલા કેટલાક પત્રો પણ ઉમેરાય છે. આખું પુસ્તક ગદ્યમાં છે, પરંતુ દરેક પૃષ્ઠ ઉપર પદ્યની એક એક પંક્તિ છાપવામાં આવી છે.

(૨૧) **જીવનગીતા :** સંપાદક : પ્રથમ આવૃત્તિ : બીજી આવૃત્તિ : શ્રી ભીખુભાઈ હરિભાઈ પટેલ, ત્રીજી અને ચોથી આવૃત્તિ : શ્રી બેચરભાઈ સોમાભાઈ પટેલ, પ્રકાશક : પ્રથમ આવૃત્તિ : બીજી આવૃત્તિ : શ્રી રાવજીભાઈ આશાભાઈ પટેલ, ત્રીજી અને ચોથી આવૃત્તિ : શ્રી મગનભાઈ બહેચરભાઈ પટેલ, કુલ પ્રત : ૮૭૫૦, પ્રસ્તાવના : શ્રી લલિતચંદ્ર ૨. દલાલ, ચોથી આવૃત્તિ : પાનાં : ૩૪૮, કિંમત રૂ. ૭/-

શ્રીમદ્ભગવદ્ગીતાનો આ સમશ્લોકી અનુવાદ નથી પણ પદ્યમાં મુક્ત વિશદ વિવરણ કરવામાં આવ્યું છે. વળી, શ્લોકો પછી જરૂર જણાય ત્યાં ત્યાં ગદ્ય વિવરણ પણ છે.

(૨૨) **જીવન પોકાર :** સંપાદક : પ્રથમ આવૃત્તિ : શ્રી હેમંતકુમાર નીલકંઠ, શ્રી નંદલાલ શાહ, બીજી આવૃત્તિ :શ્રી વિષ્ણુપ્રસાદ એસ. પંડ્યા, પ્રકાશક : પ્રથમ આવૃત્તિ : શ્રી ચીમનલાલ મહાજન ૧૯૫૪, બીજી આવૃત્તિ : શ્રી ભગવતી પ્રકાશન-૧૯૭૧, પ્રત : ૧૦૦૦, પાનાં : ૪૬૬, કિંમત રૂ. ૬/-

પૂજ્ય શ્રીમોટાનો આ એક લાક્ષણિક પત્રસંગ્રહ છે. ૧૯૫૪માં લખાયેલા આ પત્રો છે. એમાં એમના દિલનો સ્વજનોને જાગૃત કરવા તીવ્ર પોકાર છે. આ પુસ્તકમાં પૂજ્ય શ્રીમોટા દ્વારા અન્યના જીવનમાં બનેલી કેટલીક ચમત્કારિક ઘટનાઓ આલેખાઈ છે.

(૨૩) **આર્તપોકાર :** સંપાદક : પ્રથમ આવૃત્તિ : શ્રી હેમંતકુમાર નીલકંઠ, શ્રી નંદલાલ શાહ. બીજી આવૃત્તિ : શ્રી (નાના) અમૃતલાલ ગોવિંદલાલ પટેલ, પ્રકાશક : પ્રથમ આવૃત્તિ :

શ્રી ચીમનલાલ માણેકલાલ શાહ ૧૯૫૪, બીજી આવૃત્તિ : શ્રી મોહનભાઈ ગોવિંદભાઈ પટેલ-૧૯૭૩, પ્રત : ૧૨૫૦, પ્રસ્તાવના : પ્રથમ આવૃત્તિ : શ્રી મુકુલ કલાર્થી, બીજી આવૃત્તિ : ફાધર વાલેસ, પાનાં : ૧૪૮, કિંમત રૂ. ૩/-

પૂજ્ય શ્રીમોટાએ પોતાના સાધનાકાળ દરમિયાન કરેલી પ્રાર્થનાઓમાંથી ૯૮ ગેય પ્રાર્થનાઓ અહીં સંગ્રહાઈ છે. આ પ્રાર્થનાના ઢાળ મુખ્યત્વે પ્રાચીન ભજનોના છે. કેટલીક ગઝલો અને લાવણી પણ છે.

(૨૪) **હરિજન સંતો :** (રવિદાસ, ચોખામેળા અને હરિદાસ) સંપાદિકા : પુષ્પા રમણલાલ દલાલ, પ્રકાશક : સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ : સંવત ૨૦૧૦, પ્રત : ૨૫૦૦.

પૂજ્ય શ્રીમોટાએ ૧૯૩૨માં લખેલ એક લાક્ષણિક વિશિષ્ટતાવાળી આ પુસ્તિકા છે. એમાં અજ્ઞાત ભક્તોનાં ચરિત્ર, યથાસ્થાને ભજન કીર્તનો સહિત આલેખાયાં છે.

(૨૫) **Life's Struggle :** Translated by Shri Hemantkumar Fist Edition : 1965 : 1250 Copiex. Second Edition 1972 : 1250 Copies, Publisher : Shri R. P. Mehta, Kasar Falia, Anandpura, Baroda, Price _ 2-50, Pages : 78, Forwarded by : Narayana.

'જીવનસંગ્રામ' એ પુસ્તકનો શ્રી હેમંતકુમાર નીલકંઠે કરેલો અંગ્રેજી અનુવાદ.

(૨૬) **જીવન મંથન :** સંપાદકો : શ્રી હેમંતકુમાર નીલકંઠ, શ્રી નંદલાલ ભોગીલાલ શાહ, પ્રકાશક : મહાજન પબ્લિશિંગ હાઉસ, પ્રથમ આવૃત્તિ : ૧૯૫૬, પ્રત : ૧૨૫૦, પ્રસ્તાવના : શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી, પાનાં : ૩૬૮.

૧૯૪૨-૧૯૪૩ દરમિયાન લખેલા પત્રો. ૧૯૪૨ની લડત દરમિયાન પોતે કેવા અનુભવો લીધા એનું નિરૂપણ આ પુસ્તકમાં છે. હરિજન સેવક સંઘ માટે ફાળો ઉઘરાવવાના પ્રસંગોનું આલેખન આ પુસ્તકમાં છે.

(૨૭) **જીવન સંશોધન :** સંપાદકો : શ્રી હેમંતકુમાર નીલકંઠ, શ્રી નંદલાલ ભોગીલાલ શાહ, પ્રકાશક : મહાજન પબ્લિશિંગ હાઉસ, પાનાં : ૩૯૨, કિંમત રૂ. ૩-૭૫/-

૧૯૩૯માં અદ્વૈતના સાક્ષાત્કાર પછી તરત જ લખાયેલા પત્રો આ પુસ્તકમાં છે. છંદોબદ્ધ પ્રાર્થનાઓ પણ આ પુસ્તકમાં છે. તેમ જ કેટલાંક ભાવભર્યાં ભજનો પણ પુસ્તકને અંતે પ્રગટ કરવામાં આવ્યાં છે.

(૨૮) **નર્મદાપદે :** (પદ્ય) સંપાદક : શ્રી ચંદુલાલ ભાવસાર, પ્રકાશક : હરિઃૐ આશ્રમ, નડિયાદ, પ્રથમ આવૃત્તિ : ૧૯૫૮, પ્રસ્તાવના : સ્વામી શિવાનંદ, ત્રીજી આવૃત્તિ : ૧૯૭૧, પ્રત : ૨૦૦૦, કિંમત ૨૫ પૈસા.

૧૦૮ કડીઓમાં નર્મદામૈયાનું સ્તવન તથા પ્રાર્થના-વસંતતિલકા છંદમાં.

(૨૯) **જીવન દર્શન :** સંપાદકો : પ્રથમ આવૃત્તિ : શ્રી હેમંતકુમાર નીલકંઠ, શ્રી નંદલાલ શાહ, બીજી આવૃત્તિ : શ્રી વિષ્ણુપ્રસાદ સો. પંડ્યા, ત્રીજી આવૃત્તિ : શ્રી કાંતિભાઈ પટેલ, પ્રકાશક : પ્રથમ આવૃત્તિ : હરિઃૐ આશ્રમ, ૧૯૬૦, પ્રત : ૧૨૫૦, બીજી આવૃત્તિ : ૧૯૬૭, પ્રત : ૧૨૫૦, ત્રીજી આવૃત્તિ : પ્રકાશક : ભગવતી પ્રકાશન-૧૯૭૫, પ્ર : ૧૦૦૦, પાનાં : ૪૧૯, કિંમત : રૂ. ૭/-, ચોથી આવૃત્તિ : ૧૯૭૭, કિંમત રૂ. ૧૦/-

૧૯૪૦-૧૯૪૧ દરમિયાન લખેલા પત્રોમાં પૂજ્ય શ્રીમોટાના

જીવનના ઘણા પ્રસંગો આલેખાયેલા છે. તેઓશ્રીએ સાક્ષાત્કારનો અનુભવ પણ વર્ણવ્યો છે. ઉપરાંત, ભક્તિભાવભરી આર્ત અને આર્દ્ર પ્રાર્થનાઓ પણ પુસ્તકમાં છે. પૂજ્ય શ્રીમોટાનાં સર્વ પુસ્તકોમાં આ સર્વોપયોગી પુરવાર થયું છે.

(૩૦) **જીવન પરાગ :** સંપાદકો : શ્રી હેમંતકુમાર નીલકંઠ, શ્રી નંદલાલ શાહ, પ્રકાશકો : પ્રથમ આવૃત્તિ : શ્રી ચીમનલાલ માણેકલાલ શાહ ૧૯૬૩, પ્રત : ૧૨૫૦, બીજી આવૃત્તિ : બેચરભાઈ સોમાભાઈ પટેલ-૧૯૭૨, પ્રત : ૧૨૫૦, પ્રસ્તાવના : પ્રથમ આવૃત્તિ : સોપાન, બીજી આવૃત્તિ : શ્રી અનુપરામ ગોવિંદરામ ભટ્ટ, પાનાં : ૫૪૮, કિંમત રૂ.૮/-

૧૯૬૦ સુધીમાં પૂજ્યશ્રી મોટાનાં પ્રકાશિત થયેલાં પુસ્તકોમાંથી મુક્તક સમા વિચાર કણિકાઓનો આ સંગ્રહ છે. વ્યવહારુ જીવન માટે તેમ જ સાધનામય જીવન માટે આ વિચાર કણિકાઓ ઘણી જ પ્રેરક અને ચોટદાર છે. ગદ્ય તેમ જ પદ્ય બંને પ્રકારનાં લખાણમાંથી આ સંગ્રહ તૈયાર થયો છે.

(૩૧) **અભ્યાસીને :** (પદ્ય) સંપાદક : હરિ ઉર્ફે દિલીપ હસમુખલાલ મહેતા, પ્રકાશક : શ્રી ભીખુભાઈ પટેલ-(રાંદેર), પ્રસ્તાવના : શ્રી ઈશ્વરભાઈ પટેલ, પ્રથમ આવૃત્તિ : ૧૯૬૭, બીજી આવૃત્તિ : સંપાદક : કમલ હસમુખલાલ મહેતા પ્રકાશક : શ્રીમતી વંદનાબહેન મહેતા, પાનાં : ૨૪, કિંમત રૂ.૦-૪૦

અનુષ્ટુપમાં ૧૦૦ કડીઓ દ્વારા અભ્યાસનો તાત્ત્વિક અર્થ અને અભ્યાસનો હેતુ સમજાવાયા છે. અભ્યાસ અંગે તદ્દન નવો જ પ્રકાશ પાડતી આ પ્રેરક પુસ્તિકા છે.

(૩૨) **જિજ્ઞાસા :** (પદ્ય) સંપાદક : પ્રથમ આવૃત્તિ : શ્રી રમેશ મ. ભટ્ટ, બીજી આવૃત્તિ : શ્રી ચૂનીલાલ મોતીરામ તમાકુવાળા, પ્રકાશક : પ્રથમ આવૃત્તિ : ઈંદ્રવદન શૅરદલાલ ૧૯૭૦,

બીજી આવૃત્તિ : શ્રી પી. એન. ભગવતી-૧૯૭૧, પ્રસ્તાવના : પ્રથમ આવૃત્તિ : શ્રી કુંજવિહારી મહેતા, અને શ્રી રમેશ મ. ભટ્ટ, બીજી આવૃત્તિ : શ્રી જયંતકૃષ્ણ હરિકૃષ્ણ દવે, પાનાં : ૩૨૨, કિંમત રૂ. ૪/-.

જિજ્ઞાસા વિશે અનુષ્ટુપ છંદમાં દસ ખંડોમાં વિસ્તારથી થયેલું મૌલિક વિશ્લેષણ.

(૩૩) **જીવન અનુભવ ગીત :** (પદ્ય) સંપાદક : શ્રી રમણભાઈ અમીન, પ્રકાશક : શ્રીમતી ધીરજબહેન રમણભાઈ અમીન, પ્રથમ આવૃત્તિ : ૧૯૭૧, પ્રત : ૨૦૦૦, પાનાં : ૪૮૮, કિંમત રૂ. ૭-૫૦/-.

પૂજ્ય શ્રીમોટાએ પોતાના જીવનની ઘટનાઓ વિશે તથા પોતાની જીવનમથામણ અંગે ગઝલ સ્વરૂપમાં કરેલું નિરૂપણ.

(૩૪) **જીવન ઝલક :** (પદ્ય) સંપાદક : શ્રી સોમાભાઈ ભાવસાર, પ્રકાશક : શ્રી રમેશભાઈ મ. ભટ્ટ, પ્રથમ આવૃત્તિ ૧૯૭૧, પ્રત : ૧૨૫૦, પાનાં : ૧૮૪, કિંમત રૂ. ૩/-.

'જીવન અનુભવ ગીત'ની શ્રેણીની ગઝલોનું પુસ્તક.

(૩૫) **જીવન લહરિ :** (પદ્ય) સંપાદક : શ્રીમતી કાંતાબહેન રામભાઈ પટેલ, પ્રકાશક : શ્રી રામભાઈ મગનભાઈ પટેલ, પ્રથમ આવૃત્તિ-૧૯૭૧, પ્રત : ૧૨૫૦, પાનાં : ૨૨૮, કિંમત : રૂ. ૫/-.

'જીવન અનુભવ ગીત' અને 'જીવન ઝલક'ની શ્રેણીની ગઝલોનું પુસ્તક.

(૩૬) **જીવન સ્મરણ :** (પદ્ય) સંપાદક : શ્રી કાંતિભાઈ કાંટાવાળા, પ્રકાશક : શ્રી રમેશ મ. ભટ્ટ, પ્રથમ આવૃત્તિ : ૧૯૬૧, પ્રત : ૧૨૫૦, પાનાં : ૨૯૬, કિંમત રૂ. ૫/-

પૂજ્ય શ્રીમોટાએ જીવનવિકાસ અંગે સ્મરણની સાધના કેવી રીતે કરી તેનું રસભર્યું કીર્તન ગઝલો દ્વારા થયું છે.

(૩૭) **શ્રદ્ધા :** (પદ્ય) સંપાદક : શ્રી રમેશ મ. ભટ્ટ, પ્રકાશક : ચીમનલાલ માણેકલાલ શાહ, પ્રથમ આવૃત્તિ-૧૯૭૧, પ્રત : ૧૨૫૦, પ્રસ્તાવના : શ્રીમતી મીનાક્ષી લ. દલાલ, પાનાં : ૨૯૬, કિંમત રૂ. ૫/-

બાર ખંડો તેમ જ પ્રત્યેક ખંડના વિવિધ અધ્યાઓમાં અનુષ્ટુપ છંદમાં શ્રદ્ધા વિષયક મૌલક નિરૂપણ.

(૩૮) **ભાવ :** (પદ્ય) સંપાદક : શ્રી રજનીકાંત જાની, પ્રકાશક : શ્રી સુરેશભાઈ જયાનંદ ભટ્ટ, પ્રથમ આવૃત્તિ-૧૯૭૧, પ્રત : ૧૨૫૦, કિંમત ૨૫ પૈસા

અનુષ્ટુપ છંદમાં ૮૮ શ્લોકોમાં ભાવ જેવા અમૂર્ત ભાવનું સમર્થ વિવરણ.

(૩૯) **જીવન રસાયણ :** (પદ્ય) સંપાદક : શ્રી જીવણલાલ ચતુરદાસ ચૌહાણ, પ્રકાશક : શ્રીમતી મૃદુલાબહેન લાલજીભાઈ ચૌહાણ, પ્રથમ આવૃત્તિ-૧૯૭૨, પ્રત : ૧૨૫૦, પાનાં : ૩૪૪, કિંમત રૂ. ૫/-.

'જીવન અનુભવ ગીત'ની શ્રેણીમાં આગળ વધતી ગઝલમાળા, પૂજ્ય શ્રીમોટાની સાધનાના ઈતિહાસના સંકેતો એમાં મળી રહે છે.

(૪૦) **નિમિત્ત :** (પદ્ય) સંપાદક : શ્રી ઇંદુકુમાર દેસાઈ, પ્રકાશક : કલા ઇંદુકુમાર દેસાઈ, પ્રથમ આવૃત્તિ-૧૯૭૨, પ્રત : ૧૨૫૦, પ્રસ્તાવના : શ્રી અનુપરામ ગો. ભટ્ટ, પાનાં : ૯૦ કિંમત રૂ. ૧/-

ચૌદ અધ્યાયમાં સંપાદિત કરેલું આધ્યાત્મિક વિજ્ઞાનના એક રહસ્યમય પાસાનું વિશિષ્ટ નિરૂપણ અનુષ્ટુપ છંદમાં કરવામાં આવ્યું છે. જીવનના વિવિધ તબક્કામાં આ વિષયની ગહનતાનો પરિચય કરાવાયો છે.

(૪૧) **રાગદ્વેષ :** (પદ્ય) સંપાદક : શ્રી શિલ્પકાર કાંતિભાઈ પટેલ, પ્રકાશક : કલા ઈંદુકુમાર દેસાઈ, પ્રથમ આવૃત્તિ-૧૯૭૨, પ્રત : ૨૫૦૦, પ્રસ્તાવના : શ્રી ઈંદુકુમાર દેસાઈ, પાનાં : ૮૮, કિંમત રૂ. ૧/-

અનુષ્ટુપ છંદમાં દસ અધ્યાયમાં રાગદ્વેષનાં લક્ષણોનો પરિચય તથા એને મોળા પાડવાની રીતનો પરિચય કરાવાયો છે. આ પુસ્તક સર્વોપયોગી છે.

(૪૨) **જીવન આહ્લાદ :** (પદ્ય) સંપાદક : શ્રીમતી પુષ્પાબહેન જયરામભાઈ, પ્રકાશક : શ્રી જયરામભાઈ શંકરભાઈ દેસાઈ, પ્રથમ આવૃત્તિ-૧૯૭૨, પ્રત : ૧૨૫૦, પાનાં : ૩૭૬, કિંમત રૂ. ૫/-

આધ્યાત્મિક જીવનની સાધનાના અનેક તબક્કાઓને આલેખતી આત્મકથાત્મક ગઝલમાળા.

(૪૩) **જીવન તપ :** (પદ્ય) સંપાદક : શ્રી કાંતાબહેન ચીમનલાલ શાહ, પ્રકાશક : શ્રી શારદાબહેન જશભાઈ સોની, પ્રથમ આવૃત્તિ-૧૯૭૨, પ્રત : ૧૨૫૦, પાનાં : ૩૭૬, કિંમત ૫/

તપશ્ચર્યાની અનિવાર્યતા, એનું મહત્ત્વ, તથા એના તબક્કાનો પરિચય થાય એ રીતે આત્મકથાત્મક ગઝલોનો સંગ્રહ.

(૪૪) **જીવન સૌરભ :** (પદ્ય) સંપાદક : શ્રીમતી કલ્પનાબહેન કે. જીવરાજાણી, પ્રકાશક : શ્રી સુરેશભાઈ સંત, પ્રથમ આવૃત્તિ-૧૯૭૨, પ્રત : ૧૨૫૦, પાનાં : ૩૫૨, કિંમત રૂ. ૫/-

સાધનાના ઈતિહાસનું ગઝલ સ્વરૂપમાં નિરૂપણ.

(૪૫) **જીવન સ્મરણ સાધના :** (પદ્ય) સંપાદક : શ્રીમતી જ્યોતિબહેન રોહિતભાઈ ગાંધી, પ્રકાશક : શ્રી રોહિતભાઈ જયંતીલાલ ગાંધી, પ્રથમ આવૃત્તિ-૧૯૭૩, પ્રત : ૧૨૫૦, પાનાં : ૩૬૪, કિંમત રૂ. ૫/-

'જીવન સ્મરણ'ના અનુસંધાનમાં આગળ વધતી ગઝલમાળા પૂજ્ય શ્રીમોટાએ સ્મરણની સાધનાનાં વિવિધ પાસાંનો અનુભવ કરેલો તેનું નિરૂપણ આ ગઝલોમાં છે.

(૪૬) **જીવન રંગત :** (પદ્ય) સંપાદક અને પ્રકાશક : શ્રી કાંતિલાલ માણેકલાલ કાટાંવાળા, પ્રથમ આવૃત્તિ-૧૯૭૩, પ્રત : ૧૨૫૦, પાનાં : ૩૫૬, કિંમત રૂ. ૫/-

ઊર્ધ્વજીવનના અનુભવનો આહ્લાદ વ્યક્ત કરતા કેટલાંક રસભર્યાં ભજનોનો સંગ્રહ. પૂજ્ય શ્રીમોટાના આંતરસ્વરૂપની ઝાંખી કરાવતી ગઝલો આ પુસ્તકમાં છે.

(૪૭) **જીવન મથામણ :** (પદ્ય) સંપાદક : શ્રી જ્યોત્સ્ના ન. જાની, પ્રકાશક : પ્રથમ આવૃત્તિ-૧૯૭૩, પ્રત : ૧૨૫૦, પાનાં : ૩૬૪, કિંમત રૂ. ૫/-

જીવનની મથામણના ઊંડાણને અને ગતિને આલેખતી આત્મકથાત્મક ગઝલોનો સંગ્રહ છે.

(૪૮) **કર્મઉપાસના :** (પદ્ય) સંપાદક : શ્રી હરિ (કુંભકોણમ્), શ્રી રમેશ મ. ભટ્ટ, પ્રકાશક : શ્રી હર્ષદભાઈ શામળદાસ શાહ-૧૯૭૩, પ્રત : ૨૦૦૦, પાનાં : ૧૩૪, કિંમત રૂ. ૨/-

દસ ખંડમાં સંપાદિત થયેલ, અનુષ્ટુપ છંદમાં આલેખાયેલ કર્મનું સ્વરૂપ, ગતિ અને પરિણામની રહસ્યમયતા તેમ જ કર્મનું મહત્ત્વ સર્વને ઉપયોગી બને એવું છે.

(૪૯) **કૃપા :** (પદ્ય) સંપાદક : શ્રી રમેશ મ. ભટ્ટ, પ્રકાશક : શ્રી કનૈયાલાલ દવે, પ્રથમ આવૃત્તિ : ૧૯૭૩, પ્રત : ૧૧૦૦, પાનાં : ૧૨૮, કિંમત રૂ. ૨/-

અઢાર અધ્યાયમાં વિભાજિત અનુષ્ટુપ છંદમાં 'કૃપા' વિષયક મૌલિક નિરૂપણ કરવામાં આવ્યું છે.

(૫૦) **સ્વાર્થ :** (પદ્ય) સંપાદક : શ્રીમતી દેવિકાબહેન નવનીતલાલ પટેલ, પ્રકાશક : શ્રી પ્રમુખલાલ મણિભાઈ પટેલ, પ્રથમ આવૃત્તિ : ૧૯૭૩, પ્રત : ૧૨૫૦, પાનાં : ૧૨૦, કિંમત રૂ. ૨/-

ચૌદ અધ્યાયમાં અનુષ્ટુપ છંદમાં સ્વાર્થની અનેક કક્ષાઓનું લાક્ષણિક નિરૂપણ થયું છે.

(૫૧) **શ્રીસદ્‌ગુરુ :** (પદ્ય) સંપાદક : શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય, પ્રકાશક : શ્રી કૌશિકભાઈ મણિલાલ જાની, પ્રથમ આવૃત્તિ : ૧૯૭૩, પ્રત : ૧૨૫૦, પાનાં : ૩૪૦, કિંમત રૂ. ૫/-

પંદર ખંડોમાં અનુષ્ટુપ છંદમાં સદ્‌ગુરુની પરખ, સ્વરૂપ, સ્વભાવ લક્ષણ, વર્તનકળા વગેરેનો સરળ શૈલીમાં પરિચય કરાવતું પુસ્તક. ગુરુ વિશેના ખ્યાલને વિશદ કરતું શાસ્ત્રીયકક્ષાનું પુસ્તક છે.

(૫૨) **જીવન કથની :** (પદ્ય) સંપાદક : શ્રી ઈંદ્રવદન શૅરદલાલ, પ્રકાશક : શ્રી રમાકાંતભાઈ પી. જોષી- પ્રથમ આવૃત્તિ : ૧૯૭૩, પ્રત : ૧૨૫૦, પાનાં : ૨૪૮, કિંમત રૂ. ૫/-

પૂજ્ય શ્રીમોટાના આંતરજીવનનો સ્પર્શ કરાવતી ગઝલમાળાનું પુસ્તક છે.

(૫૩) **પ્રેમ :** (પદ્ય) સંપાદક તથા પ્રકાશક : શ્રી શાંતિલાલ કાપડિયા પરિવાર, પ્રથમ આવૃત્તિ-૧૯૭૩, પ્રત : ૧૨૫૦, પાનાં : ૩૫૬, કિંમત રૂ. ૬/-

ગઝલના ઢાળમાં પ્રેમ વિષયક તાત્ત્વિક નિરૂપણ પૂજ્ય શ્રીમોટાએ કર્યું છે. પ્રેમનું આ અનુભવાત્મક આલેખન મૌલિક તથા વિલક્ષણ છે.

(૫૪) **જીવન સ્પંદન :** (પદ્ય) સંપાદક : શ્રીમતી અરુણાબહેન રમેશભાઈ ભટ્ટ, પ્રકાશક : શ્રીમતી સવિતાબહેન રતિલાલ પટેલ, પ્રથમ આવૃત્તિ : ૧૯૭૩, પ્રત : ૧૨૫૦, પાનાં : ૩૦૦, કિંમત ૫/-

પરમજીવનના અનુભવના સ્પંદનને વ્યક્ત કરતી ગઝલોનો આ સંગ્રહ છે.

**(૫૫) મોહ :** (પદ્ય) સંપાદક : શ્રીમતી ઈલાબહેન સિદ્ધાર્થભાઈ શાહ, પ્રકાશક : શ્રીમતી કાંતાબહેન નંદલાલ શાહ-પ્રથમ આવૃત્તિ : ૧૯૭૩, પ્રત : ૧૨૫૦, પાનાં : ૧૮૪, કિંમત રૂ.૫/-

આઠ ખંડોમાં સંપાદિત થયેલ મોહનાં સ્વરૂપ અને લક્ષણની વિશદતાથી છણાવટ કરતું અનુષ્ટુપ છંદમાં રચાયેલું પુસ્તક છે.

**(૫૬) શ્રીમોટા :** (પદ્ય) સંપાદક : શ્રી રમેશ મ. ભટ્ટ, પ્રથમ આવૃત્તિ પ્રકાશક : શ્રી અલ. કે. પઢિયાર, ૧૯૭૪, પ્રત : ૧૨૫૦, પાનાં : ૮૮, બીજી આવૃત્તિ : ૧૯૭૫, પ્રકાશક : શ્રી ધીરુભાઈ મોદી, કિંમત રૂ. ૨-૫૦/-

પૂજ્ય શ્રીમોટાના સાધનામય જીવનને કેંદ્રમાં રાખીને લખાયેલું પ્રસંગાત્મક ચરિત્ર છે.

**(૫૭) ગુણ વિમર્શ :** (પદ્ય) સંપાદક : શ્રી ધીરેશભાઈ હરમુખરાય જોગી : પ્રકાશક : શ્રી હરમુખભાઈ જોગી, પ્રથમ આવૃત્તિ-૧૯૭૪, પ્રત : ૧૨૫૦, પાનાં : ૮૮, કિંમત રૂ. ૨/-

જીવનના ઘડતર કાજે અનિવાર્ય એવા ગુણની કેળવણીનાં લક્ષણો સમજાવતું નાનકડું પુસ્તક છે. પૂજ્ય શ્રીમોટાએ રચેલ પ્રાર્થનાઓ પણ આ પુસ્તિકામાં સામેલ કરેલી છે.

**(૫૮) જીવન પગદંડી :** (પદ્ય) સંપાદક : શ્રી કાંતિલાલ માણેકલાલ કાંટાવાળા, પ્રકાશક : શ્રી રમાકાંતભાઈ પી. જોશી, પ્રથમ આવૃત્તિ-૧૯૭૪, પ્રત:૧૨૫૦, પાનાં-૩૪૦ કિંમત રૂ. ૫/-

ગઝલના ઢાળમાં સાધનામય જીવનનું તેમ જ પરમ તત્ત્વના અનુભવનું આત્મકથાત્મક આલેખન આ પુસ્તકની ગઝલોમાં છે.

**(૫૯) જીવન કેડી :** (પદ્ય) સંપાદકો : શ્રી રતિલાલ ગિરધરભાઈ રંગૂનવાળા, ધનસુખલાલ ગાંડાભાઈ ઘડિયાળી, ચૂનીલાલ

મોતીરામ તમાકુવાળા અને અરવિંદભાઈ ચૂનીલાલ ચશ્માંવાળા, પ્રકાશક : શ્રી મોહનલાલ વિઠ્ઠલદાસ ગોળવાળા, શ્રી ચંપકલાલ છોટાલાલ ભૂતવાળા, પ્રથમ આવૃત્તિ-૧૯૭૪, પ્રત : ૧૨૫૦, પાનાં : ૩૪૮, કિંમત રૂ. ૬/-

સાધનામય જીવનની વિવિધ તપસ્યાનો નિર્દેશ કરતી ગઝલમાળાનું એક વધુ પ્રકાશન.

(૬૦) **જીવન ચણતર :** (પદ્ય) સંપાદકો : શ્રી કાંતિલાલ ઈશ્વરલાલ પટેલ, બાબુભાઈ રણછોડદાસ તમાકુવાળા, ઠાકોરભાઈ ભીખાભાઈ પટેલ, ગમનલાલ ગોરધનદાસ તમાકુવાળા, હિંમતસિંહ ગુમાનસિંહ બારડ, મોહનલાલ રણછોડદાસ તમાકુવાળા, પ્રકાશક : શ્રી શિવાભાઈ માધવભાઈ પારેખ, પ્રથમ આવૃત્તિ-૧૯૭૪, પ્રત : ૧૨૫૦, પાનાં : ૩૪૮. કિંમત રૂ. ૬/-

સાધનામય જીવનનું આત્મકથાત્મક નિરૂપણ.

(૬૧) **જીવન ઘડતર :** (પદ્ય) સંપાદક, પ્રકાશક : શ્રી હરિભાઈ ઉર્ફે દિલીપ હસમુખભાઈ મહેતા, પ્રથમ આવૃત્તિ-૧૯૭૪, પ્રત : ૧૨૫૦, પાનાં : ૩૪૪, કિંમત રૂ. ૬/-

(૬૨) **ભાવકણિકા :** (પદ્ય) સંપાદક : શ્રી ચંદુલાલ મણિલાલ પટેલ, પ્રકાશક : શ્રીમતી શાંતાબહેન મગનલાલ પટેલ, પ્રથમ આવૃત્તિ-૧૯૭૪, પ્રત : ૧૦૦, પાનાં :૨૨૮, કિંમત રૂ.૫/-

પૂજ્ય શ્રીમોટાએ અનુષ્ટુપમાં રચેલાં વિચાર-ભાવ મૌક્તિકોનો સંગ્રહ છે. મુખ્ય વિષયો : કર્મ અને સંસાર, સાધક, અનુભવી, ભાવ અને ભગવાન.

(૬૩) **ભાવરેણુ :** (પદ્ય) સંપાદક : શ્રી કાંતિલાલ જગજીવનદાસ

પટેલ, પ્રકાશક : શ્રીમતી સવિતાબહેન કાંતિલાલ પટેલ, પ્રથમ આવૃત્તિ-૧૯૭૪, પ્રત : ૧૨૫૦, પૃષ્ઠ : ૨૨૪, કિંમત રૂ. ૫/-

શ્રીહરિ, સાધના, ભક્તિ, હરિ-ભક્ત-વિષયક અનુષ્ટુપમાં રચેલ મૌક્તિકો.

(૬૪) **ભાવપુષ્પ :** (પદ્ય) સંપાદક : શ્રી રતિલાલ કે. મહેતા, પ્રકાશક : શ્રી ચંદ્રકાંત ભોગીલાલ શાહ, પ્રથમ આવૃત્તિ-૧૯૭૪, પ્રત : ૧૨૫૦, પાનાં : ૨૩૫, કિંમત રૂ. ૬/-

સંસારનું વિષચક્ર, સંસારનો હેતુ અને ભક્તિ વિષયક મૌક્તિકોનો સંગ્રહ.

(૬૫) **ભાવહર્ષા :** (પદ્ય) સંપાદક : શ્રી બચુભાઈ ઉર્ફે લક્ષ્મણભાઈ આર. ગાંધી, પ્રકાશક : શ્રીમતી પુષ્પાબહેન બચુભાઈ ગાંધી, પ્રથમ આવૃત્તિ-૧૯૭૫, પ્રત : ૧૨૫૦, પાનાં : ૨૨૮, કિંમત રૂ. ૫/-

સંસાર, ગરજ, દિલ, મથામણ વગેરે વિશે અનુષ્ટુપમાં મૌક્તિકો

(૬૭) **જીવન પ્રવાહ :** (પદ્ય) સંપાદક : શ્રી રામજીભાઈ જીવરાજભાઈ પટેલ, પ્રકાશક : શ્રી કરસનભાઈ જીવરાજભાઈ પટેલ, પ્રથમ આવૃત્તિ-૧૯૭૫, પ્રત : ૧૦૦૦, પાનાં : ૨૩૪, કિંમત રૂ. ૫/-

હરિનાં દર્શન વિવિધ પાસાંઓનું વર્ણન કરતી ગઝલોનું પુસ્તક

(૬૮) **જીવન પ્રભાત :** (પદ્ય) સંપાદક-પ્રકાશક : શ્રી રમાકાંત પ્રહ્લાદજી જોશી, પ્રથમ આવૃત્તિ-૧૯૭૫, પ્રત : ૧૦૦૦, પાનાં : ૨૪૪, કિંમત રૂ. ૫/-

પૂજ્ય શ્રીમોટાની ‘સાધનાની આપવીતી’ને આલેખતું ગઝલોનું પુસ્તક છે.

•

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હ્ય્દયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ | ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ | ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ | ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ | ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ | ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ | ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ | ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ | ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ | ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ | ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ | | |
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ | | |
| ૨૫. જીવનઆહ્લાદ | ૧૯૭૨ | | |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ | | |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ | | |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ | | |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ | | |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ | | |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ | | |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ | | |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ | | |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ | | |
| ૩૫. મોહ | ૧૯૭૩ | | |
| ૩૬. કૃપા | ૧૯૭૩ | | |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ | | |
| ૩૮. શ્રીસદ્ગુરુ | ૧૯૭૩ | | |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ | | |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ | | |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ | | |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહ્રદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિઃૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિઃૐ ॥

સ્વજનનાં મનાદિકરણોની રમત પ્રભુકૃપાથી જ્યારે જ્યારે નજર સમક્ષ પ્રવર્તે છે, ત્યારે તેમાં નથી જોઈ શકતો દિલનો પ્રેમભાવ કે નથી જોઈ શકતો કોઈ પણ પ્રકારની નિર્ણય શક્તિ. આવું બધું મારાથી સહેવાતું નથી. આ તો જાણે કે તમે મને સુખ આપવાને બદલે ભારે ત્રાસ આપી રહ્યા છો અને તેનું પણ તમને ભાન હોતું નથી કે થતું નથી. આપણે કોઈકને સદ્‌ગુરુ તરીકે સ્વીકાર્યા, તો તે સદ્‌ગુરુને આપણાં વર્તનથી, ભાવનાથી તેને પૂર્ણ સંતોષ આપવાનો આપણો ધર્મ છે. ખાલી ખાલી ઉધામા કર્યા કર્યેથી અને નહિ જેવો પ્રયત્ન કર્યા કરવાથી કશું ના વળે.

- શ્રીમોટા

'જીવન દર્શન' ૧૧મી આ., પૃ. ૧૬૮

કિંમત : રૂ. ૨૦/-